અંબાજીના છંદ.

(ભાગ ૧ થી ૮ સુધારા વધારા સાથે.)

જુઓ જીવો દર્શને, શક્તિનો આધાર;
આત્મ શક્તિ બળથી, ઉતરે ભવ જળ પાર;॥
ભજો ભજાવો પ્રેમથી, આ છંદમાં સઘળો સાર;
વીષવાસ રાખી બોલશે, થશે સુખ અપાર;॥



સંવત	૧૯૮૪
સને	૧૯૨૮
આવૃત્તિ	આઠમી
પ્રત	૧૦૦૦
કીંમત	૦-૧૦-૦

રચી પ્રસીદ્ધ કરનાર

શા૦ અમીચંદ મોતીચંદ ઝવેરી

અંબાજીના છંદ.

(ભાગ ૧ થી ૮ સુધારા વધારા સાથે.)

ભાવી ભગત જે હશે જશે અંબા દુવાર;
છંદ ગાશે અંબા તણા, પામે સુખ અપાર;



સંવત	૧૯૮૪
સને	૧૯૨૮
આવૃત્તિ	આઠમી
પ્રત	૧૦૦૦
કીંમત	૦-૧૦-૦

છપી પ્રસીદ્ધ કરનાર
શા૦ અમીચંદ મોતીચંદ ઝવેરી.

શા. ચુનીલાલ અમીચંદ ઝવેરીએ પોતાના **શ્રી નટવર**
પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.
ઠેકાણું સેન્ડહર્સ્ટ રોડ, સંઘવી સદન મુંબઇ ૪.

પ્રસિદ્ધ કરનાર.
શા૦ અમીચંદ મોતીચંદ ઝવેરી..
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—આમલીરાન (વાડી) **સુરત**

ભક્ત જનોને ભલામણ.

આ આપણી જગત જનુની આદ્ય ઈશ્વરી ઇચ્છાશકિત સર્વાંગે વ્યાપી રહ્યા છે. એના વિનાનો સુનો ઠામ નથી જેમ

દોહરો.

અકીલ વૃક્ષ તો એક હે નિરંજન ઉંવાકી ડાળ,

તેમ આપણે બધાએ માયામાં ગુફ્રડાયા છીએ ને એ માયામાં બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર પણ ભુલ્યા છે અને મોટા ઋષિમુનિ ભુલે છે તો આપણું શું ગજું ?

જુઓ કે ચંડીપાઠમાં પ્રથમ ચરિત્રમાં સુરથ રાજા અને વૈશ્ય આ સંસાર. છોડી વનવાસ ગયા તો પણ ત્યાં પોતાના બાયડી છોકરાં રાજપાટ, ઘોડા, ગાડી, વગેરે યાદ આવ્યાં ને મનમાં વિચાર કરવા લાગ્યા કે મારૂ રાજ કેવું ચાલતું હશે મારા બાયડી છોકરાંઓ ઘોડા વગેરે સુખી હશે કે દુઃખી તેની ફીકરથી શોકાતુર થઇ ફરતાં ફરતાં સુમેધા ઋષિને આશ્રમે આવ્યા પ્રણામ કરી પુછવા લગ્યા કે હે મહારાજ ! અમે સંસારથી કાયર થઇ સંસાર છોડી વનમાં આવ્યા તો પણ હજુ અમારો જીવ પાછો માયામાં કેમ [illegible] તેની અમને સમજણ પડતી નથી ત્યારે ઋષિ

મહારાજે કહ્યું કે એ માયાનુ આવરણ પ્રાણી માત્રોને વળગેલું છે. એની માયાથી કોઇ બચે નહી, તેથી તમે એ જોગ માયાની ભકતિ કરશો તો એની માયાથી એજ બચાવે તો બચીએ. એ માયા વડે માયા દુર થશે. એ જોગમાયાની ભકતિ કરવાથી સંસારના સુખની પ્રાપ્તિ થશે ને મોક્ષ પણ આપશે સુમેધા ઋષિના વચન સાભળીને વૈશ્ય તથા સુરથ રાજાએ અંબિકાના ચંડીપાઠ વાંચવા શરૂ કર્યા ને સાંભળ્યા પછી માતાની તપશ્ચર્યા કરી માતાને પ્રશ્ન કર્યા, તેના વરદાનથી રાજપાટ, સંસારના સૂખ ભોગવી મોક્ષને પ્રાપ્ત થયા. કોઈ પંથવાળા કહે છે કે દેવી માતા પાસે મોક્ષ આપવાની ગતિ, નથી, તેનું કારણ એ છે જે માતા પાસે મોક્ષ મળે નહી તો પછી ભકિત કરવાની કોઇને જરૂર રહે નહિ ને માતાને માને નહિ, પણ ભાઇઓ મોક્ષ કંઈ પદાર્થ નથી કે વસ્તુ નથી કે મોક્ષનો ભંડાર ભર્યો નથી કે તેમાંથી ખોબલા ભરીને આપશે, વાસ્તે એ બધો મતાંનમત ઘણા પંથોને લીધે થાય છે, જેમ દુકાનદારો એક વખારમાંથી માલ બધા લાવે ને લોકોને કહેશે કે મારો માલ સારો છે ને બીજાનો નઠારો છે પણ વિદ્વાન આત્મજ્ઞાની તો સમજે છે કે મોક્ષ તો પોતપોતાને હાથેજ મેળવવાનો છે તેનો ઉપાય સત્ય ચાલવું, દયાદાન દેવું, કોઈ જીવની હિંસા કરવી નહિ, કોઈનું મન દુઃખાવવું નહિ, પોતપોતાના કર્મોથી બંધાયલા બંધ છોડી સત ચાલશે તો

સંસારમાં પૂર્ણ સુખ ભોગવી મોક્ષને પામશે એટલે પોતાના સ્વરૂપમાં પોતે ભળશે એજ મોક્ષ ભગવત ને ભગવતી એ કાંઈ જુદા નથી. ભગવત એટલે પોતે એકજ છે ભગવતી એટલે સર્વ દેવનું તેજ એજ અંબિકા છે. હવે વિચારો જે એક દેવનું તેજ બળ કરે તેથી સર્વ દેવનું તેજ એકઠું થઇ એ અંબિકા પ્રકટ થયાં. તેણે મ્હોટા મ્હોટા દૈત્ય માર્યા ને દેવોનાં ગયલા રાજ પાછાં અપાવ્યાં. વળી કહેતા ગયા કે કામ પડે સંભારશો તો હું આવીને સ્હાય કરીશ ને જે ભક્ત મારૂં સ્મરણ કરશે તેનું હુ રક્ષણ કરીશ એ ચંડીપાઠમાં માર્કંડ ઋષિ કહી ગયા છે તે સત્ય છે વાસ્તે આ જે છે તે સર્વે સાચું, સમજણ વીનાનું લાગે કાચુ. એક માલીકને તેની છાયાં તે કાંઇ જુદા નથી એક દીવાસળીની પેટીમાંથી એક સળી સળગાવી કોડીઆ સળગાવી હારબંધ મુકીશું તો લોકો દીવાળી કહેશે. ચકલા ઉપર ચાર લાકડાં એકઠા મુકી એજ પેટીમાંથી દીવાસળી સળગાવી લાકડાં મુકી ભડકો કરશો તો લોકો હોળી કહેશે રાજા દંડે તો હાકેમ કહેવાશે અને વનમાં લૂંટે તો ભીલ કહેવાશે. હવે સમજો કે—

નાને ભડકે દીવાળી, મોટે ભડકે હોળી,
ગામમા લુંટે તો રાજા, વનમાં લુટે તો કોળી,

તે પ્રમાણે આ બધા પંથોની કહેણી છે. જો ઉંડાણ જોશો તો કુદરતનુ કામ કુદરત કરે છે કોઇ હાનું નથી અને કોઇ મોટું

નથી દરેકે પોતપોતાના મનથી જેને જે માન્યું તે સાચું. ખરૂં તો એકજ છે. જયાં જોશો ત્યાં પવન પ્રાણી પૃથ્વી વાયુ ને આકાશ આ પાંચ તત્વની માન્યતા ચાલે છે તેથી કોઇ છટ્ઠાને માનતાં નથી વળી મારા જાણવા પ્રમાણે ત્રણનું પુજન થાય છે તેમાં ઉભા, બેઠા ને સુતા. ઉભામાં રામ કૃષ્ણમહારાજ, મહાદેવજી, ગણપતિ, દેવી દેવતા; ને બેઠામાં પારસનાથ; સૂતામાં મસીદ કબરમાં પેગંબરો. આ ત્રણથી ચોથાનું પુજન થતું નથી. વાસ્તે કોઇની નિંદા કરવાથી ઘણું પાપ લાગે છે જેણે જે માન્યું છે સાચું છે એ બધું પોતપોતાના મનનાં કારણો છે

મારો જન્મ સંવત ૧૯૦૨ મા આસો વદ ૧ એટલે ચન્નીની પડવાને દિવસે થયો હતો ને સંવત ૧૯૧૭માં મારાં માત પીતા સ્વર્ગવાસ થયાં હતા તે વખતથી હું મારા ધર્મમાં મારો ધર્મ પાળતો હતો, હજી પણ પાળુ છું, પણ આ સંસારની ઉપાધીને લીધે આધિવ્યાધિ ઘણા વળગવા લાગ્યા તેથી આ મહા માયા માતા અંબીકાને મારા ઈષ્ટ દેવ ગુરૂ કર્યા ને તેનું સ્મરણ કરી મારા કાર્યો સિદ્ધ કર્યા. ઘણી વખત હરકાંઇ સંકટ પડતું હતું તો હું માજીના છંદ બનાવી એની સ્તુતી કરતો તેથી મારૂં કામ સિદ્ધ થતું હતું ને સવત ૧૯૨૫ થી હર આશો મહિને નવરાતરમાં ફક્ત ચાર દિવસ

છંદ ગાતો તેમાં ચંડીપાઠના છંદ નિર્ગુણ, સગુણ, આત્મ જ્ઞાની છંદ બનાવી માજીના ભક્તિ કરતો. તે વખતે ઘણા લોકો છંદ સાંભળી રાજી થઈ મરી સાથે મારી પાસેથી છંદ શીખીને માજીની ભક્તિ કરવા લાગ્ય તેમાં ઘણાં લોકો વેપાર રોજગારમાં વધ્યા, ને નાના છોકરાઓ હતા તે પણ માજીના છંદ ગાઈ ભક્તિ કરી માજીનું સ્મરણ કરતા માના પ્રતાપથી ભણીને ધંધે રોજગારે લાગી ગયા; તે ઉપરથી લોકોને સીખવાને વાસ્તે ઘણો આગ્રહ જોવાથી એક એક ભાગના ચાર ભાગ સુધીના છંદની ચોપડી ચાર આવૃતિ સુધી છંદો છપાવી બહાર પાડેલી તે બધી ખપી જવાથી હવે પાછા ચારે ભાગના છંદો એકઠા કરી રાહેરાહ ગોઠવી છપાવી છે ને તેમાં પાંચમાં ભાગના છંદ મૂકેલા છે, એ છંદો મારે જે જે વખતે કાંઈક સંકટ પડયું હશે તેજ વખત વખતનો સમો ચોઘડીયું જોઈ એક ચિતે ધ્યાન ધરી માજીનું સ્મરણ કરી માજીના પરાક્રમના ગુણ ગાઈ છંદ બનાવી ગાતો કે મારા આવ્યા વિઘ્ન માજી દુર કરતાં ને હજી પણ કરે છે, તેથી આ છંદ મંત્ર જેવા છે. સર્વ ભક્તને સુચના છે કે આ ચોપડીમાંથી સમે સમાના છંદો છે જે વખતે હરકાંઈ સંકટ આવે ત્યારે તેજ સમે સમાના છંદ ચોપડીમાંથી એક દીલે મન સ્થિર રાખી, માજીમાં ધ્યાન રાખી છંદ ગાશો તો તમારા સર્વ કામ સિદ્ધ થશે; વળી એક બીજી ચોપડી ચંડીપાઠની કે જે બ્રાહ્મણો

સંસ્કૃતમાં વાંચે છે તે ચંડીપાઠના અર્થ કરી ગુજરાતીમાં દોહરા ચોપાઇની રાહ મુકી બનાવેલી છે. તે આ સર્વે લોકોને તથા સંસ્કૃત નહી જાણુતા હોય તેને આ ચંડીપાઠ વાંચવો બહુજ ઉત્તમ છે. વળી હરકોઇ ગ્રહ માણુસને પીડા કરતો હોય અગર કઇક પણુ જાતનું સંકટ માણુસને માથે આવી પડયું હોય તો તે વખતે ચંડીપાઠ બ્રાહ્મણુ પાસે વંચાવે છે. તેનાજ અર્થ કરી ગુજરાતીમાં બહાર પાડ્યા છે; તે જે ધણી વાંચશે, વંચાવશે અથવા આ ચોપડી વેચાતી લઇ બ્રાહ્મણુને દાન આપશે તો તેને મોટો ફાયદો થશે ને સર્વ કામ માજી સિદ્ધ કરશે ચંડીપાઠની કીમત રૂા. ૦।≈ આના રાખી છે. આ ચંડીપાઠની ચોપડી તથા છંદની ચોપડીના પૈસા ધર્માદામાં વપરાય છે

ઉપલી બીના મેં મારા અનુભવ પ્રમાણે લખી છે આતો એર પ્રેમ ભક્તિથી ધ્યાન ધરી છંદ ગાવાથી મને લાભો મળ્યા છે તેમાં જે મોટું આનંદનુ ઘર મળ્યું તેમાં હું ઘણો આનંદી થયો છું. મારા જે જે સંશેય હતા તે ભાંગી માજીએ મને નીર્ભય બનાવ્યો છે તો કોઇ પણુ જીવ આ છંદ ગાઇ માજીનું સ્મરણુ કરી અનુભવ મેળવશે તો તે આનંદનુ ઘર પામશે. તે પરમાર્થ ધારી આ લખી જણાવ્યું છે. આવા પાંચે ભાગની ચોપડી ખપી જવાવી તેમાં છઠ્ઠા ભાગ ના છંદ ઉમેરી આવૃતિ બહાર પાડી છે.

દોહરો.

જો જાણુવાનો ઉપાય કરો તો તૃષ્ણાનો ક્ષય થાય
મનની વૃતિ વિરામ પામે તો અલેક રૂપ ઓળખાય

તેથી જે માણુસ શ્રદ્ધા રાખી બેસશે તો તેના સર્વે કામ માજી બુદ્ધિ રૂપે બળ આપી સિદ્ધ કરશે અને મોક્ષની પ્રાપ્તિ કરાવશે. કંઈ નજર દોષથી કંઇ શબ્દ કાનો માત્રા પડયો હોય તે સુધારી વાંચશો એવી મ્હારી નમ્ર અરજ છે. બોલો અંબેમાતકી જે. સંવત ૧૯૭૮ના માગસર શુદ ૭ને વાર ભોમે. લી૦

મુ૦ સુરત
ઠે૦ આમલીરાન વાડી. } શા. અમીચંદ મોતીચંદ ઝવેરી.



સાતમી આવૃત્તિની પ્રસ્તાવના

સર્વે જગતના પ્રાણી માત્રોને શક્તિનો આધાર છે. શક્તિ વડે સર્વ કાર્યો થાય છે તેમાં હું પણ આદ્ય શક્તિ અંબિકાને મ્હારા ઇષ્ટદેવ માની ભજતો, એના ગુણ ગાતા મને વર્ષ ૮૦ થયા તેમાં 'મા, મા' કરી બોલતા શીખ્યો પછી સરસ્વતીનું સ્મરણ કરી શારદા માતાને પ્રસન્ન કરી ખપ જોગુ ભણતા શીખ્યો વર્ષ ૧૭ ની ઉમરથી સંસારના ચાધિવ્યાધીને, લીધે માતાને ઇષ્ટ દેવ કરી ધંધા રોજગા-રમાં મદદ લઇ કીસ્સો સીખ્યો વેપાર રોજગારમાં હાર પડયો તેમાંથી સર્વે વાતે સુખી થવાથી માજી ઉપર આસ્થા બેસવાથી માતામાં દર્શણ કરવા જતો. ને પ્રેમ ભક્તિથી ઉલટ આવવાથી છંદ બનાવી માના ગુણ ગાતો તેમાં સંવત ૧૯૨૫ થી છંદ શરૂ કર્યો, તે હર વર્ષે અંબાજીમાં આસો સુદ ૫ થી ગાઇ સુદ ૯ મે સમાપ્તિ કરતો તેમાં સંવત ૧૯૨૭ થી ચંડીપાઠના છંદ પ્રાકૃતમાંથી બનાવી છંદ કરી ગાવા શરૂ કર્યા. તે હજી ગાઉછુ, હવે મ્હારી ઉમર વર્ષ ૮૦ ની થઈ છે છતાં મને સારી શક્તિ હોવાથી સ્મરણ કરૂં છું. એની મહેરબાની ને મારા આકીનથી હજુ નવરાતર કોઈ વર્ષ પડયુ નથી. તેમ ઘણા લોકોને છંદ સાંભળવા શીખવાના આગ્રહથી શરૂ થયા ત્યારથી એક એક ભાગ

છપાવી બહાર પાડી છ ભાગ સુધી છપાવેલા હતા. તે ચોપડી બધી ખપી જવાથી બીજા થોડા નવા છંદ ઉમેરી સાતમો ભાગ દાખલ કરી આ સાતમી આવૃતિ છપાવી બહાર પાડી છે તે ભાવિ ભકતો દુર દેશાવરના તથા શહેર ગામડાઓના ચોપડી વસાવી છંદો ગાય છે. તેમ માજી તેને મદદ કરે છે. હવે એ ચોપડીના પૈસા ખર્ચ જતા વધારો વધે તે સમાર્ગે વપરાય છે. વળી ઘણા ભકતો આ છંદ શીખી ઠામો ઠામ માતામા બેસી છંદ ગાઇ માનું સ્મરણ કરે છે, તેથી માણસોની બુધ્ધિ સુધરે છે. તેમ બીજી દુઃખહરણની ચોપડી જીવહીંસા કરનારને સુધારવા બહાર પાડી છે તે વાંચી ઘણા લોકો સુધર્યા છે. વળી, 'સાધુના સમાગમથી નીચની મુકિત' નામની ચોપડીથી જે અસલના વહેમથી ગોત્રજ આગળ હીંસા કરતા તે પણ આ ચોપડી વાંચવાથી અટકી ગયા છે. દયા રાખશે તે સુખી થશે. ચોપડી લોને ભકિત કરો--બોલો અંબે માતકી જે-- વાંચોને સુખી રહો.

લી. કર્તા.

આમલીરાન (વાડી)

સંવત, ૧૯૮૧. સને, ૧૯૨૪.

સુરત.

આઠમી આવૃત્તિની પ્રસ્તાવના.

દોહરો.

ભક્ત જ્ઞાની ભાવથી, લેશે ચોપડી સઉ;
મૂળ માલીકને મળવા, આણંદ પામસે બઉ.
સમરણ શક્તિ શારદા, સેવો સાચું કહું;
ભાવે ભજતા ભગવતી સદા આનંદ હું રહું.
અલ્પ આનંદ સંસારમાં, આખર દુઃખનું દુઃખ;
સુખ માલિકના નામમાં, અમીચંદ કહે મુખ.

આ જગતજીવોમાં આપણે સર્વે આવી ગયાં છીએ તેમ સર્વે જીવોનો માલિક એકજ છે તેને ઓળખવા સર્વે ઇચ્છા કરે છે તેને વાસ્તે અનેક રસ્તા શોધી માલિકને મળી પોતાના મુળ સ્વરૂપમાં ભળી જવા માલિકમાં માલિક થાય છે–કોઇ તપથી, કોઇ જપથી, કોઈ શાધન ક્રિયાથી, કોઇ આત્મ જ્ઞાનથી, કોઇ ભજન કિર્તનથી, તો કોઇ યોગાશનથી અગર અનેક પ્રકારથી નામે નવધા ભક્તિ કરી પોતાના અનુભવથી એક નામ પકડી સદા આનંદઘર શોધી મહાત્માઓ મોક્ષને પામેલા છે તેમ આ જગતના જીવો હજી પોત પોતાના આત્માને સદા આનંદ પામવા મોક્ષની ઇચ્છા રાખી કામ કરે છે તેમાં ખરો

આકીનવાળો ને શ્રદ્ધાવાન એકનામ પકડી ચાલે છે તે પાર પડે છે, તેમાં ઘણા ભક્તમાળમાં ભક્તો થઇ ગયા સાંભળેલા નામો વાંચવાથી જાણ પડે છે તે પરથી મને નાનપણથી માતા અંબિકા ઉપર શ્રદ્ધા રાખી સર્વાંગે બળવાન 'આત્મ શક્તિ' છે એમ નિશ્ચે થયું. પહેલાં તો મગજ શક્તિ હોય તો આપણી તર્કશક્તિ કામ કરે તેમ 'શક્તિ' વિના શુનો ઠામ નથી એમ જાણી મેં ઇષ્ટદેવ મ્હારા અંબા કર્યા. વળી બધા પંથમાં પોત પોતાનો પંથ ખરો માને છે પણ કુળદેવી 'ગોત્રજ માને' બધાય પંથવાળા માને છે અને પગે લાગે છે તે ઉપરથી મને સંવત ૧૯૨૦ થી મજીના દર્શણ કરવાનો ભાવ ઉત્પન્ન થયો, તેથી મેં ૧૯૨૫ થી છંદ એટલે તેના ગુણ ગાઇ મારા કર્મો છોડવવા નિર્મળ થઇ માફ માગી કર્મો ધોવા સમે સમાના છંદ કર્યા, માજીની મહેરબાનીથી શબ્દો જેવા રામના બાણ. તેવા મને વાંચે બોલે ફાયદાકારક થયા કે જે જે વખત કંઇ સંકટ પડે તેવા છંદ બનાવી ગાતો કે માજી કામ સિદ્ધ કરતા. વળી સવત ૧૯૨૫ થી તે આજ ૧૯૮૪ ના સાલ સુધી હાલ નવરાત્રીમાં આસો સુદ ૫ થી આસો ૯, સુધી ચાર દિવસ ચંદીપાઠના છંદ તથા મહા પ્રલય ઉત્પત્તિ આત્મ જ્ઞાની છંદ ગાઉં છઉં તેમાં માની કૃપાથી હજી એક

નવેરાતર પડયું નથી તે હાલમાં સાતમાં ભાગની ચોપડી પુરી થઇ જવાથી ફરી છપાવી તેમાં આઠમાં ભાગના છંદ ઉમેરી બહાર પાડી છે તેમાં શ્રદ્ધા રાખી સમે સમો જોઇ એક ચિત્ત રાખી છંદ વાંચશે તો એ છંદ મંત્ર જેવા છે મને મોટો લાભ મળેલો છે તેમ ઘણા લોકો એ છંદ નાહી ધોઈ પોતાના ઘરમાં અગર માજીદ્વારે ગાય છે તે સર્વ વેપાર રોજગારમાં લાગી સંસારના સુખની પ્રાપ્તિ પામે છે એ જાણી બહાર પાડી છે વળી એ માતા મહામાયાનો અવતાર છે એ સદા દયાળુ દુઃખીયાના દુઃખ ભાંગી આંધળાને આંખ આપે છે—વાંઝીયાને પુત્ર આપી—નિર્ધનીયાને ધનવંત કરે છે વળી એની ભકિતથી સંસારનું સુખ આપી મુકિત કરે છે મારી ઉમર વર્ષ ૮૪ ની હાલ થઇ છે હજી માના ગુણ ગાઉં છઉં સર્વ જાતના સંસારી સુખ પુર્ણ આપ્યા ને મારા મનના સંશય ભાંગી નિર્ભય બનાવ્યો હવે મારી ઉમર પાકી થઇ, જીર્ણ કાયા ત્યાગ કરી મારા મુળ સ્વરૂપમાં ભળવું છે હવે જે વરસે વરસ આસો મહિનામાં અંદીપાઠના છંદ બોલું છઉં, તથા મુળ સ્વરૂપને ઓળખવા જે મહાત્માઓ થઈ ગયા તેની વાણી સાંભળી આત્મજ્ઞાનથી પોતાના સ્વરૂપને ઓળખી પોતે પોતામાં મળવું જાણી તે ચોપડી બહાર પાડવા વિચાર નકકી થયો છે. બહાર પડેથી કર્તાને ત્યાંથી અગર સુરત અંબાજીના દહેરા નીચે ટકોરખાનામાં થીવાળીની દુકાનેથી મળશે.

વિષયાનુક્રમણિકા.

વિષય	પૃષ્ટ
આદ્ય ઘન પ્રરિબ્રહ્મ તું	૧
જગતકર્તા જનુંની તમે	૨
ગવરી સુત ગણેશ તું	૨
સમરૂં શંકર સુત પ્રથમ પુજુ ઘન દેવા, સાખી—૧	૩
ભજન કર ભજન કર ધર ધ્યાન અંબે, સાખી—૨	૪
ભકિત કરો ભકિત કરો ભકિતનું ફળ મળશે. સાખી—૩	૪
જગતારૂણી અંબા ધણી માલીક અંબા આપજી સાખી—૪	૫
જાગી જો તું જીવડા જગ સુખ થાશે નાસજી સાખી—૫	૫
જગમાતા જનુની તમે જંગમાંતો જશ આપજો. સાખી—૬	૬
પ્રથમ કરૂં પ્રણામ છંદ ૧ લો	૭
પ્રથમ નમું ગણપતિ માત	૮
સકલ સભામેં સમરૂં આવો ગન	૯
કહે તે ભકતજન	૧૦
કરી ઉંદરપર અસ્વારી	૧૨
સુરત શેહેરના ધીઆફળીઆમાં	૧૫
જગત જનુની માતા મહાલક્ષ્મી	૧૮
મહાકાળી કરે કલ્યાણ	૨૦
મહા કાળી પાવાવાળી	૨૩
મહા માયા રૂપ છે એક નામ અનેક	૨૬
શહેર સુરત આમલીરાન વાઘેશ્વરી માતા	૨૯
આપો આપો ભકતને ભાવે	૩૩

પાવાની પટરાણી ૩૭
આયા આસો માસ ૪૦
સુરત આમલીરાન વાઘેશ્વરી ૪૨
ચત્રભુજી માંતુ ૪૩
સુણ અંબા મારી મા ૪૫
સુણો અલબેલી ૪૭
ભજું મહાકાળી ૪૮
માની વાડી બની ગુલજારે ૪૯
જીવ તું ચાલ જરારે વિચારી ૫૧
ભક્ત જનને સમજી લેવું ૫૪
મહાકાળી દયાળી ૫૬
આવો આવો મહાકાળી ૫૭
મારી માજી વાઘેશ્વરી ૫૯
જરા અરજ અમારી સાંભળો(ગાતાં અશુદ્ધ બોલાય તે વીશે) ૬૦
મારી અરજ સુણો ૬૨
ઓ જગત જનુની ૬૩
મેં માજી નામસે જપતા ૬૫
માજી જોતાં જાણ્યું ૬૭
મારા સાચા ગુરૂ ૬૯
બેઠે સિંહાસન ૭૨
ચઢી રણ સુરે ૭૪
ચાલો ચાલો મહારાજ ૭૭
સુર્ય પુત્રી તાપી માન ૭૯
ઉઠો અંબા જમવા માઈ (થાળ) ૮૨
સુરત તો સુનેકી મુરત ૮૬

રહીઆં રહીઆં શું કરે ૮૯
માતા મુગળથી માતા ૯૧
હુકમ થયો માતાનો એકદમ (મોટી અંબાજીનો છંદ) ૯૨
કોને વખાણુ કોને વખોડું ૯૪
સબ રૂઠે તો રૂઠે અંબા ૯૫
કાળી અંબા એક રૂપ ૯૭
અઘોર ગતિ માજી છે તમારી ૯૯
આદ્ય શકિત મમ માયા ૧૦૦
અંબે ગરીબ નિવાજ ... .૧૦૩
તુંહી તુંહી એક આપ નિરંજન.... ....૧૦૪
તુંમ તુંમ........બ્રહ્મા વિષ્ણુ ૧૦૫
તુંમ તુંમ.......તુમ તો અમમાં.... ....૧૦૭
કલ્યાણકારી જક્તાધારી ૧૦૮
ખપરવાળી તું મત બાળી ૧૧૨
સમજ શાણા મન તું દિવાના ૧૧૫
વારે વારે વારૂ મન તું માન ૧૧૮
સમરૂ શ્વાસો શ્વાસ ૧૨૨
સુણુ મેરી માતા ૧૨૫
તું માતા ચંડી, દૈત્યોકી ભીંડી કાઢે નવખંડી ખપ્પર ધારી ૧૨૭
આએ આસો માસ ૧૨૮
તુજે નમું ચરણ ૧૩૦
મ્હારે આજે ધન પુનેમનો દિન ૧૩૨
મ્હારી કરો વ્હાર ૧૩૪

છોડી ખટપટ ભજો અંબાઝટ.... .... ૧૩૭
મોટું સુરતમાં છે ધામ ૧૩૯
સત ગુરૂ વાણી ૧૪૧
આદ્ય અંબા જાણી વેદ વાણી મા વખાણી ૧૪૪
છે સત નામ ૧૪૭
જન્મો ત્યાંથી જાણું છું જે (છોકરો અશુદ્ધ બોલે તે) ૧૫૦
આવો અંબા અલબેલા ૧૫૧
આવો આવોરે માજી ૧૫૨
ગરજ વિના જઈ ગુરૂ કરેથી ૧૫૩
અંબા મા મારી વારે ધાજો ૧૫૪
છુટા નાભીથી વાઘ પકડ મન.... .... ૧૫૫
ચોગરદમ મા વન્હી લાગ્યો (પ્લેગનો છંદ) ૧૫૭
નીરમળ નામ અંબા માં તમારૂ ૧૫૮
કઠા થકી કહું છું કરજોડી ૧૬૦
અંબા મા તારૂં દર્શન ૧૬૧
જુઓ માજી હું કહુ તે સાંભળો ૧૬૨
જળબીન તલપે મછલી ૧૬૪
સાર સમરણ અંબામાનું ૧૬૫
અનેક નામે અંબા ભજું ૧૬૭
આજ ફકીરી બસ ગઇ ૧૬૮
મરવું હક અંબામાતા ૧૬૯
મહાસાગર દરિયા વહે ૧૭૧
ધારીવાત નહી થઇ ૧૭૩
ચેત ચેતન ચોબદાર ૧૭૪
શમાલ મન મસ્તાન ૧૭૫

ગાવું હોય તો ગાઈ લો ભાઈઓ.... ... ... ૧૭૭
શીષ્ય કહે શીરનામી સતગુરૂને ૧૭૮
મંગળકારી મંગળવાર છે. ૧૮૦
સતગૂરૂને ઉપદેશ બતાયા ૧૮૧
જાતે બનાવી નથી ગાતો મા ૧૮૩
આપો આજ્ઞા અંબામાતા ૧૮૪
ગુરૂ કહે સાંભળરે ચેલા (જોગણીનો છંદ)... ... ૧૮૬
અધર છંદ ગાતા આનંદે આજ... .. ... ૧૯૦
અંબા મા સંસાર સમુદ્રમેં ૧૮૭
ભક્તિ ભક્તિ સૌ જન કહે છે ૧૮૯
પ્રાણીમાત્ર મારા દેશી બંધુ ૧૯૧
ભુલે ભુલેરે હો મુસાફર ભુલે ૧૯૩
કર સત સંગત મન માજી ભજ ૧૯૫
એક દહાડો મરવો છે હમારે ૧૯૬
સમજ રે તું મનવા મેરા ૧૯૭
અંબામા તારે શરણે આવી ૧૯૮
સારમાં સાર માજીનું નામ ૧૯૯
ભજો ભાઈ માજી નામ હે ખરા ૨૦૦
અરે તું કયું ગફલતમેં પડા ૨૦૦
અરે તું કેમ જાય ભુલ ભુલ ૨૦૧
કઠણુ લખ ચોયાંસી હે ફેરા ૨૦૨

મુર્ખ મન કાયર થઈ કેમ ફળે... ... ... ૨૦૩
સમજ મન તારી ટેવ ના મટી... ... ... ૨૦૪
ભજ મન તુંહી તુંહી ભગવતી ૨૦૪
ત્રીગુણ માયા મા તાહરી ૨૦૫
ધનરે અંબા મા તું માહેરી ૨૦૬
સમજ મન મારારે ૨૦૭
આરાસુરવાળીરે ૨૦૮
ગુણીજન ગાજોરે ૨૦૯
કોણ ઉતારે પાર ૨૧૦
કહું છુ વારંવાર સમજ મન ૨૧૧
કથની છોડોને આંહી ૨૧૨
મૈઆ હું વંદુ વારમવાર (કવ્વાલી, ભાગ ૫ ... ૨૧૩
જય જય સૌ બોલો ૧૧૪
આણંદ ભયો હુઇડા વીશે ૨૧૫
શહેર સુરત ધીઆ ફળીઆમાં ૧૧૬
મુસફર પર મહેર કરી ૨૧૯
ધીરા રહીને ધ્યાન ધરો સૌ ૨૨૦
સતગુરૂ શબ્દ મેં શીર ચઢાવી... ... ... ૨૨૨
ખમા ખમા મારી મંમાયાને ૨૨૩
પ્રમાણ કરી સતગુરૂ કહું તમને ૨૨૫
ભુલા નહીં ભુલારે ૨૨૬
અદલ આવી દોરી તુટી પ્રેમકી... ... ... ૨૨૮

દેશી હમારા હમને મળે તો ૨૩૦
દેખા ખેલ કુદરતકા ૨૩૧
મ્હારી અરજ સુણો અંબામાં ૨૩૩
જરા નજર કરો બાળક ઉપર ૨૩૪
ગુરૂ ઉપદેશે જ્ઞાન થયું મને ૨૩૬
ધન બલીહારી માતા શારદા ૨૩૭
સમજ મન માજી (કવ્વાલી) ૨૩૯
ગુણી ગુરૂ જ્ઞાનથી બુજે (કવ્વાલી) ૨૩૯
નિરંજન તુંહી મંમાયા (કવ્વાલી) ૨૪૦
કર્તાને કોઇ ન જાણે (કવ્વાલી)... ... ... ૨૪૧
પુંજુ મહાલક્ષ્મી માત શરણે રાખોનીરે ૨૪૨
કરવા સેવકને સ્હાય (ગરબો) ૨૪૩
સખી આજ આનંદ મારે અંગેરે (ગરબો) ... ૨૪૪
સદા ગણપત લાગુ પાએરે (ગરબો) ૨૪૫
આ સંસાર મોહની જાળ માનોછો (ગરબો) ... ૨૪૬
જગતમાં એક બ્રહ્મ જાણો (ગરબો) ૨૪૭
મારા પ્રાણ પતિ પરમેશ્વરી કહુ મા તમને ... ૨૪૭
શું મોહ્યા નહી મોહન જાણો ૨૪૭
શું પછો મને સંખ્યા લાવી ૨૫૦
સાચ આંચ કબુ નહિ આવે ૨૫૧
જયાં જોઇએ ત્યાં તુંની તુમા ૨૫૩

તમે ફરતાં મુસાફર આવ્યા મુસાફરી કરીને ... ૨૫૪
બન્યું છે તે બધું જે છે તે સર્વે સાચુ બરાબર ... ૨૫૬
ત્યારી ગતી ઘણી ન્યારીરે અલબેલા અંબા ... ૨૫૭
પંથોની છે મારામારીરે અલબેલી અંબા... ... ૨૫૯
જુઠા વગોવે વહેમી સહુનેરે ૨૬૦
વહેમે તો અધવાળીરે પંઠીડા પ્રાણી ૨૬૧
સતિયા આણંદમાં રહેછેરેપંથીડા પ્રાણી ૨૬૨
દર્શનની બલીહારીરે અંબા તારા દર્શનની બલીહારી ૨૬૩
આત્મશક્તિ એ ભગવતી ભજતા, પ્રીતી બંધાશે ૨૬૪
આદ્ય ઈશ્વરી અંબા તું માત મહારી ૨૬૪
રાધેકૃષ્ણ રાસ રમે એલે મધુબન ૨૬૬
સર્વે ભકતો કરે ભલામણ ૨૬૭
મથુરામાં લીઓ અવતાર કૃષ્ણ કીરતારે ૨૬૮
હળવે રહી આરાધો અંબાને હાથ જોડી ભજવા માજી ૨૭૨
જીને આપકું જોયા નહિ, મન મેલ તો ધોયા નહિ ... ૨૭૩
ગલે બીછ દાલી કફનીને લીયો જોગીકો બેસ ... ૨૭૪
મારો તો મનને મારો તરીને બીજાને તારો ... ૨૭૯
જય ખપ્પર ધારી મા જય ખપ્પર ધારી ... ૨૮૦
જય જય જગ કર્તા ૨૮૨
અમે જઈએ ઘેર માજી રાખજો મેર ૨૮૩

સુરતના અંબા માતાજી.



Shri Natvar P. Press, Bombay No. 4.

છંદ, તથા ચંડીપાઠના, કર્તા



શા. અમીચંદ મોતીચંદ ઝવેરી (હાલ ઉમર વર્ષ ૮૫)

Shri Natvar P. Press, Bombay No 4.



દોહરો.

આદ્ય ધંન પરિબ્રહ્મ તું, સ્મરૂં વારંવાર;
આદ્ય ઇશ્વરી અંબીકા, જગત તણો આધાર—૧
શરણે આવ્યો તાહરે, મળી વસ્તુ મુજ સાર
કૃપા થઈ મા તાહરી, તો છંદ થયા તૈયાર—૨
અમુલ્ય નામ મા તાહરૂં, સર્વ સારનો સાર
સમે સમો જોઇ જો સ્મરે, તો બેડો ઉતરે પાર-૩
ભક્તજનના આગ્રહથી, છપાવી પાડી બ્હાર;
ઉપજ થશે ચોપડી તણી, તે ખરચીશ ધર્મદ્વાર—૪
સુરત આમલીરાનમાં, છંદ તણા રચનાર;
ભૂલચુક માફ કરજો, અમીચંદ કહે વારંવાર—૫

દોહરો. ૨

જગત્કર્તા જનુની તમે, થયા સીંહ સ્વાર.
વેણા વગાડે મુખ પરે, શાર્દુલ કરે થૈકાર.
રીદ્ધસીદ્ધ આપો સર્વને; છો સૌના દાતાર;
શાસ્ત્ર વેદ વાણી તમે, ઇચ્છાશક્તિ ઓહુંમકાર.
અકળ કળા છે તાહરી; શેષ ના પામે પાર;
મીનીટ એક ઘટે નહિ, વધે નહિ લગાર.
ચંચલ ચેતી ચતુરનર; સેવો અંબા દ્વાર;
દર્શનથી દુઃખ દુર જશે; થશે સુખ અપાર.
મોજ ઉઠે જો મન તણી; છંદ વસ્તુ છે સાર;
તીવ્ર બુદ્ધી રાખી કરી; છંદ ગાજો વારવાર.
ચીંતા ટળશે મન તણી; ભોગવો સુખ સંસાર;
દર્શનથી પરસન થશે; અમીચંદ કહે ઉતરો પાર.

દોહરો ૩.

ગવરી સુત ગણેશ તું, વંદુ વારંવાર;
સમરૂં માતા શારદા, બુદ્ધી તણો દાતાર. ૧
આરાધુ આદ્ય ઈશ્વરી, અખંડ ભોવનના ઇશ.
ગુણ ગાવું અંબા તણા, પ્રેમે નમાવું શીશ. ૧
ધ્યાન ધરી મા છંદ કરૂં, મદદ તમારી લઇ.
ભેદ ભાંગો બ્રમણાતણો, તો ભીતર ભીજું જઇ ૩.

જ્ઞાને ધ્યાન લાગી રહ્યું, માજી માજી છંદ ગાઇ;
આગ્રહ ઘણો ભગતન તણો બીજા ભાગને માહી. ૪
બીજો ભાગ બહાર પાડીયો; ભકતજન લેજો સાર
ખરીદ કરો ખુશી થઇ, જશે પૈસા ધર્મ દ્વાર. ૫
નીર્ગુણ સગુણ છંદબાંધીઆ ચડીઉલટ સમાધીમન
કાનો માત્ર કાંઇ ભુલ હોયે સુધારી ગાજો છંદ ૬
સુરત શેહેર રળીઆમણું આમલીરાન મારો વાસ
શેવક **અમીચંદ** કહે મા પુરો સૌની આશ. ૭

સાખી—૧.

સમરૂં શંકર સુત પ્રથમ પુજું ધન દેવા,
સિંદુર ચડે શરીર હાથ મોદિક ઓર મેવા
ધનછબી તમારી નીરખી ભગત સહુ કરતે સેવા,
સમરે વારંવાર સુખ સંસારના લેવા,
સંકટ સમે હું સમરૂં આવ્યો છું શરણે રહેવાં.
હાથ જોડી **અમીચંદ** આવી ઉભો છે કહેવા

કેકતા.

રંકને રક્ષણ કરો શારદાએ, હાથ જોડીને ભજું અંબાએ.
સદા સ્હાય કરજો અંબામાએ, ભગ્ત જન ગુણ તમારા ગાએ;
આવી કંઠ ઉપર કરો રક્ષાએ, **અમીચંદ** લાગે તમારે પાએ.
સમરતાં સંકટ જાય છે દુર, કરે માજી પલમાં ચુર ચુરજી.

સાખી—૨

ભજન કર ભજન કર ધર ધ્યાન અ'બે માતકા; મગરૂરી છોડ મુર્ખ મ'ન સ'ગાત છોડા સાથકા; ગુરૂ કહ્યા નહિ સ'ગ રહ્યા; તરછોડ ચલા કજાતકા; નુગરેકી સોબત મત કરો કુજાત મારે ઝાટકા; મરજાદ છોડી જાય દોડી, મારે ગપાટા વાતકા; **શીવલાલ** કહે ગુરૂ સ'ગ રહી; છ'દ ગાઉં અ'બે માતકા: ॥ ૧ ॥

ફેકતો.

ગુરૂકી ગત ઘણી ન્યારી, મુડ ચેલો ભરોસો હોય ભારી, પ્યાલા દે ગુરૂ ચેલો ધારી; નુગરેકી નહિ કરવી યારી; ગુરૂ કા જ્ઞાનકી બલીહારી; કે ઓળખા અ'બા ખપર ધારી; **શીવલાલ** કહે વાર'વારી, **અમીચંદભાઇ** સ'ગ મારીજી:॥

સાખી—૩.

ભકિત કરો ભકિત કરો ભકિતનુ ફળ મળશે; આદ્યઇશ્વરી અ'બીકા સમરેથી દુ:ખ ટળશે; કઠણ જુગ કળજુગનો લોભી પાખ'ડી મળશે; ફસાવી ફોસલાવશે નીર'જન ગુરૂ બતલાવશે. નીર'જન નીરાકાર છે સાકાર જારે મળશે; સાકાર નીરાકાર થાય આવાગમન દુ:ખ ટળશે; અજ્ઞાની છે જે મુઢ મતી, ગુરૂ વિના નહિ વળશે; **શીવલાલ કહે** જ્ઞાની જોઇ અજ્ઞાની હોય તે બળશે.॥

સાખી—૪.

જગતારૂંણી અંબા ઘણી માલીક અંબા આપજી;
લક્ષ ચોર્યાસી ભટકયો ઘણું, ત્યાં થયો ઘણો સંતાપજી,
મનુષ્ય જન્મ આવ્યો હવે, જો જપાય તારો જાપજી;
કર્મ તુટે પાપ પજળે; કરો મહેર તમે માબાપજી,
લાગું ચરણ આવ્યો શરણ કાપો જન્મના પાપજી;
અમીચંદ કહે કરૂણા કરી ભગતના કષ્ટ કાપજી:॥

ફેરતો.

ભગત જે કરે ભકિત ભાવે, સદા તે સુખ સંપત પાવે, ગુરૂશીર રાખી છંદ ગાવે; બાધ તેને કદી નહિ આવે મુર્ખ મન મમત કરી ગાવે, આખર તે પુરા પસ્તાવે; **અમીચંદ** શરણે તારી આવે, ગાઇ છંદ સદા સુખ પાવે, શરણમાં રાખો અંબા માઈ ફરે તેરી નવખંડમાં દુવાઇ; મારી મા.

સાખી—૫

જાગી જો તું જીવડા જગ સુખ થાશે નાશજી; માને છે તું માહેરૂ નહી રહેશે તારી પાસજી; સ્વપ્નામાં રાજા થઇ તે વરતાવ્યો છે ત્રાસજી, જાગી જુવે તો કંઇ નહી, થઇ બેઠા ભાઇ ઉદાસજી; નંદને મુચકુંદ ગયા, થયા રાવણ સરખા નાસજી; હાથ જોડી **અમીચંદ** કહે માજી મારાં પુરો સૌની આશજી;॥

ફેકતો.

સંસેને ટાળો મારા ભાઇ; ભજી લો ભાવે અંબામાઈ; સંશેમાં ગયા ઘણા અથડાઇ; સંશેથી ફરે ચોયોશી માંહી, અમીચંદ કહે છે સુણો મેરે ભાઇ; વસે મારા ઘટમાં અંબા માઇ; મેરી મા.

સાખી—૬

જગ માતા જનુની તમે જગમાં તો જશ આપજો;
દુરમતી હોય માહેરી કીરપા કરીને કાપજો.
સંભાળ શરણાગતની મા સ્થીર કરીને સ્થાપજો,
બ્હાનું તમારૂં ધરી હૃદે મા છાપ તમારી છાપજો.
સહેજ સમાધી શ્વાસોસ્વાસે નીશદીન જપીએ જાપજો;
અમીચંદ કહે આદ્ય ઇશ્વરી ટાળો ત્રીવીધીના તાપજો:॥

ફેકતો.

દયા કરી દીન વચન મા સુણ,
લાગી મારે તારા નામની ધુન,
ત્રીગુણ માયા અખંડ નીરગુણ,
વસો તમે સઘળે સુન મહાસુન;
અમીચંદ ગાય તમારા ગુણ;
શાસ્ત્ર ભેદ શબ્દ લે છે ચુન ચુનજી.

आद्य शक्ती छंद प्रबंध.

છંદ ૧ લો.

પ્રથમ કરૂં પ્રણામ, નામ લંબોધર દુઃખ ભંજન; નમું સરસ્વતી ગીરજાનંદન, બને ચઊંઆ પર સ્વાર; ધન થંન થંન બાજેપંજન; લંબી શુંઢ ઉપર શોભે દંતન જડે દંતપર હીરા અરગજા કેશરકા ચંદન; બના ખુબ રૂપ અતિ કુંદન; બીઘન હરણ નામ ધરણ સરણમે રાખી દેના દરશાન. નમું સરસ્વતી ગીરજાનંદન. ૧

કરો કંઠપર સાહે શારદા તમે નીત્ય રક્ષણ; મધુરી વાણી નીકળે તતત્ક્ષણ, અલેક પુરૂષ અવીનાશી ઋષીદેવ કરે તારૂ સ્મરણ; શારદા સદા રહેજો પ્રસન્નઃ આપો સુખસંપદા સમસ્તા રીધસીધ સત બચન; નમુ સરસ્વતી ગીરજાનંદન ૨

કરી આનંદ ઉલ્લાસ હીલમીલ બેઠે સબ ભગતન, છંદ માજીના ગાવા મગન, બાજે ઢોલ મૃદંગ શોર કરે છાંયા ખુબ ગગન; ગાઉં મા છંદ નવી ધરણ. આવી રહેજો સરસ્વતી જીભ્યાએ લાગું તારે ચરણ; નમુ સરસ્વતી ગીરજાનંદન. ૩

ચૌદ લોક ઓર એકવીશ બ્રહ્માંડ કરે તારૂં રટણ. અરાડે વરણ કરે મથન; દરશનથી દુઃખ જાએ દરીદ્ર કાયા થાએ પાવન, મહારાજગીર કહે આજે ધનધન, અમીચંદ કહે સાહે કરો હું આવ્યો તારે સરણ નમુ સરસ્વતી ગીરજાનંદન ૪

છંદ ૨ જો.

પ્રથમ, નમું ગણુપતિ માત સરસ્વતીનું ધરતાં ધ્યાન; કંઠ વાણી દો બુદ્ધી જ્ઞાન; મા કરી મનસુબો ઘરશે આયા માજી તમારે ધામ, પ્રથમ જે બોલું તમારા નામ, ચરણુ શીષ માની, છબી નીરખી કરૂં માને સલામ, તેરી ભગતીસે હોવે આરામ, મા હરદીસ તારૂં ધ્યાન ધરી મા કરૂં તારૂં પીછાન, કંઠવાણી દો બુદ્ધી જ્ઞાન ચોક ૧

મૂળસ્થળથી કહુ માજી હું સૃષ્ટીકા વિસ્તાર અખંડ જ્યોત નીરગુણ નિરાકાર, ઇચ્છા શકિતને પ્રગટ કીએ બ્રહ્મા વિષ્ણું રૂદ્ર તૈયાર, રૂપ પલટી કીયા ભરથાર; પણુ લક્ષ્મી સાવિત્રી ઉમીયા માતા ત્રીગુણુકા મંડાણુ. કંઠવાણી દો બુદ્ધીજ્ઞાન. ચોક ૨

તેરી માયાકા પાર નહિ બ્રહ્માદિક ભુલ જાતા, તેરા કોઈ પાર નહિ પાતા; બ્રહ્મા વિષ્ણું રૂદ્ર હુકમને તેરા ગુણુ ગાતા, સકળ ઘટઘટમેં ફેલાતા; સ્વર્ગ મૃત્યુ પાતાળ કે ચૌદા ભુવન ધરે તારૂં ધ્યાન. કંઠ વાણી દો બુદ્ધી જ્ઞાન. ચોક ૩

મે હું તુમેરા દાસ ગુનેગાર બંદગી તેરી કરતા; તેરે ચરણો પર શીષ ધરતા. તેરે શરણુમે જે કોઇ રહેવે નહિ કીસસે ડરતા, મહારાજગીર તેરા ધ્યાન ધરતા. **અમીચંદ** કહે છંદ બનાવી, ભજો અંબા જુગ જાણુ, કંઠવાણી દો બુદ્ધિ જ્ઞાન ચોક ૪

છંદ ૩ જો.

(પ્રથમ નમું ગણુપતી એ રાહ)

સકલ સભામેં સમરૂં આવો ગંન, શંકરકે ફરજન, દેના દરશણુ ગન દુઃખ ભંજન, ગંન કરૂં તમારી પુજા એક ચીત રાખી બેઠા તનમન; ઉડે ફુલ ખસબોઇ અતર સુધન; ધન ઘડી ધન દીવસ આજનો થાય તારૂં દર્શણુ, બદન પર સીંધુર ચડે લેપન, જમણી સુંઢ ગણુપતિ શોભે તેરી અંખીઓમેં અંજન. દેના દરશણુ ગંન. ચોક ૧

આદ્ય અંતે અંબામા પ્રગટયા, નિરાકાર નિરગુણુ, બ્રહ્મા વિષ્ણુ શંકર ત્રીગુણુ, એ કોઇનામાં ફેર નહીં માયે કીધા સ્વરૂપ ધારણુ, રચવા સૃષ્ટિને કારણુ, એ માયા જાળમાં પડી અંધારી ફેલી ગયો શીર્ગુંણુઃ દેના દરશન ગંન ચોક ૨

રચ્યો મા સંસાર સાગરનો પાર નહી જડન ડુબી સૌ એમાં અરાડે વરણુ. શેજ નથી સંસાર પાર ઉતરવું ઘણું કઠણુ; કરે એકચીત અંબાનું રટણુ, એહી નામશે તરે ભવસાગર મીટે આવા ગમન. દેના દરશણુ ગંન. ચોક ૩

મહારાજગીર ગયે ભુખણુદાસ તે આવ્યા તમારે શરણુ, દેજો દરશણુ થઇને પરસન, જુઠી માયા સંસારની ખોટી સાચું તારૂં સ્મરણુ, હાથ જોડી કહે છે અમીચંદ, ભક્તિ ભાવે ભજું માજી તને સમરે સૌ જગતન, દેના દરશણુ ગંન. ચોક ૪

છંદ ૪ થો.

કહે તે ભકતજન, સમરૂં શંકર કે હરજને,
પ્રથમ પુજું આદ્યધન, તમે આવોરે.
તમે આવો ધન માહારાજેજી, છુમ છનનનનનધુધરૂં બાજેજી
એક સમે શિવ શંકર ભોળા, બોલે પાર્વતી સંગેજી.
મેરૂ પર્વત પર જઈશું તપશ્યા, કરવા અતિ ઉમંગેજી,
ઉમિયા કહે ન રહું એકલી, નથી કોઇ મારી સંગેજી.
આપ્યું શિવે વરદાન ઉતારજો, મેલ તમારે અંગેજી.

ઝુલ.

પુત્ર પુત્રિ પ્રગટ થશે, નહીં ચિંતા રાખશો મનજી;
વરદાન આપી શિવજી ગયા. ધરે ધ્યાન વાળી આશંનજી;
પાર્વતી સ્નાન કરવા, વીચાર કરે છે મનજી;
અંગથકી મેલ ઉતારી, પ્રગટ કીધા બે ફરજંનજી;
ઓખા ગણપતિ દ્વાર બિરાજેજી; છુંમ છનનન—ચોક ૧
ઓખા ગણપતિ રમજો ઓટલે, ઘરમાં કરૂં છું સ્નાનેજી
નારદજી જઇ કહે છે શીવજીને, તમે ધરો છો ધ્યાનેજી.
ઘેર બે બાળક પ્રગટ થયા છે ઓટલે રમે સંતાનેજી.
ભોળા શંભુ ભુલી ગયા, આપી આવ્યા હતા વરદાનેજી.

ઝુલ.

ક્રોધ કરીને ઉઠીયા ગયા પોતાને દ્વારજી
બાળક બે બેઠા જોઇને ખિજવાઈ ગયા અપારજી.

રીસ કરી ઘરમાં ધસે ઉઘાડવાને દ્વારજી,
ગણપતિ ગુસે થયા લટ પકડી નાંખ્યાં બ્હારજી.
જાય ઘરમાં તને નથી લાજેજી, છુમ છનનન—ચોક ૨
પિતા પુત્ર બે જુદ્ધ કરે લડે ક્રોધ કરે દાંત પીસેજી;
જટા સાહી શિવજીને નાંખ્યા, શંભુ ભરાયા રિસેજી.
ત્રિશુળ મારી ગણપતિ પાડ્યા, પળમાં ઉરાડ્યું શિશેજી;
ગભરાઈ ઓખા સંતાઇ ગઈ, ત્યાં બીજું કોઈ નહીં દીસેજી.

ઝુલ

ઘરમાં ધસી શિવજી ગયા, પાર્વતી બેઠા ન્હાયજી,
કેશથકી અંગ ઢાંકયું શિવ આ તે શું કેવાયજી.
બ્હાર બેઠા બે બાળક તમ વરદાને ફળ થાયજી,
સુરતા આવી શિવજીને પછી ઘણું પસતાયજી.
ઉડી શિશ ચંદ્ર રથ છાજેજી છુમછનનન—ચોક ૩
પડ્યા પાર્વતી પૃથ્વી મુર્છા, સૂણી શિવ વચનેજી,
માર્યો ગણેશ મારો કરો સજીવન,
નહીં તો પાડું મારૂં તનેજી,
મોકલી અનુચર શિવજી કહે કરી લાઓ શિરછેદનેજી.
મળ્યો માર્ગમાં કુંજર, મારીને શિર લાવ્યા ભૂવનેજી,

ઝુલ.

ધડ મસ્તક એકઠા કરી કરે સજીવન શિવ તત્કાળજી.
જોઇ પાર્વતી વીસ્મય થયા આ ન્હોય મારો બાળજી,

શિવજી કહે સૂણો પાર્વતી એ જગત તણો પ્રતિપાલજી.
પહેલું પુજન એનું થશે ગણુપતિ દિન દયાળજી.
ગણુપતિ વિનાયક રાજેજી. ઘુમ છનનન—ચોક ૪
માતા પાર્વતી શણુગાર ધરે શિરમુગટ છત્રકુંડળેજી.
રત્ન જડિત મોતીની માળા માતા પહેરાવે ગળેજી,
જમણી સૂંઢ ગણુપતિ ગજાનંદ ઠુમક ઠુમક મન ચલેજી;
શિવજી કહે સુણુ પાર્વતી ગણુપતિ ભજે દુઃખ ટલેજી.

ઝુલ.

શુભ કામે સમરે સર્વ, થાય ગણુપતિ પૂજનજી,
સુણી વચન શિવજી તણું માતા થાય પ્રસન્નજી.
ચંદન લેપન કરી અંગે આંખો મે અંજનજી;
વિઘ્નહરો ધ્યાન ધરી કહે હાથ જોડીને ભક્તનજી.
અમીચંદ કહે રાખોલાજેજી, ઘુમછ નનન. ચોક ૫

ગણુપતિનો છંદ ૫ મો.

કરી ઉંદર પર અસ્વારી, ધનરાજ વારંવારી.
તારી છબી લાગે, પ્યારી ગવરી સુતરે.
ગવરી સુત ગુણુ ભંડારેજી, ધન કરે મોદિકનો આહારેજી.
ઉંમીઆ સજી સણુગાર ધરતી, ગળે મોતનકી માળેજી,

મુગટ છત્ર કાંનોમેં કુંડળ, ઓડે સાલ દુશાલેજી.
દુંડાળો દુઃખ ભંજન કહીએ, રત્ન જડે દંત લાલેજી.
સુંઢે ભરી મોતીની જાળી, શુદ્ધ બુદ્ધ ચમર ઢાળેજી.

ફેકતા

બાંધી બાજુ બંધ કરે અંજને, પહેરી પાત્રડી પાંઉ પેજને,
થેઇ થેઇ નાચ રહ્યા હે ઘંને, જોઇ માતાજી થાયે પરસંને.
છબી નિરખી વારંવારેજી, છબી નિરખીરે છબી નીરખે
વારંવારેજી, ધન કરે મોદિકનો આહારેજી. ચોક ૧
ગણુપતિને કાર્તિક સ્વામી, બંને શિવ ફરજંનેજી,
શુદ્ધિ બુદ્ધિનું માગુ આવ્યું, વિચાર કરે શિવ મનેજી.
કરી મનસુબો શિવજી કહે, તમે સાંભળો મારા તનેજી,
તીરથ જાત્રા કરી ફરી પૃથ્વી, વ્હેલો આવે ભૂવંનેજી.

ફેકતા.

વ્હેલો આવે તે કન્યા પરણે, કાર્તિક સ્વામી દોડે હરખી મંને
ગણેશને ઉંદર વાહને, એમ કહી ઝટપટ કરે દરશંને.
ઉઠી ગણુપતિ મનમાં ધારેજી, ઉઠી ગણુપતિરે.
ઉઠી ગણુપતિ મનમાં ધારેજી,
ધન કરે મોદિકનો આહારેજી. ચોક ર
સર્વ તિરથમાં તિરથ મોટું, માત પિતા પૂજનેજી.

એમ કહી સાત પ્રદક્ષિણા ફરી માત પિતાને કરે વંદનેજી,
સર્વ તિરથ ફળ સ્હેજે પામ્યા. સઘળે ચડયું ચંદનેજી.
જેજે તિરથ જાય કાતિક સ્વામી જુએ ગણેશ પુજંનેજી.

ફેકતા

એ શિવ પારવતી સમજી મંને, ગણપતિનું ત્યાં કર્યું લગંને
રૂદ્ધિ બુદ્ધિનું પરણ્યું મંને ગણપતિ સંગે થયું લગંને
ત્યાં થઈ રહયો જય જય કારેજી, ત્યાં થઇ રહ્યોરે.
ત્યાં થઇ રહયો જય જય કારેજી,
ધન કરે મોદિકનો આહારેજી.
તિરથ જાત્રા કરી કાતિક સ્વામી, આવ્યા ગીરી કૈલાસેજી.
ગણપતિનુ લગન થયું સુણી મનમાં થયા ઉદાસેજી,
માત પિતાનું મુખ નહીં જોવું. એમ કહી ત્યાંથી નાસેજી.
દોડે પાર્વતી પુંઠે પકડવા, દોડતા ભરાયા શ્વાસેજી.

ફેકતા.

આગળ પુત્ર દોડે પાછળ માતા, મારવાડ છોડી મા ગુજરાત
આતા. ઉઘડયો ઘુમટો મુખ દેખાતા,
અડધું માથું ખુલ્યું અડધે જાતા. ગયા દક્ષિણ દોડતા જ્યારેજી
ધન કરે મોદિકનો આહારેજી ચોક ૪
દોડતાં માથું ઉઘડી ગયું ત્યારે. ખભે નાખ્યું માએ ચીરેજી.
કાતિંક સ્વામિ ગયા દક્ષિણ દોડતા પહાડ મળ્યો ગંભિરેજી
ક્રોધ કરી માર્યું માથું પહાડમાં અડધુ પેઠું શરીરેજી
દોડી પાર્વતી પગને પકડયા ધીરા રહો મારા વીરેજી

ફેકતા.

અફસોસ થઇ રહ્યા પગને ઝાલી નેત્રેથી જાએ આંસુ ચાલી
જાત્રા કરે કોઈ ભાગ્યેગશાળી માતા કરે સૌની રખેવાળી
અમીચંદને પાર ઉતારોજી અમીચંદનેરે
અમીચંદને પાર ઉતારોજી, ઘન કરે મોહિકનો આદરેજી
ચોક ૫

છંદ ૬ ઠો.

સુરત સેહેરના ઘીઆ ફળીઆમાં અંબામાતા બીરાજતી;
આરાશુરથી અંબા પધારે, ઘમ ઘનન ઘનન ઘુઘરૂ બાજતી;
રૂમઝુમ કરતી આવી અંબીકા જળહળ જ્યોત ઝલકતી હે;
કાનમેં કુંડળ મુગુટ બીરાજે શીરછત્ર મણી લળકતી હે;
ભમરકટાક્ષ બીરાજે તુમારી હાથચુડી કંચન ખલકતી હે;
બાંહે બાજુબંધ વેડ વીંટી, અંગુઠી હીરેકી ચળકતી હે.

ઝુલ.

તેરી શોભા કયા કહું માને ગળે રતનકો હાર;
હીરા માણેક ઝળકી રહ્યા જેસી બીજલી કરે ચમકાર;
માને પાઉમે પાએલ અણુવટ વીછવા અહો અહો મુખસે
બજતી; આરાસુરથી અંબા ૧

ચત્રભુજ તારૂં સ્વરૂપ બીરાજે, મંમ માયા ખપરવાળી; કરણુ ફુલ કાનોમે શોભતાં, લટા છુટી નાગણુ કાળી, જમણી બાજુ ગણેશ બીરાજે, દાબા પાસે બહુચર બાલી; સંખન પુરથી આઇ અલબેલી કરે ભક્તનકી રખેવાળી.

ઝુલ.

અંબા મારી માવડી, તુને સજ્યા સોળે સણગાર;
નાકોમેં નથની કમરપટો, તેરી નેણોમેં કાજલ સાર;
ચોળી પહેરી આસમાની, સાડી નાફરવાની બીરાજતી,
આરાસુરથી અંબા પધારે ૨

ચોકીદાર માના ચાર બીરાજે, પુર્ણ દીશા ઇંદ્રિ રહેતા; પશ્ચિમ દિશાપર વરૂણ દેવતા; ન્યારે ન્યારે સબકું કહેતા ઉત્તર દશાધન ઇંદ્ર કહેલા તે ધનપુરીમે એ રહેતા, દક્ષીણુ દશા જમરાજા શીખરપર અંબે અંબે મુખથી કહેતા

ઝુલ.

ચોકીદાર માના ચાર હે, રે મઈઆકે આધીન;
ખેચરી ભુચરી અગોચરી, સબ ન્યારે નામ લો ગીન
અપરંપાર હૈં તેરી માયા સબ ખળખટ તુજકુ ભજતી
આરાસુરથી અંબા પધારે ૩

શીખરબંધુ માનું દેહરૂં બીરાજે, ધજા ફરકતી દેખો ગગન,
બ્રાહ્મણ વેદ ભણે સઉ મુખથી ચંડી પાઠ તો કરે લગંન.
વીજ્યાશંકર કરે આરતી, સદા સરણુ મેં રહે મગન,
ઇંદ્રાસનથી અધિક શોભા, છુટે કુવારા ઉડને લગન.

ઝુલ.

હાંડી તકત શોભી રહ્યા, ઝુમ્મરો ચારો પાસ;
સુરજ મુખી શલગી રહી, જેવા ચંદ્ર ખીલા આકાશ,
ગંધર્વ ગ્યાન મીલાવે રાગણી ગાતા સારંગી ખુબગાજતી;
આરાસુરથી અંબા પધારે. ૪
કરજોડી માની કરૂં વીનંતી અપરમપાર તેરી લીલા;
નહિં બાલકે નહિ બુઢા જુવાન જેસે દેખો પુનમકા ચંદ્ર ખીલા,
મહારાજગીર ઉસ્તાદ હમારે, આજ ધન તુમારા દરસણ મીલા;
અજબ તરેહકી વાડી તુમારી, ચંપા કેવડા છે પીલા.

ઝુલ.

જુઈ જાઇ સેવટી હે બટ મોગરો ગુલજાર;
સંવત ૧૯૨૬ ના, અખાડ શુદ ૭ સોમવાર;
અમીચંદ કહે દાસ હમારા વીજ્યાશંકર કરે ભકિત;
આરાસુરથી અંબા પધારે, ૫

નવાપરાની મહાલક્ષ્મી માતાનો છંદ.

છંદ ૭.

જુગેત જનુની માતા માહા લક્ષ્મી તારો પરતો દુનીઆમાં,
નવાપરામાં તખત તમારૂ લીમડા નીચે દેરામાં;
કુવા અંદર વિસરામ કીઆથા ગંઝારામકુ હુવા પરસન,
બાંળક જાણી મન દયા આણી માજી તુમને દીયા દરસન.
તાઢ ધુજારી ચઢી કંપારી કંકુ ફુલતો લગે વરસન,
ક્ષમા ક્ષમા સબ કરને લગે આણંદ હો ગયે સબકે મન.

રેકતો.

માને હાથ જોડી વીનંતી કરૂ નમસ્કારે, જીરે,
માજી મુખસેં બોલ્યા કાહાડો કુવાથી બહારે, જીરે;
માના વચન શુણીને ભકત હુવે તઇઆર, જીરે,
કરી સ્તુસ્તિ ઘણી માનીજી ફીરે કર ઉતરે કુવામેં;
નવાપરામાં—૧

સંવત ૧૯૧૭ આસો સુદ ૮ શુકરવારે.
સબ ભકતનકી કરવા રખેવાળ કુવામાંથી નીકળ્યા બહારે,
કોઇ કોઇને તો કોઇનો આશરો હમકુ તેરા આધારે,
નોધારાની તું એલી છે કર ભકતનકી રખેવાળે.

રેકતો.

માના દેરા ઉપર લીમડો બીરાજે ઘન ગોરે, જીરે
ઉડતાં પક્ષી આવતાં કરે ખુબ શોરે, જીરે

બોલે મોર પપઇઆ કોયલ કરે કલ્લોલે જીરે
અનેક જાતકે પક્ષી ઉડકર આકર બેઠે લીમડામેં;
નવાપરામાં—૨

સુરત શેહેરમાં ખબર પહોંચી સબ લોક દરસણકું આવે,
નાળીએર ઘાટડી ઘીનો દીવો ચડાનેકી ખાતર લાવે;
દરસણ કર કર પ્રસન હોવે ભગ્તનકે મનમેં ભાવે,
આઠ પોહોર ઓર ચોંસેઠ ઘડી માજી તમારા ગુણ ગાવે.

રેકતો

માને સણગાર તણો હું હવે કરૂ વીસ્તારે. જીરે
માને પાઉંમે પાએલ ઘુઘરૂં કરે ધમકારે જીરે
માને મુગટ છત્ર ઓર ગળેમેં નવસરો હારે, જીરે
સોલે શણગાર સજ કર બેઠે દરશણ કારણ આયા મેં
નવાપરામાં—૩

અપરમપાર હે તેરી માયા અજબ રચી તુમને લીલા,
માજી તુમારે સ્વરૂપ બીરાજે જેશા પુનેમકા ચંદ્ર ખીલા,
કસબી કોરની સાડી બીરાજે નવરંગી વાગાપીળા;
વાડી તણી હું કયા કહું શોભા તરેહતરેહકા ફુલ ખીલા.

રેકતો

જુઇ જાઇ સાહેલી બટ મોગરા ખીલા, જીરે
ગુલાબ, દાવડી ચંપા કેવડા પીલા, જીરે
ધન ભાગ્ય હમારા દરશણ તુમેરા મીલા, જીરે
મહારાજ ગીર ઉસ્તાદ હમેરા અમીચંદ જપતા
તેરા નામે.

નવાપરામાં તખત તુમારા લીમડા નીચે ડેરામાં—૪

છંદ ૮ મો.

કાલકામાતાનો છંદ માહા પ્રલયના છંદની રાહ

મહાકાળી કરે કલ્યાણ ધરે સહુ ધ્યાને,
મારીમાજી આપ તખ્તે બિરાજેજી;
ભકત મંડળી છંદ ગાયે ત્યાં ઢોલક બાજેજી.
માની ભક્તિ કરીને ભાવ રાખે આકીને.
રમહિને મહિને છંદજ ગાયેજી;
હાથ જોડી માને અરજ કરે છે કરજો સ્હાયેજી.
આવે બાળક બુઢા જુવાન તમારે ધામે
માગે જાચક થઇને લાગે પાયેજી.
બાળક માગે વિદ્યાહુન્નર આપો માયેજી.

ગઝલ.

એસતે વર્ષ કારતક માસે આનંદ ઓચ્છવ થાયે;
મારી મા આનંદ ઓચ્છવ થાયે.
મંદિર મહાદેવ માને દ્વારે દરશન કરવાને જાયે.

ફેકતા.

શહેર સુરત ઘીઆકુળીઆમાં છે મહાકાળી
દર્શન કરવાને આવે ભગત સઉ ચાલી
ઘીનો દીવો નાળીએર હાર વેચે છે માળી
માગસર સુદ પડવે સજ્યા સાજેજી

ભક્ત મંડળી છંદ ગાય ત્યાં ઢોલક બાજેજી. ચોક ૧
બેસતે મહિને લઈ શ્રીફળ માજીમાં આવે,
હાર ઘીનો દીવો માજીને ચડાવેજી,
શ્રીફળ ચઢાવે સફળ કરે કામ મદદ આવેજી,
માને નાળીએર ઘાટડી ઘીનો દીવો વ્હાલો,
ભાવે લાવે ભગત પુર્ણું સુખ પાવેજી,
ગુણ ગાવા પુર્ણું સુખ લેવા ભગત આવેજી.

ગઝલ.

કાળી તું કલકત્તાની નવ ખંડની ધણીઆણી, મારીરે
માં નવ ખંડની ધણીઆણી.
બંગાળી સૌ કાળીને માને તારી ગત જેણે જાણી.

ફેકતો.

બંગાળી ભજે સઉ કાળીકા મા દેવી
તેમ આકૃતે આવી કામ કરે મા વ્હેલી
ભજે ભક્તને કરે સ્હાય ન જેવી તેવી
સમરતાં આવી ઝટ શિર પર ગાજેજી
ભક્ત મંડળી છંદ ગાય ત્યાં ઢોલક વાજેજી
પોષ સુદ પડવે મા શિયાળાના દીને
મા ઓઢી બેઠા છે શાલ દુશાલાજી
મુગટ છત્ર કુંડલ છે કાને સુંદર બાળાજી
મહા સુદ પડવે છે સહુને આનંદહેલી
ગાય ભક્ત છંદ કરે કાલાવાલાજી
ફાગણ સુદ પડવે ગુલાલ ઉડે ત્યાં ખીલે ગુલાલાજી.

ગઝલ.

ચઇતર સુદ પડવે ઘોડી પડવો નવરાતર કહેવાય મારી
મા નવરાતર કહેવાય
શણગાર સજી માને વાડી ભરાવે ભકત મંડળ છંદ ગાય

ફેકતો.

વઇશાખ સુદ પડવે ઉનાળો ભરપુરે
ચડે ચંદન અત્તર મુખપર વરસે નુરે
કાલિકા કરે કલ્લોલ બિગન કરે દુરે
મારીમાજી જેઠ સુદ પડવે ગાજેજી
ભકત મંડળી છંદ ગાયે ત્યાં ઢોલક બાજેજી ચોક ૩
મા અખાડ મહીને આશા સઉંની પુરે
સુદ પડવો પ્રેમથી શિશ નમાવેજી
શ્રાવણુ સુદ પડવે છંદ ગાય ત્યા મેવલો આવેજી
ખુબ ઝરમર વરસે મેઘ ગુણી ગુણુ ગાયે
માનુ સ્મરણુ કરી પુરણુ સુખ પાવેજી
ભાદરવો ભરપુર ગાજે ખુબ ધુન મચાવેજી

ગઝલ.

પડવે કરી પ્રણામ કાળીને કહે છે કરૂણા લાવો,
મારી મા કહે છે કરૂણા લાવો,
આશો મહીનામાં પડવે નવરાતર કીરપા કરી મા આવો,

ફેકતો.

બાર મહિનાના બાર પડવે છંદ ગવાયે,
પાનાચંદ કરી પ્રણામ આગેવાન થાયે,
હળીમળી છંદ ગાય માને શિશ નમાવે,
કહે **અમીચંદ** મા રાખો લાજેજી.
ભક્ત મંડળી છંદ ગાય ત્યાં ઢોલક બાજેજી. ચોક ૪

છંદ ૯ મો.

કાળકા માતાની આઠેમનો છંદ. રાહ ઉપરનો.

મહાકાળી પાવાવાળી અરજ કાન ધરજો,
અમે આવ્યા મુસાફર ફરતા ફરતાજી,
દયા કરી દુઃખ હરો સેવક શિર ચરણ ધરતાજી.
માના દરશનથી દુઃખ જાયે પુંણું સુખ થાયે,
કરે ભકિત ભક્ત જન ભાવે ભજીનેજી,
બેઠે તખ્ત મહાકાળી શણુગાર સોળે સજીનેજી.
પાઉંપાયલ અણુવટ વીછવાકા ખુબ બહારે,
મહારી માજી ભરી કોર લાલ ગજીનેજી,
અહંકારી કંઇ હારી ગયા મુકી ગર્વ તજીનેજી.

ગઝલ.

સંસારી જીવ જગત તણા તેની તમે કરો પ્રતિપાળ
મારી મા તમે કરો પ્રતિપાળ,
દુઃખ કાપીને સુખરે આપો સદા લો સંભાળ

ફેકતો.

ઘણાં ભકત તમારી ભકિત કરે છે ભાવે,
હર આઠેમે છંદ ગાવા છોટેલાલ આવે.
ચુનીલાલ ને બળવંતરામ માના ગુણ ગાવે,
મારી માજી માની સૌ ભકિતકરતાજી. દયા કરી. ચો. ૧
માના છંદ સાંભળી બીજા ભગતજન આવે,
મારી માજી આઠેમ આનંદ કારીજી,
મહાકાળીના દર્શન કરી બોલે છંદ લલકારજી.
માજી કરે કંઠપર સ્હાય કરૂણા લાવી,
મારી માજી ભજું તને ખપ્પર ધારીજી,
મનના મનોરથ પૂરો સર્વના છો સુખકારીજી.

ગઝલ.

મમ માયા તારા દર્શનથી મને આજ આનંદની હેલી,
મારી મા આજ આનંદની હેલી.
ભકિત કરી છંદ ગાવા આઠેમે ભકત મંડળી થઇ ભેળી.

ફેકતો.

સુમતિ કરી મને સદબુદ્ધિ મા આપો
હોય ઉચ્ચ નીચ તમે ભકતના દુઃખ કાપો
હતા વાલ્મિક રૂષિ કોળી રૂષિ કરી સ્થાઈપો
તમે દીન દયાળુ સહુના દુઃખ હરતાજી. દયા કરી. ચોક ૨

આ માયા જાળ પડી શિરપર લોને બચાવી,
મારી માજી આવી અમે શરણે રહીએજી,
અમે અજ્ઞાની બાળ તમારા કયાં જઇ કહીએજી,
હું ભટકયો ઠામોઠામ થયું નહી કામે,
મારી માજી માયામાં ડુબ્યા છૈએજી
સંસાર દુઃખ દુનિયાનું શિરપર કેમ જ સહીએજી.

ગઝલ.

સંસારના સઉ પ્રાણી માત્રને શકિત રૂપે સ્હાય કરજો,
મારી મા શકિત રૂપે સ્હાય કરજો.
જગ્ત માતા જરા મ્હેર લાવીને ભકત અરજ કાન ધરજો.

ફેકતો.

તમે અંબા કાળી એક રૂપ બે બેનો,
જયારે માયા રચો ત્યારે અનેક થાય છે ચ્હેનો,
કાળી રૂપે ગોકુળમાં કૃષ્ણે ચરાવી ધેનો,
મારી માજી સ્હાય કરો ભકત સમરતાંજી; દયા કરી ચોક ૩
આ ભકત મંડળમાં ઉંચ નીચ સઉ આવે.
મારી માજી ઓળખવાની એક એંધાણીજી,
વ્યસન કરી જાય દારૂપીએ મરવાની નીશાનીજી;
પીને પડે સોંચ નહિ શરીરનું રહે ભાને,
લોક જુવે ફજેતી વળી ધનની હાનીજી;
સમજુ પુરૂષને સમજી લેવું કહે ગુરૂ જ્ઞાનીજી.

ગઝલ.

વ્યસન તજી ભજી માજી સમરશે પરવસ જીવ નહીં થાશે
મારી મા પરવશ જીવ નહી થાશે
સ્હાયે કરી મા શરણે રાખે આવ્યા વિઘ્ન દુર જાશે.

કેકતો.

હર આઠેમ છંદ આવી ભગત જે ગાશે જુઓ સુરત
ધીઆફલીઆમાં કાળીનો વાસે
એના સેવક પદુભાઇ રમણભાઇ છે પાસે
અમીચંદ કહે ઇચ્છારામરે ફરતાજી; દયા કરી૦ ચોક ૪

મહા પ્રલયના છંદના રાગનો છંદ ૧૦

મહા માયા રૂપ છે એક નામ અનેક,
મારી માજી જોયા મેં તો સઘળે રમતાજી,
મન મારી મમતાને ત્યાગી બેઠા ભમતાજી.
મૂળ વસ્તુ મળી મારા મનની ભ્રમણા ભાગી,
શાખ પુરે શાસ્ત્ર રહયો તે અંધારેજી;
દઢ વિશ્વાસ રાખીને બેસે ઉતરે પારેજી.
ગુરૂ વચને રાખી આધાર મન કરે સ્થિરે,
વિનય કરી નમન કરી શબ્દ ઉચારેજી,
કહો સતગુરૂ સાર વસ્તુ બતાવો આ સંસારજી.

મતલબી ગુરૂ ને મતલબી ચેલા મતલબી સંસારે,
મારી મા મતલબી સંસારે,
સ્વાર્થ કરી ગુણ માને ગુણીજન તે નર ઉતરે પાર,

ફેકતો.

કાળી અંબા રૂપ છે એક જુદા નવ જાણો
એકથી થયા અનેક મત નવ તાણો
જેવા કર્યા કામ તેવા નામે કરો વખાણો
જ્યારે ન્હોતી સમજ ત્યારે કરતો મમતાજી, મન
મારી મમતાને ત્યાથી ચોક ૧
તમે એક ઓળખી એકને રહો આધારે મારી માજી સકલ
ઘટમે વ્યાપેજી
વણજ કરી વેપાર તોલ ઓછું નહીં આપેજી
કરો ઉદ્યમ ઉદર ભરવાને ખાતરે, ધન મળ્યા પહેલા
કંઇ રાખવું માપેજી
સતોષ રાખી સુખ સદા ભોગવે, નહી સંતાપેજી

ગઝલ.

પરિગ્રહ કરે પ્રસન્ન થાય સદા લક્ષ્મીનો રહે વાશે
સત્ બોલે અસત્ નભાખે, અંમા પુરશે આશે

ફેકતો.

જુઓ હરેક વાતમાં નીમ નીતિ કહેવાયે
જુઓ જીવ આપણો તે પણ માપે ખાયે

જરા વસ્તુ ખાએ તો પ્રાણિને દુઃખ થાયે
ભરે બાણું મોટું પણ અટકે જમતાજી. મન મારી
મમતાને ત્યાગી ચોક ૨

તેમ સર્વે જીવને મરવાની છે અવધે, અવધ આવે ક્ષણું માત્ર ન રહેવાયેજી
મ્હારૂં મ્હારૂં કરી મુકી જાવું સંગ ન લેવાયજી
તે થકી સત્ ગુરૂ સાન કરી સમજાવે, મળ્યા પછી માંગે
તે લોભી કહેવાયેજી
ધન લોભી ધન મેળવી મરે સુખે ન સહેવાયજી

ગઝલ.

નીતિમાં રહોને નીતિથી ચાલો, નીતિથી નવેનિધ થાયે,
મારી મા નીતિથી નવેનિધ થાયે,
નીતિથી સુખ સંસારનું લઇને, આખર મોક્ષે જાયે

ફેકતો.

તે થકી પ્રાણી સહુ ન્યાય નીતિથી ફરવું
કરી અન્યાય જબરા થઇ આખર તો મરવું
સત્ ચાલતાં પડે જ્યારે દુઃખ તોયે નહીં ડરવું
પડે સંકટ હરિશ્ચંદ્ર રાજા ખમતાજી, મન મારી મમતાને
ત્યાગી. ચોક ૩

મારે એક નીમ છે એક માજી નામ ઝાલી, છંદ કરી ગાઈ
માને શિશ નમાવુંજી

ચંડીપાઠના છંદ ગાવા હુર વર્ષે આવુંજી
પચાસ વર્ષ થયા માજી રાખે નીમે
નથી પડયું નવરાતર છંદ ગવડાવુંજી
કીરપા કરી મા હુકમ હશે તો વ્હેલો આવુંજી

ગઝલ.

સંવત ૧૯૬૩ માંહી છંદ કર્યો માઘ માસે, મારી મા
છંદ કર્યો માઘ માસે
દીન દયાળી દયા કરીને સહુની પુરજો આશે

કેરબો.

શહેર સુરત આમલીરાન રહેવાનું ધામે,
છંદ સાંભળી ભગતજન સર્વે આવે દહેરામે
ડાહ્યાભાઈ સંગે રહી જપે માનું નામે,
ગાયે છંદે અમીચંદ માને ગમતાજી, મન મારી
મમતાને ત્યાગી. ચોક. ૪

વાઘેશ્વરી માતાનો છંદ ૧૧ રાહ ઉપરનો—૫

શહેર સુરત અમલીરાન વાઘેશ્વરી માતા,
સોની અમદાવાદી ભજે ભાવકરીનેજી,
ચકુભટ કરી પૂજા બેઠા થાળ ધરીનેજી,
સજી શણગાર માને મુગટ છત્ર શિરપરે,
મારી માજી કુંડલ ખુબ કરે ઝળકારેજી,

પહેરી નાકમાં વાળી પાઉં પાયલકા બહારેજી,
ચુડો જડાવ હાથે બાજુબંધ ખુબ શોભે.
મારી માજી મણી રત્ન કે હારેજી;
સુંદર સાડી શોભે અંગે કાજળ સારેજી.

ગઝલ.

દહેરૂં સોની અમદાવાદીનું ભાવે કરે દર્શને; મારીમા
ભાવે કરે દર્શને,
ઉલટ લાવી લાડ લડાવી માને કરે પ્રસન્ને

ફેકતો

ગંગારામ બહેચર ભિલોડીમાં કહેવાએ,
તેનો અખંડ દીવો બળે ઘીનો દહેરામાંયે.
તેમ બહેરાવાળા પણ સારી કરે સેવાયે,
એનું કુટુંબ સેવા કરે ફરી ફરીનેજી.
અકુશટ કરી પૂજા બેઠા થાળ ધરીનેજી,
પવાસનપર આરસ કરી રહ્યા ચમકારે.
એમાં આગેવાની કરી મગનલાલેજી.
ભાવ કરી મોટી રકમ આપી બહેરાવાળેજી,
ઉલટ ઘેલાભાઇ હરગોવનદાસે, છત્રી ચાંદીની માતા લાલેજી
તખ્તપર બીરાજે માજી સંકટ ટાળેજી.

ગઝલ.

વાઘેશ્વરી બેઠી વાઘ ઉપર માના તેજ તણું નહિપારે.
મારીમા તેજ તણો નહિં પારે
ભાવે ભગવતજન સેવા કરે સહુ રાખી માનો આધારે.

કેકતો.

સૌ સોનીને છે માજી ઉપર પ્રેમે.
કોઈ આઠેમ ચઉદસ પુનેમનો છે નેમે.
વારા બાંધી પુજા કરે સાચવી આવે ઠેમે,
ગાય ગાયન ગવૈયા બેસે ઠરીનેજી.
ચકુભટ કરી પૂજા બેઠા થાળ ધરીનેજી. ચોક ર
તેથી ભકત મંડળી કરી છંદ ગાયે હુંતો રાગરાગણી.
નથી જાણતોજી.
ગાંડુ ઘેલું બોલી ભજન કરી માને માનતોજી.
માને નામે સદા કલ્યાણ આનંદની હેલી.
મારી માજી. હુંતો નથી મતને તાણતોજી.
સર્વાંગે સચરાચર દેખી ધરતો ધ્યાનતો જી.

ગઝલ.

બાર મહિનાના બાર પડવા માના ગુણ હું ગાઉં
મારીમા માના ગુણ હું ગાઉં;
અલ્પમતિ મારૂં ગજું નથી જો કીરપા હશે તો આઉં

ફેકતો.

કુબુદ્ધિ કાપી સુબુદ્ધિ મને આપો.
આવ્યા સંકટ કરી દુર પુત્ર કરી સ્થાપો.
મારા જન્મો જન્મના સાચા તમો માબાપો.
મારી માજી ચાલું હું ડરી ડરીનેજી
ચકુભટ કરી પુજા બેઠા થાળ ધરીનેજી. ચોક ૩
તારી માયાનો નહિં પાર સુણો અલબેલી
કંઇ અનંત ભવ કરી આ જીવ ભટકેજી.
પૂર્વ જન્મનો ઉદય થાય ત્યારે મમતા અટકેજી.
આ સંસાર સમુદ્રપાર મને ઉતારો—સતગુરૂ શબ્દ મને;
ભિત્તર ચટકેજી.
ગુરૂવિના નહી જ્ઞાન મળે બેઠા શિર પટકેજી.

ગઝલ.

મંત્ર માજી તારા નામનો મળીઓ
જનમ મરણુ ભય ટળીઓ,
મારીમા જનમમરણુ ભય ટળીઓ.
અજર અમર રસ જે જન પીએ કોઇનો ન જાએ કળીઓ

ફેકતો.

તે ભજવળ ઉતરે પાર મટે ચોયાસી.
છોટુભાઇ ને હીરાભાઇ માને વિશ્વાસી
માના છંદ ગાયેથી સદા રહે સુખવાસી.
છંદ કરી અમીચંદ જાય તરીનેજી.
ચકુભટ કરી પુજા બેઠા થાળ ધરીનેજી. ચોક ૪

અંબા માતાનો છંદ. ૧૨.

(મહા પ્રલયના છંદનો રાહ.)

આપો આપો ભક્તને ભાવે કરી દરશને,
હું તો કહું મા તમને ફરી ફરીનેજી,
લળી લળી લાગું પાય બેઠા અમે ધ્યાન ધરીનેજી.
આજ પુર્ણ પુંનમને રૂડો છે મા દીને,
મારી માજી આજ આનંદની હેલીજી,
હળી મળી ગાવા છંદ ભક્ત મંડળી થઇ ભેળીજી.
આવી પ્રથમ કરે પ્રણામ ધરે માનુ ધ્યાંને,
સ્હાય કરે શારદા કંઠપર વ્હેલીજી,
મધુર શબ્દ શુદ્ધ વાણી આપી થઇ જાઓ બેલીજી.

ગઝલ.

જે જન પુર્ણ પ્રિત કરીને ધરશે માજીનું ધ્યાને
મારી મા ધરશે માજીનું ધ્યાને;
પુત્ર જાણી મા દયા આણીને સૌનું કરે કલ્યાણે.

ફેંકતો.

માના દર્શનથી દુઃખ જાયે સદા સુખ થાયે,
સજી સણગાર બેઠી તખ્ત પર મારી માએ,
ખીલી કલી કલી વાડીમાં જાળી ભરાયે,
જુઓ છત્રી ચાંદીની સુરતા કરીનેજી;
લળી લળી લાગું પાય બેઠાઅમે ધ્યાન ધરીનેજી ચોક ૧

માને મુગટ કુંડળ શિરપરે છત્રી શોભે,
મારી માજી નેણુમે સુરમા ડાલાજી,
કર કંકણુ ખળકે છે ચુડો હાથમેં ડાલાજી,
લઇ ત્રિશુળ બિરાજે તખ્તપર મમ માયા,
છુટા કેશ શોભે જેમ નાગણુ કાળીજી,
કોટી ચંદ્રનું તેજ બીરાજે સુંદર બાળાજી.

ગઝલ.

નખ શીખ સજી શણુગાર રહયા માને મોતી પોરાયે બાલ બાલે.
મારી મા મોતી પોરાયે બાલ બાલે.
સિંહ વાહન કરી સેંતોરે પુરી ભક્ત વધાવે થાળે.

ફેકતો.

થાય હડપચી પર હીરા ઝગ ઝગાટે,
માના દર્શન કરવા દુર દેશથી આતે,
કરી દર્શન ભક્ત સૌ મનમાં હરખાતે,
મારી માજી નમે સહુ બહુચરીનેજી.
લળી લળી લાગું પાય બેઠા અમે ધ્યાન ધરીનેજી ચોક ર
મા બાર માસની બાર પુનમ કેવાયે,
મારી માજી પુનેમે કરે કલ્લોલેજી,
જાત્રા જાયે કાર્તકી પુનેમે જય જય બોલોજી.
માગશર મહિનાની પુનેમની બલિહારી,
મારી માજી આરાસુર માંજી હીચોળેજી;
આબુપર અંબાની જાત્રા મળે લોકો ટોળેજી.

ગઝલ.

પોષ મહિનામાં પુનેમ આવે સૌને આનંદની હેલી,
મારી મા સૌને આનંદની હેલી.
સાલગીરી આવે અંબા માતાની સુરતમાં અલબેલી.

ફેરતો.

ભરાય મેળો સુરતમાં અંબાજીને દેહેરે,
થાય આનંદ ઓચ્છવ સઉને ઘેરે ઘેરે,
રાતે ગાયન કમળ થાય ધીનાં રાત જાય લહેરે,
કહે માહની પુનેમને માથી કરીનેજી,
લળી લળી લાગું પાય બેઠા અમે ધ્યાન ધરીનેજી, ચોક ૩
આવે ફાગણ માસે પૂનેમ રમે સઉ રંગે;
મારી માજી રમે ચોસેટે હોળીજી,
લઇ પીચકારી મારે રંગ ભર કેસર ગોળીજી,
ચૈત્રી પુનમની ખીલી રહી ચાંદરણી,
મારી માજી શંખનપુર બહુચર ભોળીજી.
વઇશાખ જેઠ ઝગઝગાટ પુનેમ પહેરી ચોળીજી.

ગઝલ.

અશાડ મહીને અખાડી પુનેમ વરસાદજીનો છે ટેમે,
મારી મા વરસાદનો છે ટેમે,
જુઓ બળેવે રાખડી બંધાય, શ્રાવણ સુદ પનેમે.

ફેકતો.

ભાદરવો ભરપુર ગાજે ઘનઘોરે
બોલે મોર પપઇયા કોયલ કરે ખુબ સોરે,
થાય આસો માસ નવરાત્રી મહા કલ્લોલે;
માણેકઠારી પુનેમે દર્શન કરીનેજી;
લળી લળી લાગું પાય બેઠા અમે ધ્યાન ધરીનેજી. ચોક ૪
એ બારે પુનેમે અંબા કે કાળકા ગાઉ,
મારી માજી સંસાર સ્વપ્ના તુલ લાગેજી,
ગુરૂ ઉપદેશે જ્ઞાન થાય ત્યારે ભ્રમણા ભાંગેજી,
સેવે સાચા સતગુરૂ જ્ઞાન આપી સમજાવે,
પડે પ્રકાશ ઉઠે ઉંઘમાંથી જાગેજી,
શકિત શરણ જઇ ધ્યાન ધરી મોક્ષ પદ માગેજી.

ગઝલ.

સંસારના સંકટથી ટાળી અંત વખત હાથ ઝાલો,
મારી મા અંત વખત હાથ ઝાલો.
સગા સંબધી સુખના બેલી ત્રિવિધ તાપને ટાળો

ફેકતો.

તારા નામની પકડી ઢાલ ધરી બચાવો
જાણ પુત્ર કરીને મદદ વ્હેલા આવો
એરે ગયો વખત **અમીચંદ** કરે પસ્તાવો
કહે ગુલાબદાસને સાન કરીનેજી
લળીલળી લાગું પાય બેઠા અમે ધ્યાન ધરીનેજી. ચોક ૫

છંદ ૧૩.

કરી ઉંદર પર સ્વારી એ ગણુપતીના છંદની રાહ.
પાવાની પટરાણી, માતા કાળકા, ભવાની નવ ખંડમાં વખાણી
મહાકાળીજી, મહાકાળી પાવાવાળીજી મા ગરબે રમાવા ચાલીજી
ચાંપાનેરમાં રાજ કરે રાજા પટાઈ પ્રજા પાળેજી,
સુખી સર્વ લોક, નહી દુઃખી કાળી કરે રખેવાળેજી,
ઘેર ઘેર મંગળ ઓચ્છવ થાયે આવ્યા સંકટ ટાળેજી,
ભર જોબન મદમાતી કામીના મોતી પોરાહે બાલ બાલેજી.

ઝુલ.

ચલી સખી સજકે સણુગારે ગળે બીચ નવસેરો હારે.
નેણોમેં કાજળ સારે, પાઉ બીચ પાએલકા બહારે,
છુમ છુમ ઘુઘરૂ કરે ધમકારે શજી સખી થઇ તઇઆરેજી.

કેકતા.

ઓ માજી એ ઘર ઘરથે નીકળી સાહેલી,
ઓ માજી એ તો સજી સણુગાર ગરબે ચાલી;
ઓ માજી એને પેહેરી સાડી નાકોમે વાળી.

રાહ બીજી

સબ સખીયાં હીલ મીલ કર જાતી, જરીકસ ચોળી પહેરી રાતી
ગાય ગરબો ફરે મદમાતી, ફરે કુદડી મંન હરખાતી.
લેતી હાથોહાથમાં તાળીજી, મા ગરબે રમવા ચોક ૧
ઘેર ઘેર આણુંદની હેલી નવરાત્રીની રાત્રેજી,
મહાકાળી સણુગાર સજી બની નવ જોબન મા જાતેજી;

ઓઢી ચુંદડી ફરે કુદડી. ગરબા ગાય સૌ સાથેજી;
સ્વરૂપ જોઇ થયા વીસ્મય સર્વે આ કોઇ અંબા માતેજી;

ઝુલ.

બ્રહ્મા વીષ્ણુ દેખન આયે, કરે પ્રણામ તું છે જુગ માયે,
મહા કાળી ગરબો ગાયે, સુણી ખબર રાજાજી આયે,
દેખ કલેજે લગ ગયે ઘાયે. નહીં દીઠી મેં જુગ માંહે;

રેકતો.

ઓ માજી એ રાજા મનમાં કરે વીચારે;
ઓ માજી એ કોણુ પુરૂષ હોસે ઘર નારે;
ઓ માજી થયો બુદ્ધિ ભ્રષ્ટ રાજાજીજ્યારે;

રાહ બીજી

ઉભો રાજા સૌ લજજા ત્યાગી;
લાગ જોઇ રહયો રાતે જાગી;
ગરબો ગાઇ સઉ રસ્તે લાગી.
સમજો નહીં મંન મુર્ખ અભાગી;
જોઈ એકલી પાલવ રહયો ઝાલીજી;
મા ગરબે રમવા ચાલીજી; ચોક ૨

પ્રસન્ન થઇ કહે માંગ માંગ મુખથી બોલ્યા મહાકાળીજી,
મુરખ રાજા સમજયો નહી માનો પાલવ લીધો છે ઝાલીજી,
મહોલે પધારો કહે મ દિર મારે સઉથી કરૂં તુંને વાલીજી,
એવું સુણી કહે ક્રોધ કરી તારો પાવો નાખું પરજાળીજી,

॥ ઝુલ ॥

કઠણ વચન સુણીમાં કાને, શ્રાપ દઇ થયા અંતર ધ્યાને;
હાથ ઘસી રહયો મસ્તાનેજી;
લઇ લશ્કર આવ્યો સુલતાને ચાર લાખ ઘોડે નીશાને;
ઉતારવા રાયનું માનેજી;

ફેકતો.

ઓ માજી એણે પાવાગઢ લીધું છે ઘેરી,
ઓ માજી એતો દાંત પીસી ઉભા છે વેરી,
ઓ માજી એ તો લુંટે શહેર ચોટાને શેરી;

રાહ બીજી

પાંચ વર્ષ લડી થયા ધુળધાણી,
કણુ કોઠારે ન મળે અન્ન પાણી,
દુઃખી થયો બોલે મુખથી વાણી,
ઓળખ્યા નહી મેં આદ્ય ભવાની;
ભર્યો ભંડાર થયા સઉ ખાલીજી;
મા ગરબે રમવા ચાલીજી. ચોક ૩

બાદશાહ પાવાગઢને લુંટે રત્ન ભર્યા ભંડારેજી;
પાંચ પુત્ર રાજાના માર્યા જોઈ કરે હાહાકારજી;
રણવાસે જઈ ચડયું લશ્કર ઉભું સોળ હજારેજી;
નવસે નવાણું રાણી રાયની રૂપ તણો નહી પારેજી;

ઝુલ.

ઓળખ્યા નહી મેં માતા કાળી શ્રાપ દઇ ગયા મા ચાલી
ભુલ્યો લેજો મા સંભાળીજી;
શરણે જઇ ઉભો મહાકાળી દયા કરજો દીન દયાળી
નથી કોઇ મારૂં વાલી;

ફેકતો.

ઓ માજી શરણે જઇ રાજા મરે ધ્યાને
ઓ માજી પ્રસન થઇ આપ્યું વરદાને,
ઓ માજી કહે વૈકુંઠે જાજો વૈમાને
રાહ બીજી
સોળ હજાર સુભટને મારી પડયો પૃથ્વી રાજા ભારી
શક્તિ શરણુ ગયો થયો સુખકારી
દાહ્યાભાઈ કહે છંદ લલકારી.
જોડી સ્મરે **અમીચંદ** કાળીજી, મા ગરબે રૂમવા
ચાલીજી; ચોક ૪

છંદ. ૧૪.

આયા આસો માસ આસ મને દર્શણુની તારી,
નવ દીવસ નવરાત્રીમાં સઉને આણુંદકારી.
પ્રથમ પહેલું નવરાતર આસો સુદ પદવેશીરે;
અંગ ઉમંગથી જાએ ન્હાએ સઉ તાપી કે તીરે.

કરી નર નારી સ્નાન ધરી ધ્યાન, કરે શુદ્ધ શરીરે;
કોઇ ઘડા કોઇ ઝારી ભરે ચંબુ નીમંળ નીરે.
માગણુ આવે ગાવે જોગણી કરે વીનંતી તારી;
નવ દીવસ નવરાત્રી-૧

બીજ ત્રીજ આણુંદમે ચાલી ચોથ ગઇ રંગમે,
કરે ડાટા પાંચમે, ખુશી સઉ ઉમંગ છે અંગમે.
વાગી રહયા વાજીંત્ર ભુંગળ ધોલક કે સંગમે,
ફરે વાઘરી તાલ બજાવે પડે થાપ મૃદંગમે.
બાંધે ઘુઘરમાળ ઘેરીયા રહા પગ થમકારી,
નવ દીવસ નવરાત્રી-૨

કોઈ કરે છે છઠના ડાટા કોઇ કરે અપવાસે;
સાતેમ સઉ કોઇને તેલાં અંગમાં ઉલ્લાસે,
ચાચર ચોકમાં આવી દેવી સઉ ખેલનકી આસે;
બહુચર અંગમાં ફરે કુકડી કાલી છે પાસે.
ફરે જોગણી ચોસેઠ ગાએ ગરબા ખુબ ભારી,
નવ દીવસ નવરાત્રી-૩

આઠેમે ફરાળ કરે સઉ મનમાં હરખાતે;
ભગત મંડળી કરે ભક્તિ ગુણ તેરા ગાતે.
સુરત શહેરના લોક મળે સઉ દર્શનકુ આતે,
મોદિ માલણુ બેઠા વેચવા ખાવાના હાટે.
અંબાજીને દેરે સુરતખુબ મચી ધુમ ભારી,
નવ દીવસ નવરાત્રી-૪

કંઈક ભક્ત ગુણ ગાએ તમારા છંદ લલકારે,
હરકીશન કહે વીજીઆશંકર થઈ જાઓ તઇયારે,
ડાહ્યાભાઇ બોલે-રામશંકર કહે ચુનીલાલ પ્યારે,
પરશોતમ વીજભુખણદાસ છંદજ લલકારે.
અમીચંદ કહે હાથ જોડી સઉ ભક્તી કરે તારી,
નવ દીવસ નવરાત્રી—૫

છંદ. ૧૫.

આએ આસો માસ આશ મને હરશરણની તારી એ રાહ
સુરત આમલીરાન વાગેશ્વરી માતા ખપ્પર ધારી,
ખડક ત્રીશુલ લઇ ઉભા કરી સીંહપર અસ્વારી.
સજયા સોળે શણગાર પગમાં ઝાંઝર ઝમકારે,
અણવીટ વીછવા પગ પાવડી પાએલકા જહારે,
હાથે ચુડો જડાવ બાજુ બંધ હીરા ચમકારે,
કલ્લા સાંકળા વેઢ વીટી માને નવસેરા હારે.
પેરી નાકમાં વાળી કુંડળ મુગટ શીરપર ભારી,
ખડગ ત્રીશુલલઇ ઉભા કરી સીંહ ઉપર અસ્વારી. લોક—૧
જમણી બાજુ બહુચરી તખ્તપર મંમાયા ગાજે,
ડાબી પાસે મહાલક્ષ્મી માતા આપે બીરાજે.
રંગ મંડપમેં જોઇ છત્રી માને સજ્યાં ખુબ સાજે,
દેરૂં સોની અમદાવાદીનું મળી પંચ ગાજે.

શાંતી કરવા મરકીની સતચંડી કરી ખુબ ભારી.
ખડગ ત્રીશુલ લઇ ઉભા કરી સીંહપર અસ્વારી. ચોક–૨
અમદાવાદી શુરવીર શોની સેવે માતા વાગેશ્વરી.
લગ્ન કરી જોડું પગે લગાડે ભાવે પ્રેમ ધરી,
સદા કરે રક્ષણ સોનીને ઉભી ધાલ ધરી,
સેવા કરે ચકુભટ માજીની ઉભા આરતી કરી.
પ્રહ્માણ કરે ચંડીપાઠ ગાયન કરે ગંધર્વ લલકારી,
ખડગ ત્રીશુલ લઇ કરી સીંહપર અસ્વારી. ચોક–૩
દીવો બાળે અખંડ સોની ગંગારામ બેચરદાસે.
સેવકને શરણાંગત રાખી પુરો સઉની આશે.
સંવત ૧૯૫૩ જેઠ વદ ૧૩ ચંદ્ર વાસે;
અમીચંદ કહે છંદ કરી માં રહું તારી પાસે,
વિજ્યાશંકર મિત્ર હમારા કરે ભક્તિ તારી,
ખડગ ત્રીશુલ લઇ ઉભા કરી સીંહપર અસ્વારી.

છંદ ૧૬.

ચત્ર ભુજીમાં તું છે આરાસુરવાળી અંબામાં,
તારૂં નામ ખપ્પર ભરવા ચાલી; ચત્ર ભુજીમાતું.
પગ પાવડી પહેરી તેં, કરે ઝાંઝર ઝમકારે;
વાગે ઘુઘરૂ ઘમઘમ ગળે નવસેરો હારે.
કાને કુંડળ મુગટ શીષ પંચ રત્ન ચમકારે,
કર કંકણ હાથ. નેનોમે કાજળ સારે.

ઝુલ.

હે સોળે સણુગાર સજીઆ, થયા સીંહ ઉપર સ્વાર,
હથ ખપર ત્રીશુળ ધરી; બન્યા અંબામાં તઇઆર.
અદો અદો બોલે મુખથી, મારે દૈત્યોકું ઝાલી,
અંબામાં તારૂં નામ ખપર ભરવા ચાલી—૧

માર્યા મધુ કૈટભ તેં, કરી મોહીત મસ્તાને;
મધ્યમ ચરીત્રમાં તેં લીધા દૈત્યોકા પ્રાણે;
મહિસાસુર પાપી જે, બહુ મુકે છે બાણે;
કરી યુદ્ધજ અપરંપાર, કરી માયા નિર્વાણે.

ઝુલ.

મહિશાશુર પાડો થઇ ઉભો, ચડી માતાને બહુ રીસ;
ખડગ લઇ રણમાં ધસ્યા માએ છેદયું પાપીનું શીષ;
કરી પુષ્પ વૃષ્ટી દેવતા ઉભા દેવના દુઃખ ટાળી;
અંબામાં તારૂ નામ—૨

ચંડ મુંડ પાપીને મા, કીધા રણમાં ચુરે;
રકતબીજ રોળ્યો તેં, ઘણા માર્યા અસુરે;
ફરે ત્રીશુળ લઇ રણમાંએ, બળ વાધ્યું ભરપુરે;
શુંભ નીશુંભ માર્યા તેં; મારી ભેંસાસુરે.

ઝુલ.

અસંખ્ય દૈત મારી કરી માએ કીધા દેવના કામ
શકિત રૂપે તું એક છે, તારા જુદા જુદા છે નામ
જયારે પડે દેવને દુઃખ તું કરે રખેવાળી;
અંબામાં તારૂં નામ—૩

કરે મન વાંછીત મા કામ, તું અંબા અલબેલી;
ભગતનની રાખો લાજ, તું આવજે મા વેલી;
મને આશા છે તારી, બીજા સહુને મેલી;
ડાહ્યાભાઇ સમરે મા, તું છે સઉની બેલી.

ઝુલ.

ચુનીલાલ ભગ્ત માજીના, સદા તારા ગુણુ ગાએ,
હરકીશન સ્મરણુ કરે, વીજીઆશંકર ભજે અંબાએ.
છંદ કરે અમીચંદ મા, તું છે સઉની વાલી;
અંબામાં તારૂં નામ—૪

છંદ ૧૭ રાહ જુદી

શુણુ અંબા મારી મા, કરી તમે સર્વ દેવને સાજે,
તમારૂં નામ ગરીબ નવાજે, તમે રાખો હમારી લાજે.
માએ સજ્યા સોળે સણુગાર પાઉંમે ઘુઘરૂં કરે ઘમકારે,
અણુવટ વીછવાકા ખુબ બહારે, માને ગળે રતનકો હારે.
પાટીયાં કાળીગાંઠી ચીણુાપટી બાલબાલ મોતી માજી પોરવતી
શીરપર મુગટ કરે ચમકારે, નેનોંમેં કાજલ સારે.

રેકુતો

ભલા નેનોમેં કાજળ સારે,
બની તઇયારે થઈ સ્વારે,
ભગ્ત શીર ગાજે.
તમે રાખો હમારી લાજે. ચાલ ૧

મહીસાશુર પ્રગટયો જયારે દેવતા દુઃખ પામ્યાતા ત્યારે
થયા પ્રસન્ન જગ્ત આધારી, થયા સીંહ પર અસ્વારી.
કરી ક્રોધને રણમાં ધાએ, કરી ટંકાર ઉભા રણ માંહે,
બની વીકરાળી, મા ખપર ધારી, લઇ ખડગને સેન્યા મારી.

રેકતો

ભલા લઈ ખડકને સેન્યા મારી
કરે કીલકારી, જગ્ત આધારી.
ભગ્ત શીર ગાજે
તમે રાખો હમારી લાજે. ચોક ૨

થયા શુંભ રાજા નીશુંભ જ્યારે, દેવતા દુઃખ પામ્યાતા ત્યારે.
કરી ક્રોધ ને બની વીકરાળી, મા ખપ્પર ભરવા ચાલી,
રકતબીજ કીધો રણમાં ચુર, પડે રૂધીર પ્રગટે અશુર.
એવું દેખી કોપ્યા કંકાળી, મા ફરે રણ મતબાલી

રેકતો.

મા ફરે રણ મતબાલી,
દેતી મા તાળી, અસુરકું આલી,
કીધા રણ પ્રાજે,
તમે રાખો હમારી લાજે. ૩

હાથ જોડી કરૂં છું અરજ, માજી હું રખું તમારી ગરજ,
અંબા માજી કરો રખેવાલે, હું તો છું તમારો બાલે.
હું નીરધંનીઓ નોધારે, મહારાજગીર ગુરૂ ગએ બીમારે,
તમે જગ્તનકે પાલણુવાલે; અમીચંદ તમારો બાલે

રેકતો.

અમીચંદ તમારો બાલે, કરે સવાલે
કરો પ્રતીપાલે, અંબામાં આજે.
તમે રાખો હમારી લાજે.

છંદ ૧૮.

સુણો અલબેલી; અલબેલી કહું તમને,
વીસારો શા માટે હમને સુણો અલબેલી.
હસીને બોલો. બોલો ને દયા આણી.
માજી દાસ તારો જાણી, મુરખ મુઢમતીઓ,
છઉં મતીઓ અજ્ઞાની, કર્યો મનખો સઉ ધુળધાણી,
પડયો પ્રપંચમે; પ્રપંચમે લાગ્યો જમને,
વીસારો શા માટે હમને. સુણો ચોક—૧

કઠણ થવું તમને, તમને તો નહી લાયક,
પણુ પામરને વીસારો છેક, નથી કોઇ મ્હારે,
મારે તો નથી અનેક, તું તો રાખ હમારી ટેક,
પડે સંકટે;સંકટે સ્મરૂં તમને વીસારો શા માટે
હમને. સુણો—૨

પુત્ર તમારો, તમારો છઉં બાલે, જુઓ મેહેર દ્રષ્ટી પ્રતીપાળે,
કરોની આજે, આજે લો સંભાળે, કરૂં દર્શણ થાઉં નહાલે.
તરૂં ભવસાગર; ભવસાગર જીતું જમને,
વીસારો શા માટે હમને.—સુણો અલબેલી ચોક ૩

ઉભો કરજોડી; કરજોડી કરૂં સ્મરણ,
હું તો લાગું તારે ચરણ; દુઃખ છે મોટું,
મોટું છે જન્મ મરણ, હું તો આવ્યો તારેશરણ,
અમીચંદ કહેછે, કહેછે માજી તમને.
વીસારો શા માટે હમને—સુણો ૪

છંદ ૧૯

રાહ ઉપરનો

ભજું મહાકાળી; મહાકાળી મારી વાલી પડે સંકટે આવે ચાલી
ભજું મહાકાળી. જગ્તની માતા તું માતા મારી બેલી.
સ્મરૂં ત્યારે આવે વેહેલી વેહેલી. મંત્ર ત્હારા જપતાં;
ઓમાં મંત્ર ત્હારા જપતાં; તારાં જપતાં જાપ થેલી;
ભગ્તને સમરે આવે વેહેલી, દયાળી એવી; ઓમાં દયાળી એવી;
એવી કલકત્તા વાળી, પડે સંકટ આવે ચાલી,
ભજું મહાકાળી. ચોક ૧

કોને જઈ કહીએ, કહીએ તો નથી વળતું
કે મનનું દુઃખ નથી ટળતું; ઓચીંતુ આવે.
ઓ મા ઓચીંતું આવે, આવે દુઃખજ ઉછળતું,
કલેજું મારૂં પળ પળમાં બળતું, કોણ બુઝાવે;
ઓમાં કોણ બુઝાવે, બુઝાવે અંબા કાળી;
પડે સંકટ આવે ચાલી, ભજું મહાકાળી; ચોક ૨

કાળીદાશ કીધો, કીધો કાળીદાસ કવિ;
થયો પંડીત અનુભવી, જગતમાં જાહેર;
ઓમા જગતમાં જાહેર, જાહેર જીભે લખવી,
પડયો પ્રકાશ ઉગ્યો રવિ, એવી તું કાળી;
ઓમા એવી તું કાળી, કાળી પાવાવાળી,
પડે સંકટે આવે ચાલી ભજું મહાકાળી ચોક ૩
છોડાવો કુસંગતી, ઓમા છોડાવો કુસંગતી,
સંગતીથી થયો નિરાશ, હારી હવે આવ્યો તમારી પાસ;
કહેવાયો તારો, ઓ મા કહેવાયો તારો, તારા દાસ
તણો છું દાસ, કરી મેર દ્રષ્ટી પુરો મારા આશ;
અમીચંદ સ્મરે, ઓમાં અમીચંદ સ્મરે, મા,
સ્મરે માહાકાળી, ચોક ૪

છંદ ૨૦

રાહ ભજનની.

માની વાડી બની ગુલજારે, મહીં ખીલ્યાં કુલ અપારે,
લો ખસબો ખપરવાળી, કરી યુકતી ગયો છે માળી;
ભરી કમાન ઉપર જાળી, મોગરાની ખુશબો ચાલી.

ગઝલ.

તરેહ તરેહના પુલ ખીલ્યાં, તેની બની ઘટા ઘનઘોરે;
નારંગી ગુલબાસ ગલગોટા, ગજ વેલી ખુબ જોરે,
મારી મા બની ઘટા ઘનઘોરે.

તનમનીઆ ત્રણ પાંખડીઉં, મા બહેકી રહો ડમરોરે;
નાફરવાની ગુલ્લાલા ખીલે, ખીલી રહયો છે મોહોરે,
માએ સજ્યા સોલે સણુગારે, નનોમો કાજળ સારે,
માની વાડી બની ગુલજારે;—ચોક ૧
જુઇજાઇ ખીલી ગજવેલી, જાસુસ સેવટી ચંપેલી,
બીલપત્ર મોહનવેલી, માલતી ખીલી સાહેલી.

ગઝલ.

પારજાતીક ધંતુરો તુળશી, બીલપત્ર બીરાજે; મારી-મા
અઘથીઓ ઉમડો કડીએ, તે પણ શોભે આજે;
કેસુડી પદ્મ કમળ કાળાં, રાખો ભગતની લાજે; મારી-મા
ફુલતણી કહીં શોભા ન જાએ, કરજો ભગતના કાજે.
કહુ ફુલજ ન્યારે ન્યારે, ચંપાની હારો હારે;
માની વાડી બની ગુલજારે—ચોક ૨
બારમાસી બોરીઆ રાતા, દાવડી કરેણુ મદમાતા;
સદા ગુણ તમારા ગાતાં, થાય દરશનથી સુખશાતાં

ગઝલ.

લાલ લીલ પીળા સફેત કાળાં, પંચરંગ મીલાઉં, મારી-મા
અરે અરે અંબા અલબેલી, સદા તેરા ગુણ ગાઉં.

સમી સહેત કમળ કસુંબો, વાડીમાં સોહાઉં મારી મા—મા
જમાલ ગોટા જોઈ હરખે મન માહારૂ, માને શીષ નમાવું
છે જગત આધારે, હું કહું મા વારંવારે;
માની વાડી બની ગુલજારે—ચોક ૩
ખુબ ખીલી વાડી અનમુલે સુરજ ફુલ વચે જુલે.
છે સુવાવેળના ફુલે, માસી અરજ કરો કબુલે,

ગઝલ.

શતપત્ર કમળ કેવડો, બેંકી રહયો અપારે;
આપ નીરંજન ઘટમેં રહેતી, ભમર કરે ગુંજારે,
આવિ રહિ દાડમ કળી; માને ગળે ગુલાબનો હારે,
ભુખણદાસ ગયે ચુનીલાલ, તે આવ્યા તારે દ્વારે,
અમીચંદ છંદ તૈયારે, થઓ મા તારે આધારે
માની વાડી બની ગુલજારે—ચોક ૪

છંદ ૨૧.

જે માણુસ પોતાના સ્વાર્થ સારૂ જીવની ઘાત કરતાં
ડરતા નથી તે વિષેનો છંદ.

(માની વાડી બની ગુલઝારે, એ રાહ.)

જીવ તું ચાલ જરારે વિચારી, તારે સ્વારથે ઘા કરે કારી,
મતલબ કરવા દયા નહીં લાવે; જાણી સમજી બીજાને ફસાવે

ચોરી લાવી એરણ પચાવે. સોયના દાનથી પાપ ન જાવે,

ઝુલ.

સ્વાર્થને સારૂ જુઠુ બોલી કરે પોતાનું કામ,
બકરાનો ભોગ સૌ કોઇ દે છે નહી લે વાઘનું નામ
મારે ભરોસાવાળાને ભારી, તારે સ્વાર્થે ઘા કરે કારી.
ચોક ૧

રૂપીયા સારૂ સોનુ નુકશાને, કરવા સ્વારથ પાપ ન જાણે,
જીવતું જાણુ હોય કે અજ્ઞાને, કર્યા કર્મ ભોગવવા પ્રમાણે

ઝુલ.

લાંચ ખાઇ જુઠી સાખ પુરે હીંમત રાખી મન,
સાચો જુઠો સાખથી થાએ હાકમ દેવે દંડ ।।
જીવતું જોની મનમાં ધારી, તારે સ્વાર્થે ઘા કરે કારી,
ચોક ૨

કરવા સ્વાર્થ પોતાના કામે, કરે દેવ દેવી બદલામે,
પુત્ર માંદો સાજો થાય આરામે, હું તો બકરો ચઢાવું તારે ધામે

ઝુલ.

આયુષ્ય હોયતો ઉઠે જીવતો મટી જાય સૌ રોગ,
જીવતા જીવ બકરાને મારી મીથ્યા આપો ભોગ,

હત્યા કરી આ અણુવિચારી, તારે સ્વાર્થે
ઘા કરે કારી. ચોક ૩
માતા સચરાચરમાં વ્યાપી, કરે હીંસા તે જાણવો પાપી.
કરો ભગ્તી મન સ્થીર સ્થાપી, આવ્યા કષ્ઠ નાંખે મા કાપી.

ઝુલ.

સચરાચરમાં માને ગણો તો દુખાય માનુ મન,
અજ્ઞાની જે સમજે નહી તેને સમજાવો ભગ્તંન;
રમે ઘટઘટ ખપર ધારી, તારે સ્વાર્થે ઘા કરે કારી;
ચોક ૪
સમજી કરશો નહી હત્યાયે જેનું જાય તે કરે હાયહાયે,
કરશે માજી દ્વારે હત્યાયે, તેથી પાપ થાય અસંખ્યાયે.

ઝુલ

ફળ પુલ નીવેદ ચઢાવો ઘાટડી સોળ સણગાર;
મન માન્યા કામ કરશે માજી ખુશી થઇ અપાર,
અમીચંદ કે ચાહો સંભારી, તારે સ્વાર્થે ઘા કરે;
કારી. ચોક. ૫

———o———

અહિંસા વિશે છંદ ૨૨

જીવ તું ચાલ જરા વિચારી એ રાહ.

શકુન જનને સમજીને લેવું; વ્હેમી સમજે તો સમજાવી કહેવું,
મૂળ એક માલિકની છાંયા, એક થઇને અનેક બનાયા;
શક્તિ રૂપે વસે મંમાયા, શક્તિ વિના બને નહિ કાયા;

ઝુલ.

વ્હેમ છોડી મત મૂકી માનો શિવ શક્તિ છે એક,
એક થડને અસંખ્ય ડાળી પકડી રાખો ટેક;
ભિત્તર સમજી ધરી ધ્યાન રહેવું, વ્હેમી સમજે. ચો૦ ૧
માલિક સઘળાંનો આત્મારામ, શક્તિ વીના નથી સુનો ઠામ
પશુ પક્ષી જીવો તમામ, મોક્ષ જાવા ઘણી રાખે હામ.

ઝુલ.

બિકટ માર્ગ માલિકનો દેખો, જુઓ લાંબી ખજુર,
ઉપર ચડે તે તો રસ ચાખે, ભોંય પડે ચકચુર;
તેથી ગુરૂનું જ્ઞાન લેવું, વ્હેમી સમજે. ચોક ૨
પાપ પુન્ય સમજાવે ગુરૂ જ્ઞાની, કોઇનું મન દુખાવવું
નહિ લ્યો માની;
મન દુઃખાએ પાપ લ્યો જાણી, મન રાજીથી પુન્ય
લ્યો માની.

ઝુલ.

કસાઈ કર્મ ઘણું કસાઇ કરતો રાખી મન અભિમાન,
એક સમે ઘા પડયો હાથપર ઘણો થયો હેરાન;

પડે પીડા દુઃખ કેમ સ્હેવું વ્હેમી સમજો૦ ચોક ૩
કસાઇ પસ્તાઇ કરે વિચારે, ઘણા જીવને મેં કીધો પ્રહારે;
પકડ્યું દુઃખ હશેરે અપારે, રડે પસ્તાઇ વારંવારે;

ઝુલ.

નિર્મળ મન કરી લિન થઈને ધરી બેસો એક ધ્યાંન.
પ્રાણીમાત્ર હિંસા નવ કરશો ખુશી થશે ભગવાન.
કસાઈ સ્વર્ગે ગયો શાસ્ત્રે કે'હું, વ્હેમી સમજો૦ ચોક ૪
હલકી વર્ણ હિંસા ઘણી કરતા તેમાં ઘણા ગયારે સુધરતા,
પહેલાં બોકડાનો ભોગ ધરતા હવે કાન કાપી મૂકે ફરતા.

ઝુલ.

મતિયા તો મત મૂકે નહીં મારી કુળ દેવી દુભાય,
સમજુ પુરૂષ તો સમજી બેઠા નહીં કરવી હત્યાય;
વેર બાંધી પેલે ભવ સ્હેવું, વ્હેમી સમજો૦ ચોક ૫
કુળ દેવી દીન દયાળે, એતો સૌની કરે પ્રતિપાળે
બીને રૂઢી માર્ગે ચાલે, આદ્ય શક્તિ સર્વ જીવમાં મ્હાલે

ઝુલ.

શક્તિ રૂપે રામ રમે સર્વમાં કેમ કરી ઘા થાય,
પશુ જીવની હીંસા કરે તે અજ્ઞાની કહેવાય
અમીચંદ કહે દયાદાન દેવું, વ્હેમી સમજો૦ ચોક ૬

છંદ. ૨૩.

મારી અરજ સુણો અંબામાં ખપ્પરવાલી એ રાહ.

મહાકાળી દયાળી, સુરત શહેરમાં ગાજે;
આવી પાવાગઢથી, ધીઆ ફલીએ બીરાજે,
તારાં દર્શણુ કરી પ્રસન્ન થયું મારૂં મને;
સજી સોળે સણુગાર, બેઠા સીંહાસને,
માની જમણી બાજુ, નરસીંહ આપ ત્રીભોવને;
માની ડાબી બાજુ સીરોઇ માતા પ્રસન્ને,
ઝાડ ઝુમર હાંડી તકતાં સજ્યા સૌ સાજે;
આવી પાવાગઢથી ધીઆ ફળીએ બીરાજે,
ચોક ૧

તારા સેવક પારવતીશંકરના બે બાલે,
મોટા નાનાભાઇ મગનભાઇ સંપથી ચાલે,
કરે પુજા આરતી માને કરે સવાલે,
મારી તુંહી તુંહી વાલી સદા લેજો સંભાળે;
માના છંદ કરવાનો હુકમ થયો મને આજે,
આવી પાવાગઢથી ધીઆ ફલીએ બીરાજે.
ચોક ૨

તમે આપે કરતાં આપ, આપમાં રહેતાં,
નહિ સમજે મુર્ખ તે હું કરૂં હું કરૂં કહેતાં;

બળ બુદ્ધિ રૂપે ઘટઘટમેં જ્ઞાન દેતા,
કંઇ અજ્ઞાની કડી ચોસી ચુન ચુન લેતાં;
કડી છાપ ફેરવેથી નહિં થાએ કાજે;
આવી પાવાઘઢથી ઘીયા ફુળીએ બીરાજે;
ચોક ૩

તારા ભક્તનને તારા દર્શણુથી સુખ થાએ,
તમે કંસારાની કુળ દેવી સદા ગુણુ ગાએ;
તું તો ભકત આધીન સઉ જગતની છે માએ,
અમીચંદ સેવક તારો છંદ કરી ગુણુગાએ;
મારે અંબા કાળી એક અખંડ કરે રાજે,
આવી પાવાઘઢથી ઘીયા ફુળીએ બીરાજે.

ચોક ૪

છંદ ૨૪.

રાહ—ઉપરની.

આવો આવો મહાકાળી આપો મને દરસને,
પ્રેમ ભક્તિએ ભજું ભગવતી થાએ પરસંને;
જગ માતા જનુની તમે જગતના કરતાં,
આપ બેઠે સીંહાસન સોળે સણુગાર ધરતા;
પગ પાયલ પાવડી પેરી ખપર લઇ ફરતા,
મુખ અહો અહો કરી શત્રુના પ્રાણુજ હરતા;
મહાકાળી મહાલક્ષ્મી એક અંબા ભોવને.

પ્રેમ ભક્તિએ ચોક ૧

નથી અંતર મારે એક શક્તિ એક એક,
કીધા અનંત કામ તેવા નામ તારા અનેક;
જોયા વેદ શાસ્ત્ર બહુ પોથી પુરાણ છેક,
તુંહી તુંહી આત્મારામ રાખો મારી ટેક;
એક જાણી આણી પ્રેમ નીસદીન કરૂં વંદને.
પ્રેમ ભક્તિએ ભજુ ભગવતી ચોક ૨

મારી અસંખ્ય દૈત દળ રોળી ચારો ચરતી,
બહુચરી દૈતને નામ બહુચરામાં ધરતી;
કાળી થઇ વીકરાળી રક્તબીજને હરતી,
મારી દઇત દેવને સદા તું રક્ષણ કરતી;
તું તો કાળી દયાળી દયા કરો ભક્તને,
પ્રેમ ભક્તિએ ભજુ ભગવતી ચોક ૩

હું તો પામર પ્રાણી શું કરૂંને ક્યાં જાવું,
જયારે પડે દુઃખ ત્યારે તારી પાસે આવું;
તારૂં ધ્યાન ધરી એક ચીત્તે છંદજ ગાઉં,
મારૂં દુઃખ જાએ થાયે સુખ પુરણ પદ પાવું;
અમીચંદ કે, રાખો સુખી તંન મંન ધને.
પ્રેમ ભક્તિએ ભજુ ભગવતી ચોક ૪

છંદ ૨૫.

(વાઘેશ્વરી માતાનો છંદ રાહ ઉપરનો)

મારી માજી વાઘેશ્વરી હાથ જોડી કહું તમને;
કરી કૃપા કરૂણા લાવી બુદ્ધિ દો અમને,
અમે બાળક પશુ અજ્ઞાન આસરો તારો,
આવી અરજ કરી કહુ નીર્ધનીઓ નોધારો;
મારે નથી કોઇની આશ દાસ તમારો,
આપો રોજી રજક બળ બુદ્ધિ પુત્ર સંભારો;
હું હરઘડી કરૂં સમરણ આવી લાગું નમને;
કરી કૃપા કરૂણા લાવી બુદ્ધિ દો અમને. ચોક ૧
અમે તારા નામની ઢાલ આયકૃતે ધરીએ,
કરી સહસ્ત્ર નામે સમરણ માત સમરીએ;
નામ એક રૂપ અનેક માત બૈચરીએ,
જેવા કામ કરે નામ પડે ભગત કાન ધરીએ;
રાખી ભાવે ભજો બગવતી જવાબ દે જમને,
કરી કૃપા કરૂણા લાવી બુદ્ધિ દો અમને. ચોક ૨
હળી મળી મનસુઓ કરી આવ્યા છંદ ગાવા,
કરી ભક્તિ ભજી ભગવતી પુર્ણું સુખ પાવા;
અમે અઘોર પાપી આવ્યા કરી કાવાદાવા,
મેં કરી દેહ ધારણ ત્રીવીધ તાપ શમાવવા;
મારે એક નામની આશ જાવું કાં ભમને,
કરી કૃપા કરૂણા લાવી બુદ્ધિ દો અમને. ચોક ૩

આપો જ્ઞાન ધરી માગું મુક્તિ ફળ આજે,
તમે બુદ્ધિ રૂપે આવી સિદ્ધ કરો કાજે;
તમે સચરાચલમાં વાપી ઘટ ઘટ કાજે,
ભકતની આસ પુરી રાખો છો લાજે;
કહે અમીચંદ મા નથી જવાનો ભમને,
કરી કૃપા કરૂણા લાવી બુદ્ધિ દો અમને.

ચોક ૪

છંદ ૨૧.

રાહ ઉપરની

(ગાતા અશુદ્ધ બોલાય તેની સ્તુતિનો છંદ.)

જરા અરજ અમારી સાંભળોને મારી મૈયા;
તમે જાણો છો પણ માને કહેવું લાગી પૈયા,
મેં તો ગાયા છંદ આનંદે હરખ નહિ માયે;
થઇ પ્રસન્ન રહો સરસ્વતી આવી જીભ્હાએ,
લાગી માજી નામની ધુન ભગત મન ભાયે;
જેમ શુરો ચઢે રણશૂર સહસ્ત્ર પડે ઘાએ;
તેમ તે વખત નહિ રહે ભાન અશુદ્ધ ગવૈયા,
તમે જાણો છો પણ મારે કહેવું લાગી પૈયા.

ચોક ૧

નથી ભણ્યો વ્યાંકરણુ પીંગળ કવિતા જાણી;
નથી કર્યો અભ્યાસ વંચકનો મા લો જાણી.
મારૂં ગાંડું ઘેલું બોબડું બોલાય બે ભાની,
લાગી માજી ધુને બોલાય ન બોલું જાણી.
નથી તમને અજાણ્યું સઘળું જાણી રહૈયા,
તમે જાણો છો પણુ મારે કહેવું લાગી પૈયા.
ચોક ૨

કરી ભકિત માતા છંદ વરસ થયા અડતાલીસે,
સંસારી સુખ તમે ભાવે કર્યું બક્ષીસે.
સદા મહેર કરી રક્ષણુ કરજો હરનીશે,
હાથ ઝાલ્યો તો પાર ઉતારો કહું નામી શીશે.
મારા અવગુણુ કરજો દુર દયાળી હૈયા,
તમે જાણો છો પણુ મારે કહેવું લાગી પૈયા.
ચોક ૩

નથી વાણી પાણીનો પાર તમારે મને સ્હેલું;
તમે બુદ્ધિ રૂપે બોલાવો કાલુ ઘેલું.
કરી રક્ષણુ રખાવે, સ્થીર મન મારૂં પહેલું,
તમે પ્રેમ ભકિત જોઈ કામ કરો મા વહેલું,
કહે અમીચંદ મા તું તો મારી ગવૈયાં,
તમે જાણો છો પણુ મારે કહેવું લાગી પૈયા ચોક ૪

છંદ ૨૭.

મારી અરજ સુણો અંબામા બહુચર બાળી
મહા લક્ષ્મી મારી માત કરો રખેવાળી.
માનું તપ્ત દેખી ફાંકડું કે અપરંમ પારે.
માએ નખશીખ સજ્યા સણુગાર ગળે બીચ હારે.
હાથે કડાં સાંકળાં રત્ન મણી ઝણુકારે.
ગાએ જડી દંતપર રેખ કરે ચમકારે
ઘુમ છનન છનન બાજે પાઉ પાએલ ધમકારે,
શીર મુગટ છત્ર ઓર નેનોમેં કાજલ સારે.
દામણી ફુલ અકોટી નાકમેં વાળી; મહાલક્ષ્મી ચોક-૧
હું ભુલ્યો ભટકતો આવ્યો તમારે દવારે.
માને દંડવત પ્રણામ કરૂં નમસ્કારે.
તું આદ્ય શકતી મંમાયાનો અવતારે,
કીઆ સ્વર્ગ, મૃત્યુ પતાળ કે નવલખ તારે.
તું નિર્ધનીઆ નોધારાની આધારે;
તે જળસ્થળ, મેરૂં પ્રગટ કીએ સંસારે,
બનબનમે બનસ્પતી ખીલ રહી હરીઆલી મહાલક્ષ્મી-૨
જીવ જંતુ પશુ પક્ષીની કરો બરદાસે,
તું ઘટઘટ વ્યાપક આપરૂપ પ્રકાશે.
હું અજ્ઞાની અપરાધી તમારો દાસે,
જુવો મેહેર દ્રષ્ટિ મારૂં પાપ પ્રલેકાર થાશે,

તારે નામ ગરીબ નવાજ પુરો મારી આસે,
કરગરી માંગું કંગાળ તમારી પાસે;
મારા મનના મનોરથ પુરોની અપરવાળી.
મહાલક્ષ્મી—ચોક ૩
આજ આનંદ ભયો તેરે દરશનથી સુખ પાયા,
થયું પાપ નિવારણ નિર્મળ હો ગઈ કાયા;
કહે મહારાજગીર મોહ મત્સર છોડી માયા.
કામ ક્રોધ તજી તેરે નામસે ધ્યાન લગાયા;
સંવત ૧૯૨૬ મે છંદ બનાયા,
ભાદરવા સુદ આણુંદ ચઉદશે ગાયા;
કહે અમીચંદ મા પાર ઉતારો હાથ ઝાલી.
મહાલક્ષ્મી—ચોક ૪

છંદ ૨૮. ધરતી કંપારો.

(મારી અરજ સુણો એ રાહ.)

એ જગત જનુંની થયો ધરતી કંપારો જ્યારે,
મા જળ સ્થળ મેરૂ ખળભળી ઉઠયું સંસારે;
સંવત ૧૯૨૭ મે સંસારે થયું ચહ મોટું,
મહાસુદ નોમને સોમવારે.
તમે આપી ચેતવણી નહી ચેત્યા સંસારે;
થયો ધરતી કંપારો દસેમને સોમવારે.

થઇ દોલમ દોલા પૃથ્વી અપરંપારે,
તમે લીધો બચાવી જગત સકળ સંસારે,
રાતે નવ કલાકનો આશરો થયો હતો જ્યારે.
મા જળ સ્થળ મેરૂ ખભળી ઉઠયું સંસારે.

ચોક ૧

કોઇ બેઠો ને કોઇ સુતો કે ઘર મારૂં હાલે,
કોઇ કરે મનસુબો માળ ઉપર ચોર ચાલે;
કંઇ નાઠી બીઓ ના લીધા પોતાના બાળે,
કોઇ કે ભુત દોડે ને કોઇ કહે ગાડી ચાલે;
જોઇ ધરતી કંપોરો ને પડી પેટમાં ફાળે,
તું અંબે દયાળી લીધી સૈની સંભાળે;
સુણી ધરતી કંપારો ને થયા સઉ નાચારે,
મા જળ સ્થળ મેરૂ ખભળી ઉઠયું સંસારે.

ચોક ૨

હાલી અરાઢ ભાર વનસ્પતી બડી ઘન ઘોરે,
બેઠે પંખી ઉડે ખુબ થઇ રહી સોરમસોરે;
બોલે મેના પોપટ ચીભડી બોલે ચીકોરે,
પડી વડ વાઘણુ તલવળતી કરે ખુબ સોરે;
બોલે લાલમલ હીરામલ કાકા કઉવા મોરે,
બોલે વાણી મધુરી કોએલ કરે ખુબ સોરે;
ડોલ્યા પાહાડ પર્વત વહાણુ ડોલ્યા પાણી મોજારે,
મા જળ સ્થળ મેરૂ ખભળી ઉઠયું સંસારે.

ચોક ૩

જોઇ ધરતી કંપારોને પડયો સઉને ત્રાસે,
છાતી મડકે ને વાતો કરે ઉભા સઉ પાસે;
કોઇ કે માજીનો રથ ગયો આકાશે,
કોઈ કહે એક દીન એમ પૃથ્વી બુડી જાશે;
ગયે મહારાજગીર ભુખણદાસને તારી આશે,
કહે અમીચંદ મા મને તારો વીશ્વાસે;
રાખો તન મન ધનથી સુખીઆ અપરંપારે,
મા જળ સ્થળ મેરૂ ખભળી ઉઠયું સંસારે.
ચોક ૪

છંદ ૨૯

(મારી અરજ સુણો અંબામાં બહુચર બાળી એ રાહ)

મેં માજી નામસે જપતા ફરતા માળા,
મેં માજી નામસે સદા કરૂં મતબાલા;
મેં માજી નામસે ગર્ભે ધ્યાન લગાયા,
મેં માજી નામસે ઉદરસે બહાર આયા,
મેં માજી નામસે દુધ સકર ખુબ ખાયા,
મેં માજી નામસે બાલપણે સુખ પાયા;
મેં માજી નામસે ઓઢે શાલ દુશાલા,
મેં માજી નામસે સદા કરૂં મતબાલા. ચોક ૧

મેં માજી નામસે વિદ્યાભ્યાસ કરતા,
મેં માજી નામસે ઉદ્યમ કરી પેટ ભરતા;
મેં માજી નામસે દુર દેશાવર ફરતા;
મેં માજી નામસે મંત્ર કરી ધ્યાન ધરતા.
મેં માજી નામસે ગુરૂ કરી પીયા પ્યાલા;
મેં માજી નામસે સદા ફરૂં મતબાલા. ચોક ૨

મેં માજી નામસે નીરલેપત થઇ રહેતા,
મેં માજી નામસે મન વાંછીત ફળ લેતા;
મેં માજી નામસે સંકટ પડે તે સ્હેતાં,
મેં માજી નામસે જ્ઞાન કથી બોધ દેતા;
મેં માજી નામસે લીધા જ્ઞાનકા પ્યાલા,
મેં માજી નામસે સદા ફરૂં મતબાલા. ચોક ૩

મેં માજી નામસે દેખા રૂપ તદ રૂપે,
મેં માજી નામસે દેખા નીરંજન ભુપે;
મેં માજી નામસે દર્શન કરી રહ્યા ચુપે.
મેં માજી નામસે મતલબ કરી ગયા છુપે;
મેં માજી નામસે ગાઇ **અમીચંદ** ચાલા,
મેં માજી નામસે સદા ફરૂં મતબાલા. ચોક ૪

—:૦:—

છંદ ૩૦.

મધ બીંદુના છંદની રાહ.

માજી જોતા જાણ્યું, મેં કાળ જગતને શીરે.
જોવા ચર્ચા રાજા નગર માંહે ફીરે,
પાળે દયા ધર્મ દે દાન આણી ઉલ્લાસે.
ભાંગે દુઃખીઆરાનું દુઃખ શહેર તપાસે.
ફરે નીર્ભય થઈ, નથી માથે કોઇનો ત્રાસે,
જોઈ નગર નીસર્યો બહાર નથી કોઈ પાસે.

ઝુલ.

નગર બહાર રાજા ફીરે ગુણવંત ગુણી જન,
કૌતક દીઠું કારમું વીચાર કરે છે મન.
જોવાને રાજા ઠરી ઉભો રહયો સ્થીરે,
જોવા ચર્ચા રાજા નગરમાંહે ફીરે, ચોક ૧
દીઠું સુંદર સરોવર ઠંડી ઠંડી ચાલે લહેરે,
જોયા એક એકના શત્રુ રાખે તે વેરે,
એક બકરાને વાંદરે ઝાલ્યો રાખી ઝેરે,
મારી ફાળ ઉછળતો વાઘ વાંદરને ઘેરે.

ઝુલ.

સીંહ દોડતો આવ્યો મુકી વાઘ પર દોટ,
ઝાપટ મારી પાડયો મુખમાં ઘાલી કોટ,
દેખીને રાજા થર થર ધ્રુજે શરીરે,
જોવા ચરચા રાજા નગરમાંહે ફીરે. ચોક ૨

મારી રઇયત બાપડી બકરા જેવી કહાવે,
વાંદર રૂપી ફોજદાર તેને દબાવે.
વાઘ રૂપી વજીર કરી ત્રાસ અમલ બજાવે,
સીંહ રૂપી રાજા મારી આણુ અંદર સહુ આવે.

ઝુલ.

રઇયત ડરે ફોજદારથી ફોજદાર શીરવજીર.
વજીર ડરે છે રાયથી, નહી ધાક રાયને શીર,
રાજા કહે આખર મરવું કાળ માહરે શીરે.
જોવા ચરચા રાજા નગર માંહે ફીરે. ચોક ૩
આવ્યો વઇરાગ મનમાં રાજા છોડી રાજપાટે.
આ સીંહને બંદુક મારે જશે જમ હાટે,
રાજ છોડી ગયો વનવાસ એકલી જાતે.
છે: જીવે જીવનો કાળ મુર્ખ હરખાતે.

ઝુલ.

હે શ્વાસો શ્વાસ વાઘ ઉઠયો એ વાઘ નહિ મહાકાળ
સીંહને શીયાળનો કોળીયો મારી રૂપ પર ફાળ.
ભયે કહો કોણ ભક્ત રાખી રહે ધીર
જોવા ચર્ચા રાજા નગર માંહે ફીરે ચોક ૪
થયું જ્ઞાન રાજાને સતગુરૂને જઇ શરણે,
શુદ્ધ મનથી બોલ્યા ગુરૂને લાગી ચરણે,
દેહ નથી મરી થયું નહી અંતઃકરણે,
ગુરૂ મંત્ર મળે થાય અમર ભાંગ્યો બે મરણે,

ઝુલ.

કરમ બી બાળ્યા વીના ન થાય આત્મ સુદ્ધ
અજર ઝરે ગુરૂ મળે, તો ઝટ ઉઘડે બુધ,
આનંદમાં રહીને અમીચંદ ચડે ધીરે ધીરે,
જોવા ચર્ચા રાજા નગરમાંહી પ્રીરે ચોક-૫

છંદ ૩૧.

મધબિંદુ સંસારનો.

(મારી અરજ સુણો અંબામાં એ રાહ.)

મ રા સાચા ગુરૂ અંબામાં ગુણ ગંભિરે,
મેં તો સાંભળ્યાં શબ્દ ગંગાજળ નિર્મળ નિરે,
એક દ્રષ્ટાંત મુકી કહું મધ બિંદુ સંસારે,
એક ફરતો મુસાફર જંગલકે મોઝારે,
દીઠો ગજ આવતો પુંઠે કરતો કુંકારે,
ગભરાઇ ચડયો વડ ઉપર કરતો વિચારે.

ઝુલ.

તલપી ગજ ત્યાં આવ્યો, ભીડી વડ શું બાથ;
મુસાફર ગભરાય ઘણું ત્યાં નથી કોઇ સંગાથ.
બીએને એનું થર થર ધ્રુજે શરીરે, મેં તો;
સાંભળ્યા ચોક-૧

એ જુઓ તમાસો સાંભળો સુરતા રાખી,
ભીડી બાથ ઉખેડી વડને દીધો નાંખી,
વડ નીચે હતી એક વાવ સત્ય કહું ભાખી,
ડાળીએ હતો મધપુડો અસંખ્યા માખી.

ઝુલ.

મુસાફર લટકી રહ્યો, ઝાલી વડ ડાળી;
મુળી પકડી વડની, રડે આંશુ જાય ચાલી,
જુવે તો નીચે અજગર નહીં રહે ધીરે,
મેં તો સાંભળ્યા ચોક—૨

મોં પહોળું કરી જુએ અજગર જીવનો કાળે,
જો પડે મુસાફર ઝડપી મોંમા ઘાલે.
એક બીજું કૌતુક દીઠું મુસાફર બાળે,
બે ઉંદર કાતરે જે પકડી છે ડાળે.

ઝુલ.

કાળો ધોળો ઉંદર બે કાપે વડની ડાળ;
દુઃખ દરિયામાં ડુબીયો, પડી પેટમાં ફાળ,
તુટે તો મૂળી અજગર ખાશે શરીરે,
મેં તો સાંભળ્યા ચોક—૩

પડયું મધ બિંદુ મધપુડામાંથી જ્યારે.
મોં પહોંળું કરી મધ બિંદુ ઝીલે ત્યારે,
છે નીચે ઉપર કાળ કરો વિચારે,
તમે સમજો સર્વ જન મધ બિંદુ સંસારે.

ઝુલ

સમજે મુસાફર મનમાં, વડ મૂળી કતરાય;
તુટે પડીશું વાવમાં તો નક્કી અજગર ખાય,
સમજે પણ જીવે મધમાં મોહુ રાખી ધીરે,
મેં તો સાંભળ્યા—ચોક. ૪
વડ મુળી આવરદા દોરી સર્વ લ્યોને જાણી,
કાળો ધોળો ઉંદર રાત દીવસ લ્યોને માની.
અજગર રૂપી છે કાળ સમજો સૌ પ્રાણી,
આ દ્રષ્ટાંત મુકી સમજાવે છે ગુરૂ જ્ઞાની.

ઝુલ.

સંસાર દુઃખનો દરિયો, સુખ સ્વપ્નાને સમાન,
મધબિંદુ મુખમાં રહ્યું, નીકળ જાયગા પ્રાણ.
ફરે છે સદા કાળ સર્વને શિરે,
મેં તો સાંભળ્યા—ચોક. ૫
બાંધી દોરી આવરદા આવ્યા સૌ સંસારે
રાત દિવસ કાતરી દોરીનો લાવે પારે.
એમ કરતા આવરદા દોરી ટુટે જ્યારે,
જીવ જશે એકલો છોડી સર્વ સંસારે

ઝુલ.

કાળ કરશે કોળીઓ અણુચિંતવ્યો એકવાર,
અસાર વસ્તુ છોડજો સંઘરો વસ્તુ સાર.
સમજ્યા તે બેઠા અમીચંદ ઠરી રહે સ્થિરે,
મેં તો સાંભળ્યા શબ્દ ગંગાજળ નિર્મળ નીરે.

છંદ: ૨૩.

લાવણી જુના રાહની

બેઠે સિંહાસન, અંબામાં ખપ્પરવાળી;
તારા નામની પકડી ઢાલ, આપો દર્શણુ દયાળી
સજે સણુમારે, ચત્રભુજ ત્રીશુળધારી;
પાઉ પાએલ કરે ઘમકાર કમર પટો છે ભારી,
ગળે બીચ હારે, રહયા રત્નમણી ચમકારી,
તારી લીખલીખ જાઉં બલીહારી શીરપર મુગટ છે ભારી.

ઝુલ.

હીરા રત્નમણી જળકી રહયા, હુવા ચંદ્ર સૂર્ય પ્રકાશ,
ફુલવાડી ખીલી રહી, ઉડી ચંપાની ખુબ વાસ
એવી તારી શોભા મુકીને નહીં જાઉં ચાલી,
તારા નામની પકડી ઢાલ, આપો દર્શણુ દયાળી.
ચોક. ૧

ચોદ લોક કીધા, તેના જુદા જુદા છે ધામે,
અતળ વિતળ નિતળ સુતળ તળાતળ નામે.
રસાતળ મહાતળ એવા એવા કીધાં તે કામે,
એ સાત લોક પાતાળ તેના કહ્યાં મે નામે.

ઝુલ.

સાત પાતાળ રચ્યાં તમે, તેના ગુણુ ગાઉ મા આજ;
સાત લોક બીજા કહું, મારી રાખો અંબામાં લાજ.
અંબે દયાળી, સંખનપુર બહુચર બાળી;
તારા નામની પકડી ઢાલ, આપો દરશણુ દયાળી. ચોક ૨

ભુરલોક પેહેલું ભુવર લોક તો બીરાજે,
સ્વરલોક છે મહાલોક, જનલોક તપલોક ગાજે.
સાતમાં સત લોક સૌની રાખો તમે લાજે,
ઘટ ઘટ વ્યાપી મા તું, શક્તિ રૂપે બીરાજે.

ઝુલ.

ચઉદ લોક સ્થાપ્યા તમે, તારી સઘળે ફેલાઇ મા આણુ;
શક્તિ વિના સુનો ઠામ નહીં, તારા શા શા કરૂં વખાણુ.
જુઓ મ્હેર દ્રષ્ટિ, ચાકરપર ચાચરવાળી,
તારા નામની પકડી ઢાલ, આપો દર્શણુ દયાળી ચોક ૩

અરે અંબામાં, ચાકરપર રીશ નહિ કીજે,
દાસ જાણીને દરશણુ દો, ભુલચુક સંભાળી લેજે.
આખરની ઘડીએ, તું વીના વાલી નહિં બીજે,
ત્રણુ ભવની ખબર તમે આપી, આવ્યો છું જવું ભવ ત્રીજે.

ઝુલ.

અલ્પ આયુષ્ય આવી રહ્યું, પડીશ લક્ષ ચોર્યાશી માંહી,
જમ બાંધી મારશે જીવને, તે કેમ સેહેવાશે તહી.
અમીચંદ કહે છે, ઉતારો પાર હાથ ઝાલી;
તારા નામની પકડી ઢાલ આપો દર્શણ દયાળી. ચોક ૪

છંદ ૩૩.

ઉપલો રાહ

ચઢી રણ સુરે, બનિ અંબામાં વિકરાળી;
ખપ્પર ભરવાને કાજ રાવણ મારવા ચાલી.
કરી છાયાં રૂપ, સીતામાં ધર્યું નામે,
પરણ્યા દશરથ સુત રામ, કરવા ભક્તનના કામે.
ગયા વનવાસે, છોડી અયોધ્યા નગરી ધામે,
રામ લક્ષ્મણ સીતા માત, કીધો વનમાં વિશ્રામે.

ઝુલ.

બાગ બનાવી ફુલ વાવિઆ, સીતારામ રમે છે ત્યાંય;
લક્ષ્મણ ગયા મૃગ મારવા આવ્યો રાવણ જોગી થઇ તાંહા
સીતામા આવ્યા, ભિક્ષા આપતાં લીધા ઝાલી;
ખપ્પર ભરવાને કાજ ચોક ૧

પાપી લઇ ચાલ્યો, આવ્યો લંકાની માંયે;
રામ લક્ષ્મણ સાંભળી પડયા પૃથ્વી મુર્છાય.
સીતાને સોધે રામ લક્ષ્મણ રડે વનમાંય,
આવ્યા પંચવટી માંએ, વાંદર બેઠા જ્યાંએ.

ઝુલ.

નળ નીળ જાંબુવંત બોધે, હનુમાન સુગ્રિવ વાત,
વાળી વાદર મારો તમે, સોધી લાવું સીતા માત.
સાત તાડ વિંધી, રામે માર્યો વાંદર વાળી,
ખપ્પર ભરવાને કાજ ચોક ૨

સોધે સીતાને હનમંત બીર બડા બંકા,
ગયા સમુદ્ર કુદી પાર મળ્યા સીતા ઘટલંકા.
ખબર સુણી રામે, લઇ સેન્યા ચડયા અસંખા,
બાંધી પાણી પર પાજ, ઉભા લંકા દઇ ડંકા.

ઝુલ.

વિભીષણ ભક્ત છે રામના, તે તો રાવણ કેરા ભાઈ
ખબર સાંભળી રામ આવ્યા, હરખ્યા સીતા માઇ.
કોપ્યા હનુમાને એક પળમાં લંકા બાળી,
ખપ્પર ભરવાને કાજ. ચોક ૩

મંચાયા યુધ્ધે, લડે રામચંદ્ર મહારાજે;
તોડી લંકા માર્યો કુંભકરણ, આવી ઇંદ્રજીત ગાજે.
લડયા લક્ષ્મણે કીધો ઇંદ્રજીતને પ્રાજે;
હેમઇ રાવણ પાતાળ મારી મકરધ્વજને આપ્યું રાજે.

ઝુલે

લંકામાં આવી યુદ્ધ માંડીયું અઢાર પદમ વાંદર રામની સાથ
દશ મસ્તક વીશ ભુજા રાવણ માર્યો મળ્યા રામચંદ્ર સીતામાત.
વિભિષણ સ્થાપ્યો લંકાની કરો રખેવાળી,
ખપ્પર ભરવાને કાજ ચોક ૪

વિભિષણ સ્થાપી સીતામાં લીધા સંગે,
રામ લક્ષ્મણ હનુમાન, ચાલ્યા અયોધ્યા ઉમંગે.
માર્ગમેં જાતાં રહ્યા રાતે વાસો રંગે;
ગયા ફરવા બીર બજરંગ, દીઠો રાવણ અડબંગે.

ઝુલે.

સહુસ્ત્ર મુખી રાવણ દીઠો, હનમંતે જઇને ત્યાંય;
લંકા બાળી રાવણ માર્યો; ને રામ લક્ષ્મણ આવ્યા આંય
એવું સુણી બોલ્યો, તારા રામને પટકું ઝાલી
ખપ્પર ભરવાને કાજ ચોક ૫

હનુમાન કહે છે, અલ્યા બોલ મુખ વિચારી
એક મુક્કીએ લેઉં પ્રાણ, બીજી મારૂં તો જાઉં હારી;
રાવણ કહે માર ભઇ, રઘુવીર કહિ મુક્કી મારી,
રાવણને ચઢે જેમ ફુલ, અલ્યા ખા મુક્કી એક મારી.

ઝુલે.

મુક્કી મારૂં તો મરી જશે, જા કહી મારી એક ધોલ;
ગડદા પેચ થઇ નાશી ગયો, અમીચંદ કહે બોલ્યા બોલ
નાસો રામ નાસો પેલો રાવણ આવશે ચાલી
ખપ્પર ભરવાને કાજ ચોક ૬

છંદ ૩૩ મો.

ચાલો ચાલો મહારાજ હાં રહેવાનું નથી કામે;
મેં સહસ્ર મુખી, રાવણુ જોયો તેને ધામે
એવું સુણી બોલ્યા રામ લક્ષ્મણુ બંને ભાઇ;
તમે કેમ શુરવીર થઇ બોલ્યા ગભરાઇ
કહે હનુમંત મેં કંઇક રોળ્યાં રણુ માંહિ;
આવો બળવાન બળીઓ દીઠો ના કાંઇ
હજી સાલે, માહરા હાડકાં પાંસળા ભાઈ;
કહે રામ સીતાને ચલો અયોધ્યા માંહી
કરી ક્રોધ સીતા મા કહે કરૂં સંગ્રામે;
મેં સહસ્ર મુખી રાવણુ જોયો તેને ધામે ચોક ૧
આલ બતાવ, ઉઠ મારા માંડી જાયા વીર;
તારા મારનારને મારી આજ પીઉં રૂધીરે.
એમ કહી ચાલ્યા સંગે લીધા બજરંગ બીરે;
લીધા ધનુષ્ય બાણુ હથીઆર, ભાથા ભરી તીરે.
તમે રામ લક્ષ્મણુ બેસો ધરી ધીરે;
એમ કહી ઉભા જ્યાં રાવણુનો પહાડ ગંભીરે.
આઘા રહી બતાવે પેલો જુવો રાવણુ એનું નામે;
મેં સહસ્ર મુખી રાવણુ જોયો તેને ધામે ચોક ૨
કરી ટંકાર; ધનુષનુ બાણુ માજીએ લીધું;
સુણી શબ્દ ગયા ગભરાઈ, જગ્ત સહુ બીધું

મારી બાણ, તોડી પહાડ રાવણને દુઃખ કીધું;
થઆ કોટન કોટી રાવણ રણ ઘેરી લીધુ.
કર્યો પંચ મુખી હનુમાન બળ બહુ દીધું;
કોપ્યાં ખપ્પર ધારી સ્વરૂપ બીહામણું કીધું.
બેહોઠ જમીન અસ્માન ફાડી મોડામે;
મેં સહસ્ત્ર મુખી રાવણ જોયો તેને ધામે, ચોક ૩
માજી મારે બાણ રાવણને ચાલે લોહિ ધારે;
પડે લોહી રાવણ થઈ આવી માજીને મારે.
ભયંકર સુણી ટંકાર રામ વિચારે;
ચાલો લક્ષ્મણ રણમાં, અબળાના શા ભારે.
થઇ ખબર માને આવે રામ લક્ષ્મણ વારે;
આવું જોશે સ્વરૂપ તો નહીં માંડે સંસારે.
બાંધી ઝોળી પુંઠે હાથ લાંબા કીધા સામે;
મેં સહસ્ત્ર મુખી રાવણ જોયો તેને ધામે ચોક ૪
કરી છ છ મહીનાના બાળ ઝોળીમાં ઘાલી;
કરી ક્રોધ લડે માં ફરે રણ મતમાળી.
માએ મૂખ પસારી માર્યો મોઢામાં ઘાલી;
કંઇ નાઠાને પકડી મૂકે મોઢામાં ઝાલી.
મારી દુષ્ટ, પાપીને રણ કીધું સો ખાલી;
ઝોલી છોડી કે નાઠા રામ લક્ષ્મણ ગયા ચાલી.
રૂપવતી; લઈ હનુમાન આવ્યા મુકામે;
મેં સહસ્ત્ર મુખી રાવણ જોયો તેને ધામે. ચોક ૫

ક્રોધ નેત્ર રાતા, જોઇ રામ લક્ષ્મણ ડરીયાં,
જોગ માયાનો અવતાર ખપ્પર એને ભરીયાં,
જોઈ યુદ્ધ, રામ લક્ષ્મણના ગર્વ ઉતરીયાં,
પછે આવ્યા અયોધ્યા માંહી કાર્ય સઉ સરીયાં.
ચાર યુગ મા ધરી અવતાર દેવના દુઃખ હરીઆ,
કહે **અમીચંદ** માએ માયા કરી રૂપ ધરીયાં.
રાત દીવસ, ફરે માનું ખપ્પર ભરવા કામે,
મેં સહસ્ત્ર મુખી રાવણ જોયો તેને ધામે. ચોક ૬

છંદ ૩૫.

હરી દ્વારકાદાસે ધાયે ભગ્તને ખાતર ડાકોર આયે એ રાહ.
સુર્ય પુત્રી તાપીમાત તમે સાંભળો મારી વાત,
રેલે કીધો છે ઉત્પાત કર્યું બળ ભારી,
આવ્યું બરાનપુરથી પાણી દુનિયા ઉંઘમાં રહી અજાણી;
તેને લાવી ખેંચી તાણી કીધા તારમ તારી.
૧૯ સેં ઓગણ ચાલીસે જેઠ વદ તેરસને દીને,
રેલ પાડતી આવી ચીસે આપો ઉતારો દીન ચાર;
ચાર દીવસ પરોણા રહીશું પાછા આંથી ઉપડી જઇશું
જઇને સમુદ્રમાં મળીશું એ તો નકકી ને નીરધાર.
તાપી માતા સાંભળી કાને આપ્યા રેલને બહુ માને
રહો સુખે કરો મીજબાની કહે વારંવાર,

એવી તાપી તું હચાળી આવે રેલની છોળોચાલી,
એ તો ફરતી મતબાલી નહીં કંઈ કરતી વિચાર.

ફેકતો.

સુણુ દેવી જોઇ રેલનું પાણી માત ગભરાણી હવે કેમ કરીએ.
સુણુ દેવી દઠમજલ આવતી રેલને કરતી ગેલ કયાં ઉતરીએ.
સુણુ દેવી કીનારા ભરપુર વાંધ્યું શુર શહેરમાં ફરીએ,
ખાડી કોતરડા ભરાઇ રેલ માતા ઉભરાઈ તે તો કોઇથી ન
રહેવાઈ કરે કીલકારી.

આવ્યુ બરાનપૂરથી પાણી દુનીયા ઉંઘમાં રહી અજાણી,
તેને લાવી ખેંચી તાણી કીધા તારમતારી ચોક. ૧
રેલ તો વ્યાપી ચોગરદમ મુકી સૌની શરમ,
તાપી માતા ખાઇને ગમ બેઠાં આઘા ખસી;
દીઠું વીકરાળ આવતું પાણી, આવી રેલ મેં ન જાણી
કીનારા કરતી ધુળ ધાણી પાણી આવે ધસી,
ચૌદેશે તો બારે બજાર, થઇ રહયો હાહાકાર,
પાણી ચઢતું જાય દોકાર લોકો રહયા ફસી,
જે જ્યાં હતું તાંનું તાંહે તે તો પાણીમાં કહાં જાએ,
પાસે હોય તે બેઠા ખાએ, વાતો કરતાં હસી.

ફેકતો.

સુણુ દેવી સારા શહેરમાં ફરે ને ચારો ચરે રેલ છે ભૂખી.
સુણુ દેવી આવી દુરથી ખાતી નહીં ધરાતી કરતી બહુ દુઃખી

શુણુદેવી રેલ જાય ત્યાં નુંકશાન ને લેતી જાન નહી કોઇ સુખી,
કંઇ ગામ ગયાં તણાઇ એની ખબર નહી જણાઈ.
તળીઆ ઝાટકથી વણાઇ થયા નાચારી,

આવ્યું બરાનપુરથી પાણી. ચોક ૨

સુરત શેહેર ઉઠયું ગભરાઈ રક્ષા કરજો અંબા માઇ,
દુનીયા તમારી કહેવાય કરૂં વિનંતી વારંવાર;
રક્ષા કારણુ આવો તમે હાથ જોડી કહીએ હમે,
રેલ માતા હમને દમે હવે આથી તું ઉગાર.
શક્તિરૂપે રહી તું વ્યાપી ગંગા જમના તું છે તાપી,
૯૯૯ માં વ્યાપી તારી લીલા છે અપાર;
રેલે દુઃખી થયા કંઇ જન કંઇના ખોદાયા સોવન,
કંઇ તો સોંપી તંન, મન, ગયા છોડીને સંસાર.

ફેકતો.

સુણુદેવી જોઇ સૌનું કંલ્પાંતને સાંભળી કાનને રક્ષણુ કીધું.
સુણુદેવી રેલ પરોણા ગયા કાદવ પડી રહ્યા જગત સૌ બીધુ
સુણુદેવી મુંબઈથી મદદ મોકલી ઝટ દ્રવ્ય બહું દીધું.
નુકશાન જઇને જે નોંધાવે તે તો રૂપિયા લઇને આવે,
પડયા ઘરો પણુ બંધાવે એવી આફત ગઇ ભારી.

આવ્યું બરાનપુરથી પાણી. ચોક ૩

એકવીશ કલ્પના પુરાણી અરજ સાંભળો દયા આણી
કરૂણા કરીએ દાસ જાણી હાથ જોડી કે' બક્ષાન, સુરતની

દુનીયા છે દુઃખીઆરી આગ પાણી વારંવાર, એવી આયફ્ત ભારી ભાની આવે અણુચિંતા ભોવન, કણુચિંત માત્ર કહું છું હું બાકી દુઃખ પડે છે બહુ તે તો જાણો તમો સૌ સુરત છે નિરધન, એવુ સમજીને સહાય કરજો, આવી આયફ્તે; ઢાલ ધરજો મસ્તાન પરોણા દુર કરજો; કંઈ જીવ પામે છે મરણ

ફેકતો.

સુણદેવી શક્તિરૂપે તુ એકને રાખો ટેક અરજ કાન ધરજો. સુણદેવી સુરતમે અમીચંદ જોડી કહે છંદ માને સ્મરજો. સુણદેવી-સેવકને શરણાંગત રાખી મા ઝટ કામ સીધ કરજો. તું આદ્ય શક્તિ અલબેલી, આયફ્ત વખતે વહેલી વહેલી તમો થાવો સઉના બેલી કૃપા છે તારી. આવ્યું બરાન પુરથી પાણી

ચોક ૪

છંદ. ૩૬.

(રાહ ઉપલો.)

ઉઠો અંબા જમવા માઈ, થાળ કચંનકી ધરાઇ; સુંદર રસોઈ બનાઇ, અણકુટ ભારી મુકયું જળજમનાનું પાણી નહાવણકરો હેત આણી કીધી જુક્તિ મનની જાણી, કૃપાતારી. આદાચીરી મુઠી પહેલી,રાયતી, મેથીયા કેરી વહેલી, કેરા કરમદા, સહુ મેલી, રાયતા, લીંબાં, દરાખ કંદળીના લઇ આવે,

ચીભડા અંદર રાઇ મિલાવે, તેતો માજીને બહુ ભાવે
દુધી ખારેકના કીધા, રાયતાં લીધા વિણીવિણી,
કાકડી મુકી છે મા છીણી, દઇને લાવે પ્રીણી
હેતભાવથી કીધા. કોથમી મુળાને સકરીયાં;
સુરણ પૂરણ તાજા કરીયા, માની થાળમાં ધરિયાં, કારજ સીધાં

ઝુલ્‌ણા.

મોગરી મોરસનાં રાયતાં ખીર બાકળારે મગચણાજી,
ચોસઠ ખંડ ચોસંઠ દીવડાં કરી જુક્તિના નહી મણાજી,

કેકતો.

ભરૂચી ભીમડાની છે ભાજી, મુલાપાણી તાજી, વઘારી માજી,
પાલખ મેથી ચોલાઇ, સહુથી સવાઇ કુબીની ભાજી;
મોરલીધર બંશીવાળા કૃષ્ણ છોગાળા થયા તારાજી,
કણજીયો ઓર કલેસ, રાખી મા પ્રેમ લેજો મારી માજી.
ક્ષમા કરજો આદ્યભવાની, ભાજી બે રહી ગઈ અજાણી,
લુંણી સુવા ચુકાની આણિ, દામો કહું નાહારી.
મૂકયું જળ જમનાનું પાણી. ચોક ૧
કોળું તુરીયાં છે રસાળ, દુધી અંદર ચણાદાળ
તેનો ખુબ બેઠો મા તાલ લાખ્યો મશાલો ગરમ.
ચાર ચીરી વેગણની કરી ધાણા જીરૂ મરી ભરી;
માજી લેજો ફરી ફરી, હોઠ થાશે ઝમાઝમ.
ગલકાં તાજાં લાવી મોળી, માંહે લાખી શિયાળું ચોળી;

તાજી તાજી પાપડી છોલી, લીલવા તીખા તમતમ.
ભીંડા કારેલા વધારી, ચીભડાં કાકડી છે બહુ સારી;
પ્યાલા મુકયા હારેહારી, માંહે શાક નરમ.

ઝુલ.

મોગરી ગુવારશિંગ, પંડોળાં થાળમાં,
ધરી વાલોળ સહિત લીલી કુનઝારજી;
તીનચાર કાળિંગડા અલુખડા કંટોલા, સાંગરી સારજી.

ફેકતો.

કંટોળા સાંગરી સાર પરવર ગીલોડા કણુસી સો કરીયાજી.
પાપડ પાપડી છે નીકા કરકરવડી; ને પતળવડીયાજી.
કાચલી કોઠીમડા સાર ભજીયાં ભાત ભાતના તળીયાજી,
કેળા મેથી રતાળુ વેગણુ પોઇ ગલકાના ધરીયાંજી.
પાકી કેરીનો છે, રસ શેરડી દાડમ નારંગી ફસ,
બીજા મેવા લીધાં મસ મીઠાઇ ભારી, મુકયું જળ.
જમનાનું પાણી. ચોક ર

વેડમી લાડુ લાપશી, પહેલાં ખીર લેંચી રોટલી.
કેળાં શીરો શિખંડ બાસુદી, પહેલાં ધરી મલાઇ પુરી,
માલપુડા મગદળ સાર, ગુંદર પાક મગજ તૈયાર.
થાપડાં સુવાળીના બહાર, ઘુઘરા, સંજુરી, દળ હલવોને છે ધારી
ઠોર કચોરી સેવાઈ સારી સુખડી લીધી ભારી ભારી
નહી રહિ અધુરી, મોતી ચુરનાલાડુ તાજા,
સૂતરફેણી ઘેબર ખાજા સકરપારા દહીંથરા ઝ.ઝા છે ફરસી પુરી

ઝુલણ.

જલેબી અમ્રતપાક, થાલમાં કળીના લાડુ મેસુર પાકજી,
બરફી પેંઠા કોપરાપાક, આરોગો સુંદર શાકજી.

ફેકતો.

આરોગો સુંદર શાક, ચોસેંઠ જોગણી અંબા સાથેજી,
મેવા મીઠાઇ પકવાન, ઔર મધુપાન લીધાં માએ હાથેજી.
જમો ભાતભાતની સુખડીમાં દહીંવડા દહીમાં આથેજી,
માવો મોડીયાનો મુકયો ચારોળીના લાડુ સાથેજી,
સરવે હાજર છે તૈયાર, માજી લેજો વારંવાર;
ગંગાજીનું પાણી સાર, ભરી મુકી ઝારી મુકયું જળ જમનાનું.
ચોક ૩

બીરંજ દુધ ઉના કરિયાં, દાળ ભાત થાળમાં ધરિયાં,
પ્યાલા કઢીના માં ભરીયાં, સેવક ઉભો સન્મુખ પાસ.
ભરી જળકંચનની ઝારી મુખડું ધુવે વારંવારી.
ચોસેઠ પાનનું બીડું ભારી, માજી કરજો મુખવાસ.
સંવત ૧૯૩૮સે માગસર સુદ ૩ને દિવસે પુર્યો અણુકુટ,
નમાવી શિશે અંબા પુરે આશ, મારી ભુલ કરજો મા માફ;
નહિ ખમાય તમારો તાપે; તમે છો સૌના મા બાપે.
હાથ જોડી કહે દાસ.

અપાર વસ્તુ છે અણકુટમાં, લીધી સાર વસ્તુ છંદ માહેજી.
કરી દર્શન આનંદ થયો, વિજયાશંકર સેવક છે ત્યાંહેજી.

ફેકતો.

વિજયાશંકર સેવક છે ત્યાં પુરી અણકુટ ઉભા માની સામાજી
કરી જુક્તિથી ગોઠવણી ગોઠવી, ઉભા સેવક સેવામાંજી.
દર્શણ અણકુટના કરવા, સુરતના લોકો આવે દેહેરામાંજી.
અમીચંદ કહે છંદ કરી, સાર વસ્તુ મેં લીધી આમાજી.

સુરત શહેર આમલીરાન માહરૂ રહેવાનું મકાન;
સદા ધરૂં તમારૂ ધ્યાન આશા તાહારી,
મુકયું જળ જમનાનું પાણી. ચોક ૪

છંદ ૩૭.

(લંગડી રાહ.)

સુરત તો સુનેકી સુરત, થીઆ ફુળીઆમાં જો રહિયાં;
અંબામાનું, માનું તખત દેખી સબ મોહ રહીયાં.
પ્રથમ પોળમાં પેઠો તમારી, દરવાજામાં આ રહીયાં;
બાર પગથીયાં, પગથીયા ચડી સન્મુખ ઉભા રહીયાં.
હાથ જોડી માને શીષ નમાવું ગુણ તમારા ગા રહીયાં;
કરી દરશન તમારા મેરા દીલ હરખાં રહીયાં.

ઝુલ ભજન ધીરાની રાહનું.

માના મુખડા ઉપરરે, કોટી કોટી ચંદ્ર તેજ ખીલાં;
કયા કહું તમારી શોભારે, અપરંમપાર રચી લીલાં,
મુગટ તમારો હીરે જડયોરે મહીં પંચરત્ન પોખરાજ પીળાં.

ફેકતો.

કાંનોમેં કુંડળ ઝળકી રહ્યા જેસી બીજલી કરે છે ચમકારે,
કાળીગાંઠી પાટીઆ બીરાજે, ગળેમેં નવશેરો હારે.
કડાં સાંકળાં બાહે બાજુબંધ; વેઢ વીંટી કરે ચમકારે;
સુંદર મુખપર વાળી શોભે, નેનોમેં કાજલ હો રહીયાં.
અંબામાનું, માનું તખત દેખી–ચોક ૧

પાઉમેં પાએલતોડા ગંઠોડા, અણુવટ વીછવાં ગાજી રહીયાં,
છલ્લાં છવીંટીઆ, છવીંટીઆ છનન છનન બાજી રહીયાં.
ચીણુપટી ચમકલી શોભે, શોભે શણુગાર સાજી રહીયાં;
અંબામાનું માનું કરી દરશન રાજી રહીયાં.

ઝુલ.

માની જમણી બાજુરે ગીરજાનંદન ગણેશ ગાજે;
ડાબી બાજુ શંખન પુરિ રે, માતા બહુચરી આપે બીરાજે.
મા સુંદર તમારો ગભારો રે, મહીં ઘડીયાળો બાજે;

ફેકતો.

માને ઘભારે ચાર કમાન છે કમાને કાંગરાઆરે;
અકેકી કમાને ત્રણુ ત્રણુ હાંડી, ચારે ખુણે સળગી ચારે.
વચે ઝાડ દીવાલગીરી ફરતી, તકતાની શોભે હારે;
છત્રી જોઇ મારૂં દિલ હરખ્યું, શિરપર તોરા હો રહીયાં.
અંબામાનું માનું, તખત દેખી—ચોક ૨

બની ઘટા ઘનઘોર દેરામાં, જેજે શબ્દ વરસી રહીઆં;
સૌ સેવક તમારા તમારા દરશણકું તલસી રહીઆ.
બ્રાહ્મણ કરે ચંડી પાઠ વેદી વેદ ધુન સરસી રહીઆ;
અંબામાને, માને હાથ ચક્ર ફરશી રહિઆ.

ઝુલ

(ધીરાની રાહ.)

ચાર સેવક છે તમારારે વારા બાંધી કરે સેવા;
દુરગાશંકર જ્ઞાનીરે, ભાવે નીત્ય ધરે મેવા,
મોતીરામ ને વીજીયાશંકરરે, શોભે છેલ છબીલા જેવા

ફેકતો.

વારા બાંધી સઉ કરે આરતી, ભાવ ધરી તારા દાસે,
ભદ્રશંકર ને છોટેલાલ મા ચમર ઢાલે ઉભા પાસે;
નોબત ગગડે ઘડીઆળ વાજે, ભગ્તનકી પુરે આશે,
લાલુભાઇ ને હરીશંકર મા, તેરે ચરણ દુધ ધો રહીઆ.
અંબામાનું, માનું તખત દેખી—ચોક ૩

રંગ મંડપમેં રચી રચના, તાલ મૃદંગ બાજી રહીયાં,
ઉડે રાગ રાગણી, રાગણી સારંગી ગાજી રહીયાં;
ઝરમર ઝરમર છુટે ફુવારા, ઇંદ્ર સભા લાજી રહીયાં;
માનુ દરબાર દેખી, દેખી સબ ખળ ખટ રાજી રહીયાં.

ઝુલા.

(ધીરાની રાહ.)

માની વાડી મારે, ચંપા કેવડા ખીલ્યા અપાર;
જુઇ જાઇ સેવટી નાફરવાની, બટ મોગરા ગુલહજાર.
ગજવેલી ને ગલગોટારે, ગળે મોતી ચુડને છે હાર.

ફેકતો.

સંવત ૧૯૨૭ માગસર સુદ ૧૫ બુધવારૂ;
મહારાજગીર ને ભુખણદાસ, મા ધ્યાન ધરે છે તમારૂં;
અમીચંદને વીજ્યાશંકર કહે, કામ કરો મા હમારૂં.
ચત્રભુજી ચિંતા દુર કરજો દરશણથી સુખ હો રહીઆં,
અંબામાનું માનું તખત દેખી—ચોક ૪

છંદ ૩૮ મો.

(રાહ લંગડી.)

રહીઆં રહીઆં શું કરે પ્રાણી ભર જુવાની તો હો ગઇયા,
આવી જગતમાં, જગતમાં મનખા અવતાર ખો ગઇયાં.
અંબા માતા ભક્ત તમારા આવી દરશણ કરી ગઇયાં,
અંગ ઉમંગથી, ઉમંગથી ચરણે શીષ ધરી ગઇયાં.
અંતઃકરણે લાગી ચરણે અંબા નામ શમરી ગઇયાં,

પોત પાતીકા, પોતીકા, કારજ તો સરી ગઇયાં.
ભાવે કરે નહીં ભજ્યા માજી મુખડું જે ન જો ગઇયાં,
આવી જગતમાં. ચોક ૧

દૈત્ય દળ દળ્યું માએ ત્યારે સીંહ પર સ્વાર થઈને ગઈયાં,
રાખજો ધીરજ, ધીરજ એમ દેવને કહી ને ગઇયાં.
ખપર ત્રીશુળ બરછી ભાલો ભાણુ ભાઠા લઇને ગઈયાં,
એહી રણુમાં, રણુમાં દઇત્યો તો મરઇ ગઇયાં.
બની વીકુાળી ફરે મતબાલી ક્રોધ નેત્ર લાલ હો ગઈયાં;
આવી જગતમાં. ચોક ૨

લઇ ચોધારૂ ખડક માજી, રણુમો તો ફરતી ગઇયાં.
કરી કીલકારી, કીલકારી કરી ખપર ભરતી ગઇયાં૦
મધુપાન કરી ભક્ષ કરે મા દૈત્ય સેન હરતી ગઈયાં૦
ફરે મતબાળી, બાળી દઇત્ય ચારા ચરતી ગઈયાં૦
શુંભ નિશુંભ મહીશાસુર માર્યો દેવના કારજ હો ગઈયાં૦
આવી જગતમાં૦ ચોક ૩

કઇંક પુરૂષ થઇ ગયાં પૃથ્વી પર માજી ધુન લાગી ગઈયાં૦
કરી પ્રસન માને, માને વરદાન તો માંગી ગઈયાં૦
ભક્ત મંડળી બેઠી ભગતીમાં, વિવાદથી આગી ગઇયાં૦
કંઇ આવે વિવાદી, આબરૂ ખોઇ ભાગી ગઇયાં૦
અમીચંદ કહે હાથ જોડી તારી ભગતીમાં હું મોહો ગઈયાં૦
આવી જગતમાં૦ ચોક ૪

છંદ ૩૪ મો રક્ષણ કર્તા વિશેનો.

રાહ લંગડી.

માતા માતા મુળથી માતા, કુળદેવીમાં ઠામોઠામ,
ગોત્રજ પુજી, જુઓ કોઇ પગે લગાડી પાડે નામ.
હવે ભળ્યો ગોત્રજમાં સઉ કહે, કુળ દેવીમાં કરશે સ્હાય,
આશીષ દઇને ગયા ગોર પુજા કરાવી થયા વિદાય.
માતપિતા ગોર સાથે રહીને, ગોત્રજ પુજી લગાડે પાય,
તે આધારે, ચાલ્યો હું માયા રૂપે છે એ અંબાય.
પાંચ વર્ષે નિશાળે મૂકયો, ગુરૂ દ્વારમે કરી સલામ,
ગોત્રજ પૂજી, જુઓ કોઇ પગે લગાડી પાડે નામ. ચોક ૧
ગુરૂ બોલાવી પાસે બેસાડે, કરો ભાઇ શારદા પુજન,
મંત્ર ભણીને, આશીશ દે સદા શારદા રહો પ્રસન્ન.
માતા સરસ્વતી પ્રસન્ન થાય ત્યારે. તે નર થાય છે ત્રિલોચન,
બને જ્ઞાની, વાંચી પૂસ્તક તપાસે છે દર્શન.
વેદ ભણે શાસ્ત્ર ભણે, પછી પંડીત થઈ ફરે ગામે ગામ,
ગોત્રજ પુજી, જુઓ કોઇ પગે લગાડી પાડે નામ. ચોક ૨
મૂળ તો ધુળમાં દટાઈ ગયા, જુઓ ડાળ પાંતરે વળગ્યા ફુલ,
તે જોઈ સર્વે ખુશી થાય કેવી શોભા બની અનમુલ.
ડાળ પાંતરે પાણી સીંચે ફળ પ્રાપ્ત ન થાય બીલકુલ,
મૂળમાં સીંચે, થાય ફળ જુઓ કેવી આ મોટી ભુલ.
મૂળ તો માતા ઇચ્છા શક્તિ, એક થકી થયા અનેક નામ,

ગોત્રજ પૂજી જુઓ કોઇ પગે લગાડી પાડે નામ. ચોક ૩
એક સરસ્વતિ પ્રસન્ન હોય તો, મુલકો પર થાય તેનું નામ,
અભ્યાસ કરેથી, ઓળખે પંડિત કહી સૌ નમે તમામ.
મારે મુળથી માતા માતા માતા થકી થયું મારૂં કામ,
સંસાર સુખ લઈ થયો તૈયાર માગું હવે મોક્ષ ધામ.
અમીચંદ કહે આકીન રાખો એક નામથી હોય આરામ,
ગોત્રજ પુજી જુઓ કોઈ પગે લગાડી પાડે નામ. ચોક ૪

છંદ ૪૦ મો.

મોતી અંબા માતાનો છંદ લંગડી રાહ.

હુકમ થયો માતાનો એકદમ, આવો ભક્તજંન દરસંને
આરાસુરમાં, તખ્તપર બેઠી અંબા થઇ પ્રસંન્ને.
સંવત ૧૯૫૯ આશો વદ ચોથને શનીવારે,
ચાર વાગતે **અમીચંદ** ભગત મંડળી થઈ તૈયારે.
વીજઆશંકર હતા હરકીશન શીવલાલ નાથુભાઇ ત્યારે,
વીજભુખણદાસ આણંદમાં ઘેલાભાઇ સંગ પધારે,
ડાહ્યાભાઇ અગાડી ગયા તંન મનથી કરવા દરસંને,
આરાસુરમાં તખ્તપર બેથી અંબા થઇ પ્રસંન્ને ચોક ૧
ચાર વાગતે બેઠા ગાડીમાં, બીજે દહાડે હતો રવીવાર,
ઉતર્યા ખરેડી, સવારે હતા મજુર ઘોડા તઇયાર.
કોઇ ઘોડે કોઇ પગે ચાલે છે, એક માનો રાખી આધાર,

ચાલે રસ્તે, આવે નદી ઘણી સૌ ઉતરે પાર
ભાથું છોડી ખાવા બેસે સઉ તંન મંન એક થઇ ભગતજને
આરાસુરમાં તખ્તપર બેઠી અંબા થઇ પ્રસન્ને. ચોક ૨
સમી સંધ્યાએ પહોંચ્યા આરાસુર, મુડકુ આપી ગયા માને ધામ
અંગ ઉમંગથી, કરી દર્શન માને સઉ કરે સલામ.
ધન ભાગ્ય મા આજે હમારૂં, જપતા હતા તમારૂં નામ,
કૃપા કરી તો, કરી દર્શણુ થયું આત્માનું કામ;
ત્રણુ રાત રહ્યા આરાસુરમાં સમે સમાના થયા દર્શને,
આરાસુરમાં. ચોક ૩

સુખ સાતાથી કરી જાત્રા માન સરોવર સુંદર નીર,
સ્નાન કરે સઉ અંબે અંબે થાય શુદ્ધ શરીર,
કોઇ કોટેશ્વર, જાય કુંભારીયા ગબર ઉપર રાખી ધીર,
કાન ધરી સઉ, સાંભળે જુલે હીચકે ગુણુ ગંભીર.
મહારાણા ત્યાં હતા દાંતાના, કુંવર બેઠા તાત ત્રણે;
આરાસુરમાં તખ્તપર ચોક ૪

ગરબા ગવાએ ભવાઇ થાયે, છંદ ગાતા કોઇ ભક્તજંન,
હાથ જોડી કહે માજી સદા રહેજો અંમ પર પ્રસન્ન;
સંસારી સુખ પુર્ણ આપ્યા કૃપા કરી દીધાં દર્શન.
અમીચંદ કહે, ભગતપર માજી રહેજો સદા પ્રસન્ન.
દર્શન કરી સઉ ઘેર આવ્યા પોત પોતાતે લોવને,
આરાસુરમાં. ચોક ૫

છંદ ૪૧ મો.

શીવ શક્તિ નીંદા કરે તે વિશેનો.

કોને વખાણું કોને વખોડું માતા શક્તિ બાપ ભોળાનાથ
રણુ સંબંધે, મલ્યા ભાઈ ચાલો કરો સ્વદેશનો સાથ;
કથની કરે નહિ કાર્યજ થાએ કામ કરે કામ નીથી જાએ,
હળવે હળવે ચાલતાં દુર પથ હોય તોએ કપાય
હીંમત રાખી થાઓ સંગથી સરલ પંથ જો લાગે કદાએ,
એક નામનો મારે તો બાલપણાથી છે અંબાએ,
મૂળ એક નામ જુદા જુદા છે, અજબ માયામાં રચ્યો ઠાઠ.
રણુ સંબધે ચોક ૧

ભગલીંગથી ઉત્પત્તિ દેહની, સોહમ શ્વાસો શ્વાસ ચલે,
માત પીતાથી, થાએ ઉત્પત્તિ એકથી નહિ વળે;
નથી દ્રષ્ટિએ જોઇ જે વશતુ તર્ક બાંધી બોલે અટકળે,
કરતા પુરૂષ તો કરી રહે ન્યારા. વળી સઘળ માં ભળે;
અમતમમાં નહિ જુદા જાણુવા, સર્વે દોરી માલિકને હાથ.
રણુ સબધે. ચોક ૨

આદિવંત જાણી શું કરવું ક્ષણુભંગુર દેહ પડવાની;
કુથળી કરે કંઇ, વળે નહિ પડી ટેવ બડબડવાની.
માને વખોડે પિતા દુભાશે. પીતા વખોડે મા લડવાની;
કોઇને દુભો નહિ કરો ઉદ્યમ શિખર ગઢ ચઢવાની.

ભજન કરેથી ભવ જળ તરશે, માલિક આવી ઝટ ઝાલે હાથ;
રણુ સંબંધે. ચોક ૩

શુન્ય શિખરગઢ કઠણુ ચઢવું, એ માર્ગ છે ઘણો કઠણુ;
ખોળતા ખોવાયાં, જડયો નહિ પાર મુઆ કાંઇ કરી મથન,
દીલમીલ બેસો સુણો સુણાવો, એક માલિકનું કરો રટણુ;
તરો તરાવો, ગાવો છંદ હળી મળી બેસો ભગ્તન.
અમીચંદ કહે મારે શિર તો સદા રહે અંબાનો હાથ.
રણુ સંબંધે. ચોક ૪

છંદ ૪૨ મો.

રાહ લગડી.

સબ રૂઠે તો રૂઠે અંબામાં તુમ રૂઠે સંતાપ હુવા
વમળ વસીના વસીના ઠેરા જલ બલ ખાખ હુવા.
વમળવરી નામે એક શ્રાવક બાપ મુવે બેજાર હુવા,
તેની માડી પરઘેર, પરઘેર ભરે પાણી નાચાર હુવા.
પાંચ વર્ષનો વમળ બાળેક દુઃખીઆ અપરંપાર હુવા,
મોસાળ જઇ વસ્યા, વસ્યા નીર્ધનીઆ નોધાર હુવા.
જઇ નીશાળે ભણ્યો નહી કંઇ પેલા જન્મના પાપ હુવા,
વમળ વસીના ચોક ૧

મામા ઘેર જઇ ભાણેજ વસીઆ ગાઓ ચારી ગોવાળ હુવા,
વમળ વસીના, વસીના માજી એવા હાલ હુવા.
એક સમે ગુરૂ ચરણે લાગ્યો ગોર કહે શ્રાવક બાળ હુવા,
તમે સુણો વમળજી; વમળજી કરજો ધર્મ તમે નહાલ હુવા.
વમળ કહે કહેશો તે કરશું ગુરૂ તમે માબાપ હુવા.
વમળ વસીના ચોક ૨

આરાસુરમાં અંબા માતા વમળ પર પ્રસન્ન હુવા,
માની ગાયો ચરાવી, ચરાવી વમળ તો તનમન હુવા,
સઉસઉની તો ગાયો સોંપી વમળ વીચારે મંન હુવા,
આ ગાયજ કોની, કોની કહી અંબા ભુવન હુવા,
ગોવાળ જાણી કરી કરૂણા દર્શણ આપો આપ હુવા,
વમળ વસીના ચોક ૩

અંબા માતા જગ્ત જનુની તું જુગજુગ દાતાર હુવા,
વમળ વસીકું, વસીકું દોલત અપરંપાર હુવા.
ગુરૂ કહે બંધાવો દહેરા માજીકા આધાર હુવા,
જઇ કહ્યું માજીને, માજીને રતોવાઇ તૈયાર હુવા.
દેરાં બાંધી કોણ પ્રતાપ પૂછયું, વમળ કેહે ગુરૂ પ્રતાપ હુવા,
વમળ વસીના ચોક ૪

એકસો આઠ તો દેરા બંધાવ્યા આરસપહાણ ચમકાર હુવા,
ગુરૂ પ્રતાપ સુણી, સુણી માને ક્રોધ અપાર હુવા.
નાશ વમળ કહી છુટી જવાળા, દેરા પ્રલેકાર હુવા,

મા પ્રતાપ કહીને, કહીને નાઠો વમળ હાહાકાર હુવા
ભૂલ્યો માજી મને માફ કરો એ દેરા માજી પ્રતાપ હુવા
વમળ વસીના. ચોક ૫

ગદગદ કંઠે કરે વીનંતી હુવે માજી મને ભાન હુવા,
દુઃખીઆરો જાણી, જાણી તમ થકી આશાન હુવા.
મા પ્રતાપે પાંચ દેરા રાખ્યા ગરીબ નવાજ મેરબાન હુવા.
મહારાજગીરકું, ગીરકુ માજી તુમારા ધ્યાન હુવા.
અમીચંદ કહે છંદ હરફ કડી બંધ માજી પ્રતાપ હુવા
વમળ વસીના. ચોક ૬

છંદ ૪૩ મો.

કાળી, અંબા, એક રૂપ વિશે.

(રાહ લંગડી.)

કાળી અંબા એક રૂપ, નહી અંતર કોઈ રાખો મનમાં,
ચાર જુગમાં, જુગમાં રમી રહી અપને તનમાં.
સત્યુગમાં તુળજા ભવાનિ ત્રેતા જાનકી જનક ઘરે,
રાવળ રોળી બાળી લંકા રામની દુવાઈ ફરે.
એકલક્ષ પુત્ર સવા લક્ષ નારી કુંભકરણ મરણી ધરે,
એક પલકમાં પુત્ર બળીઆ ઇંદ્રજીત જોતામાં મરે.
કાળી ફરે કાળ રૂપે કોળીઓ ક્રોધ કરી મા મારે રણમાં,
ચાર જુગમાં૦ ચોક ૧

દ્વાપર દ્રૌપદી કહાવે પાંચ પાંડવ ઘેર હતી સતિ,
બોતેર દહાડે, ન્હાતા અગ્નિ કુંડ કરે બીજો પતિ.
વારા ફરતી પાંચ પાંડવ ઘર જાય એ પાંચે સતિયા છે અતિ,
કૌરવ પાપી, દુર્યોધન કરે સતિપર ક્રૂર મતિ.
સતિ ચીર ઉતારવા માંડયા ક્રોધે જવાળા ઉઠી રહી તનમાં,
ચાર જુગમાં૦ ચોક ૨

શ્રાપ દઇ કહે દુર્યોધનને ભીમ ગદા તારી જંઘા પર;
સાંભળી દુર્યોધન, સતિ શ્રાપ સૂણી ધુજ્યો થરથર.
અઢાર દહાડાનું યુદ્ધ થયું તેમાં ઘણા મહારથી મુવા રથ પર,
એ જોગ માયા, ફરતી ફરે સદા ખપ્પર ભરભર.
કૃષ્ણ રૂપે કાળી કહાવે, કાળી કૃષ્ણે રૂપ મધુવનમાં,
ચારે જુગમાં૦ ચોક ૩

કળીયુગમાં કાળકા ભવાની કાળ રૂપ એ કંકાળી,
જન્મ વખતે, જનુની આવી કરે છે રખેવાળી.
સંસાર સુખ સંસારમાં આપી, મારી થપ્પડ લે મતબાળી,
ભક્ત જનને, કરી સ્હાય રહેજે કરે મા રખેવાળી.
અમીચંદ કહે છે છંદ ગાઇ હું સદા રહું છું પ્રસન્ન મા,
ચાર જુગમાં૦ ચોક ૪

છંદ ૪૪ મો.

માતા સર્વાંગે વસે છે તે વિશે છંદ.

લંગડી રાહ ઉપરનો.

અઘોર ગતિ માજી છે તમારી, કોઇ જુવે છે સ્થળે સ્થળે;
હું દેખી મા, દેખું મા સચરાચરમાં પળે પળે.
તુંહી તુંહી મા સઘળે વ્યાપી, તારા વિના નહીં સુનો ઠામ;
નહીં સમજે તે, સમજે તે શરીરમાં જુવે માનો ધામ.
ત્વચા આંગળી લલાટ બતાવે, મોટા ધામના લઈને નામ,
બાકી રહ્યા જે, રહ્યા જે તેમાં કોણ કરે આરામ,
ભ્રમણા ભાંગી થાઓ અનુરાગી, દ્રષ્ટિ ભરી જુઓ કળે કળે.
હું દેખું મા. ચોક ૧

મોટા ધામના નામ બતાવો, સુક્ષ્મને કોનો આધાર,
કેનાર પુરૂષને, પુરૂષને તે વાતનો કરવો વિચાર.
માના ધામના નામ બતાવો, હજી વસ્તુ શરિરમાં અપાર;
કોઈ ના દેખે, દેખે સઘળે રમે છે જગ્તાધાર.
બ્રહ્માંડ બનાવી પીંડમાં રચ્યું માની માયામાં ચળે ચળે;
હું દેખું મા. ચોક ૨

તારો પાર ન જડે બ્રહ્માને, મહેશ માયામાં થયા ગુલતાન;
કંઇક વખતે, વખતે વિષ્ણું ધરે અંબાનું ધ્યાન.
ભીમ પાસે મંગાવ્યું કૃષ્ણે, દ્રૌપદી ભીમ કરતા સ્નાન અસ્નાન;

વરદાન માંગી, માગી હું કહું તે માગો નિર્વાણ.
એના ખપ્પરથી બચે નહી, દ્રૌપદી બોલે તે ફુળે ફુળે;
હું દેખું મા. ચોક ૩
પાંચ પાંડવ ને છઠ્ઠા નારાયણ, તે તો તારા ખપ્પરમાં નહી,
એમ કહી બુડકી, બુડકી મારી નાઠા ભીમ પાણી મહી,
નીકળી જવાળા દ્રૌપદી નેત્રે પાણી ઉકળી ગયું તહીં;
એ મમ માયા, મમ માયા કાળ રૂપ રમે ઘટ ને મહીં.
મારે જીવાડે પાળે મમમાયા, અમીચંદ કહે ભલે ભલે,
હું દેખું મા. ચોક ૪

છંદ ૪૫ મો.

આદ્ય શક્તિ મમ માયા અંબીકા તેરે ચરણ શીશ નમાંવીંગે,
તેરે નામસે નામસે ભવસાગર તીર જાવીંગે.
લક્ષ ચોર્યાશી ફેરા ફરતા અબ મનષા અવતાર આએ,
તુમ ચેતોને પ્રાણી, પ્રાણી ભગતીસે મુકતી પાએ,
'વ માસ ઓધરમાં રખા મુજે પકડ જકડ કર બંધવાએ.
મેં કરી તપસ્યા તપસ્યા કરી બંદગી તેરા ગુણ ગાએ.

કેકતો.

પ્રાણી ગદગદ કંઠે કરે વીનંતી અપારે જીરે કરે અપારે,
કરીશ ધર્મ ધ્યાન પુન્યદાન આપો અવતારે જીરેઆપો અવતારે
કરીશ તપજપ જીતી જાઉં જગત સંસારે. જીરે જગત સંસારે
ઉંધે મસ્તકે ધ્યાન ધરી તેરે નામકી માળા જપાવીંગે.
તેરે નામસે. નામસે ભવ ચોક ૧

એસી સરતસે જનમ્યો પ્રાણી, ખુલ બંધ દુનીઆમે આએ,
માતા પીતા સૌ પીતા સૌ કુટુંબ કબીલા હરખાએ.
તેરી માયાકી જાળ પડી સૌ કહ્યા બચન એ ભુલવાએ,
જનમ લીઆકે, લીઆકે ઊંઆ તુતા બતલાએ.

ફેકતો.

મારી બાળ અવસ્થા ગઇ રમત મોજારે. જીરે, રમતમોજારે.
ફીર આઇ જુવાની દીલમાં કરૂં વીચારે. જીરે કરૂ,
ચોરી ચાડી ચુગલી ધુંતી ભરૂં ભંડારે, જીરે ભરૂં,
પરનારી પરધંનકુ હરતા ઓ નર ગોથે ખાવીંગે.
તેરે નામસે નામસે. ભવ ચોક ૨

ગઈ જુવાનીયા આયા બુઢાપા થર થર ધ્રુજને લાગ્યું શરીર,
નાક ગળે જઇ, ગળે જઇ નેનોમેંસે વહેતા નીર.
અંતકાળકી વખત હુઈ, પ્રાણી ગભરાતે નહીં રહેતી ધીર,
જમડા આયા, આયા લીઆ જીવ પડયું રહ્યું શરીર.

ફેકતો.

જમ જીવ લઇ જાતા માર માર્ગમાં મારે, જીરે, માર્ગમે,
ધર્મરાજ લેતે હાજરી કરે બીચારે, જીરે કરે.
ફેરા લક્ષ ચોરાસી પીછા ધરો અવતારે જીરે અવતારે,
જેસા પ્રાણી કર્મ કરેગા એસી નસીબેત પાવીગે,
તેરે નામસે નામસે. ભવ ચોક ૩

એસી હકીકત હોઈગી હમારી, મંમમાયા સુણલો અરજી,
તુમ જુગ જુગ દાતા, દાતાર ધ્યાન ધરૂ તેરા બહુચરજી,
મેતો તમારે દ્વાર ખડા આજ સીદ્ધ કામ મેરા કરજી,
હુતો તમારી તમારી કરૂ બંદગીમાં છઉ ગરજી.

ફેકતો.

મારા મનડા તણી બહુચર મા પુરજો આસે, જીરે પુરજો,
માં હાથ જોડી માંગુ છું તમારી પાસે, જીરે તમારી.
મા આખરી વખત નહીં નામ તમારૂ દેવાસે, જીરે નહી,
કફ આવી મારૂં કંઠ રૂંધસે અભુલ ગફલત ખાત્રીંગે.
તેરે નામસે નામસે. ભવસાગર ચોક ૪
સંસાર રૂપી સમુદ્ર વહેતો ઉસ્મે ડુબે કંઈ તપ ધ્યાની,
તેરી માયા જાળમેં; જાળમેં પડે ગફલત કંઈ મુની જ્ઞાની.
તારા નામ રૂપી મે હોડી બનાઈ પાર ઉતારો દયા આણી,
બુડેકું તરાવો, તરાવોમાં ભક્તન તારો જાણી.

ફેકતો.

મા હાથ જોડી કહુ અરજી મારી સ્વીકારો, જીરે મારી,
હું ગાંડો ઘેલો પણ થયો ભક્ત તમારો, જીરે ભક્ત.
નથી કોઇ મારૂ હું નીધંનીઓ નોધારો, જીરે નોધારો,
અમીચંદ કહે છંદ બનાવી તેરે નામકી માળા જપાવીંગે.
તેરે નામસે નામસે ભવસાગર તીર જાવેંગે ચોક ૫

છંદ ૪૬ મો.

અંબે ગરીબ નીવાજ આજ તું મેરી મદત રેહેના ચઇએ,
સકળ સભામે; સભામેં મુજે જ્ઞાન દેના ચઇએ.
મેતો ખડા હજુર તુમારા મજુર સાય કરના ચઇએ,
માજી હમારી, હમારી અરજ કાન ધરના ચઇએ.
મે કગરૂ કંગાળ તુમારા બાળ દુઃખ હરના ચઇએ,
આદ્યભવાની, ભવાની હમકુ તેરા સરણા ચઇએ.
તુમતો માજી આવો હમકુ બચાવો, સંભાળ લેના ચઇએ,
સકળ સભામેં; સભામેં મુજે જ્ઞાન દેના ચઇએ, ચોક ૧
આવી તમારે ધામ જપુ મુખ, નામ, ગુણગાના ચઇએ;
હમકુ માજી, માજી તેરા દર્શણ પાના ચઇએ,
કોઈ કોઇને અનેક હમારે એક ટેકો આના ચઇએ,
માજી તુમારે, તુમારે મારી વારે ધાના ચઇએ,
સંકટ દુઃખ મા, કાપ તમે મા બાપ તમકુ કહેના ચઇએ,
સકળ સભામેં. ચોક ૨
માત તાતને ભ્રાત તમે છો તેરા નામ સહાના ચઈએ,
ગુણુ ગંભીરતું, ગંભીરતું તેરા મન માના ચઇએ.
નોધારો નીર્ધન તારૂ ફરજન દયા લાના ચઇએ.
મુજ બાળકપર, બાળકપર માજી તુમને ચાહાના ચઇએ.
મારૂં નથી મા કોઈ એકલા જોઇ મદદ રહેના ચઇએ,
સકળ સભામેં, સભામેં મુજે જ્ઞાન દેના ચઈએ, ચોક ૩

એ માયાકા સંસાર તેરા, આધાર જસ દેના ચઇએ,
તેરા દાસકું, દાસકું તેરે શરણુ રહેના ચઇએ.
ભીડ પડે ત્યાં આવી અમકું બચાવી ઝટ લેના ચઇએ,
માજી અમકું અમકું સબુદ્ધી દેના ચઇએ.
અમીચંદ કહે છંદ બનાવી અંબે અંબે કહેના ચઇએ.
સકળ સભામેં, સભામે મુજે જ્ઞાન દેના ચઇએ. ચોક ૪

——:o:——

છંદ ૪૭ મો. લંગડી સાદી.

તુંહી તુંહી એક આપ નિરંજન ફકત તેરા આધાર મુજે:॥
તેરે દાસકું ॥ ઊતારો ભવસાગરસે પાર મુજે;
ધુંડત ધુંડત બોત ફીરે નહિ રૂપરંગ દેખાયા મુજે;
જીદર ફીરવાં; દેખા નહિ પ્રીતમ હમારા પાયા મુજે;
કહોજી અબ મે કીધર ઢુંઢું પકડ ઝકડ ગીરાયા મુજે
ડાલી જગતમેં જગતમેં; ફાંસી ગફલતમે અથડાયા મુજે;
દેશ અમારા દુર નહિ તુમ દેશી બેઠે વિસાર મુજે;
તેરે દાસકુ ઉતારો ભવસાગરસેં પાર મુજે ચોક ૧
સાન સીકલ ભુલ ગયે તુમારી, અબ યાદ કછુ ન આતી મુજે
પડી અંધેરી, ગફલત માયા જાળ લપટાતી મુજે
તમતો અમારી મૈયા પડું તેરે પૈયા ક્યું તરસાવી મુજે
દુર નીકાલી; ફેરા લખ ચોર્યાશી ખીલાતી મુજે
ઈદર ઉદર આનાં ઓર જાના બોત દુઃખ સંસાર મુ
તેરે દાસકું ઉતારો ભવસાગરસે પાર મુજે ચોક

બોત પંથમે ફીર ફીર દેખા આતા નહિ વિશ્વાસ મુજે;
અબ મેં બેઠે, લગાઇ ધુની મીલનકી આશ મુજે;
માળા ઝપાકે ધ્યાન લગા તેરે દર્શણુકી હે પ્યાસ મુજે;
ઓઇ બુજાના, અબ તો મત કરીઓ નિરાશ મુજે;
ધર્મધ્યાન તો કછુ કીયા નહિ જાણી લો નાદાર મુજે,
તેરે દાસકુ તારો ભવસાગરસે ॥ ચોક ૩

સચરાચર તુંહી તુંહી હે વ્યાપી અબતો જડી હે ભાળ મુજે,
તુજે ના છોડું, રખો દીલ દયા પીછાની બાળ મુજે,
તમતો સબી ઘટ ઘટમે રમતે, જન્મ મરણુસે ટાળ મુજે,
દેખું ચશ્મોસે, તેરી તસબીરકા દર્શણુ આલ મુજે;
અમીચંદ કહે હાથ જોડી ફીર આપશો ના અવતાર મુજે;
તેરે દાસકુ તારો ભવસાગરસે. ચોક ૪

છંદ ૪૮ મો.

તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુમ, બ્રહ્મા વિષ્ણુ રૂદ્રાણી
તુંમ જળ સ્થળ મેરૂ, મેરૂ ચોદાટબકમેં જાણી તુંમ
નિર્ગુંણુ તમે છો સગુણુ તમે છો માજી તમે, નિરાકાર તુંમ
સોહં સોહં તુમ સોહં તુંમ રચી. માયા સંસારે તુંમ
સ્વર્ગ મૃત્યુ પાતાળ તમે છો સુરજ, નવલખ તારે તુંમ
ચંદ્રવાયુ તુંમ, વાયું તુંમ સઘળે શક્તિ આધારે તુંમ
જમ તમે છો વરૂણુ તૂમે છો ઇંદ્ર તમે ઇંદ્રાણી તુંમ
તુંમ જળસ્થળ મેરૂ. ચોક ૧

ગંગા તમે છો જમના તમે છો તીરથ વહેતાં તાપી તુંમ.
તુંમ, નવસે નવાણું, નવાણું નદી વહેમાં આપી તુંમ.
શેષ તમે છો સાગર તમો છો ખાઓચિયાંમાં વ્યાપી તુંમ.
તુંમ બેઠે નિરાળી, નિરાળી સબ સૃષ્ટીને સ્થાપી તુંમ.
તન તમે છો મન તમે છો શબ્દ તમે નિર્બાણી તુંમ,
તુંમ જળસ્થળમેરૂ. ચોક ૨

સહસ્ત્ર નામે તું છે અંબિકા આરાસુર મતબાળી તુંમ.
તુંહી તુળજા, તુળજા મહાલક્ષ્મી મહાકાળી તુંમ;
નવદુર્ગા તું વાઘેશ્વરી તું ચંદી બહુચર બાળી તુંમ,
તુંહી હીંગળાજ, હીંગળાજ હરસિદ્ધ ચાચરવાળી, તુંમ.
શુભનિશુંભ મહીસાસુર માર્યા દેવે ત્યારે વખાણી તુંમ.
તુંમ જળસ્થળમેરૂ. ચોક ૩

અંત્રિક્ષ તું અંબા અલબેલી સર્વ દૈત સંહારણુ તુંમ,
સર્વ દેવના, દેવના દુઃખ હરી દૈત્ય મારણુ તુંમ,
હાથ જોડી કહે સેવક તમારો, કરો સંકટ દુઃખ નિવારણુ તુંમ,
તુંહી જનુની જનુની શબ સૃષ્ટીને તારણુ તુંમ.
અમીચંદ કહે આવી કંઠપર બોલો મધુરી વાણી તુંમ,
તુંમ જળસ્થળમેરૂ. ચોક ૪

છંદ ૪૯ મો.

તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તો અંમમાં, અંમ સત ગુરૂ
સંગ ફરતે અંમ;

અંમ સતગુરૂ સંગમાં, સંગમાં માજી નામ સમરતે અંમ,
તમતો સૃષ્ટી રચી રહ્યા માં અંમ ભ્રમણામાં ભમતા અંમ.
તુંમ અખંડ નીરજંન, નીરજંન માયા ભેદમાં રમતાં અંમ.
તમતો પુજનીય બેઠે સીંહાસન, અંમ પુજી શીર નમતા અંમ.
તુંમ અખંડ જમેલા; જમેલા અંમ ભુખ્યા નીત્ય જમતા અંમ,
તમતો અમર અખંડઅખ ડા અમતો પલકમે મરતા અંમ.
અંમ સતગુરૂ સંગમાં. ચોક ૧

તુંમતો રકાર મકાર મહામાયા મોક્ષપદને ચ્હાતા અંમ,
તમ સાગર અંમ લહેરા, લહેરા સાગર માંહી શમજાતા અંમ;
હું છોડી તું આપે આપમા માજી માજી મુખ ગાતા અંમ.
તુંમ સોહંશ્વાસા; શ્વાસા ઓહં માહે સમાતા અંમ.
એકવીસ હજાર છસે જાપ જપતા તુંહી તુંહી મા કરતે અંમ
અંમ સતગુરૂ સંગમાં. ચોક ૨

મોજ મજા સંસારની છોડી રમતા આણુંદમાં રહેતા અંમ.
અંમ તમ જાણી જાણી માજી માજી મુખ કહેતા અંમ,
અંમ તમને ઓળખ્યા માજી આપ આપમેં ચેતાં અંમ,
અમ હતા અજાણ્યા, અજાણ્યા પંચમહાભુત કહેવાતા અંમ.

તત્વ તેજમાં તેજ મીલાવું ભ્રમણા ભાંગી ધ્યાન ધરતે અંમ.
અંમ સતગુરૂ સંગમાં. ચોક ૩

તુંમ તુંમ તુંમ તુંમ અમ તો કેતા, અમતમથી નહી જુદા અંમ
એ જુદા જાણુ તો, જાણુંતો પાછા સંસારમાં બુડા અંમ.
અખંડ બ્રહ્માંડમાં તમતો રહેતા પીંડ બ્રહ્માંડથી ઉંડા અંમ;
અમ મીલા તમમાં તમમાં મીલા અંમ હુવા રૂડા અંમ;
અંમ તમમાં મીલા **અમીચંદ** સદા આણંદમાં ફરતે અંમ,
અંમ સતગુરૂ સંગ. ચોક ૪ થો

છંદ. ૫૦ મો.

(ત્રણ કાફીઆની લંગડી.)

કલ્યાણકારી જગ્તઆધારી મા તું હમારી કર પ્રતીપાળ,
તુંતો દયાળી; ક્ષમા કરી પાછી પુત્રની લો સંભાળ.
મતલબ કરી નહી મનમાં ડરી પસ્તાયો ફરી કહો
કરવું કેમ,
માયા ફસાવે, બોલાવી જુઠું વળી મુકાવે નેમ
કઠણ કળી ચુકાવે વળી, માયામાં ભળી જીવ જાએ તેમ.
તું તો બચાવે, જાણીને પુત્ર આણીને મનમાં રહેમ,

ઝુલ.

ગુનેહગાર નુગરા હમે નફટ છઇએ નાદાનજી ॥
પામર પ્રાણી અજ્ઞાન જાણી તે પર રાખો ધ્યાનજી;

નીમીત મુકી સંસારમાં લખીત કીધું પ્રમાણુજી;
વહેવાર રૂપે વરતવું ગુરૂની માનવી સાનજી.

ગઝલ.

ગુરૂ કહે કરો ભક્તિ રાખી આણી મનમાં ટેક ॥
ત્રીગુણ માયા આદ્યશકિત બ્રમ્હ રૂપ એક ॥
જળ ભરી કુંભ મુકો એકઠા અનેક ॥
પડે પ્રતીબીંબ સરખો સુર્યનો વિવેક ॥
ભુલા ના ભટકો ગુરૂનો ફટકો લગાવે ચટકો મુરખ
બાળ, તુંતો દયાળી;
ક્ષમા કરી પાછી પુત્રની લો સંભાળ. ચોક ૧
જકતપતી શું કહું અતિ ભગવતી કરૂં મા તારૂં રટણ
ભવજળ સાગર, ઉતરવું પાર વિકટ છે ઘણું કઠણ
ગંદી કાયા ફસાવે માયા કાંઇ ભુલે ડાહ્યા બહુ કરી મથન,
અલ્પ મતી હું મુર્ખને પુત્ર જાણી મા કરો જતંન ॥

ગુરૂ.

અજ્ઞાની અભણ હું ન જાણું શાસ્ત્ર ભેદજી ॥
જ્ઞાનીને અજ્ઞાન કરી રાખે મનમાં ખેદજી ॥
સાચા ગુરૂ સંસ્કાર વિના ન સમજે ચારે વેદજી ॥
વેદવિના નહી ભેદ સમજે બાકી વાત લખેદજી ॥

ગઝલ.

તર્ક શક્તિ બાંધી સાંધી જોડી બોલી છંદ ॥
મર્મ ભેદ જાણે નહિતો જાણવા પાખંડ ॥
ભીતર ભીંજી સમજે તો પીંડે સો બ્રહ્માંડ ॥
મુર્ખ ઢુંઢી ઢુંઢી મરે જમ દેવે દંડ ॥
ગુરૂની સંગે, બેઠા ઉમંગે લગાવી રંગે કુમતી ટાળ ॥
તુંતો દયાળી ચોક ર જો
અજર પ્યાલા પી મતબાલા ખુલ ગયે તાલા,
પડે પ્રકાશ ॥
પીંડ બ્રહ્માંડમાં, જોયાતો સર્વાંગે શક્તિનો વાસ ॥
તારી છાયામાં ફરૂં માયામાં છંદ ગાયા મા
તમારી પાસ ॥
નીરભે પત થઇ ઉડી રહી ખીલી કળી
ચંપાની બાસ ॥

ઝુલ.

ભમર ભોગી બાસના છંદ ભોગી ભક્ત જનજી,
સંકટ સહી બેસી રહી માજીમાં રાખી મનજી,
ભાવે ભજી કામ ક્રોધ તજી માજી કરવા પ્રસન્નજી ॥
ચંદીપાઠના છંદ ગાંઉ નવરાતરમાં ચાર દીનજી ॥

ઝુલ.

ભાવી ભક્ત જાણી આણી દયા દીલ ધરો ॥
અપરાધ ગુનો માફ કરી સંકટ હરો ॥

કાયા કષ્ટ કાપી સુખ આપી દુઃખ ઝરો ાા
મૂરખ ઉપર મેહેર લાવી મા દયા કરો ાા
જુવો વીચારી દુઃખ છે ભારી આશા હમારી કરે છે કાળ ાા
તું તો દયાળી ાા ચોક ૩
અરજી સ્વીકારી ખપ્પર ધારી મા તું હમારી આવી મદત,
અંત વખતે, બચાવી લીધો આવી અંબા તેં ઝટ ાા
ભક્તિ કરે નહિ મનમાં ડરે ધ્યાન ધરે અંબાનું હરવખત,
વિપત પડે તો, આવીને મદત કરી મા રાખે પત ાા

ઝુલ.

આકીન એક રાખી રહે ન ભટકે ઠામો ઠામજી ાા
પ્રદક્ષણા ભાંગે મન તણી તો થાએ સિદ્ધ કામજી ાા
મૂલ વસ્તુ મોંઘી ઘણી નહિ મળે ખરચે દામજી.
સત ગુરૂ સમાગમ વિના ન થાએ કહિ આરામજી.

ગઝલ.

ઓગણીસસેં છવીસ સાલથી માં મેં ભક્તિ કરી;
આજી ભાવ મનમાં હું બેસું ધ્યાન ધરી ાા
શ્રોતા વક્તા જંનના લો દુઃખ મા હરી.
પ્રેમ ભક્તિ કરી જાવું ભવ સાગર તરી ાા
વરસ કઠણ મારે ગયું પંચાવન કહે છે અમીચંદ
અંબાના લાલ ાા
તુંતો દયાળી ાા ચોક ૪

છંદ ૫૧ મો. રાહુ ઉપરનો.

ખપર વાળી તું મતબાળી ભદ્રકાળી અંબા ભજુ,
આદ્ય ઇશ્વરી; માગું હું તારી ભક્તિમાં રહું રજું;
તારી ગતી મા સૌથી અતિ ભગવતી ભજેથી સૌ દુઃખજાય;
તારૂં નામતો જગતમાં દુઃખભંજન મા તું કહેવાય.
દૈત્યોને મારી દેવ ઉગારી કહું વારંવારી તારી કૃપાય.
પડે કામ તો; આવે તું એક પલકમાં કરે તું સાહ્ય :॥

ઝુલ.

સર્વ દેવ સ્મરણ કરે પડે વીપત જ્યારે શીવજી,
જગત વંદન મા ઇશ્વરી આવીને આપે ધીરજી;
નરસીંહ રૂપે નરસીંહ શક્તિ નખ વડે લાખ્યા ચીરજી,
હીરણકસ્યપ માર્યો પ્રહલાદને આપી ધીરજી :॥

ગઝલ.

અનેક રૂપ કીધા લીધા દૈતોના મા પ્રાણ;
ચંડમુંડ મારી માર્યો સુંભને મસ્તાન.
પુષ્પ વૃષ્ટિ કરે દેવ ગાંધર્વ કરે ગાન.
કામ પડે સંભારજી કહી થયા અંતર ધ્યાન;
આવશો ફરી અવતાર ધરી ઇશ્વરી દૈત બહુ થશે હજુ॥

આદ્ય ઇશ્વરી ચોક ૧

એવી કલ્યાણી તું'ને વખાણી નથી અજાણી જગમાં જાહેર,
આદ્યભવાની અખંડ તું અગમ અગોચર સઘળે શરીર;
મુનીનું રક્ષણ અસુરનું ભક્ષણ કરી તતક્ષણ આપે તું ધીર;
ઉભી હીમાચલ, આણંદમાં સદા રહો મા ગુણ ગંભીર.

ઝુલ

અજીત માયા તંમ તણી ન જડે કોઇને પારજી;
બ્રહ્મા સરખા ભુલી ગયા ને ભુલ્યા દેવ મોરારજી:॥
મોહીની રૂપમાં મોહી ગયા જોઇ ભીલડી શીવ નિરધારજી:॥
તપસી કંઈ લપસી ગયા તમે જોયા સૌના સારજી:॥

ગઝલ.

મનમાં સમજો તમે અમે બુદ્ધીને આધીન:॥
જેવી બુદ્ધિ આપો તેવા તેમાં રહે છે ચીન્હ:
નીમીતરૂપે ફરીએ હરીએ અમે રાત દીન:
લગામ તારે હાથ બેઠી ઘોડે લાખી જીન,
ખેંચી ખેંચાય તું મારી માયે કરે તે થાયે બેઠી હજુ:॥

આદ્ય ઇશ્વરી. ચોક ૨

દુ:ખ ભંજન મા તું છે નિરંજન કરૂં હું વંદન ઘડી ઘડી;
ખતખત સારી; આવી મા તમને કહે છે પાયે પડી,
આવે દુ:ખી તે થાયે સુખી નહિ રહે ભુખી તારે નામે કદી,
જગત જનુની:॥ ભગતને કાજે આવે મા સીંહે ચઢી:॥

ઝુલ.

અનેક દૈતને માર્યા નામ ધર્યું બહુચર માતજી,
નારીનો તે નર કર્યો સઘળે છે પ્રખ્યાતજી.
આંખ આપી મા અંધને ધન આપ્યું નીરધન જાતજી,
કાળકા અંબા એક છે. નવચંડી બહુચર માતજી;॥

ગઝલ.

માનું ધરી ધ્યાન કરૂં ભક્તિ ભાવે એમ.
કેમ વિસારી આદ્યા બેસો આવો રાખી રહેમ;
મારૂં નથી કોઈ જોઈ વારે ચઢો જેમ.
સીંહે બેસી વહેલા આવો જેમ અવાયે તેમ;
સંકટ સહીએ બેસી મા રહીએ કહો કોને
કહીએ પ્રાણ તજુઃ। આદ્ય ઇશ્વરી ॥ ચોક ૩
કરતા કરમ ન જાણે મરંમ મુકીદે સરમ કુલની મરજાદ
પાપી પ્રાણી, બોલે જુઠું કરે મીથ્યા વિખવાદ;
ુઃખ પડે બેસીને રડે મન સાથે લડે તારો છે બગાડ,
ભજમન માજી; થશે દુઃખ દુર કરો અંબાને યાદઃ॥

ઝુલ.

મન સમજી સ્મરણ કરે ધરે અંબા કેરૂં ધ્યાનજી;
અણ સમજણ અજ્ઞાનથી રહ્યો માયામાં મસ્તાનજી;
પડયું દુઃખ પીંડ ઉપરે ભૂલી ગયો સઘળું ભાનજી;
ધરી ધ્યાન તારૂં રહયો તારે નામે છે કલ્યાણજી.

ગઝલ.

દયાળુ દયા લાવી આવી કીરપા મા કરો.
આધાર મારે એક તારા નામનો ખરો;
સેવક જાણી આણી દયા દુઃખમાં જરો;
કહે છે **અમીચંદ** માજી તારો આસરો;
રાખો ટેક મારે માજી એક, નથી અનેક
મે ભજ્યા હજુ આદ્ય ઇશ્વરી ચોક ૪

૭૬ પર મો.

ત્રણ કાફીઆની લંગડી.

સમજ શાણા મન તું દિવાના, હજી ન જાણ્યા માજી દ્વાર
જગકર્તાને, ભૂલે કેમ હજી સમર તું કરી વિચાર.
ભૂલી ગયો, ગર્ભમાં રહયો, સંકટ સહયો નવ માસ લગી,
કોઇ નહી તારૂં, માલિક એકઆદ્ય ઇશ્વરી તારી સગી,
બુરી ગતિ, ગર્ભમાં હતી. તપ કરી અતિ નહી જરા ડગી;
કોલ કરી તું આવ્યો બહાર અકલ તારી ગઇ ભાગી.

ઝુલ.

અલ્પ જીવ અજ્ઞાન તું, આવ્યો પતાવવા દેનજી,
તેનો કર વિચાર તુ, કેમ પડે તમને ચેનજી.
મસ્તપણામાં મ્હાલતા જશે દિવસ પડશે રેનજી,
સંશાર સુખ સ્વપ્નું ગણો, પસ્તાશો આવશે ટેનજી.

ગઝલ.

તે માટે સમજી હજી તમે અંબા ધ્યાન ધરો,
ભક્તિ કરે મુક્તિ મળે ભવજળ તરો.
જીવતા જશ માજી નામે સુખે પેટ ભરો.
જગ્ત સ્થાપી ઘટમાં વ્યાપી સઘળે મા ફરો.
કેવી દયાળી થઇ મા વાલી, પયપાન આપી કર્યો ઉપકાર
જગકર્તાને–ચોક ૧

અરજ કરી ધ્યાન ધરી કહું, બહુચરી અંબામાં કરજો સ્હાય
જન્મ આપી તે, છોડાવ્યો ગર્ભવાસથી કરી દયાય.
રંક પશુ, માયામાં ફસું, નહી સમજું કશું, ઓ મારી અંબાય
તારો આસરો, આવીને સંકટ પડે ત્યાં કરજો સ્હાય.

ઝુલ.

કાયા કષ્ટ દુર કરી કરો પોષણ અમારૂં માતજી.
માયા તારી કારમી કરી વસ્તુ અપારજી;
ભ્રમણામાં ભુલી ગયો કરી ગર્ભે હતી વાતજી,
આશ તારા નામની તમે છો માતને તાતજી.

ગઝલ.

અપરાધી પાપી પૂરો હું તો કેવળ અજ્ઞાન,
મૂર્ખ મૂઢ મતિ નથી મારામાં કંઈ ભાન.
એળે ગયો મનખો મારો હું ઘણો નાદાન,
પુત્ર ઉપર મ્હેર કરી આપો મને ભાન.

આપો ભાન, હું ધરૂં ધ્યાન, માનું આશાન, ભજુ વારંવાર
જગકર્તા—ચોક ૨
ધ્યાન ધરી કહું ફરી ફરી, મા મ્હેર કરી મારૂં કામ કરો,
બુદ્ધી બળ દો, આપી જ્ઞાન હાથ મારે શિરે ધરો;
ગુરૂ તમે માન્યા છે અમે, મા આવે સમયે આપી, જ્ઞાન ભરો,
ગુણ સાગર તું સુક્ષ્મ રૂપે સમાઈ સઘળે ફરો.

શ્રુતિ.

અનેક નામે એક તું બેસી રહે આસનજી,
જળસ્થળ મેરૂ પવન રૂપે સમાઈ રહે તનમનજી,
અદ્ભુત લીલા તમતણી, મા થઈ અમપર પ્રસન્નજી,
મેહેર કરી માતુશ્વરી મા આપોને દર્શનજી.

ગઝલ.

લ્હેરી અંબા મ્હેર કરી ભકત તો જાણી,
તન મન ધન આપે મા દયા આણી.
પુત્ર કરી પાસ રાખે, માની મહેરબાની,
ધ્યાન ધરી જ્ઞાન કથો ભલે ભવાની,
સંગત ભલે સારાની મળે, ગુરૂ કરે વળે ઉતરે પાર.
જગકર્તાને ચોક—૩
ગુરૂ શોધ, જઇ લીધો બોધ છોડી ક્રોધ ગુરૂ કહ્યું કરે,
પ્રસન્ન થઈ કહે, આપી બોધ ગુરૂ હાથ શિર પરે ધરે,
પ્રેમરસ પાઈ ધુન લગાઇ મંત્ર બતાઇ આસન પરે,
સોહંમ સાંધો, જપો જાપ અંબાના ભજનથી તરે,

ઝુલ.

માયા માયા સૌ કરે, માયા બે પ્રકારજી,
અસુરી માયા કારમી ખવડાવે આખર મારજી,
દૈવ માયા દાતાર છે ઉતારે શઉને પારજી.
તે માટે પ્રાણી તમે કરજો મન વિચારજી.

ગઝલ.

માયા રાખી માજી સાથે જાણી-એક રૂપ,
ગુણ ગાયા છંદ કર્યો દર્શન અનુપ,
જગત સ્થાપી જનુની તું છે નિરજંન ભુપ,
સચરાચરમાં વાસ તારો સઘળે સ્વરૂપ,
ખોળતા ખોવાયે કોઇને ન પાયે,
અમીચંદ ગાયે માને આધાર,
જગકર્તાને ચોક ૪

છંદ ૫૩ મો.

ઝડપી લંગડી રાહ.

વારે વારે વારૂ મનતુ માન કહ્યું મારૂ,
આ છે ભવ 'તરવાનુ બારૂં.
પસ્તાશો ફરી, ગુરૂ શરણુ રહિ,
જપો જાપ આદ્યઅંબાનું ધ્યાન ધરી.

જીવતું જોની જાગી જોગી ભોગી તપસી ત્યાગી
ગયા રાગીને વૈરાગી છોડી માયા,
એક પલકમાં, હો ગઇ ખાખ પડી કંચન કાયા
મુરખ માને મારૂં અંત કાળે નહિ તારૂં
લાગે પામરને પ્યારૂં સંસાર આયા
ફોકટ ફેરા, ફર્યો તું લક્ષ ચોર્યાશી ભટકાયા

ગઝલ.

મનસા દેહ ભોગો મુલ તેને કેમ કરે ધુળ.
માયા કાયા કારમી કુલાઈ ફરે ફુલ.
કુલાઇ ફરે ફુલ, કુલાઇ ફરે ફુલ
ભમર ભોગી બાસ લેતા બીડાય કમળ ફુલ.

ઝુલ.

સંસાર સુખ સ્વપ્નું ગણું, અજ્ઞાની જાણું સારજી.
સુતવીત દારા મુકી જવું, કંઇ કરને મન વિચારજી.
તું તો સમજી લે વિચારી, હું તો કહું છું વારંવારી.
તારા મનમાં તું ધારી, હવે બેસ ડરી, ગુરૂશરણ રહી. ચો. ૧
ભમરો કમળમાં ઘેરાઇ પછી રહયો પસ્તાઇ.
જીવડો ગયો જુગ માંહી ફર્યો ચોર્યાસી.
રહયો ગરભમાં પડયો બહાર પડી ગફલત માયા ફાંસી.
ભજતું માતાનું નામ કર આત્માનું કામ.
મમતા મુકી દે તમામ થાય સુખ વાસી.
મટે ચોર્યાસી, સમજ મન નહિ તો થાસે તારી હાંસી.

ગઝલ.

સાર માજી નામનો મેં દીઠો જગમાંય
દુઃખ તળે સુખ મળે ભજીલો અંબાએ,
ભજીલો અંબાએ ભજીલો અંબાએ,
સંશય મનનો કાઢી નાખો સંસે જગને ખાય

ઝુલ

કરતાનું કર્યું કો ન ઉઠાપે, પામે નહિ કોઇ પારજી,
અનંત જુગ એમ વહી ગયા નહિ જડયો કોઇને સારજી,
સંસે મનનો તાળો પીઓ સતગુરૂનો પ્યાલો
ઢાલ માજી નામની ઝાલો શીર ગુરૂ કરી, ગુરૂ શરણુ રહી ચો. ૨
તું તો સમજ પામર પ્રાણી અનુભવ અંતર આણી.
સાચી અંબા લો જાણી એ છે ત્રિપુરારી દુનિયા સારી,
ભજન બીન કંઇ નર ગયે મનખો હારી.
જાયું તે તો જાસે, નામ રૂપ ગુણનો નાસે,
બીજા ગયા તેમ જાસે ચાલો વીચારી,
કોટી કલ્પથી છે જન્મ મરણુ અવતાર ધારી

ગઝલ.

આ સ્વપ્ના જેવું સુખ, સાને શાણું માનો;
ફસાઇ ફંદમાં ફાંસી ખાઇને; મીથ્યા મત તાણો
મીથ્યા મત તાણો મીથ્યા મત તાણો
આદ્ય અંબાની ગહન ગતી કોઇએ ન જાણો

ઝુલ.

ફોકટ ફંદમાં ફસાઇ રહી. ફરે લક્ષ ચોરાશી મંહીજી
જ્ઞાન કઠો ગુરૂ સંગ રહી. મુક્તિ થાએ તહીજી
દુઃખ સુખ સ્વપ્ના માંહી થાય. જીવ ભ્રમણાથી ભોળવાય
જાગે જોતાં જુઠું થાય. પસ્તાસો ફરી ગુરૂ સરણ રહી.
ચોક ૩

શરીર વાદળની છે છાયા નથી કોઇની અમર કાયા.
તજે દેવ સરખા ડાહયા કંઇ સોગી પડે. જુવો બળી સુત,
બાણાસુર કૃષ્ણુજીની સાથે લડે
ભલા ભીષ્મપિતા સુરા. કર્યા પાંડવે જુધ પુરા.
થયા અરજુનથી ચકચુરા રથે કૃષ્ણ ચડે.
રાવળ રામે રોળી બાળી લંકા અયોધ્યા ખડે.

ગઝલ.

ચેત મન ચેત માજી. ભજો ગુરૂ સંગ.
મમતા ત્યાગી થાઓ રાગી. રહો સદા ઉમગ.
રહો સદા ઉમગ, રહો સદા ઉમંગ.
પડી કાયા તુટી દોરી ઉડ ચલા પતંગ.

ઝુલ.

કાળ કેરી ઝાળ જબરી, હુંકૃતી કરો ત્યાગજી.
મમતા મારો મન તણી, પડી કાયા જલાદે આગજી,
તમે સાંભળો શીવલાલભાઇ, અમીચંદ બોલે આહી,
સામા બેઠા અંબા માઇ, ભગત જશે તરી
ગુરૂ સરણ રહી. ચોક ૪

છંદ ૫૪ મો.

વારે વારે વારૂ. એ રાહ

લંગડી

સમરૂં શ્વાસો શ્વાસ, માજી પુરો મારી આશ
મને તારો છે વિશ્વાસ, ભવજળ તારો. પાર ઉતારો.
કઠણુ પંથ બીકટ મારગ, સૌથી ન્યારો;
માયાનું મંડાણુ, નથી રહેતું અમને ભાન.
ધરી જનમ્યો હતો ધ્યાન તે ગયો ભૂલી, મોજમઝામાં
ગયો ફસાઇ રહયો હીંચોળે ઝુલી.
ન જાણી અગમ વાત, રમ્યો જુવાની સ્ત્રીઆ સાથ;
સ્વપ્ને ભોગવી રાજપાટ, મન ગયું કુલી,
જાગી જોતાં ભાસે જુઠું બાદશાહી ગઇ ડુલી

ગઝલ.

વીચારી જોને જીવ તારી, શી ગતી થશે;
જમીન જોરૂ જર મુકી એકલો જશે,
એકલો જસે, એકલો જશે,
કાયા તારી પડી રહેશે સંગે ના થશે.

ઝુલ.

કોટી કલ્પથી સુખ દુઃખ ભોગવે, ન થાયે જીવ તરપતજી;
વીષય વાસના દ્વાર નર્કનું, તું સમજી લેને ઝટજી.

ઉત્તમ આવ્યો મનશા દેહ, તેને ઓળખીને તું લે,
જમને ગુરૂ શરણુ તું રહે કંઇ વિચારો પાર ઉતારો.
કઠણુ પંથ વીકટ મારગ સૌથી ન્યારો ચો. ૧
ગાડી ઘોડે બેસી ફરો, નહી પાપ કરતા ડરો,
ક્યાંથી ભવજળ તમે તરો, જુઓ વીચારી,
દુનીયા સારી, ધરો ધ્યાન કામ ક્રોધ મમતા મારી,
નારી ધનમાં જીવ લપટાવે તારી સંગે નહી કોય આવે,
મીથ્યા ભુલી જીવ ભટકાવે, વારંમવારી,
લક્ષ ચોરાશી ફરશે તું જશે તારો મનખો હારી,

ગઝલ.

અનંત ભવ કીધા પ્રાણી, વેઠી ઘણું દુઃખ,
જનમ મરણ કઠણ વખત સ્વપ્નું જાણો સુખ,
સ્વપ્નું જાણો સુખ, સ્વપ્નું જાણો સુખ,
સુક્ષ્મ રૂપે સમાઇ રહયો હતો માની કુખ.

ઝુલ.

નવ માસ ગર્ભે રહયો, ધરી ઉંધે મસ્તક ધ્યાનજી,
દુઃખ અનંતા ભોગવી; જનમ્યો કે ભુલ્યો ભાનજી,
માયામાં લલચાઇ ગયો જીવડા ફસાઈ બુદ્ધિ આપો અંબામાઇ
આશરો તારો, પાર ઉતારો; કઠણ પંથ બીકટ મારગ.
સૌથી ન્યારો ચોક ૨
સ્વાતી બુંદને ચાતક ચહાય, તેવા પ્રેમે ભજો અંબાય;
મેઘ વરસે મલ્હાર ગાય, તેવા થઈ જાવો લીન, ગુરૂ સંગ રહી.

થાવો સજ જ્ઞાન ઘોડા પર લાખી જીન;
લઇ ક્ષમા ખડગ તત્કાળ બાંધી ધીરજની ઢાલ,
લઇ સત સુરાની ચાલ; આ ભક્તના ચિન્હ,
ભજન ભડાકે ઉડાવો કામ ક્રોધ તો મીલે ખાવીન.

ગઝલ.

પ્રેમની લાખી પાખર બખ્તર બુદ્ધિનું તું આપ,
બાંધ્યો ફેંટો કરૂણાનો હોલાય તનનાં તાપ,
હોલાય તનનાં તાપ. હોલાય તનનાં તાપ,
દીન દયાળુ દયા કરજો જપાય તારા જાપ.

ઝુલ.

ગુરૂ થઇ જ્ઞાન આપજો નથી કંઇ આધારજી,
આધાર તારા નામનો ઉતારો હમને પારજી,
સર્વે રૂપમાં સરખો થાય, પોતે પોતામાં ઓળખાય,
જીવ દશા ભુલી જાય, કરો સુધારો;
પાર ઉતારો કઠણ પંથ બીકટ મારગ સૌથી ન્યારો ચોક ૩
વીચારે પ્રાણી પોતે ગયો જન્મારો જોતે,
તોએ હજી તું ગોતે, જુવો વીચારી ભ્રમણા ભાંગી,
જોની તું રમી રહયો ઘટમાં તારી;
મૃગ ભમે છે બન બનમાં રહે છે કસ્તુરી તો તનમાં,
ખબર વીના ભટકે રણમાં; તપે જુવો ધારી, તનમાં તપાસી
ગણી સમાન મુકો તારી મારી.

ગઝલ.

હું મારૂં પાપ મુલ મને ફ્કાવે છે ધુળ
પ્રીતમ રહે છે પાસ મને સુઝે નહી બીલકુલ;
સુઝે નહી બીલકુલ, સુઝે નહી બીલકુલ
ભક્તિ ભાવે છંદ ગાયા ભાગ્ય ગયું ખુલ

ગુલ.

માજીના પ્રતાપથી મલી વસ્તુ મુજને સારજી;
શ્વાસો શ્વાસ સ્મરણ કરૂં ઉતારો બેડો પારજી
કાપી કર્મ કરો ચુરા બાકી નહી રહે કંઇ અધુરા
માજી ભક્ત **અમીચંદ** પુરા કેહેવાય તારો;
પાર ઉતારો, કઠણ પંથ બીકટ મારગ સૌથી ન્યારો ચાલ ૪

છંદ ૫૫ મો.

સીકસતો લાવણી એ રાહ)

સુણુ મેરી માતા, ભક્તનકી વાતા, તેરા ગુણુ ગાતા, જબસુખ પાતા
અંબે દયાળી, બહુચરબાળી, કર રખેવાળી તું જુગદાતા
પેરી મા સાડી, બેઠા મા ગાદી દોલત જાદી તેરા હું બાલે,
પકડકે આયે ચોરોકું, લાએ તુંજે દીલાએ કરકે સવાલે.
કામે હે ક્રાધે લોભોકું સોધે મુજેના હોધે લાયાહુ ઝાલે;
મોહમદ આગે દેખકે ભાગે જાવેગા ભાગે અબ તુમ સમાલે,

સબી તોફાને કરતે હેરાને મુકાતે ધાને જાપ જપાતા
અંબે દયાળી બહુચર બાળી કર રખેવાળી તું જુગદાતા. ચો. ૧
ચોરોશે હારે હુવે નાચારે કરકે પોકારે અંબામાં,
કેહુ ઝટપટસે આવો મુઝે બચાવો ચોરોકુ સાવો બતાતે મેંહુ;
લોભેહે ખુરે, કામી અંધ પુરે મોહ મદ હજુરે બતાકે દેવું,
ક્રોધ એ ઢેડો લે છે મા કેડો ઉતારો બેડો પારે મા કહુ;
ઓતેરી માયા કાચી હે કાયા પાલવ સાયા ધાન લગાતા,
અંબે દયાળી બહુચરબાળી કર રખેવાળી તું જુગદાતા ચો. ૩
આકીન તેરા ઉંવા ન કોઈ મેરા મીંટાડો ફેરા લખચોર્યાશી
ભટકકે આયે પાલવ સાહે તીરથ પાયે ગંગા તું કાશી
મેરી તું અંબે માઇ જુગમેં ગવઇયા સરણુમે રહીઆ હું વિશ્વાસી
તુજે સમરતે ધ્યાનજ ધરતે સંસારથી સરતે જાતે મેં નાશી;
ચોરો જે છુટે મુજે તો લુટે કરમ કુટે નહીં સંધાતા,
અંબે દયાળી બહુચરબાળી કર રખેવાળી તું જુગદાતા. ચો. ૩
દોની મા દર્શણુ, થાઓની પરસન કરૂજ સ્મરણુ અંબે તું મેરા;
તેરા મે દાશે, પુરોની આશે પાપજ થાશે પ્રલ્લે હમેરા
ઘટ ઘટ મેં વાપો દરશણુ આપો પાપજ કાપો ચોરાશી ફેરા
તમે બચાવો મદદે આવો દયાજ લાવો ભક્ત તુમેરા;
કહે અમીચંદ માજીકા છંદે રેહતે આનંદે ગુણુ તેરા ગાતા,
અંબે દયાળી બહુચરબાળી કર રખેવાળી તું જુગદાતા ચો. ૪

છંદ ૫૬ મો.

(શીકસ્તાની રાહ ઉપરની)

તું માતા ચંડી દૈતોકી ભીંડી કાઢે નવ ખંડી ખપ્પર ધારી
લઇ ત્રીશુલે મારી મા હુલે નીકાલે મુલે દૈતોકુ મારી;
અંબે દયાળી પાલનવાલી ભદ્રકાળી બડી જોરાવર;
હાથ ઝટકકે દૈતો પટકકે મારી ઝટકકે ઉત્તર ચલીતર;
સ્વરૂપ ધારણુ કર કર મારણુ દૈત સંહારણુ ખપ્પર ભરભર;
આંખોમેં લાલી ફરે મતબાલી બની વિકરાળી લીયા ચારાચર;
ચારા તું ચરતી ખપ્પર ભરતી દઇતોકું હરતી કરી કીલકારી;
લઇ ત્રીશુલે. ચોક ૧

કરી કીકીઆટી અસુરકું ખાતી ફરે મદમાતી કરી મધુપાને,
રૂધીર માંસે ખાકર તપાસે કાયર નાસે જાતે સેતાને;
દૈત્યોકું પ્રાજે કરી રણુ તાજે દેવતાને રાજે આપ્યા તેં માને;
એવી દાતારે જગત સંસારે શક્તિ આધાર છે સહુના પ્રાણે;
નહિ કંઇ અજાણ્યો શક્તિ વિનાનો ઠામજ સુનો,
એ બલીહારી, લઇ ત્રિશુલે ચોક ૨

એવી કૃપાળી અંબે દયાળી લોને સંભાળી આજે મા અમને;
પડયું સંકટે આવોને ઝટે અંત વખતે કહું મા તમને;
સંકટ કાપો ફતેહ આપો તમે માબાપો કયાં જાઉં ભમને,
હવે ના છોડું હાથ મેં જોડું કરમબંધ તોડુ જીતાએ જમને;
ભગત કારણુ દૈતોકું મારણુ ભવજળ તારણુ લે તું ઉગારી
લઇ ત્રીશુળે ચોક ૩

નામનિરંજન બેઠે સીંહાસન સબ દુઃખ ભંજન કરે તું પલમે,
જસ અપાવે તું મારી માએ લાગું હું પાએ ધારી અકલમે,
રાખું આકીને બોલો હસીને અંબા ભજીને તરૂં ભવ જળમેં,
કે ડાહ્યાલાલે છંદ વિસાળે કહી ચુનીલાલે બેઠે ડંગલમે,
લગાવી ધુની **અમીચંદ** ગુણી કહે છે તજું નહિ ભક્તિ તમારી
લઇ ત્રીશુલે ચોક ૪

છંદ ૫૭ મો.

ત્રણ ઠાકીયાની ખડી–રાહ.

આએ આસો માસ આનંદ ઉલ્લાશ દરશનકી આસ અંબા તારી
નવરાત્રી નવ મળી શક્તિ સર્વ દૈત્યોકા ગર્વ ઉતારનારી.
હીલ મીલ મનસુબો કરે આનંદમાં ફરે ધરે શોભતા સણુગાર,
પાઉમે પેજન નાકોમે નથન ચમકે છે રત્ન કરે છે ઝમકાર,
ગળેમે હાલ મોતનકી, માળ કાનોમે ઝાલ શોભે છે અપાર
ઓઢી કસબી સાલ, ચાલે હંસકી ચાલ અહો અહો સવાલ
બોલે છે અપાર.

ફેકતો.

આવી અંબાજી સણુગાર શોળે; સર્વ શકતી મળી જે ટોળે
અહો અહો શબ્દ મુખથી બોલે, ચાચર ચોકમાં ચાલી,
દેતીમાં તાળી કાળી ખપ્પરવાળી, નવરાત્રી નવ મળી
શકતી સર્વ, ચોક ૧

આવી માતા અન્નપૂર્ણા, તેમાં શી મણા, વેણુ વાગે મુખપર;
હીંગળાજ આજ ખુબ સજી સાજ વાજીંત્ર, વાગે છે પાંઉ ઝાંઝર,
સાચી દેવીસંગ શીતળા ઉમંગ ઉડાતી રંગહાથમે છે ખપ્પર
શીકોત્રા માત હરસીધ સાથ દૈત્યોકા દાટ વાળે છે જબર

ફેકતો.

આશાપુરી તરપના ભવાની; ત્રણ લોકમાં તુંને વખાણી,
તારી માયા કોઇએ ન જાણી. મળી દેવી સઉ આતી;
ગરબા ગાતી રાતી અંખીય તારી, નવરાત્રી નવ મળી
શક્તિ સર્વ ચોક ૨

આચર ચોકમાં આવે, ધુન મચાવે ભાવે મુખથી ગાતી,
વાજે વાજીંત્ર સંગ વેણુ ઉપંગ બાજે મૃદંગ ફરે હરખાતી,
ફરે માજી કુદડી પસીને ભુડી પલ્લી ચુંદડી જાતી,
થાતી મગન બોલે વચન ગાયે રાગ રાગણુ ફરે મદમાતી.

ફેકતો.

થઇ સૌને આનંદની હેલી, ગાય ગરબો અંબા અલબેલી,
ભક્ત મદદ તું આવજે વહેલી, હાથો હાથ લે તાળી,
બહુચરબાળી વાલી અંબા મારી, નવરાત્રી નવ મળી,
શક્તિ સર્વ ચોક ૩

સીંહ ફરે થઇ થઇકારે વેણુ લલકારે જક્ત આધારે,
શોભા થઇ મનમુલે, કરગરી કહું હાથ જોડી રહું,

તારૂ નામ લઉં નહી જાઉં ભુલે ગરબા ગાઈ રહી થાનકે.
ગેહ તહીંથી બીલકુલે, મારા કાપો પાપ, સબુદ્ધિ આપ,
તારા જપું જાપ, કરો કબુલે.

ફેકતો.

તું સૌની માજી છે વાલી, અંબામાં તું બહુચરબાલી,
જગત માયામાં મોહિની દાલી; અમીચંદ કહે ધરૂમાત,
સમરૂ કરૂ, આશા તારી, નવરાત્રી નવ મળી શક્તિ. ચોક ૧

છંદ ૫૮ મો.

તુંજે નમું ચરણ, આયા શરણ, વિઘ્ન હરણ કરદાલો તુમ
તુંજે નમું આજ, રખો મેરી લાજ સિદ્ધ કરો કાજ દુખટાળો તુમ
આયા તેરે ધામ, શિદ્ધ કરો કામ મુલકો પર નામ કરતી હે તુમ
ચુની ચમકાર, ગલેમેં હાર, સોળે સણગાર ધરતી હે તુમ
દેખી તેરા મુખ હો જાવે સુખ, મેરે તનકે દુઃખ હરતિ હે તુમ
જપુ તેરા નામ હોવે આરામ, સિદ્ધ કરવા કામ, ફરતિ હે તુમ

ફેકતો.

સિદ્ધ કરો ભગતનકે કાજે, શિઘ્ર શબ્દ રણ તુંહિ બાજે
અસંખ્ય દઇત્ય કરદીએ પ્રાજે
દુશ્મનકુ માર કરતી પોકાર કર ધરી હથીઆર લઇ બાલો તુમ
તુજે નમુ આજ—ચોક ૧

દુશ્મનકુ દુર કીયા ચુર ચુર; અસંખ્ય અસુર માર ગાજી તુમ,
કયા કરૂ બીસ્તાર, નહી આવે પાર; બનકર અસ્વાર ધાઈ
માજી તુમ.
શત્રુકુ માર કીઆ તારમ તાર; દેરા મોઝાર, બીરાજી તુમ.
પાએલકા બહાર; ઘુઘરૂ ઘમકાર; સબ સજી સણુગાર મેરી
માજી તુમ.

ફેકતો.

જળહુળ તારી જોત ઝલકતી, દામણી ફુલ અકોટી લળકતી;
દો દંતન પર ચુની ચળકતી.
તુમ દીન દયાળ કરે પ્રતીપાળ, હું તારો બાળ હાથ ઝાલો તુમ.
તુજે નમુ આજ—ચોક ૨.
સંસાર ખાડેકી ધાર, ઉતારો પાર; માજી હાથ ઝાલી તુમ,
મીથ્યા સંસાર, સબ પરીવાર; કયા કરૂં વિસ્તાર મતબાલી તુમ.
ભાઈબંધ માત, બેહેન તરીઆ તાત નહી આવે સાથ મેરી
વાલી તુમ.
કલજુગમેં આજ, શક્તિકા રાજ સીદ્ધ કરને કાજ મા ચાલી તુમ

ફેકતો.

બાળાપણુ રમતમે ગુમાઇ, ચડા જોબન જુવાની આઇ,
કામ ક્રોધ મમતામે ગુમાઇ;
અબ ધરૂ તેરા ધ્યાન, મુજે મીલે જ્ઞાન, મુજકું આશાન
અબ આલો તુમ. તુજે નમુ આજ—ચોક ૩.

મેરી અંબે માત, જપુ તેરા જાપ; મુજે બુદ્ધિ આપ,કંકાળી તુમ
ચોસેંટકુ પ્રણામ સબકુ વણીમ; રહ્યાં શીષ નામ મતબાલી તુમ.
કરજોડી પાસ, ઉભો તેરો દાસ; પુરો મેરી આશ ખપ્પરવાળી તુમ
હોજા પ્રસન્ન દેના દરશન; મેરા હરબીધન બહુચરબાળી તુમ.

કેકતો.

એક ચીતસેં તેરા ધ્યાન લગાઉં આઠ પહોર તેરા ગુણ ગાઉ,
ભગ્તી કીએ બીન કહાં ફળ પાઉં, કહે અમીચંદ માજીકા છંદ
સદા રહે આનંદ સબ ગાળો તુંમ તુજે નમુ આજ ચોક—૪

પુનેમનો છંદ ૫૩ મો.

(તુજે નમુ ચરણુની રાહ)

મ્હારે આજે ધન પૂનેમનો દિન, સદા કરૂ ભજન ભવજળ તરવા
ભગવતી ભજું, કામ ક્રોધ તજું આવી રહું રજુ, ભક્તિ કરવા
જપી તારૂં નામ, કરૂં પ્રણામ; મને થાય આરામ અંતઃકરણે,
સૌ ભકત સર્વ, ભજે મુકી ગર્વ, માગે જ્ઞાન દ્રવ્ય, લાગી ચરણે,
ગુણી માગે જ્ઞાન તેથી ધરાય ધ્યાન, તેની અરજ કાન સુણી
રાખો ચરણે;
તારો ભવજળ, રહેજે થાય ઉદ્ધાર કહુ વારંવાર લાગી ચરણે,

ફેકતો.

અરજ કરી કહે તારા બાળ. (૨) દયા લાવી મા સુણો સવાલ (૨) બાળકની કરજો પ્રતિપાળ (૨) સુંદર સ્વરૂપ તારી છબી અનુપ, ત્રણ લોકના ભુપ, ભજું દુઃખ હરવા;
ભગવતી ભજું. ચોક ૧

સુણો સવાલ, ઓઢી કસબી શાલ, ગળેમેં હાલ મોતન માળા કર કંકણુહાર, પાયઝુકા બહાર, ઘુઘરૂ ઘમકાર; સુરમા ડાલા. શિર મુગટસાર, કુંડલકા બહાર; શોભા અપાર, ઓઢે દુશાલા; નાકોમેં નથન, રહયા ઝળકી રતન, પાંઉં મ્યાને પેજન, બેઠે
મતબાલ.

ફેકતો.

ધનધન માજી તારી લીલા (૨) ચંપા કેવડા શોભે પીળા (૨) તરેહ તરેહના ફુલજ ખીલ્યા (૨) મા અરજ સુણુ, તારી લાગી ધુન કરૂં ભજન, પાપ ઓસરવા
ભગવતી ભજું.—ચોક ૨

તારા નામની હાલ, ધરી બેઠો હાલ, સુણજો સવાલ; બાળક જાણી, નહીં માંગું સુખ, તમે જાણો દુઃખ, મારી ભાંગો ભુખ, તમે દયા આણી એક ઓળખું આપ, મારા કાપો પાપ, તમે મા બાપ, રહયા પિછાની; ઘટ ઘટમે રમો, તમે સઘળે જમો, ક્યાં ચોજું અમો અજ્ઞાન પ્રાણી.

રેકતો.

સાધુ સંત જંગલમાં રહેતા (૨) સંકટ પડે શરીર પર સ્હેતા(૨)
ધ્યાન ધરી પુર્ણ પદ લેતાં (૨) મારૂ ગજુ નહી; ખરૂ કહું અહીં
જંગલકે મહીં નહીં જાવું ફરવા; ભગવતી ભજું ચોક ૩
હું કેવળ અજ્ઞાન નથી જરા ભાન, શારોડા જ્ઞાન નહીં જાણું સાધન;
પ્રેમ ભકિત કરી, તારૂં ધ્યાન ધરી, કહું ફરી ફરી સોપું તનમન;
વાળી આસન ભજું નિરંજન, મન થઇ પ્રસન્ન દેજો દર્શન;
ચરણનો દાસ, મને રાખો પાસ, તારો વિશ્વાસ મા થાઓ પ્રસન્ન

રેકતો

આશા પુરણ પાડે માજી. (૨) ભકત ભજનમાં રહે છે રાજી (૨)
પ્રસન્ન થઇ મા આપે નિવાજી. (૨) અમીચંદ તો માઇ,
રહયો તમને સ્હાઇ,
નહી જરા લલચાઈ કઇ ગયો ફરવા, ભગવતી ભજુ
કામ કોધ તજું, આવી રહુ રજુ, ભકિત કરવા. ચોક ૪

---:o:---

છંદ ૬૦ મો.

મારી કરો વ્હાર, જગતાધાર સમુદ્ર સંસાર,
પાર ઉતારો; નથી જરા સૂખ, દીઠું દુઃખ દુઃખ,
બાળકની રૂપ તમે વિચારો. બાળપણે શુદ્ધ,
જરા ન્હોતી બુદ્ધ માના થાનમાં દુધ,
ભરી કીધું પોષણ, જ્યારે લાગે ભુખ,

ન બોલાય મુખ, ન વેઠાય દુઃખ ત્યારે કરૂં રૂદન
બ્હાર માતા જાય, ઝોળી ભીની થાય
મુતરમાં ન્હાય, સુતા પલ્લે તન;
કોઈ આવી જુવે, કહાડીને લુહે,
પડયો બાળક રૂએ, કરે દુઃખે રૂદન.

ફેકતો.

બાળપણું તો જેમ તેમ જાયે (૨) જુવાનીમાં બુરા હાલ થાએ,
સમજ્યા પછી પુરો પસ્તાયે (૨) ત્યારે માંગે સ્હાય સમરે અંબાય
દયા લાવી ધાય, લાવે આરો નથી જરા સુખ ચોક ૧
સંસારમાં લિન થઇ જાય મલિન, સુખ નથી ક્ષણ સમજો મનમાં
જેવું જુઠુ સ્વપ્ન, સમજીલે મન. આ ફરજંન લપટાય ધનમાં.
રહયો સંસારમાં જોઈ, નથી કોઇનુ કોઇ મુવે બેસે રોઇ પડે કાયા વનમાં
જીવ ચાલ્યો ઝટ, ગયો ઉડી તરત ન કરશો મત જુઠા ફંદમાં.

ફેકતો.

જીવ ગયે નહીં કાયા તારી. (૨) મુરખ માની કહે મારી મારી(૨)
સમજુ પુરૂષ તમે જુઓ વિચારી (૨) મુકી કર્મંકુટ, નહી બોલોજુઠ
પુરે માતા પુઠ ગાને સંભારો; નથી જરા સુખ. ચોક ૨
સૌ ચાલો સત્ય, મુકી અસત્ય સ્હાય કરશે ઝટ અંબા આવી;
સતિયાને સુખ, નથી જરા દુઃખ, સ્મરતાં મુખ, લે બચાવી;
કરે સારા કામ, જપે માનુ નામ, સદા હોય આરામ ભકતો ભાવી;
હોય મંત્ર હાથ, જોઇએ હીયા સાથ, બધા મળે ઠાઠ, લ્હાવે લખાવી.

કીયા પાત્ર જે હોય અધિકારી (૨) ગુરૂ કીલી દે જોઇ સંસ્કારીર ભલી બુરી ન કેવી નઠારી (૨) જ્યાંથી મળે જ્ઞાન ગણી ગુરૂ સમાન ધરી બેસો ધ્યાન, મનને મારો, નથી જરા સુખ. ચોક ૩ મને વિશ્વાસ, પૂરે માજી આશ, સંસારની વાસ, વળગી છે જબર, ન બચે બચાય કરે માલિક સ્હાય છુટીકર્મ જાય,તો તો થઇ જાય સર. છુટવા ઉપાય, મન દયા થાય, શુભદાન દેવાય સમજી ભિત્તર; મુકી મમતા માન એક રૂપ જાણુ ધરી બેસે ધ્યાન; નિરંજન પર.

ફેકતો.

ભજ મન તુંહિ તુંહી આપ નિરંજન, ૨)
સુરતા સાચી વાળી બેસો આસન, (૨)
તદરૂપ થઇ મહી થઇ જાઓ લીન, (૨)
અમીચંદ મથન, કરી કહે કથન,
માજી પ્રસન્ન, કરો સુધારો; નથી જરા સુખ,
દીઠું દુઃખ દુઃખ બાળકની રૂખ; તમે વીચારો ચોક ૪

છંદ ૬૧ મો.

રાહ ત્રણ કાફીઆની ઝીકડી.

છોડી ખટપટ, ભજો અંબા ઝટ, કરશે મદદ ખપ્પરવાળી,
મન રાખી દ્રઢ, બેસો પકડ, એ મુળ થડ લેજો ઝાલી.
તું બડું મસ્તાન, મન સાચું માન, જરા રાખી ભાન, તમે બેસો ઠરી,
ફરી લક્ષ જોજન, ભમી નવ ખંડ, તૃપ્ત મન, નહી થયું ફરી.
આદિ અનાદ, તું કરતા વાદ, મમતાથી નાદ, કરે ક્રોધ કરી,
મરવાથી ડર, નથી થયો અમર, શુકરીત કર, જાવું છે મરી.

ફેકતો.

શરિરમાં મન તું છે વાઘ, (૨) ઝટ પેસી જાય જોઇને લાગ (૨)
નિદ્રા નહિરે અખંડ જાગ(૨)નહી નિદ્રા આહાર તારી ગતી અપાર
માન કરી વિચાર સમરો કાળી, મન રાખી દ્રઢ ચોક ૧
કાયામે જાણુ, જીવનનું રહેઠાણુ, મન આગેવાન; ફરે ચો પાસે,
પહેલા દોડે મન, જીવ કરે પ્રસન્ન કામ, કરે તન; રાખી આશે.
એ જુઠી આશ; આખર નિરાશ; નહીં રહેશે પાસ, એકલો જાશે,
મન લગામ હાથ;વીંધી રાખો નાથ,તારી રહેશે સાથપુરશે આશે.

ફેકતો.

સમજી મન તું સીધું ચાલ (૨) ઘડીકમાં તો થાય છે ન્યાલ (૨)
તેજ વખતે થાય કંગાલ (૨) સમજીને ઠરી બેસ, ધ્યાન ધરી;
મરવાગા ડરી; રહો સત્યે ચાલી, મન રાખી દ્રઢ.—ચોક ૨.
સતગુરૂ સંગ, ખુબ જામ્યો રંગ, બાજે મૃદંગ, માજી લહેલાગી;

માના ગાવા ગુણુ, લાગી રહી ધુન, રહ્યા ભકતસુણુ, ભ્રમણાભાંગી
તે વખત પસ્તાય; મેં કર્યો અન્યાય; માજી કરજો સ્હાય;
કહું મુખ માગી;
તારા વિના નહીં કોઇ વાલી અહીં, માજી કહી થયો હું રાગી

ફેકતો.

માજી અરજ ભક્તની સુણુ (૨) મને લાગી તારા નામની ધુન (૨)
શાસ્ત્ર શબ્દ લઉં છું ચુન ચુન (૨) હોયે માજી મદદ,
મળે કડી ઝટ જોઈતી વખત. કરે રખેવાળી; મન રાખી દ્રઢ—ચોક ૩

મન રાખે વશ, ભાંગે તરત, સૌથી સરસ,
ભક્તિ મોટી ગયા ભક્ત તરિ નહી જનમ્યા ફરી.
ગયા ધ્યાન ધરી નહી વાત ખોટી, પુરે શાસ્ત્ર શાખ,
નહી સંસય રાખ, પ્રેમ પ્યાલા ચાખ,
સદગુરૂ છુટી થાય નિર્મલ મન,
સદા રહે આનંદ; માજી ભજન, હરદમ હોતી.

ભજમન તુંહી તુંહી માજી નામ (૨) વિશ્વાસ રાખ મા કરશે કામ
હરદમ સ્મરતું આઠે જામ. જવું નિર્ધાર છોડી સંસાર
અમીચંદને પાર; લ્યો સંભાળી, મન રાખી દ્રઢ.—ચોક ૪

છંદ ૬૨ મો.

(હરી દુવારકાસે ધાએ ભકત ન ખાતર ડાકોર આએ એ રાહ)

મોટું સુરતમાં છે ધામ, અંબા માતા તારૂં નામ;
કીધો ઘીઆ ફળીએ મુકામ તારી છબી ન્યારી.
દેહરૂ શીખર બંધુ બીરાજે, જમણીબાજુ ગણેશગાજે;
ઘંટા નોબત ઘડીઆળ બાજે સોર ચલા ભારી.
દુનીયા દર્શણુ કરવાને આવે માને ચરણે શીશ નમાવે,
મંમાયા ના ગુણુ ગાવે ખલખત સારી,
ડાબી પાસે બહુચરમાત તમે સાંભળો મારી વાત,
જોડી જોડી કરૂં હાથ વિનતી તારી;
આવે કયાં કયાંના લોકચાલી દરશણુ કરે કઠેરો ઝાલી
મુખડું જુવે નિહાળી નિહાળી તારી બલિહારી;
કરે દરશણુ સારી ખળકે હીરો મુખડા ઉપર ઝળકે,
માના સણુગાર સોળે ચળકે શોભા ભારી;
બાજે પાઉંપાયલ પેજન તારી આખોંમેં અંજન
ચુડો ખલકે ખન ખન ખપ્પર ધારી.
દેહરૂં શીખર બંધુ બીરાજે,—ચોક ૧
કંઠે રત્ન કરે ચમકાર, માણેક મોતીનો છે હાર,
તીલડી શોભે અપરંપાર નાકમેં વાળી,
પેર્યાં કુંડલ કાનો માંહી શીર મુગટમા મણા નહી,
શોભે છુટી લટા રહી નાગણ કાળી;

શીર પર છત્રી છે અણુમુલ ન રહી શોભાની કંઈ ભુલ
ખીલ્યાં તરેહ તરેહનાં ફુલ ભરી ખુબ જાળી,
બાંધી તકતાની છે હાર હાંડી શોભે અપરંપાર,
સળગ્યાં ઝાડનો છે બહાર જુઓ સૌ ન્યાળી,
બ્રાહ્મણ વાંચે ચંડીપાઠ લોકો ઉભા જોડી હાથ,
સૌ સમરે અંબે માત ખલખત સારી.
દેહરૂં શીખર બંધુ બીરાજે. ચોક ર

છુટે ફુવારાની સેહેરો ઠંડી ઠંડી ચાલે લેહેરો,
ભગત ઉભા ઘાલી ઘેરો કરવા દરશને,
મુખડું જોવા ઘડી ઘડી લોકો કરે અડા અડી.
માતા બેઠા સીંહે ચડી થાઓ પ્રસંને;
મુખડે કોટી સુર્યનું તેજ દેખી ઇંદ્રાસન લાજેજ,
માગ્યાં મન વાંછીત આપેજ, કરી પાવને,
આજે ધન મારો અવતાર થયાં દર્શણને;
તું આદ્ય શકિત છે એક કીધો માયામાં વિવેક,
પંથ નીકળ્યાં છે અનેક છાયા તારી,
દેહરૂ શીખર બંધુ બીરાજે.—ચોક ૩

કહું કર જોડી નહી આવે સાથે કોડી,
જવું માયા સર્વ છોડી કહું સત્ય વચન,

માત પીતા બ્હેની ભ્રાત નહી કોઇ આવે મારી સાથ
જોડી જોડી કહું હાથ માજી કરો પાવન,
મરવુ અણચીંતા એકવાર, હું તો છઉં માજી નાદાર
તારા નામનો આધાર, પડયું રહેશે આ તન.
તારી આશાએ જીવ કુદે, તારે નામે કણુ નહી બુડે,
થયું ભાગ્ય મારૂં ઉદે; સદા રહો પ્રસન;
એવી અરજ કરે ભગતન, ઘટ ઘટ આપે નીરંજન,
જોડી બોલે અમાચંદ છંદ લલકારી.
દેહરૂં શીખર બંધુ બીરાજે. ચોક ૧

છંદ. ૬૩ મો.

આદ્ય અંબા જાણી, વેદ વાણીમાં વખાણી એ રાહ.
સતગુરૂ વાણી, એતો ઘટમાં સમાણી,
માતા શારદા ભવાની, બહુચરબાળી;
રહિ કંઠપર કલ્યાણી, આપો અવિચળ વાણી,
જરા નહી રહે અજાણી, રહયો છું ઝાલી.
ગુરૂ ચરણે શીશ, નમી સ્મરે છે હરનિશ;
ગુરૂ કરે છે બક્ષીસ, પ્યાલા પ્રેમના ભરી.
એતો સર્વે હરખે લીધા હેત ભાવ કરીને પીધા,
મંત્ર ભણી આશિશ દીધા, જાઓ જગતમાં તરી.

ગુરૂ બતાવે છે જ્ઞાન, તમે સર્વે ધરો ધ્યાન,
કરો આત્મનું કલ્યાણ, થાકયા ફરી ફરી;
પુરૂષ પ્રકૃતિ કહેવાય, એકના અનેક થાય,
આદ્ય શક્તિ છે અંબાય, ફરે ખપ્પર ધરી.

ફૈકતો.

સુણ દેવી તેં દયા કરી ભક્તનપર કરતી છાયા,
સુણ દેવી તારા ગુણ ગાએથી નીર્મળ થાય છે કાયા,
સુણ દેવી તારી અઘોરગતિ મા પાર જરા નહી પાયા,
હાલ સાચું માને. મારૂં કરી મત તાણે,
મરતી વખત જુઠું જાણે, પડે કંટાણી,
રહી કંઠ પર કલ્યાણી ચોક ૧

તે પર કહું દષ્ટાંત, ગુણી સાંભળી લ્યો કાન,
છુટે શબ્દોના બાણ, લાગે ભિત્તર,
ઉ[illegible] નદી તીર, તરસે પિલાયે શરિર.
કયાં તો સુકાયું હોય નિર, હોય આળસુ અગર.
બેઠો બેઠો વિચાર કરે, મનની અંદર.
નહી કલ્પતરૂ બાવળીઓ, કયાં તો ભાગ્યનો નહી
બળીઓ, સાચો સંજોગ ન મળીઓ, સમજો ભિત્તર,

ફૈકતો.

સુણ દેવી મળે સદગુરૂ સેવે ન મળ્યું ચેલાને જ્ઞાને;
સુણ દેવી એ ચેલો મુઢ કે ગુરૂ હોય અજ્ઞાને;

સુણ દેવી મળે સદગુરૂ સમજે સાચો ચેલો તો શાને,
ભકિત કરતા ભય દુઃખ આવે, તોએ ધીરજ લાવે,
હીંમત રાખે તે ફળ પાવે, સ્મરે કાળી.
રહી કંઠપર કલ્યાણી ચોક ૨

ચિંતામણી જાણી, લઇને બેઠો એક પ્રાણી
તોય ચિંતા ન ઓલાણી, નહી એ ચિંતામણી,
પરખ્યા વિના લીધો પહાણો, વગર સમજે મત તાણો,
ખરી વસ્તુ પિછાણો. મળે આપ ધણી.
મળ્યું ધન ન વાપરી કોડી, બેઠો દમડી દમડી જોડી,
મુકી જવાનો છોડી, જેવી હોય કરણી;
કયાં તો ભાગ્ય કોઇનું ભળ્યું ખોટી કમાણીનું રળ્યું,
અગર હરામનું મળ્યું, બનવાની બની.

ફેકતો.

સુણ દેવી અમરત પીધું પણ અમર થયો ન પ્રાણી,
સુણ દેવી કયાં તો ભુલ્યો નહી પીવાની જુકિત જાણી,
સુણ દેવી નહી ગયું મુખ કે પીવામાં આવ્યું પાણી.
મરમ કરમ ભકિત જાણી, ભેદ વિના ધુળ ધાણી,
મળે સાચા ગુરૂ જ્ઞાની લે સંભાળી;
રહી કંઠપર કલ્યાણી; ચોક ૩

ગુરૂ કરે સાન. ચેલો સમજી ધરે ધ્યાન,
મુર્ખ કરે અભિમાન. નહી દીલમાં ડરે;
ગુરૂદેવથી અધિક, ગણી ચાલે ચેલો ઠીક
જાય જમરાયની બીક, ભવજળ તરે.

મંત્ર સાથે ક્રીયા જાણે, હોય સરોડા જ્ઞાને,
મુળ વસ્તુ પિછાણે, દીલ અંદરે.
ઘાટ કંચનના અનેક, ભાંગી ભ્રમણા ગણે એક,
ગાળે કંચન છેકા છેક, શકિત સચરાચરે.

ફેકતો.

સુણ દેવી તું બ્રહ્મ જગતમાં રચી માયા સંસારે,
સુણ દેવી તમે કર્તા છો અકર્તા સૌથી છે ન્યારે;
સુણ દેવી છો પાસે દેખે કોઇ દુર ભ્રમણુતા ભારે.
મારા મનનું સમાધાન માજી ભજતાં થયું જ્ઞાન,
અમીચંદ પર રાખી ધ્યાન, લ્યો સંભાળી;
રહી કંઠપર કલ્યાણી, આપો અવિચળ વાણી જરા
નહી રહે અજાણી રહયો છુ ઝાલી. ચોક ૪

છંદ ૬૪ મો.

રાહ ઉપરનો.

આદ્ય અંબા જાણી, વેદવાણીમા વખાણી; માએ માયા ફેલાણી,
ખપર ઝાલી; પુરી દેવતાની આશ; કરે દૈત્યોનો નાશ
રાખે ભક્તનને પાસ; કરે રખેવાળી; રોળ્યું દૈત્ય દળ તારૂં અપાર બળ,
તમે વસો હિમાચળ; અંતર જામી; કહુ ભગવતી,
તારી અઘોર ગતિ, શુધ કરો મતી, કહું શિરનામી,
તારા અનેક નામ, કર્યા તેવા કામ; કીધો રણમાં સંગ્રામ,
નહી રહી ખામી; દેવ કરે વખાણ; તોડે શત્રુના નામ કંઇ
પડે સેતાન દૈત્ય હરામી.

ફેકતો.

સુણદેવી દૈત્ય દળ રોળી ને પરાજય કીધું,
સુણદેવી કરી સુરાપાન ચંડમુંડનું રૂધિર પીધું,
સુણદેવી શત્રુને મારી રાજ ઇંદ્રને દીધું,
કરી શત્રુ સંહાર માજી કરે તારંતાર, તારી લીલા અપાર,
ફરે મતવાલી; પુરે દેવતાની આશ ચોક ૧

ઉઠયો ઓહંકાર, તારી લીલા અપાર, રચી પલમે સંસાર,
તું રહી ન્યારી, ત્રિગુણાતમાં ફેલઇ, વસ્યા ઘટ ઘટ માંહી
નવખંડમાં દુવાઇ ફરે છે તારી, લીધું તમે રૂપ, કીધું મોહિની
સ્વરૂપ, તારી છબી અનુપ. જાઉ બલીહારી, શુંભ ની શુંભનો નાશ.
કરી વર્તાવ્યો ત્રાસ, કોઇ આવે નહી પાસ, ખપ્પર ધારી.

ફેકતો

સુણદેવી તું સહસ્ત્ર હાથ કરી રૂપ ધરે વિકાળે,
સુણદેવી માર્યો રક્ત બીજ રણમાંહે મારીને ફાળે,
સુણદેવી કંઇ રોળ્યા દૈત્ય રણમાંહી આણીને કાળે
એવી તું કૃપાળી, માર્યા દઇત્યો ઝાલી ઝાલી,
કરી દેવની રખવાળી, તું નીરીયાળી. પુરે દેવતાની આશ.
ચોક ૨

કળીયુગ વ્યાપો પૂર, તમે માર્યો ભેંસાસુર, કરી શત્રુ,
ચુર ચુર, નાંખ્યા પટકી,
ક્રોધ બની વિકાળ, ગળે મસ્તકની માળ, મારી શત્રુ
પર ફાળ, રણ હાથ ઝટકી.

રણમાં ફરી ઉભા હાસ, કરવા શત્રુનો નાશ કોઇ આવે
ન પાસ જાય છે છટકી,
જોઇ સ્વરૂપ તારૂં ડરે, કાળ ખાઇને તે મરે, માજી સદા
ખપ્પર ભરે, લગ રહી ચટકી.

ફેકતો.

સુણુદેવી તેં મારી દઇત્ય, બહુચરી નામ મા ધર્યું,
સુણુદેવી તમે આપી રાજ દેવતાનું કારજ કર્યું,
સુણુદેવી તમે શરણાંગતને સ્હાય કરી દુઃખ હર્યું
એવી તું દાતાર, માજી કહું હું વારંવાર, તારી લીલા,
અપાર, કહું ક કાળી. પૂરે દેવતાની આશ ચોક—૩
રચ્યો તે સંસાર, તારી માયા છે અપાર,
મને તારો આધાર, કહું પાયે પડી,
શિર ગાજે મારે તું, પાય પડી કહું હું,
સદા ભક્તિ કરૂં છું, મા ઘડી ઘડી.
સંકટ મારૂ કાપો, મને પુત્ર કરી સ્થાપો,
માગ્યા મન વાંચ્છિત આપો, આવો સિંહે ચડી;
જયારે જપુ તારૂં નામ, તમે કરો મારૂં કામ,
તારે નામે આરામ, જપુ કડી કડી.

ફેકતો.

સુણુ દેવી સંસાર પાર ઉતરવું છે મા અમને;
સુણુ દેવી જન્મ મરણનું દુઃખ કહું મા તમને.

સુણુ દેવી મને ભય લાગે, ફરી લક્ષ ચોર્યાસી ભમને
ટાળો તેનો ભયે, હાથ જોડી સેવક કહે,
અમીચંદને લાગી લ્હે, માને રહયો ઝાલી;
પુરે દેવતાની આશ, કરે દઇત્યનો નાશ,
રાખી ભકતોને પાસ, કરે રખેવાળી. ચોક ૪.

છંદ ૬૫ મો. રાહુ ઉપરનો.

છે સત નામ, સ્થિર બેસી એક ઠામ;
જાપ જપું આઠે જામ, આસનવાળી;
ખુબ ઝામ્યો છે રંગ, કામ ક્રોધ આવે સંગ,
તેની ગતિ કરો ભંગ, લ્યો સંભાળી.
અનાદિથી શત્રુ આવે, લક્ષ ચોર્યાસી ભટકાવે,
તોયે ભૂલી જીવ જાયે, કોઇ સાન કરો;
રહયો કર્મથી બંધાઇ, છુટવા જાય છે પસ્તાઇ
પાછો પડે છે લપટાઈ, સૌ ધ્યાન ધરો.
તમે સર્વ દેશીજન, કરો એકનું ભજન,
સોંપી તન મન ધન. સંસાર તરો;
તે તો ખરો છે સ્વદેશ, આતો આવ્યા છો પ્રદેશ
જેવો નાટકનો વેશ, તમે જોવા ફરો.

ફેકતો.

સુણુદેવી સંસાર રૂપી નાટક કરે ગુલતાને,
સુણુ દેવી જો ગુરૂ મળે તો સેજે થાય પીછાને,

સુણદેવી ન પડે ભાન અજ્ઞાની જીવ શું જાણે.
માનો એટલું સુખ બાકી છે દુઃખ દુઃખ કહુ
પોકારીને મુખ, પાડું તાળી; ખુબ જામ્યો છે ચોક ૧
જાણે પ્રાણી સહુ, મોક્ષ જવા રાજી બહુ.
માર્ગ ખોલતાં જીંદગી ખોઉં, કરી શિરપટક;
તેં કારમી માયા રચી જીવ ઘાલ્યા ખચી ખચી,
કોઇ જાય વીરલો બચી, તે જાય છટક.
કોણ જીવ મોક્ષ જાય, જેને માલિકની સ્હાય,
કરી ભક્તિ છંદ ગાય, મન રાખી અટક.
જેવી છંદની કહેણી, તેવી રાખે પોતે રહેણી
ધ્યાન ધરી તુ લેની, મન રાખી અટક.

ફેકતો.

સુણદેવી નિર્મળ મન રાખી દુર કરો ઉપાધિ
સુણદેવી ઉપાધિથી વળગે છે આધિ વ્યાધિ
સુણદેવી કરી પદમા આસન બેસો ચોઘડિયું સાંધી,
લઇ ગુરૂજ્ઞાન, તમે ધરોને ધ્યાન, છોડો મનનું અભિમાન
સદા ભયટાળી, ખુબ ઝામ્યો ચોક. ૨
ગુરૂકા વચન કોઈનું દુખાવુ નહી મન,
કરી ભાવે ભજન ચાલો સત રીતે;
કરો પરમાર્થ કામ, પંચવિષય તમામ,
છોડી કરી બેસો ઠામ, રાખી પ્રીતે.

સઉ ધરી બેસો ધ્યાન; ગણી સરવેને સમાન;
ઓળખી આત્મજ્ઞાન ઇંદ્રિજીતે;ત્યારે જાયે દીલના ડાઘ;
છોડાય સંસારના રાગ; મનથી કરી બેસે ત્યાગ, રાખી ચિતે

૨ કતો.

સુણુદેવી જીવ આવી પડયો પરદેશ ગયો ફસાઈ,
સુણુદેવી મહાજાલ છે કાળ ગયો ઘેરાઇ.
સુણુદેવી હવે મારે જવું સ્વદેશ બતાવો કાંઇ
આતો દેશી આડા આવે, મને મમતે ચડાવે,
પોતે પડે ને પડાવે રહું તમને ઝાલી; ખુબ ઝાસ્યો. ચો. ૩
મેં તો દીઠું અહીં આ દુઃખ; વેદ વાણીમાં છે સુખ;
સમજે ભાંગે મનની ભુખ; કહું કરજોડી;
જયારે મનનો સંશય જાય, ત્યારે એક રૂપે થાય,
પોતે પોતામાં ઓળખાય, જાય કરમ તોડી;
મનની માની માયા બાકી જુઠી છે આ કાયા રૂપઅરૂપમાં સમાયા
મળી જાય દોડી;ગુરૂ કુંચી આપે જયારે પલમાં કામ થાયતારે
સહેજે થઇ જાય નહાલે ઓદ્ધારે રહે માયા છોડી;

રેકતો.

સુણુદેવી ત્યાં અખંડ જયોત ઝળકી રહી છે અપારે.
ગુણુદેવી ત્યાં સદા સુખ છે નથી દુઃખ લગારે.
સુણુદેવી વેદ શાસ્ત્ર પુરે છે શાખ કરી પોકારે.
જે પ્રાણી ચાલે સત્ય; તેને મુક્તિ મળે ઝટ;

અમીચંદની રાખે પત, સીધો જાય ચાલી;
ખુબ ઝામ્યો રંગ; કામ ક્રોધ આવે સંગ;
તેની ગતિ કરો ભંગ; દયો સંભાળી ચોક-૪

છંદ ૬૬ મો.

છોકરો અશુદ્ધ બોલે તે માતા શુદ્ધ કરીને માનેછે તે
વિશેનો છંદ.

જનમ્યો ત્યાંથી જાણું છઉં જે માતા કરે પોષણુ,
બાળકનું તંન, મંન છે માધન; પુત્ર ઝોલીમાં રડતો જાણી
માતા કરે વિચાર, આવી ધવડાવે આપે આધાર,
દુઃખથી રડે તો ઓસડ પાઇને સુખી કરે હોંશિઆર;
બોલી ન જાણે બાળક લગાર, બાળ સમસ્યામાં સમજે
માતા વરતે પુત્રનું મંન; બાળકનું તનમન છે માધન ચો-૧
જરા સમજણુ પડે બાળકને બોલવાનું મન કરે
બાબો કરી રોટલીમાં ચિત્ત ધરે; મંમં કહીને ભાત
માગતો પાણીને ભુ કરે; સમજી મા ખવડાવી પેટ ભરે,
કાલુ ઘેલુ બોલે પુત્ર જોઈ, માતા રહે છે મગન. બાળકનું
તન મન છે મા ધન ચોક ૨
એ તો માતા સંસારની કહીએ તમે માતા જગતંન
મટાવો ફેરો આવાગમંન; ભક્તિ કરી ધ્યાન ધરી છંદ
ગાવું રાખી માજીમાં મન; પરસંન થઇ આપો તમો

દર્શણ, આણંદ આણંદ મારા અંગમાં વાધે આવું તમારે
ભાવન બાળકનું તંન મંન છે ધન ચોક ૩

માફ માગી મા કહું છું તમને સાંભળે સૌ ભગતન
છંદ સાંભળી થાય મગન અશુદ્ધ વચન પડયો કાનો
માત્ર હોય સમજે તમારૂ મન, શુદ્ધ માની કરી લેજો
પાવન મારૂં બોલવું સમજોતમે મા કહે છે અમીચંદ
બાળકનું તન મન છે મા ધન ચોક ૪

છંદ ૬૭ મો. રાહ ઉપરનો.

આવો અંબા અલબેલા વહેલા મા મને વિસારો કેમ,
ઘટે નહી તમને માજી એમ કાંઈક ભક્તની લાજ રાખીમા
કરી સ્વરૂપ ધારણ રચવાં સૃષ્ટિને કારણ,
આપ નિરંજન નિરાકાર સર્વ દૈત્વ સંહારણ,
એવા તમે છોજી જગત તારણ,
નમું તમારે ચરણ સરણમાં રાખો આણીને પ્રેમ,
ઘટે નહી તમને માજી એમ. ચોક ૧

ત્રણ ગુણ ત્રણ સ્વરૂપ તમો છો જોગ મઈયા જુગદાતા,
તેરા ગુણ એક ચિતસે ગાતા, પિતા જગ્ત કે શિવજી
ભોળા ડમરૂ બજાતા,
તમે જનુની જવાળા માતા,
હું અલ્પ આયુષનો ધણી કરી મેર દ્રષ્ટી રાખો મા રહેમ,
ઘટે નહી તમને માજી એમ, ચોક ૨

નઠારો પણ તારો કહેવાચો, પુરો આશ માહારી, મારા અવગુણ દો વીશારી; છઉં તમારો દાસ આશમાં મને મોટી તારી. તમે જગતનકે આધારી, હું મુંઢ મતી અજ્ઞાન ભાન મને પડતું જશે જેમ જેમ, ઘટે નહી તમને.
માજી એમ ચોક. ૩.

વ્યાધી માયા દેગંબર તું મારી, સઘળે ફેલાઇ, ફીરે તેરી નવખંડમે દુવાઇ, પરભવની જોઇ કરણી. વીધાત્રા લખે કર્મોને માંહી. આવી તે ભોગવું જુગમાઇ, અમીચંદ કહે ચાલીશ હવે તમે બુદ્ધી આપશો તેમ, ઘટે નહી તમને માજી એમ. ચો. ૪.

છંદ ૬૮ મો.

(રાહ ઉપર પ્રમાણે.)

આવો આવોરે માજી સીંહપર બેસી કરવા સેવકને સાહ્ય વીનય કરી વિનવું અંબેમાય, આજ આણંદ મારા મનમાં વાધ્યો. આવ્યો તમારે દ્વાર, મદદ દો કહું છું વારંવાર, કંઠ ઉપર રહી સાહય કરજો બુદ્ધિ તણા દાતાર મળે મને શાસ્ત્ર ભેદનો સાર લુણ વિના અન્ન ફીકું હોય, તેમ ભેદ વિના છંદ થાએ, વિનય કરી વિનવું અંબેમાય
ચોક ૧

બુદ્ધિ બળ દો કંઠ વચનમાં તમે દીન દયાળ આવી હરઘડી લેજો સંભાળ, આધી વ્યાધી સંસારના વળગ્યા

પડી માયાની જાળ; અરજ કરી કહે છે તમારો બાળ; મન વાંછીત ફળ સદા આપજો. આવ્યા વિઘ્ન દુર થાય;
વિનય કરી વિનવું અંબા માય. ચોક ૨
દ્વાપુરમાં કૃષ્ણે સમર્યા વૈરાટ નગરની માંહી. અભિમાન પણવા બેઠો તહી; અંબા માતાએ પૂછ્યું કૃષ્ણને, કેમ સમર્યાં અહીં; ઓત્રા અભિમાનને દેખે નહિ માયા કરી માએ આંખ દુખાવી, અભિમાન ઓત્રાની ત્યાંય;
વિનય કરી વિનવું અંબા માય. ચોક ૩
ઓત્રા અભિમાન નજરે જોતતો, યુદ્ધે ચડતે નહિ; કૃષ્ણને દમતે જીવતો રહી, કળાકરી માએ માર્યો અભિમાન કોઠા જુદ્ધને મહિ અનેક દૈત માર્યા કૃષ્ણ સંગ રહી; અર્માચંદ કહે દીન દયાળી સમરેથીં સુખ થાય,
વિનય કરી વિનવું અંબા માય. ચોક ૪

છંદ ૬૯ મો. રાહ ઉપર પ્રમાણે.

ગરજ વિના જઇ ગુરૂ કરેથી, જ્ઞાન નહિ આવડે, ભાવ વિના ભકિત ભેદ ના જડે; પ્રેમ વિના નહી નેમ રહે ભાઇ, કોઈ કાળે ના પળે, ચપળ ચિત્ત જોતામાં તો ચળે, અકંવીના જે રાત તણું હોય, તીમ્રતા ના ટળે, વરસે મેઘ છીપ બુંદ ના ગળે, સીંધુ છીપ હોયે સ્વાતી નક્ષત્રમાં, મોતિ પાકે બુંદ પડે, ભાવ વિના ભકિત ભેદ ન જડે. ચોક ૧

શોધ વીના નહી જ્ઞાન બોધ થાય અજ્ઞાનતા નહી ટળે, કર્મબીજ ત્યાં સુધી ના બળે; મારી કુટીને માળે ચઢાવો, તેમાં કામ શું વળે, સિંધુ નીર કાપે નાવ જ્યારે ચલે, ગુરૂ મળેથી જ્ઞાન આવડે, બંકનાળપર ચઢે;
ભાવ વીના ભક્તિ ભેદ ના જડે. ચોક ૨

સાચા ગુરૂથી જ્ઞાન આવડે દુષ્ટતા તેની ટળે; પાપ કોટી જન્મો કેરા બળે. લોહ પારસની સંગતી થએથી હેમ થઈ હેમમાં ભળે ચીંતા મણી ચડયો હાથ સૌ મળે, પોત રંગમાં કસર એકની નહી તો રંગ ખુબ ચડે;
ભાવ વિના ભક્તિ ભેદ ના જડે. ચોક ૩

કામધેનું હોય ઘેર પોતાને મન કામના કરે, અનુભવી આત્મ દોષને હરે; ટેક રાખી એક માજી સમરે; મુકે હાથ શિર પરે; **અમીચંદ** ભક્તિ ભાવે છંદ કરે પ્રેમ ભક્તિથી જાયે વીમાને વાગતે નગારે ચડે;
ભાવ વિના ભક્તિ ભેદ ના જડે. ચોક ૪

છંદ ૭૦ મો.

(પ્રથમ નમું ગણપતી એ રાહ)

અંબા મા મારી વારે ધાજો; આજ જમકી ફોજા છુટી,
લેશે જીવ જાશે જમ લુટી.

ધન દોલત સઉ માલ ખજાના રેસે જુગમાઇ,
એકલા જાઉં આખર ભાઇ.
માત પિતા સઉ કુટુંબ કબીલો રેહેશે હાંનો હાંઇ,
આવે નહી સંગ સાથે કાંઇ, આખર વખત અળગા
સઉ રેહેશે; કેહેશે અદલ ખુટી લેશે જીવ. ચોક ૧

પડે દુઃખ તે શહેશે જીવડો ટગમગ સહુ જોસે; બેઠા
દુસકે સગાં રોશે, વહાલાં સગા વીમાસી બેઠા કરમે દઇ
દોશે, પડયો જીવ બોલાયે નહી મોસે, હોંસ કોસ જશે
ઉંડી પલકમાં રહેશે કાયા સુતી. લેશે જીવ. ચોક ૨

અંબામાં તારી ગેંગટ ન્યારી, ખબર નહી પડતી કોય
થી ન થાય તારી ગતી આખર વખત અળગા ના રેશો
માતા મારી શકિત, કરી ભકતી માગુ મુકતી; અણુચીંતા
હલકારા આવશે. અદલકી દોરી તુંટી લેશે. ચોક ૩

માયા છોડી જીવ જાશે કાયાને દેશે સર્વ બાળી નહી
કોઇ ત્યાં જીવનો વાલી. વાહારે ધાજો અંબા અલબેલી,
લેજો સંભારી, **અમીચંદ** કહે તુંહી તુંહી વાલી કાયા નગરી
ગગરા પાણીકી જાયે જેમ કુટી, લેશે જીવ જાશે. ચોક ૪

છંદ ૭૧ મો.

રાહ ઉપરનો.

છુટા નાભીથી વાઘ પકડમન ઘોડા કીયા પેયમાલ,
પડે જીવ સવાર લે ગયે કાળ

મન ઘોડે ઘણું કઠણુ બેસવું લગામ હોયજો હાથ
ગુરૂ સંગ રાખી વળાવું સાથ
ધીરજ ઢાલ રાખી માજી સ્મરવા જુહા ન કરવા ઠાઠ
ગુરૂ કહે ન ભીડવી કોઇથી બાથ.
ઉબાણુ પેસી અધબિચ ફસાવું કોણ લેશે સંભાળ,
પડે જીવ સવાર ચોક ૧

મન ઘોડો, ખવડાવે માર એ તો ભટકે ઠામો ઠામ,
કલ્પના કરી કરે એ કામ
જુઠી કલ્પના મનની રચેલી સાચું માજીનું નામ,
સ્મરતાં આવી કરે મા કામ
સિદ્ધ કામ કરો જ્ઞાન ઘોડો લો ખુબ બેસી જાય તાલ,
પડે જીવ સવાર ચોક ૨

જ્ઞાન રૂપી ઘોડો ગુરૂદ્વારે ભક્ત લઇને ફરે
મારે કાળ ફેરા ભક્ત નહિ ડરે.
મન મારી વશ કરી પલકમાં ફોડ ચડે ભિત્તરે
સાંધી સુરતા ચિંત તો ઠરે.
સ્વગુણ નિર્ગુણ સંશય તળિઆ તુટ ગઇ મહાજાળ
પડે જીવ સવાર ચોક ૩

ઓહં સોહંમ ઉવા એકઠા છુટ ગયા ફંદા,
ઉસબીચ ભુવા મન બંદા,
ગેબી ધુન લાગી રહી ગગનમે નિર્ગુણ નિર્ભય ઝુંડા

નિરંતર પુરણ આનંદા
ભેદ અભેદ કછું નહી **અમીચંદ** માજી મદદ હુવે ન્હાલ
પડે જીવ સવાર ચોક ૪

છંદ ૭૨ મો.

પ્લેગ રૂપી તાવનો છંદ.

સંવત ૧૯૬૦ માં ઘણી પ્લેગના જોરથી મરકી થતી હતી, તે વખતે શાંતીનો છંદ બનાવી માજીની સ્તુતી કરી હતી તે છંદ

પ્રથમ નમું ગણુપતી, માત સરસ્વતીના ધરતા ધ્યાન એ રાહ.

ચોગરદંમ મા વન્હી લાગ્યો વચ્ચે તમારા બાળ, મદદ કરી લેજો માજી સંભાળ, ઝવાળારૂપી શકિત તમારી શાન્તિ કરી સમાવ. પ્લેગ રૂપી નામ ધરાવ્યું તાવ; નામ તાવ પણ કાળ જીવનો ત્યાં થકી બચાવ, કરૂણા લાવી માજી તું આવ પીંખાઈ જાએ જેમ માળો પક્ષીનો તેવા થશે હવાલ; મદદ કરી લેજો માજી સંભાળ;
ચોક ૧.

કહાં જાઉં ને કહું કોહને નથી જરા આધાર; કયા વાડ જોશો નહી લગાર, હજી નથી મારે કહેવું પડયું, મા મનમાં કરી વિચાર આવ્યા દુર કર્યા વિગન અપાર મારી ફીકર હસે ઘણી તમને, હું ના સમજુ બાળ, મદદ કરી લેજો માજી સંભાળ. ચોક ૨.

અલ્પ મતી મારો જીવ અધીરો, તેથી ના રહેવે ધીર, તું તો મારી માતા ગુણ ગંભીર, સંસાર દુઃખનો દરીઓ વહે, મા નેત્રે ચાલે નીર સુખનું સ્વપ્નું જુઠું શરીર સુખ સાતામાં લેજો ઉપાડી જાણ્ી તમારો બાળ મદત કરી લેજો માજી સંભાળ. ચોક ૩.

આપ્યા સુખ સદા કાયમ રાખજો, માગે તમારો દાસ, મુકી સુખ આવું તમારી પાસ; નકકી મારૂં ધાર્યું કરશો મને તારો વીશ્વાસ, **અમીચંદ** શમરે સ્વાશમ શ્વાસ, શાન્તી કરો શેહેર સુરત દુઃખી ઓગણીસે સાઠને સાલ, મદદ કરી લેજો માજી સંભાળ. ચોક ૪.

છંદ ૭૩ મો.

(અંબામાં તારૂ દર્શણ દુર્લભ એ રાહ)

નીરમળ નામ અંબા મા તમારૂં ધ્યાન ધરૂ મા લેજો સલામ શક્તિ રૂપે તમે જ્યાં જ્યાં વસો છો ત્યાં ત્યાં તમને કરૂ પ્રણામ નમું નિરાકાર ઇચ્છા શકિતને બ્રહ્મા વિષ્ણુ શંકર ત્રીગુણ નમું હોમ શબ્દ ધુન ધુન કર જ્યાં શક્તિ છે સુનમાં સુન; નમું જમ ઈંદ્રમાં શક્તિ પાણીમાં છે રાજા વરૂણ, તે શકિતથી રાજ ભોગવે હરનીશ ગાય અંબાના ગુણ,નમું શકિતથી સૃષ્ટી રચી તમે કંઈક ભગતના કીધા કામ, શકિત રૂપે તમે જ્યાં જ્યાં વસો છો ત્યાં ત્યાં તમને કરૂ પ્રણામ ચોક ૧

નમુ શક્તિ રૂપે તું જ્યાં છે, નમુ શક્તિથી રહયો સંસાર નમું નવદુર્ગા નવખંડ પૃથ્વી, નવ કુલ નાગ કરે કુંકાર; નમું શક્તિ જે શેષ નાગમાં ફેણુ પર પૃથ્વીને ઝીલ્યો ભાર નમું શક્તિથી માર્યા દૈત્યને વિષ્ણુ સંઞતો ધરી અવતાર, તનમાં રમે તું મનમાં રમે તું સઘળે વ્યાપીક ઠામોઠામ, શક્તિ રૂપે તમે જ્યાં જ્યાં વશો છો, ત્યાં ત્યાં તમને કરૂ પ્રણામ ચોક ૨

કળી કાળમાં સાચી, દેવી ચંડીકા ચાચર વાળી નમું નર્મદા ગંગા જમના; તે શક્તિથી જાય ચાલી; નમું ચંદ્ર સુરજમાં શક્તિ કરે દુનીયાની રખેવાળી, નમું નમું નીચો વલી વલીને. અંબામાં બહુચર બાળી. હવે અંતર ન રાખો અંબામાં મારે તારા દર્શનનું કામ. શક્તિ રૂપે તમે જ્યાં જ્યાં વશોછો ત્યાં ત્યાં તમને કરૂં પ્રણામ ચોક. ૩

એક ત્રિશુળ બીજો ઘીનો દીવો ત્યાં તો માજી તમારો વાસ; આજ આનંદ ભેર કરૂં સ્મરણુ મને દરશણુ દો મારી પુરો આશ. તનમનમાં રમ રહી મંમાયા તેરે દરશણુ બીન રહું ઉદાસ, અંબા નામ ભજું મુખ જ્યાં જાઉં ત્યાં કરજોડી કહું તારો દાસ; **અમીચંદ** કહે હાથ જોડી, મને દર્શણુ આપો હાને ઠામ, શક્તિ રૂપે તમે જ્યાં જ્યાં વસો છો, ત્યાં ત્યાં તમને કરૂં પ્રણામ ચોક. ૪

છંદ ૭૪ મો.

(અંબા મા તારૂ દર્ષણ દુલ્લભ, એ રાહ)

કકા થકી કહું છું કરજોડી, બત્રીશ હરફમાં સાતેવાર ખખા ખુસામત કરિ કહું મા, હું રંકને તારો આધાર. ગગા ગણી રવીવારની શોભા જ્યાં દેખું ત્યાં લાલમલાલ ઘઘા ઘણા માણેક મુગટમાં રત્નમણી છે ઝાકઝમાલ નના નારાએણી બેઠી તખતપર, લાલ સાડી પેરી છે રૂપાળ ચચા ચાચરવાળી ચંડીકા ચત્રભુજી ચીંતાને તાળ છછા છાયામાં બેઠો તમારી; હું નીર્ધનીઓ છું. નાચાર. ખખા ખુ સામત. ચોક ૧.

જજા જગત જાણો સોમવારે, રાજી પેરે સફેત સાળુ ઝઝા ઝાળ ઝબુકે મોતી, પુનંમચંદ્ર મુખ રૂપાળું. નના નાના વિધના આભુષણ મંગળનુ છે પરવાળું, ટટા ટેકજ રાખો હમારી સીંધુરીઆ પેર્યો સાળુ. ઠઠા થાનકે આવી માજીએ સેવક સઉ કરે છે નમસ્કાર; ખખા ખુશામત ચો. ૨

ડડા દોડી દુનીઆ સઉ આવે બુધવારના પાના લીલા ઢઢા ધર્યા આભુષણ લીલા, ધન્યભાગ દર્શણ મીલા, ણુઅણુ મુલ પોખરાજ બ્રહસ્પતિ, ગુરૂવારે સાળું પીળાં તતા તમારી લીલા ભરપૂર થથા ઠીક છંદ આનમીલાં; દદા દર્શણ કરૂં માજીના સેવક સહુ કરે નમસ્કાર. ખખા ખુસામત ચોક ૩.

ધધા ધુનમાં બેઠો તમારી મૃદંગ બાજે છે ચોતાલ નના નમું નવદુર્ગામાને પપા પ્રેમથી કરૂં સવાલ, ફફા ફીરે માંની દુવાઇ નવખંડ અંબા માતા દીન દયાળ; બબા બીરાજે હીરો દંતપર શુભ વતા ઝાકઝમાલ. ભભા ભાનું ખીલી રહયો, મમા માના મુખડા ઉપર તેજ અપાર;
ખખા ખુસામત ૪

યયા આદ્ય ભવાની અંબીકા સદા તમારૂ કરૂ સમરણ; રરા રાખો લાજ હમારી. લલા લાગું માજીને ચરણ. વવા વલખું માના દરશણ બીન, છંદ ગાવું નીત્ય નવી ધરણ શશા શનીશ્ચર રાહુ કેતું નવ ગ્રહ કરે માનું સ્મરણ સસા સેવક હયો **અમીચંદ** કે ભગસાગર ઉતારો પાર.
ખખા ખુસામત ૫

છંદ ૭૫ મો.

અંબામાં તારૂ દર્શણ દુર્લભ દર્શણથી દુઃખ ભાંગે છે;
અરજ કરી માને શીશ નમાવું ધન ભાએગ મારૂ આજે છે.
લક્ષચોર્યાશી ફેરા ફરી મનસા અવતાર ધરાવ્યો છે;
ગુલામ તમારો આવ્યો મુસાફર માયામાં લપટાયો છે.
કામ ક્રોધ મોહ મત્સર માયા દુરમતિ પર ધાયો છે.
લોભ લહેર એક નદીઆ વહે છે ઉસમે જીવ ડુબાયો છે.
તુમ બીન પાર ઉતારે કોણ મા ભકતનકે શીર ગાજે છે.
અરજ કરી માને-૧

કોઇ વખત જીવ જાએ ધરમપર માયા પાછી લપટાવે છે

આકીન હમારૂં રેહેતું નથી મારૂ પાપ મને અથડાવે છે.
હવે ઉપાય શું કરૂં માતાજી હમકું કાંઇ બતાવે છે.
ચાકર પેહો ચીંતામાં તુમારો દીલમે બહુ ઘભરાવે છે.
મારી હકીકત સહુ તું જાણે ઘટઘટમાં બીરાજે છે.
અરજ કરી માને-૨

નામ નીરંજન તું દુઃખભંજન, નિર્ધન ને ધન આપે છે;
વાંઝીઆંદોશ વાંઝીઆનો ટાળી તેને ફરજન આપે છે;
ભક્ત કરે મા ભક્તિ તમારી તેને દર્શન આપે છે;
જન્મ જન્મના પાપ નીવારણ એક પલકમાં કાપે છે.
બહુચર બાલી અંબે દયાળી ભકતન કે શીર ગાજે છે.
અરજ કરી માને-૩

મારી હકીકત કહી મંમાયા તુમ બીન કોણ મટાવે છે;
બ્રહ્મા વિષ્ણુ રૂદ્રને કહીએ તે તારા ગુણ ગાએ છે.
સર્વ દેવના દેવ તમો છો તેરા નામકું ધ્યાએ છે.
મહારાજગીર કહે સત્ય શબ્દ તે અમરપદને પાવે છે.
અમીચંદ કહે છંદ બનાવી તારે હાથ મારી લાજે છે.
અરજ કરી માને-૪

છંદ ૭૬ મો. રાહ ઉપરનો.

જુઓ માજી હું કહું તે સાંભળો બહુચર અંબા દીનદયાળ,
સંકટ દુઃખ મારૂ કરો નીવારણ કરજોડી કહું તારો બાળ

ભુલ્યા ભટકતા ફીરૂ જગતમેં છોડી અમેરા દેશ બતન,
તુમબીન મેરા કોઇ નહી વાલી જીવ કાયાકા કરે જતન.
સતસંગત સદબુધ્ધી આપજો કરજોડી કહું સત્ય વચન,
કામ ક્રોધ કબુધ્ધી ટાળજો, નીર્મળ અંગ મારૂ કરજો મન
ઘણું ઘણું શું કહીએ અંબા મા રાખી ફીકર કરજો રખેવાળ
સંકટ દુઃખ—મારૂ ૧

બીજી અરજ એક સુણજો અંબામા રણ સંબધે આયા અહી
બંદગી કરી મારૂં દેણુ મટાવી ઝટ પટસે ફીર જાના નહી.
મુદત બાંધીને આયા જગતમે ઉસ દીનકી મુજે ખબર નહી
કરજોડી મા સવાલ કરૂ માહરા મનનાં મનોરથ પૂરજો સહી
આન અચાનક પડશે કાયા જમ જીવ લઈ જાશે તતકાળ
સંકટ દુઃખ—ચોક ૨

ઉસદીન મેરા બુરા હાલ હે કરજોડી કહુ પાએ પડી,
ઉસખાતર સબુધ્ધી આપજો તુમકુ કયા કહુ ઘડી ઘડી.
ગર્ભ વાસમાં રહી કરીજે વાતો કરીતી બડી બડી,
ખુલ્લા અંધ દુનીયામેં આયા ગફલત માયા જાળ પડી.
તારણ તરણ તુમતો જુગમાતા તેરા નામકી પકડી ઢાળ,
સંકટ દુઃખ—ચોક ૩

હવે માજી મારી ફીકર તમને કરજોડી કહું છું કંગાળ
જશ અપજશ માજી હમે તમને હું અજ્ઞાની તારો બાળ
જેવી તરેહથી બુધ્ધી આપશો તેવી તરેહથી ચાલીશ ચાલ

તારા ભકતની નીંદા કરશે તે નરકે પડશે ચંડાળ.
અમીચંદ કહે છંદ બનાવી કરી કરૂણા સબુદ્ધી આપ,
સંકટ દુઃખ—ચોક ૪

છંદ ૭૭ મો.

જળ બીન તલપે મછલી અંબા મા દરશણબીન તલપે તેમનેન
નેન નીરખસે નખશીખ છબીમાની જબ કાયામાં હોવે ચહેન
ચહેન પડે ચશમોસે દેખે, ચત્રભુજી મા ગુણ ગંભીર;
બીડેભાંગો મ.રી શારદાભવાની, દરશણ બીન નહી રહેતી ધીર
ધીરે ધરે નહી જીવ હમારો. નેત્રેથી વહે ચાલે નીર;
નીર જમનામે તલપે ગોપીકા કૃષ્ણ કદમ લે બેઠે ચીર
ચીર વિના જેમ તલપે ગોપીકા દર્શન બીન તલપે તેમ નેન,
નેન નીરખશે—ચોક ૧

ચેહેન પડે નહી દરદીકું તેમ દરશણ બીન મુજકુંના સુખ;
સુખ સ્મરણ માં રખુ તુમેરા જેમ ભૂખેથી ભાંગો ભુખ.
ભુખ રખુ દર્શણકી તુમારી, નખસીખસે નીરખું માનુ મૂખ;
મુખભરી ચશ્મોસે દેખું, જબ કાયાકા જાવે દુઃખ,
દુઃખ દુર કરો દીન દયાળી, અંધેકું તુમ આપો નેન,
નેન નીરખશે—ચોક ૨

ચેહેન પડે નહી ચાચરવાળી સેવક તમારો કરે ટળવલ;
ટળવલ કરી દરશન માગું, મારી આન અચાનક આવશે અદલ
અદલ આવી જબ પડી રહે કાયા, ઝટપટસે દમચલા નીકલ;

નીકલ ગએ જમ લેગએ બાંધી મનશા અવતાર જશે અફલ
અફલ હોય દરસણુથી સફલ. જેમ અંધેકુ મીલ જાવે નેન
નેન નીરખસેં—ચોક ૩

ચહેન પડે નહી સીતા બીના જેમ રામચંદ્ર રઘુવીર ફીરે;
ફીરે હનુમાન સોધ નીકાલે, કુદી સમુદ્ર લંકામે ગીરે;
ગીરે હનુમાન અશોક વાડીમે, રામનામદે મહાવીરે;
વીર શબ્દ સુણી સીતા માને, તતક્ષણ આવી ધીરે;
ધીર આવી જોઈ રામ મુદ્રીકા, તેમ દર્શણુથી સુખ પામે
નેન નીરખસેં—ચોક ૪

ચહેન પડે નહી તેરા ચાકરકું; લક્ષ ચોરાશીકી ફીકર બડી
બડી હકીગત માજી તમારી, ગફલત માયા જાળ પડી,
પડી કાયા ફીકર લક્ષ ચોર્યાશી, આ ભવ નહી આવે ઘડીઘડી
ઘડી પળકી ખબર તુમકુ, આવો માજી તમે સીંહે ચડી,
ચડી આવો કહે **અમીચંદ** ગા; મહેર દ્રષ્ટીથી મીલાદો નેન
નેન નીરખસે નખશીખ છબી માની જબ કાયામેં હોવે
ચેહેન—૫

છંદ. ૭૮ મો.

રાહ ઉપરનો.

સાચું સ્મરણ અંબામાનું આ સંસાર સઘળો ખોટો,
છે છે છે છે નથી નથીમા જેમ પાણીનો પરપોટો; કાચી કાયા
ઘર ભાડુતી; પંચતત્વનું થયું તૈયાર, જીવ મુસાફર આવી

રહયો મોહી અવધ બાંધીને ધર્યો અવતાર. કાયા શહેરમાં મન સોદાગર પ્રવૃતી નીવૃતી બે નાર, પ્રવૃત્તીના પાંચ પુત્ર કામ ક્રોધ–લોભ–મોહ–મદ નીરધાર. તે પાંચોએ વેપાર કીધો તે વેપારમાં લાગ્યો ટોટો. છે છે છે છે. ચોક ૧

તુટી પેઢી લુટી કાયા નગ્રી, જમડાનું ત્યાં વાધ્યું જોર નાઠી પ્રવૃત્તી નાઠા પુત્ર પાંચ કામ ક્રોધ જે ચોરના ચોર, કરનારા તો ખસી ગયા પણ જીવ બાપડો પડયો અઘોર ચોર કરી જમે બાંધ્યો જીવને માર માર કરી શોરબકોર. પડે મારને રૂદન કરે જીવ નીવૃત્તી સામુ જોતો, છે છે છે છે ચોક ૨

નિવૃત્તી કહે સુણો રાજા પ્રવૃત્તી તમારી ખશી ગઇ; નીવૃતીના પુત્ર ધરયા જે દયા ધરમ હીરદેમેં વસી તપ જપ કરે ધર્મધ્યાન તેને બીજી વાતની ન્યુન્ય કશી; આખર વખતે વેમાન આવ્યું અંત્રા નામસે ગયા બેસી, નીવૃત્તીથી, સ્વર્ગે ગયો જીવ પ્રવૃતીથી રોતોતો, છે છે છે છે ચોક ૩

પ્રવતી મારી દુર કરી નીવતીનો કરાવજો સંગ જોબન જુવાનિ જતી રહેશે જેમ ઉડી જાએ ગુલાબી રંગ મહારાજગીર ગએ ભુખણદાસ તેને જીતી જગતમા કરી સતસંગ, **અમીચંદ કહે** છંદ બનાવી ગીડગીડતાલ બાજે છે મૃદંગ, જનમ લઇ જનુની નહી જણ્યા મીથ્યા અવતાર છે ખોટો. છે છે છે છે ચોક ૪.

છંદ ૭૯ મો.

અનેક નામે અંબા ભજુ, મા મુખથી તજુ તારૂ નામ નહિ, સદા શરણુમેં પાસ રખો મારે તુમ બીન કોઇનું કામ નહી; કાચી કાયા જુઠી માયા કોઇ કોઇનો સંસાર નહી. માત પીતા ભાવબંધ જે પરણી સ્રીનાર નહી. ધન દોલત ઓર માલ ખજાના કોઇ કોઇનો પરીવાર નહી કામ ક્રોધ સઉ તજોને પ્રાણી મન કરવો હુંકાર નહી. ઘટ ઘટ વ્યાપી રહી મંમાયા તેરે બીન સુના ઠામ નહિ; સદા શરણુમેં પાસ. ચોક. ૧

અંબામાં મારી અરજી સ્વીકારો તુમ બીન કોઇ દાતાર નહિ, ધન દોલતના સગાં સંબંધી તેરે બીન કોઇ આધાર નહી. સકળ વ્યાપી રહી મંમાયા તેરા પાયા કોઈ પાર નહી, મુજ બાળકપર કરજો કરૂણા, ફીર આપશો અવતાર નહી બંદગી કરવા આ દેશ આવ્યો, આ કંઇ અમારૂ ગામ નહિ, સદા શરણુમેં—ચોક ૨

મે ગુનેહગાર બંદગીકુ આયા બંદગી તમારી કરી નહી. પુર્વ જન્મને પાપે કરી મા મળી હમારી ફરી નહી, પર નીંદા પરનારી ભોગવી ભકિત માજીની કરી નહી. રાગ તાંનમે જનમ ગુમાયા મારી ગરજ કંઇ સરી નહી. હવે તમારો પાલવ પકડયો છોડું તમારૂં ધામ નહી. સદા સરણુમેં પાસ ચોક ૩

છોરૂં કછોરૂં થાય માતાજી, તુમકુ એમ લાયક નહી. હું તો તમારો ગુલામ કે'વાયો, મને વિસારો છેક નહી, જીવતાં જશ આપો દુનીઆમેં, જાય હમારો ટેક નહી, હાથ જોડી કહુ સેવક તમારો મારે કોઇ અનેક નહિ અમીચંદ કહે છંદ બનાવી ચુકું તમારૂં નામ નહી સદા શરણુમાં ચોક ૪.

છંદ ૮૦ મો

(અંબા મા તારૂ દરશણુ દુલ્લભ એ રાહ).

આજ ફકીરી બસ ગઇ તનમે મનમે ખાખ રમાવીગે ધુની લગાકર બેઠે દંગલમેં અબાસે ધ્યાન લગાવીગે કફની કંઠા શેલી બટવા તનપર નહી શોહાવીંગે, અલેખ જગા કર ફીર બસ્તીમેં ઉસમે નફા નહિ પાવીગે, ધનદોલત ઓર માલ ખજાના ઘર પૃથ્વીપર જાવીગે માત પીતા ઓર કુટુંબ કબીલા સંગ સાથ નહી આવીંગે. તનકે તકીએ મનકે ગલીચા ઘર આસન જમાવીંગે. ધુનિ લગા કર બેઠે દંગલમેં અંબાસે ધ્યાન લગાવીંગે. ૧

જોગી હોકર જંગલો ફીરતે જળજમના તીર નાવીંગે કલકત્તા મદ્રાસ દીલ્લી ઉજ્જનમે અલેખ જગાવીગે કાશી કાશ્મીર કર્ણાટક ફીર ફીર પીછે ઘેર આવીંગે, અમસબ તીરથકું પ્રણામ કરતાં ઉવાંસે શીષ નમાવીંગે. ભેખલીઆ ઓર ટેક રખા નહી જુઠા મુડ મુડાવીંગે; ધુની લગા કર બેઠે દગલમેં અંબાસે ધ્યાન લગાવિંગે; ચોક. ૨

ખાખ લગાઇ ખાખી બાવા ઝોલી ઝુંડાલે જાવિંગે,
ગંગા જમના ગોમતી ગોદાવરી નર્મદા તીર નાવીંગે,
એકદીલ એક ચીતે ભજે તને આ નર એ ફળ પાવીગે,
નીશ્ચે તુંહી તુંહી એક રૂપ નહી ભૂલા મન ભટકાવિંગે
એક લેહ મઇંયા લગી તમારી લક્ષ ચોર્યાસી મીટાવીંગે
ધુની લગા કર બેઠે, દંગલમેં અંબાસે ધ્યાન લગાવીજે
ચોક ૩

ગુરૂ હમારે તુહી ઘટ મ્યાને જ્ઞાનસે ધ્યાન લગાવીગે,
જે કોઇ બીરલા સમજે ગુરૂજ્ઞાન ઓ તેરા ગુણ ગાવીગે
આપ આપસકે મનશે સમજના ઓર કયા સમજાવીંગે,
આખર મરના સબકુ માલમ ભૂલા ફીર પસ્તાવીંગે,
અમીચંદ કહે છંદ બનાવી તેરે નામકી માળા જપાવીંગે
ધુની લગાકર બેઠે દંગલમે અંબાસે ધ્યાન લગાવીગે ચો. ૪

છંદ ૮૧ મો.

(અંબા મા તારૂ દર્ષણ દુલ્લભ, એ રાહ.)

મરવું હક અંબા માતા, મારે સાચું હમારૂ એજ વતન; લશચોર્યાશી ફેરા મીટાવા કરી આવ્યો છું કોલ બચન, લક્ષ ચોરાશી ભટકયો પ્રાણી તાંતો ઘણું જીવ પામ્યો દુઃખ કરગરી કંગાળ બોલ્યો પ્રાણી, ધરમ રાજ બેઠા સન મુખ, હાથ જોડી કે આપો આજ્ઞા મનસા અવતારની મારે

ભુખ, રજા હશે ત્યાં સુધી રહીશું, એટલી હમારી વીચારો રૂખ, હુ તો ગુનેગાર છું તમારો પૃથ્વીપર જઈ કરૂ ભજન લક્ષ ચોરાશી ફેરા મીટાવા કરી આવ્યો છું કોલ બચન ચોક ૧

તે વખત ત્યાં દે છે શીખામણ, સાંભળ જીવતું ધરીને ધ્યાન; મુસાફરી એ ઘણી કઠણ ત્યાં કળજુગ વાગ્યો છે મસતાન. અંધાર પીછાડો નાખ્યો જગતમાં, માયાનું સૌ છે મંડાણ તે થકી ચેત ચેતજ પ્રાણી આગળ થકી તુને કરૂ છું જાણ; સુખઃદુખ જાઓ ભોગવો પૃથ્વીપર એક નામનું કરજો ભજન, લક્ષચોર્યાસી ફેરા મીટાવા કરી આવ્યો છુ કોલ બચન ચોક ૨

નવમાસ ધરી ધ્યાન જનમ્યો બાળાપણુ તો ગયું અજાણ; બની જુવાન ફાંકડો મુસાફર ભર જોબનમાં થયો પેલવાન; કરી દુનીયામાં સહેલ મોટા મોટા મેહેલ ગેલ કરે છે રાગતાન દોલત દુનીયા દેખી ફુલાય પ્રાણી કામ ક્રોધ કરે છે અભીમાન, ચાર દહાડાનું ચાદરણું તેમ ગઈ જુવાની થયું ઘડપણુ, લક્ષ ચોર્યાશી ફેરા મીટાવા કરી આવ્યો છું કોલ બચન ૩

દડમજલ ફોજ છુટી જમની અદલ હુકમદે રાજા ધરમ; પડયો ઘેરો જઇ કાયા ઉપર નત્રસે નાડી પડી નરમ; ટગમગ જુવે સગા ભાઇબંધ ટવળે પ્રાણી નહી પડતી ગમ; કર અટકયા કરામત ઘટી ગઇ દશ દરવાજે પેઠા

જમ. અગમ વાત પેલી સુજી ધ્રુજી જીવ થર થર કાંપે ને કરે રૂદન, લક્ષ ચોર્યાશી ફેરા મીટાવા કરી આવ્યો છું કોલબચન ચોક ૪

પડયો પડયો વીચારે પ્રાણી પડી અંધારી માયા જાળ; આવ્યો છોડવા ને બાંધ્યો ગાંસડો ઉલટું પાપ વળગ્યું જંજાળ, પડયો જીવ અઘોર વીમાસી એટલામાં આવ્યો અંતકાળ અધર ઉઠયા જમ લઇને જીવડાં ત્યાં તેના થયા બુરા હવાલ; તેને નરક કુંડમાં નાખ્યો પ્રાણી પડે દુઃખ ને કરે રૂદન; લક્ષ ચોર્યાશી ફેરા મીટાવા કરી આવ્યો છું કોલ બચન ચોક ૫

નહી જગત જીતાયું કોઈથી પાપી પેટ જુઠી માયા. સ્વાર્થી સૌ સગા દ્રવ્યના ધન દોલતપર કરે ચાયા; પડયું હશે જે જયાં તે ત્હાં રહેશે કુંકી દેશે કંચન કાયા, અમર નામ એક રહેસે જગતમાં માજી નામ જે ગુણગાયા અમરચંદ કહે હાથ જોડી મારા અબામાં થાજો પરશન, લક્ષ ચોંર્યાશી ફેરા મીટાવા કરી આવ્યો છું કોલ બચન ચોક ૬

છંદ ૮૨ મો.

(રાહ ઉપરનો.)

મહા સાગર દરિયા વહે સંસાર રૂપી જાય નીમંળ નીર; બેઠો નાવ કરી એક નામની અંબા ઉતારો પેલે તીર;

ચઢી રેલ લોભ લેહેર નદીની તે અંદરથી ઉતરવું પાર;
કામ ોધ મોહ રૂપી વમળ ફરે, તે અંદરથી તું ઉગાર;
મગર મચ્છ થઇ વળગ્યાં છોકરાં બૈરી સઉ કુટુંબ પરીવાર
જાળ પડી માયાની તુંમારી. તે આગળ સઉ છે નાચાર
પવન રૂપી મા પાપ ડુમાવે, નથી રહેતી છાતીને ધીર,
બેઠો નાવ કરી એક નામની અંબા ઉતારો પેલે તીર.
ચોક ૧.

સુકાન ફરે તેમ મન ફરે મા થઇ રહ્યું ડાલમ ડોલે,
ઘમરી ખાઇ પડશે શડ ભાંગી, ધર્મ ધજા ફરફર બોલે;
જીવ ગભરાઈ અથડાઈ પડશે પૃથ્વી મુકુ શીશ અંબા ખોળે
બુડ બુડ થઇ રહયો જીવડો લોભ લેહેરની વાગે છોળે,
તુ માતા મારી જુગજુગ દાતા અંબા માતા ગુણુ ગંભીર
બેઠો નાવ કરી એક નામની અંબા ઉતારો પેલે તીર ચોક ૨

લઇ મુકોમા દેશ હમારે હું બેઠો તારે વિશ્વાસે,
તુંહી તુંહી કરી કરૂં છું સ્મરણુ તરવાની મારે આશે
કરી મહેર દેશમાં લઇ જાઓ આવવું પરદેશ મીટી જાશે
લક્ષ ચોર્યોશી ભુલા ભટકવું મીટાવ કહે તારો દાશે, ભુલ
પાડી ભટકાવસો નહી મા સદા રાખો મન મારૂં થીર; બેઠો
નાવ કરી એક નામની અંબા ઉતારો પેલે તીર ચોક ૩

સંસાર સમૂદ્રમાં પડયો પૃથ્વી અંબામાં સાંભળજો
સવાલ, ચોગરદમથી ગયો ઘેરાઇ ઉપર પડી માયાની જાળ;
હજી માજી થઇ કૃપા તમારી અંબામાં તું દીન

દયાળ, રાખી નામનો આશરો તારો હું તો બેઠો માત મને ઝાલ, અમીચંદ કે પાર ઉતારો આખર ખાખ થશે શરીર બેઠો નાવ કરી એક નામની અંબા ઉતારો પેલે તીર. ચોક ૪

——:o:——

છંદ ૮૩ મો.

(રાહ ઉપરનો)

ધારી વાત નહી થઈ હમારી મનકી રહી મનમા માજી હુકમ થયો નહી રહયો જાય જીવ જમ પેઠા તનમાં માજી કોડી કોડી ધુન જોડી મેળવું; પ્રપંચ બહુ કરતો માજી, કાવા દાવા કરી જગ્તમા પાપી પેટ ભરતો માંજી. થન થન વાચા ઠગાઈ કરતો દયા નહિ ધરતો માજી, મુરખ મન નહિ સમજો પ્રાણી શીરપર કાળ ફરતો માજી; વણુજ કરી વેપારી બન્યો લપટાયો ધનમાં માજી, હુકમ થયો નહિ રહો જાએ જીવ જમ પેઠા તનમાં માજી, ચોક ૧

મેડી માળીયા બાંધી બેઠે જીવ ગર્વ કરી રહેતો માજી માત પીતા ભાઇબંધ સગા સઉ સાથને એમ કહેતો માજી; ખાએ પીએ ખરચે ધન દોલત સત વાત નહી લેતો માજી; દગલે દગલે પાપ થયું નહી ધરમ દાન દેતો માજી; આજ કાલમાં જીંદગી પુરી થઈ નહી રહ્યું મન સ્મરણુમાં માજી, હુકમ થયો નહિ રહો જાય જીવ જમ પેઠા તનમાં માજી, ચોક ૨

ગયા શ્વાસ સૌ છોડી આશમાં આખર છે મરવું માજી

કર્યાં કર્મ ભોગવવા પૃથ્વીપર ચોરાશી ફરવું માજી; કામ ક્રોધ લોભ મોહ મદ એ પાંચેથી ડરવુ માજી; કઠણ મહા સંસાર સમુદ્ર ભવ સાગર તરવું માજી; ચડયો લશ્કરી લડવા ને તું ઉગારજે રણમાં માજી, હુકમ થયો નહી રહો જાય જીવ જમ પેઠા તનમાં માજી. ચોક ૨

ચાર દિશા ઓર અડશેઠ તીરથ બહુ ભુલા ભટકો માજી આખર પડયો અડબડીઆ ખાઇને કંઠે પ્રાણ અટકો માજી કરે અદલની બદલ નહી છોડી કાયા પ્રાણ છટકો માજી મરણ વેળા મુસ્કેલ અંબા દો જ્ઞાન રૂપી ચટકો માજી **અમીચંદ** કહે હાથ જોડી રહું પ્રસન્ન દરસણમાં માજી હુકમ થયો નહિ રહો જાય જીવ જમ પેઠા તનમાં માજી ચોક ૪

છંદ ૮૪ મો.

(રાહ ઉપર પ્રમાણે.)

ચેત ચેતન ચોબદાર સ્વાર દડ મજલ ફોજ જમકી છુટી; ભજમંન અંબા માત સમર જીવ જમે કાયા નગરી લુટી; શેહેર તમારૂં થયું બેરાને મનરાજા શું કરે વિચાર; ચઢી અણચિંતુ લશ્કર આવ્યું પડયો પડાવ જઇ દશે દુવાર ગેબી ગોળા આવ્યા ઉછળતા કામ ક્રોધ નાઠા અહંકાર; સુર સિપાઈ લગે ભાગને છુપ ગયે નેકી ચોબદાર, પછી જીવ સંકેલવા બેઠો આવી આપણી અદલ ખુટી; ભજ મંન અંબા માત સમર જીવ ચોક ૧

ફત્તેહ થઈ જમ રાજાની જીવ હારી ફરે છે થઇ નિર્બળ ધન માજી એ માયા તમારી ખુબ જુક્તિથી કરી અકકલ; નવસોં નાડી બોતેર કોટડી વ્યાપી રહયું જમનું પાયદલ; જીવ કરે ગભરાઇ મનમુબો જાવું બ્રહ્માંડે થાઉ અવિચલ; નાભી કમળથી છટકયો જીવ તેવો જમ બેઠો કરી મજબુતી; ભજમન અંબા માત સમર ચોક ૨

નાભી કમળથી છટકયો જીવ તેવો જમ બેઠો તે દ્વાર ઘેરી; નથી ગતી બ્રહ્માડે જવાની એ માજી લીલા તેરી; ધમણુ ચાલે જીવ ગભરાયે ચઢ ઉતર કરે ફેરાફેરી. કંઠ આગળ જઈ રહો જીવ, જમે બાંધ્યો જીવને લઈ ઘેરી; નથી ચલણુ ત્યાં આગળ કોઇનુ આવી અદલ દોરી તુટી ભજમન અંબામાત સમર ચોક ૩

કાયા નગરિ હારી ગયો જીવ ધન દોલત રહયાં પૃથ્વી પર; પાપ પુન્ય બે સાથે રહયાં જીવ જમ ચલા ઉચકી અધર; અરે મનડા તુંતો મારા માજી નામનું સ્મરણુ કર; અંતકાળની વખત બુરી મારો સાંભળી જીવ ધ્રુજે થરથર; અમીચંદ કહે જશે જીવ જેમ પીંજરથી ઉડી તુતી; ભજ મન અંબામાતા ચોક ૪

છંદ ૮૫ મો.

(રાહ ઉપરનો)

શમાલ મંન મસ્તાન મેરા દીલ માયામાં કયું ગયો ગલક, અલગ રહેશે તારી કાયા સુતી દેખે તમાસા સારી

અલક, તું તારૂં તપાસ મંન હવે મનસા અવતાર નહિ હસે; સમજી સતગુરૂ સરણે રહેજે અંબા તારી પુરશે આશે અનુભવ સુરજ ઉદે કરે તે સહેજે અંધારૂ મટી જશે; આ અવસર ગયો ફરી નહિ આવે પછી પસ્તાવો પૂરે થશે; જાત જીવની જોઈ નહિ ગયો મનખો હમારો અજી તલક, અલગ રહેશે તારી, ચોક ૧

રત્ન મણી મનુષ્યા દેહ આવ્યો માટે માર્ગ સીધા ચાલો, અમૃત આવ્યું હાથ તમારે તેને ઝડપ પકડી ઝાલો ક્યાંથી આવ્યાને ક્યાં જવું તેની પરખી પ્રીત પુરવ ભાળો. આદ્ય શકતીનું સ્મરણ કરી મે હાથ લીધો પ્રેમનો પ્યાલો; કાયા માયા છે કારમી પડે કાયા જીવ રહે નહી પલક, અલગ રહેશે તારી ચોક ૨

અનુભવ મારા ઉરમાં આવ્યો સુથળ સુક્ષ્મ ભેદ બતલાવ્યો, ઓહં સોહં નાભીથી ઉપડયો, સુનમાં જઇને સમાયો; દુર જાણ્યો તો દેવ હમારો પ્રીતે પાસ મને પરખાવ્યા; ભ્રાન્તી ભાંગી ભેદ ભરપૂર જાણ્યો ગુરૂએ શાનમાં સમજાવ્યો; ઉઘડયો અનુભવ થયું અજવાળું કોટી સુર્ય તેજ રહા ઝળક. અલગ રહેશે તારી ચોક ૩

પ્રેમ પ્યાલો પીધો માજી નામનો કોટી જન્મ કુમતી કાપી; અમર મંત્ર અવીનાશીનો આપી અમર પટો વળી લખી આપી; આણંદભેર મા એ હાથ ઝાલ્યો પૂત્ર કરી

રાખ્યો સ્થાપી,
આવાગમન દુઃખ સેજે મટાડે, સચરાચરણમાં રહિ વ્યાપી
અમીચંદ કહે માજી નામની બાંધી ઢાલ સદા રહે ઢળક
અલગ રહેશે તારી ચોક-૪

છંદ ૮૬ મો.

ગાવું હોય તો ગાઇ લો ભાઇઓ, ભજન કરો સઉ ધ્યાન ધરી
ધ્યાન ધરી કોઇ ગાતું હોય તેમાં તલપ મારી નહિ ગાવું ફરી
ફરી જાય તેની મનની વૃતિ, તેનો તું કંઇ કર વિચાર,
વિચાર કરી વિવેકથી બોલો, કરો સમાગમ ગુરૂ દ્વાર,
ગુરૂ દ્વારની ગુરૂ ગમ ન્યારી; ગુરૂ જ્ઞાને તરીએ પાર,
પાર ઉતારે ભવજળ તારે, મોક્ષ માર્ગ બતલાવે દ્વાર.
દ્વાર દુર છે કઠણુ માર્ગ તપસ્વી મુની રહ્યા ધ્યાન ધરી,
ધ્યાન ધરી ચોક-૧

ફરી હવે હું નથી કહેવાનો, ધરી બેઠા અંબાનું ધ્યાન,
ધ્યાન ધરી છંદ ગાઉં અંબાના, સર્વ જનનું કરે કલ્યાણ
કલ્યાણ થાય આત્માને ઓળખે, તદરૂપ બનીને વર્તે સમાન
સમાન દૃષ્ટિએ સૌને વર્તે, હું મારૂ મુકી અભિમાન.
અભિમાન મુકીને સાંભળો, આદ્ય અંબાનું ધ્યાન ધરી,
ધ્યાન ધરી ચોક-૨

ફરી વખત આવો નહી આવે, બળી ખાખ થાશે આ તન
આ તન મારૂં આ ભવનું છે, મીથ્યા મારૂં કરી માને મન,

મન માર ખવાડે જગતમાં, મારૂં મારૂં કરી મેળવે ધન,
ધન માલ સૌ રહેશે જગતમાં, સાચું ધન માનુ દર્શન
દર્શનથી પ્રસન્ન થાય માજી, ભક્તિ કરો સઉ ધ્યાન ધરી.
ધ્યાન ધરી ચોક—૩
ફરી ફરીને થાકયો આ જીવ, જન્મ મરણનું મોટું દુઃખ
દુ;ખ દરિયામાં ડુબી મુઓ જીવ; નથી જરા સ્વપ્નામાં સુખ
સુખ જુવે જીવ સ્વપ્ના જેવું, જાગે જુઠું ના ભાંગે ભુખ,
ભુખ ન ભાંગી ભવો ભવ ભમ્યો ભજન કરે માનું નીરખ્યું મુખ
મુખ નીરખ્યું **અમીચંદ** કહે શ્વાસોશ્વાસ માનું ધ્યાન કરી
ધ્યાન ધરી ચોક—૪

—:o:—

છંદ ૮૭ મો. રાહ ઉપર પ્રમાણે.

નીરંજન ગુરૂ વિષેનો છંદ.

શિષ્ય કહે શીર નામી સત ગુરૂને એક પ્રાણી એમ કરે ઉચ્ચાર.
માયા રહીત લેપન નહી જેને ગુરૂ કરવા કહે નીરાકાર;
ગુરૂ કહે સાંભળ ચીત્ત ધરી, મારી ટુંક બુદ્ધિ હુ અલ્પ મતિ
સેજ સાધારણ કહું દાખલો જુઓ શાસ્ત્ર નહિ જુઠ રતિ
આદ્ય શક્તિનું સ્મરણ કરી કહુ બુદ્ધિ આપે મારી સરસ્વતિ,
નિરાકારના શિષ્ય કોણ છે સાકારના બતલાવું અતિ,
નીરાકાર નીસ્પત નહિ જેને શું કરવા જન્મે સંસાર,
માયા રહિત લેપન નહિ ચોક—૧

માયા વિના સંસાર નહી, સંસાર વિના નહિ પાર મળે
શિવ બ્રહ્માનાં સાકાર ગુરૂ છે, નારદ ગુરૂ પાર્વતીના ભલે,
વસિષ્ઠ ગુરૂ રામચંદ્રના, ગુરૂ વિના નહિ જ્ઞાન મળે;
સુકદેવે ગુરૂ જનક કર્યો વાલ્મિક સીતાના નહિ ટળે;
નિરાકાર જો ગુરૂ થાત તો, મહાત્મ પૂરૂષ કેમ કરતે વિચાર;
માયા રહીત લેપન નહી. ચોક ૨

મતલબી સંસાર સઘળો, બીન મતલબી કોઇ બતલાવે
મતલબ ત્યાં માયાનો પસારો માયા છોડી કહી નહિ જાવે;
આગે માયા પીછે બ્રહ્મ એમ નીરમળદાસ ભજન ગાવે;
અસુરી માયા દુર કરી દૈવ માયામાં દીલ લલચાવે;
સંશે મનનો કાઢી નાંખવો બીન સંશેથી ઉતરે પાર;
માયા રહીત લેપન નહી, ચોક ૩

સ્વગુરૂનું શોધન શોધી આત્મ જ્ઞાને ધ્યાન ધરો,
ગુરૂ ઉપદેશ લઇ જાપ જપી ને શુદ્ધ દીલથી કીયા કરો;
રૂપ મટી અરૂપમાં ભળશો ગુરૂ જ્ઞાને ભવ જળ તરો;
નીરાકારને ગુરૂ કરી પછી કહો ભજન તમે કોનું કરો;
અમીચંદ કહે પરીબ્રહ્મ પરમેશ્વરી, નિરંજન નીરાકાર;
માયા રહીત લેપન નહી. ચોક ૪.

છંદ ૮૮ મો.

મંગળકારી મંગળવાર છે, સદા મંગળ મા કરતા રહો;
મંગળ મુર્તિ પૂજે સર્વજન, મંમાયા દુઃખ હરતા રહો;
સેવક સાંધે મંગળવાર માં, શુભ કામ સિદ્ધ કરવાને,
મેષરાશીના ગુરૂ મંગળમાં હું તો બેઠા ધ્યાન ધરવાને;
જોગ સાધી ચંદ્ર જોગણી, સદા સંકટ દુઃખ હરવાને
ભવ જલ તારો પાર ઉતારો, મટે ચોર્યાશી ફરવાને;
ધુંન લગાવી બેઠો મા, આવી સેવક પર ધ્યાન ધરતા રહો;
મંગળ મુર્તિ પુંજે સર્વજંન ચોક ૧.
જોગ સાંધવો સહેલો નથી મા, પુર્ણ દ્રષ્ટી જો હોય તારી;
મહેર વિના મારૂં કંઇ ન ચાલે કૃપા કરોકલ્યાણકારી;
સાંધા વાંધા ઘણા આવે મા હું પદમાં કંઇ ગયા હારી;
સેવકજંન સઉ ધ્યાન ધરજો ન કરશો તારી મારી;
સતગુરૂની સંગત કરજો, નુગરાથી સઉ ડરતા રહો;
મંગળ મુર્તિ પુંજે સર્વજંન ચોક ૨
ભક્તિ કરવી ભાવે ભક્ત જંન, કોઇની ન રાખવી દરકાર
સાધન સાધો એ છંદ મંત્ર છે. સુભ મુર્તમાં થયા તઇયાર
એક ચિત્ત સ્થીર સ્થાવર રાખી, સમરી લીધો મા તત્વ સાર
શાસ્ત્ર ભેદ મુકી છંદ ગાઉ, મારો બેડો ઉતારો અંબા પાર;
એક એક મારે તુંહી તુંહી અંબા, રક્ષા કારણ ફરતા રહો;
મંગળ મુર્તિ પુજે સર્વજંન ચોક ૨

મંગળવારે માજીને સમરે, મનમાન્યા સુખ આપે એ,
બાળકને બળ બુદ્ધિ આપે. પુત્ર કરીને સ્થાપે એ;
રીદ્ધિ સિદ્ધિ કરે વંશની વૃદ્ધિ, આવ્યાં સંકટ કાપે એ,
એ કહું તે તુંહી તુંહી અંબા, સચરાચરમાં વાપે એ.
અમીચંદ કહે મંગળ કારી સૌ સત શબ્દ ઓચરતા રહો;
મંગળ મુર્તિ પુજે સર્વ જંન ચોક ૪.

છંદ ૮૯ મો.

રાહ ઉપરનો.

સતગુરૂને ઉપદેશ બતાયા, ચેલા ચેતવણી કર કરલો;
કુથલી છોડી શાર વસ્તુ પકડકર. માજી નામ સમર કરલો
જનમ લીયા જદ કયા લે આયા, કયા જગતંનમે આકર લો
બની સોદાગર આયા જગતમાં કર બંદગી સોદા કર લો
બડી ફજરમેં સ્નાન કરના, માજી નામ ભાવલા કરલો;
ધર્મ ધ્યાન તો સંપત પરહે દયા દાનશે નફા કરલો;
દયા દાન છે સૌથી મોટું કરી હોરત ફર ફર કરલો
કુથલી છોડી શાર વસ્તુ પકડકર માજી નામ સમર કરલો
ચોક ૧

સાત પાંચકુ છોડ ગુરૂકે માજી નામકા ખપ કરલો;
એકી નામસે ભજલો અંબા ધ્યાન ધરી તુમ જપ કરલો
કામ ક્રાધકુ દુર કરી પ્રીર, માજી નામકા ખપ કરલો;

કોઇ નામસે તરો ભવસાગર ગુરૂજ્ઞાન તે ચપ કરલો,
કરમ કુટતા જન્મ જશે ભાઇ, માજી નામ ધ્યાન ધર કરલો
કુથલી છોડી સાર વસ્તુ પકડ કર, માજી નામ સમર કરલો
ચોક ૨.

મારૂં મારૂં શું કરે મુર્ખા, પ્રાણી તુમ ખટપટ કરલો
પાવુ પલકી ખબર નહિ, કરના સુકૃીત ઝટપટ કરલો
ખરી વસ્તું ખપ કરી સંઘરજો, ખોટા સંગ તુંમ મત કરલો
કાયાકા મત રખો ભરોસા, ગુરૂ જ્ઞાન તે અંગત કરલો;
માના સણગારનો પાર ન આવે, મોટી વસ્તુ ધ્યાન ધર કરલો
કુથલી છોડી સાર વસ્તુ પકડકર માજી નામ સમર કરલો
ચોક ૩

કાયા કંચન મન રતન ભાઇ, સમજ દીલમે જતન કરલો
આન પડે સંસાર સમુદ્રમે તીરનેકા તો મથન કરલો,
ફીરો શહેર વસ્તી જંગલોમેં અંબા નામસે રટણ કરલો;
ભલી બુરી બે રહેસે જગતમેં ચેતી ચીત ચેતન કરલો
અમીચંદ કહે છંદ બનાવી અમકુ ચેલા તુમ કર કરલો
કુથલી છોડી શાર વસ્તુ પકડનાર માજી નામ સમર કરલો
ચોક ૪

ભલા શિષ્યની યાદી.

કંઇક માણુસો થોડા ઘણા છંદ શીખી તર્ક બાંધી
જાતે છંદ બનાવી ગાય છે પણ આ શીવલાલભાઈ ઘણા

વરસના જુના અનુભવી છે છતાં એક ટેકથી ગુરૂની વાણી ગુરૂ તરીકે માની તેનીજ વાણી પર ને તેનાજ બનાવેલા છંદ પર પ્રેમ રાખી માજીના છદ ગાતા ત્રીસ અથવા બત્રીસ વરસ થયા પણ પોતાનો ભાવ છે તવોને તેવોજ રાખી તેના તેજ છંદ ગાય છે. પોતામા બનાવવાની સત્તા છે તે ઉપરથી આ નીચે લખેલા છદ બનાવી ગુરૂની વાણી પર ભાવ બતાવ્યા છે તે વિષેનો છંદ એ શિવલાલભાઇ શાંત સ્વભાવના ને ઉદાર મનના હતા સન ૧૯૬૬ ના ભાદરવા વદ ૫ ને શનીવારે માજી શરણ થયા છે.

છંદ ૯૦ મો.

અંબામાં તારૂ દર્શણુ દુર્લભ એ રાહ.

જાતે બનાવી નથી ગાતો મા. ગુરૂની વાણીપર રાખી પ્રેમ;
ગૂરૂ મત્રમાં છંદ માજીના, હરદમ ગાઇ હું રાખું નેમ ટેક
તારા ભક્તની લાજ રાખે તું અનુભવી તારા જાણે ગુણ
શુદ્ધ કરી સમજીને શોધી, છંદમાં શબ્દ રાખે ચુન ચુન
સર્વ શાસ્ત્રનો શાર લઇ તમે કર્યો કામ પર રાખી ધુન
વૈરાગ વિવેકમાં રહી કરી જુવો, ભીત્તરસમજી શુન્યમાંશુન્ય
જાગ્રત સ્વપ્ન શુશુપ્તિ તુરીઆ, ચાર અવસ્થા સમજે જેમ,
ગુરૂ મંત્રમાં ચોક. ૧
ચાળીશ વરસ થયાં ટેક રાખી કરી, ભક્તિઅનુભવ મેળવ્યો સહી
હર નવરાતર આસો મહીને, છંદ ગાએ અંબામાં જઇ

ભક્તિ કરવા ભકત કહેવાયા, પછી છાપ જગતને મહીં
બાનુ ધર્યું એને માજી નામકું આકિન મુકી નહિ ભટકયા કંઇ
વેદ પુરાણુ શાસ્ત્ર સાંભળી સત સમાગત કરે છે તેમ,
ગુરૂ મંત્રમાં, ચોક ૨

એવા અનુભવિ સ્થિર મનના, ભકિત કરી ભજ્યા માજી,
છંદ ગાતા થયા પ્રસન્ન માજી સદા ભકત પર રહે રાજી
સંકટ સમે સમરેથી આપે ઝટ દરશન દે અંબાજી.
ભવ દુઃખ ભાંગે ભવજળ તારે શરણાગતને શીર ગાજી
માજી ભજી માજી રૂપ બન્યા તે છંદમા ખામી રહે કેમ,
ગુરૂ મંત્રમાં, ચોક ૩

આવા ભકતને ગુરૂ કરી લઈ, છંદ ગાઇ હું કરૂં ભજન
હાથે જોડતા બાધક આવે, ગુસ્સે થાય તો કરે વીઘન
મૂખત્યાર બેરીસ્ટર ભાષણ કરે તેમાં, બેરીસ્ટર પર રહે વજન
તેવા તમારા ભગ્ત **અમીચંદ** ગુરૂ કર્યાં મેં સાંભળી છંદ
એ છંદ ગાતા આનંદ થયો શીવલાલભાઇ કે' રંગીલદાશ કેમ
ગુરૂ મંત્રમાં, ચોક ૪

છંદ ૯૧ મો.

(અંબા મા તારૂ દરશણુ દુલ્લભ એ રાહ.)

આપો આજ્ઞા અંબા માતા, હાથ જોડી માગું છું રજા,
વિવાદ થકી જ્યાં ગાનું થયું ત્યાં, નહી ભકિતની રહી મજા
મારૂં ચીત મા હવે હમણાં તારા ઉપરથી ખસી ગયું,
કરી અરસ્યા છંદ બોલે, તે છંદ પર છંદ કહેવામાં રહ્યું,
ધ્યાંન ચુકાવી દીકું મારે, નહી સેવાયું જાય સહ્યું,

જ્ઞાની તો મા ધ્યાન લગાવે' અજ્ઞાની તો કરે કજા; વીવાદ
થકી જ્યાં ગાનું થયું. ચોક. ૧

ભકતી કરવી એક દીલે જેમ, તારો મારો જીવ મળે
ચેતન ચુકી જાય નહીં તો આવાગમનનો ફેરો તળે
કરી અરસ્યા છંદ બોલું મા તેમા મારૂ કંઇ નહી વળે
તે કરતાં એક ચીતે સાંભળે તો તેનું ફળ તરત મળે
ચતુરચેતી ચીંતામાં પડશે. અજ્ઞાનીનેમન પડે મજા વીવાદ
થકી જ્યાં ગાનું થયું. ચોક. ૨

સલામ કરી બેસુ માં તમને તો કોઇનો ગાંઈજો ના જાવું,
માં પ્રતાપે બાળક તમારો બેઠા છંદ બનાવી ગાવું,
તમે કંઠપર આવી ચડો હાં બેઠા હું ધુન મચાઉ,
છંદ પર છંદ બનાવી ગાવું, હુકમ હોય તો નહી અચકાઉ
રજા વીના નહી ઉલટે સમુદ્ર, અજ્ઞાની નુગરા બાંધે ધજા
ત્રિવાદ થકી જ્યાં ગાનું. ચોક ૩

એમાં કોઇનો વાંક નથી, મારે પેલા જન્મનુ પાપ નડે,
પ્રેમ થકી મા છંદ ગાઉ છું, તેમાં વચે આવી અડે,
એતો માજી માયા તમારી, બ્રહ્માદીક તો ભૂલા પડે,
મોટા દેવ મહાદેવ ભુલ્યા, રૂષિમુની કંઇક બડે બડે,
અમીચંદ કે રેજો મદદમાં સો છોડી મેં તુને ભજા
વીવાદ થકી જ્યાં ગાનું થયું ત્યાં નહી. ચોક ૪

છંદ ૯૨ મો.

જોગણીનો છંદ

(રાહ ઉપરનો.)

ગુરૂ કહે સાંભળરે ચેલા સઘળે શક્તિ સચરાચર;
સાંધી જોગને આસન માડે કરે જોગણી રક્ષા પીઠપર;
રાખી જોગણી પીઠપર બેશે કરે અંબા તેના સિદ્ધ કામ,
લાભ કરે સનમુખ ચંદ્રમાં રહેવાના બતલાવું ઠામ;
પ્રથમ ઘર કહું જોગણીના જે પંદર તીથીમાં બદલે ઠામ;
પડવો નોમ રહે પુર્વ દીસાએ માતા જોગણી કરે મુકામ,
બીજને દસેમ ઉત્તર દીશાપર છે મતા જોગણીનું ઘર,
સાંધી જોગને આસન માંડે. ચોક ૧

ત્રીજ તથ અગીઆરસે રહે અગ્નિ ખુણે જોગણી નિરધાર;
ચોથને બારસ નૈરૂત્ય ખુણે પાંચેમ તેરસ દક્ષિણ દ્વાર;
છઠને ચૌદસ પશ્ચીમ દીશાપર સાતેમ પુનેમ વાયવ્ય મોઝાર,
આઠેમને અમાવાસ્યાને દીન ઇશાન ખુણે સમજી લો સાર
એ તો ઘર કહ્યા જોગણીના હવે ચંદ્રમાના ચેલા સુણ ઘર,
સાંધી જોગને આસન માડે. ચોક ૨

મેષ સિંહને ધનના ચંદ્રમાએ પૂર્વ દીશાએ ઘર સહી
વરખને કન્યા ચંદ્ર મકરના જઇને રહે દક્ષણને મહીં
કુંભને તોળા ચંદ્ર મીથુનના પશ્ચિમ દીશાએ રહે છે જઇ.
મીન કર્ક વૃશ્ચિકના ચંદ્રમાં જઇને રહે ઉત્તરને મહી.

ચંદ્ર જોગણીના ઘર સાંધો સાચી વાત જોશી શાસ્ત્ર,
સાધી જોગને આસન માંડે. ચોક ૩
એ પણ માજી માયા તમારી ચારે વેદ અરાઢે પુરાણ,
તર્ક શકિત ચાલે જ્યાં સુધી ત્યાં તે જઇ અટકે નીરવાણ
સ્થીર કરી પછી બેસે મનને તે તો માજી તારૂ ધરીને ધ્યાન
મારે મન તુહીં તુંહી સૌ એક છે સઘળે શક્તિ ઠામો ઠામ;
અમીચંદ કહે હાથ જોડી મારે શીરપર અંબા જોવાવર,
સાધી જોગને આસન માંડે. ચોક ૪

છંદ ૯૩ મો.

(અધર ગાતા હોઠે હોઠ અડકે નહી)
રાહ ઉપરનો.

અધર છંદ ગાતા આનંદે આજ લાજ રાખ સરસ્વતી;
અરજ કરી શીર ચરણ ધરતે; સંતનકે કારજ કરતી.
અધર આસન નરસીંગીકા નખશીષ સજતી સણગારે;
કડા સાંકળા કાળીગાંઠી ડાલા ગળે કંચન હારે,
ઘાલી નથની નાકે કાને કાંટા કરણ લાલ ચળકારે;
કરી આડ તીલડી તતક્ષણ સજ્યા સારા સણગારે;
અરસીધી કરજે સીધકારજ નહી જાણી કંઇ તારી ગતી.
અરજ કરી શીર ચરણ ધરતે સંતનકે કારજ કરતી.
ચોક ૧

કળી કાળ હે કઠણ દીનસે દીન ધસ ધસકે આત હે,
ઘટે દાન દક્ષણા દયા દીલ અસત દેખી હરખાતા હે,
નીચ કરે સંગતી સારાની સારા નરસાને ચાહતાં હે.
ચત્રસીંગી ચીંતાને ટાળજે આજ અધર છંદ ગાતા હે.
લખ્યા લેખ જે છઠ્ઠીના તે અંદરથી નહિ ઘટે રતી,
અરજ કરી શીર ચરણ ધરતે સંતનકે કારજ કરતી.
ચોક ૨

અધર જળ જળ અધર ધરતી અધર દેખતા સારા ગગન
અધર આના અધર જાના અધર રહ્યાં સારા જગતન,
આનંદકારી હરસીધી કરગરી કે તારા સંતન
આયા જાયા અધર અઠડાયા નહી કીયા તેરા દરસન,
નહી નીરખી નારાયણી, નીરાકારી ઇચ્છા શક્તિ,
અરજ કરી શીર ચરણ ધરતે સંતનકે કારજ કરતી,
ચોક ૩

રખના દયા તે દીલકે અંદર અકળ કળા તેરી ન્યારી;
અધર નાદ અણચીંતા ગરજતે રાજા ઈંદ્રિ કરે કીલકારી
ધરતી અંદર ધ્યાન કરતી દેખ રહી ખલખત સારી,
સારી ખલખત શરણે રેતી, હરનીસ કરે રટણાં તારી,
અંચંદ કહે છંદ અધર ગાતાં કંકાળી સણગાર ધરતી
અરજ કરી શીરચરણ ધરતે સંતનકે કારજ કરતી.
ચોક. ૪

છંદ. ૯૪ મો.

રાહ ઉપરનો.

અંબામાં સંસાર સમુદ્રમે મહા જાળ નાખી માયા
કોઇ કીશીકા નહી જગતમે ચલા જીવ છોડી કાયા;
જુઠી કાયા જુઠા માયા જુઠા હે સબ સંસારે
જુઠી દોલત જુઠી દુનિયા જુઠા હય સબ પરીવારે,
જુઠી મેડી જુઠા માળીઆ જુઠા હે સબ વિસ્તારે,
જુઠા સુના જુઠા રૂપા જુઠા હે સબ ભંડારે,
અજબ તરેકી બાજી રચાઇ જુઠા ખેલ સબ રચાયા
કોઇ કીસીકા નહી જગતમેં. ચોક ૧

જુઠી મોબત જુઠી પ્રીતિ જુઠા હે શબ વીસ્તારે,
જુઠી મોહેણી જુઠી મમતા જુઠાં હે ખબ પરીવારે
જુઠાં ભાઇબંધ જુઠી ત્રીયાં જુઠા હે સબ સંસારે
જુઠાં લોભ હે જુઠી લલુતા જુઠા હે સબ હુંકારે,
પાંચ તત્વનું બન્યું પુતળુ. ઘટઘટમેં તારી છાયા
કોઇ કીસીકા નહી જગતમેં ચલા જીવ છોડી કાયા. ચોક ૨
અવધ બાંધી અવતર્યો જગતમાં ધર્મ ધ્યાન પુન્ય કરવાને
મોહમાયામા ધન મેળવ્યું પાપી પેટજ ભરવાને,
લોણું કરતા દેવું થયું મા લખચોયાશી ફરવાને
ધર્મ ધ્યાન તો કંઇએ કર્યું નહિ આખર પડચો મરવાને;

પુરી મુદતે પૃથ્વી પડયો, ફરી ઝટપટ જમડા આયા;
કોઇ કીસીકા નહી જગતમેં ચલા જીવ છોડી કાયા; ચો. ૩
લોકે ફુંકી દીધી કાયાને નહિ રહી કાંઇ એંધાણી
દિનસે ગણતાં માસ વર્ષ જુગ સ્વપ્નેમેં કંઇ ન જાણી;
મીલે પવનમેં પવન તેજમેં તેજ પાણીમેં મીલે પાણી;
મીલી મીટીમેં મહારાજ ગીરકે ભજો અંબા એવું જાણી
અમીચંદ કહે સાચા જગતમેં, અંબા નામ મુખશે ગાયા;
કોઈ કીસીકા નહી જગતમે; ચલા જીવ છોડી કાયા ચો. ૪

——:o:——

છંદ ૯૫ મો.

રાહ ઉપરનો.

ભક્તિ ભક્તિ સૌ જન કહે છે, ખરા ભકત તો રાખે ટેક;
ટેક રાખી નહી ડરે જગતથી ભ્રમણા ભાગીને ઓળખે એક.
એક નિરંજન આપ સ્વરૂપ છો. અખંડ બ્રહ્માંડમાં મમમાયા
માયા છોડી રૂપ પલટી રહ્યા છો, ઘટ ઘટમે તારી છાયા.
છાયા હોય જેને દેવ ગુરૂની, અમર પદને તે પાયા;
પાયા અમર પદ શુરવીર ટેકી ખરા ભકત તે કે' વાયા
કે'વાયા કાળીદાસ કાળીના, ભોજ સભામાં રાખી ટેક;
ટેક રાખી ચો. ૧
એક ઓળખે ખરા ભકત જે. પાંડવ પ્રલ્હાદને બળીરાય;
રાય અંમરીખ જુઓ વિભિક્ષણુ, જનક વીદેહી જે કહેવાય

કહેવાય ભકત વલ્લ ઘોળા માતા બહુચરી કરતી સ્હાય;
સ્હાય કરી જુઓ ચંડીપાઠમાં, સુરઠ વૈશ્ય પર પ્રસન્ન માય
માય સ્હાય કરે ભકત જનને, ખરા ભક્તતો રાખે ટેકઃ
ટેક રાખી ચોક-૨

એક ગુરૂ જેને શીર પર સાચા, ખરો માર્ગ તે બતલાવે,
લાવે શાસ્ત્રનો ભેદ બતાવે, વિના ગુરૂ ગોથા ગાવે.
ખાવે માર સંસારનો ભારી, પછી પૂરો જીવ પસ્તાવે,
પસ્તાવે પછી સદગુરૂ શોધે, મોક્ષ માર્ગ તે બતલાવે.
બતલાવે પાળો દયા ધર્મ, કરી ભકિત ભજન રાખીને ટેક,
ટેક રાખી ચોક-૩

એક અખંડને સૌ કોઇ શોધે, અખંડ પૂરૂષ પોતાની પાસ,
પાસ રહયો છુપાઇ દેખો, જેવું દુધમાં ઘૃત કરે છે વાસ.
વાસ વસે સદા દુધની અંદર, દહીં કરી વલોવો છાસ;
છાસ ઉપર રહે માંખણુ તાવો, બને ઘૃત ને થાય વિશ્વાસ
વિશ્વાસ રાખી શ્વાસોશ્વાસ સમરે, **અમીચંદ** કહે રાખી ટેક
ટેક રાખી ચોક-૪

છંદ ૯૬ મો.

અંબામાં તારૂ દર્શણુ દુર્લભ
એ રાહ.

પ્રાણી માત્ર મારા દેશી બંધુ, ગયો વખત નહિ આવે ફરી,
જાવું દુર રહયો દીવસ થોડો, કરો ભકિત સહુ ધ્યાન ધરી.

અનંત ભવનો આ જીવ દુખી, તરવાનું, છે આ બારૂ;
મનુષ્ય અવતાર બારણું મોક્ષનું, સ્વદેશ લાગે સઉને પ્યારૂં
ઇચ્છા કરે પણ નિષ્ફળ જાય જીવ સદગુરૂ મળે કામ થાય તારૂં
પ્રથમ સારદા માત સમરીલે ગુરૂ મળે જાય હું મારૂં
ગુરૂ જ્ઞાન આપે તે લેવું સંસાર સમુદ્ર જાવું તરી;
જાવું દુર. ચોક–૧

ગુરૂ ગમ વાણી કોઈ લે વીરલા ખરા ભગત જે હોય શુરા
ગુરૂ શરણુ જઇ શીશ નમાવે તારો પાર ગુણના પુરા.
ગુરૂ કહે ભાઈ તરવું હાથે કરમ ખપાવિ કરો ચકચુરા,
મનમારી મમતાને ત્યાગો અખંડ જ્યોતિ વરસે નુરા
ભકિત કરી તરી જવું જગતને સદગુરૂ શબ્દને અનુસરી
જાવું દુર ચોક ૨

ઉઠયા વેહેલા ને ભૂલા પડયા ભાઇ, થયું અસુર અંધારૂ ઘોર
પરવારતામાં આવી પહોચ્યા, કાળ કઠણ લુટારા ચોર,
બાંધી મારશે લઇને જાશે, રોશે સગા કરી શોર બકોર,
જીવ જાશે જમપુરી એકલો માથા ઉપર જમનું જોર.
ભકિત આગળ ન ચાલે જમનું, સંસાર સમુદ્ર જાવું તરી,
જાવું દુર. ચોક ૩

જાગી જોતાં જુઠુ લાગે આ સંસાર છે સ્વપ્નાતુળ
માયા માર ખવડાવે જગતમાં કામ કોધ છે પાપનું મુલ
દેવી માયા ભકિત કહીએ અસત્ય નહિ ચાલે બીલકુલ
ભકિત કરો સઉ આકીન રાખી મળે મોક્ષ જાય ભાગ્યખુલ
અમીચંદ કહે પાર ઉતારો જન્મ મરણુથી ગયા ડરી
જાવું દુર રહયો દિવસ થોડો કરો ભક્તિ સો ધ્યાન ધરી ચો. ૪

છંદ ૯૭ મો.

રાહ નવી.

ભૂલે ભૂલેરે હો મુસાફર ભુલે; તારો માર્ગ તું પીછાન,
ચાલ્યો ઉબાન, ગર્વમાં ફુલેરે; એ મુસાફર ભુલે ટેક.

ફેકતો.

આ અગમ વાત પીછાન, ધરોને ધ્યાન વાત કહું સાચી ॥
તું કરી રહયો કલ્લોલ, સાથી તારા ચોર, નહિ
જાઓ રાચી ॥
તમે માની રહયા જે મારૂં, નથી તે તારૂં; શીદ
રહયો નાચી, ॥
હવે સમજી નેમ અટક, રંગ જશે ફટક, પ્રીત ગણુ કાચી ॥
ખોટાને સાચું માની રાખી ઉમંગે, ॥
કામ ક્રોધ લુટારા ચોર ભમે તારી સંગે, ॥
લોભ મોહ માયામાં ચઢી રહયો ખુબરંગે, ॥
ફરે મદમાતો થઈ દમે સૌને અડ બંગે ॥
એક દીન હો જાવે ખાખ ઉડેગી ધુળેરે,
એ મુસાફર ભુલે. ચોક ૧ લો
જરા સમજ સરંજ તું હાલ, આખર પાયમાલ,
અસત્યના કરતા, ॥
સતીઆને સદા રહે સુખ, જરા નહી દુઃખ સત આચરતા, ॥

ગણે સુખદુઃખ સમાન, ધરે એક ધ્યાન, પાર ઉતરતા ॥
જ્યારે તુટે માયાની જાળ. થાય ત્યારે ન્યાલ પાપ ઓશરતા ॥

ફેકતો.

નહિ મળે ગુરૂ બીન જ્ઞાન, મુસાફર ભાઈ, ॥
તું તો ફુલ્યો મંન મકલાઈ, અલખી હાથ આઇ, ॥
નહિ બન્યો ગાંધી ભર કરીઆણા મેરે ભાઇ; ॥
જુઓ બહારની વસ્તુ, મડી ધ્યાન લગાઇ, ॥
જો મળે ગુરૂકી કીલ્લી તાળા ઝટ ખુલેરે,
ઓ મુસાફર ભુલે. ચોક ૨ જો

થઈ પ્રસન્ન ગુરૂજી કહે, ચેલો સુણી સહુ ધ્યાન લગાઈ, ॥
ખરો મારગ તો છે એક રાખીને ટેક સદા રહો સ્હાઇ, ॥
ચોરી ચાડીને અંહકાર તજી પરનાર, ભજો મારા ભાઇ, ॥
તજી મીટીને વળી શુરા, કરો ચકચુરા, છએ મન લાઇ, ॥

ફેકતો.

ગુરૂ કૃપા હોય તો ત્રીવિધિ તાપ સમાવે; ॥
ઝટ ઉઘડે સ્વર્ગ દ્વાર મારગ: હાથ આવે, ॥
શમ દમ પરતીતી તિક્ષા રાખે ફળ પાવે, ॥
વળી શ્રદ્ધાને સમાધાન એવા ગુણુ આવે, ॥
એ તો બંક નાલ પર ચઢે, આનંદમાં ઝુલેરે.
ઓ મુસાફર ભુલે ચોક ૩ જો

એ નિત્ય નીમિત્ત પ્રકૃતિ કહેવાએ અત્યંતી; સમજીને ચાલે,॥
પાંચ પ્રલયને વિચારી, ભજે મન ધારી, સત્ય સંભાળે, ॥
રૂપ શિયળને વળી ધન કુલ જોબન નો મદ ટાળે, ॥
તપ વિદ્યા રાજ્યનો ગર્વ, મુકી દે સર્વ, સ્વર્ગમાં મ્હાલે, ॥

ફેકતો.

વઇરાગ વિવેક ખટ સંપન્તિ મનમાં થાએ, ॥
તેની જીવન મુક્તિ તૃષ્ણા તુટી જાએ, ॥
ત્રણ અવસ્થા ત્યાગી સોહંમાં એ સમાએ; ॥
મુલ વસ્તુ મળે તો જીવ મટી શીવથાએ, ॥
હેવે માજી **અમીચંદ** સદા ભિતરભેદ ખુલેરે,
ઓ મુસાફર ભુલે. ચોક ૪ થો

છંદ ૯૮ મો.

ભજન રૂપી.

કર સત સંગત મન માજી ભજ;
પીએ વીખ પ્યાલા અમરીત તજ. કર સત સંગત
મન માજી ભજ—ટેક.
એ અંબા નામ અમૃત રસ; તે તો પીઇ લે પ્યાલા
પ્રેમ આણી મસ;
પંચ ઇંદ્રી સ્વાદ છોડો ચડસ; ચલ શિધો પ્રાણી
પડશે લપસ;

કર સત ગુરૂ ચરણે લગાદો રજ, પીએ વીખ
પ્યાલા—ચોક ૧

એક ચીત્ત મન ધર અંબાનું ધ્યાન; કર પરખ નીરખ
અંબા પીછાન, હિરા રત્ન માણી અંબાને જાણુ
બીજુ સર્વ સુખ પથ્થર સમાન;
ભજ અંબા નામ રાખી ગરજ પીએ વીખ
પ્યાલા —ચોક ૨

સંસાર સેહેલ માયાની જાળ,તેને મોહી મોહી કેમ આણે વહાલ
નહી આવે સાથ કોઇ અંતકાળ મુક કથીર પ્રાણી કંચનને ઝાલ;
કહા ભુલે પ્રાણી મનડાં સમજ, પીએ વીખ
પ્યાલા—ચોક ૩

તુતો સમજ મન કરલે કબુલ, એ માયા જાળ આખર ધુળ;
કહું બહેર બહેર કરલે કબુલ, રહેશે વાસ જાશે કરમાઇ ફુલ;
કહે **અમીચંદ** શુણજો અરજ, પીએ વીખ
પ્યાલા —ચોક ૪

ભજન રૂપી છંદ ૯૯ મો.

(તુજ બીના મોરી કોણ ખબર લે ગોવરધન ગીરધારીરે એ રાહ)

એક દહાડો ભરવો છે હમારે તેહની ફીકર મા તાહારેરે
દેશી હમારા આવશે તેડવા, હુકમથી તમારારે,

તેડવા આવશે બહુ અકળાશે પડીશ થઇ નાંચારેરે
પીડા પડશે આંસુ ઢરશે પડસે ગેબી મારેરે,
એક દહાડો ભરવો છે. ચોક ૧
ધમણ ચાલી કોઇ નહીં વાલી મીથ્યા સઉ સંસારેરે
માત પીતા ભાઇબંધ સગા સઉ રોશે ઘરની નારેરે,
એક દહાડો ભરવો છે ચોક ૨
કફ આવી મારો કંઠ રૂંધશે, કહું મા વારંવારેરે;
એ તો ઘડી ઘણી કઠણ કાહાડવી, ત્યાં તો તું ઉગારેરે,
એક દહાડો ભરવો છે. ચોક ૩
જો જો મેહેર દ્રષ્ટિથી અંબામા, રહું વીશ્વાસે તાહારેરે;
અમીચંદ કહે તુંહીં તુંહીં વાલી તારો ભવજળ પારેરે
એક દહાડો ભરવો છે. ચોક ૪

છંદ ૧૦૦ મો.

(રાહ ઉપરનો)

સમજરે તું મનવા મેરા, કીંઉં ફરે મસ્તાનારે–ટેક
અલબેલીનું સમરણ કરલે, છોડને જુઠા ગુમાનારે.
કુલ્યો કુલ્યો શું ફરે છે. આખર મન પસ્તાનારે
સમજરે તું ૧.
સેવા સમરણ માળા લઈ બેઠો; ધરવાને તું ધ્યાનેરે,

મન તુરંગી ઘોડો ઉપડયો જદ ગયું સેવાનું ભાનેરે;
સમજરે તું; ૨
લક્ષ જોજન પર ફરે મનવા તું માળાના દે બાંનારે,
ધ્યાન ચુકી કરે ખોટા મનસુબા, આખર હે મર જાનારે
સમજરે તું. ૩
એમ વીચારી જ્ઞાનને સમજો, જ્ઞાનશે ધ્યાન લગાનારે,
અમીચંદ કહે મનવા મેરા, ગાવો સદા ગુણ માનારે
સમજરે તું. ૪

છંદ ૧૦૧ મો.

(રાહ ઉપરનો)

અંબામા તારે સરણે આવી ઉભો શીશ નમાવીરે–ટેક
સરણાગતને સરણ રાખી, લો ને માજી બચાવીરે;
જગત પાલણ જગત જનુની, કરો કરૂણા દયા લાવીરે;
અંબામા તારે. ૧
હું સેવક માતાજી તમારો; ઉભો ધુન લગાવીરે;
મેહેર દ્રષ્ટીથી દર્શણ આપો, દો આવા ગમન મટાવીરે,
અંબામા તારે ૨
જનમ મરણનું દુઃખ છે મોટું, આ ભવમાંએ આવીરે,
આત્મા કરમથી રહયો બંધાઇ, તે લાખો છોડાવીરે.
અંબામા તારે. ૩

આત્મ જ્ઞાનની આપો મા બુદ્ધી, આખરની વાત બતાવીરે;
અમીચંદ કહે જ્ઞાન પ્રગટે તો છંદ ગાવું તાલ બજાવીરે,
અંબામા તારે સરણે ૪

છંદ ૧૦૨ મો.

(ભજો ભાઇ માજી નામ હે ખરા એ રાહ.)

સારમાં સાર માજીનું નામ, નામથી થયું હમારૂં કામ,
સારમાં સાર માજીનું નામ, બાળપણુથી માજી સેવ્યા આવ્યો
અંબાને ધામ, કરી વિનંતી વીનવા માજી જપી
માજીનું નામ. નામથી થયું હમારૂ કામ ચોક ૧.
આસન વાળી સાંધી ચોગડીયું, કદી બેસાડી ઠામ,
સાહઆ ભેદ સુભ મંત્ર ભણીને, છંદમાં ઘાલ્યું નામ,
નામથી થયું હમારૂં કામ, ચોક ૨

શુભ મુરત શુભ ચોગડીઆમાં છંદ કરવાનું કામ.
શ્રોતા વકતાનું કલ્યાણ થાએ, છંદ ગાએ આરામ,
નામથી થયું હમારૂં કામ. ચોક ૩

કીરતન ભજન થાએ કૃષ્ણ દ્વારે; છંદ માજીને ધામ,
નાટક ગાયન નાટકશાળામાં શોભે ઠામે ઠામ;
નામથી થયું હમારૂં કામ. ચોક ૪

નામ માજીનું ગાયનમાં પણ વરતી નહી રહે ઠામ.
અમીચંદ કહે છંદ ભજન ગાવો દેવી દેવને ધામ,
નામથી થયું હમારૂં કામ. ચોક ૫

છંદ ૧૦૩ મો.

(રાહ ઉપરનો.)

ભજોભાઇ માજી નામ હે ખરા, ભટક લખ ચોર્યાશી મે ફરા
બાલપણુ તો જશે રમતમાં જુવાનીમે નહી ડરા;
વણુજ કરી વેપારી બનશે, પછી આવશે જરા.
ભજો ભાઇ ૧
થરથર થરથર ધ્રુજશે કાયા નયણે આંસુ ભરાં.
સુધ સાન ઉડી જશે તનકી, નરમ પડશે સરા.
ભજો ભાઇ ૨
ધન દોલત ઓર માલ ખજાના રહે પ્રથ્વીપર ધરા,
અંત કાળે છોડી સો માયા, જમડે પ્રાણ હરાં;
ભજો ભાઇ ૩
અંબા નામ જેને મુખથી ભજ્યા તે ભવ સાગર તરાં,
અમીચંદ કહે નીરમળ વાણી સત શબ્દ ઓચરાં;
ભજો ભાઈ ૪

છંદ ૧૦૪ મો.

રાહ ઉપરનો.

અરે તુ- કયું ગફલતમે પડાં સમજ મન માજી નામહે બડાં
શુંભ નાશુંભ મહીસાસુર પાપી. દેવતા પુઠે અડા;
બ્રહ્મા વિષ્ણું ઇંદ્રને જીતી, ગીરી કૈલાસે ચડાં,
અરે તું કયું ગફલતમે પડા ચો. ૧

બ્રહ્મા વિષ્ણું રૂદ્ર દેવ સૌ, હિમાચળપર ખડા,
ગદ ગદ કંઠે કરે વીનંતિ માજીને પાઉ પડા.
અરે તું કયું ગફલતમે પડા. ચોક ૨
ક્રોધ કરી અંબામા ધસ્યા, જઇ તે રણુમાં ખડા,
શુંભ નિશુંભ મહિસાસુર માર્યો, રક્તબીજ રણુ પડા,
અરે તું કયું ગફલતમેં પડા. ચોક ૩
હુંસા હોય શો મોતી ચુગે, બગા માસ ખાએ સદા.
અમીચંદ કહે ભજમન માજી. બાજે ચંગ ચોગડાં
અરે તું કયું ગફલતમેં પડા. ચોક ૪

છંદ ૧૦૫ મો.

(રાહ ઉપરને.)

અરે તું કેમ જાએ ભુલ ભુલ, મારને માજી નામકી હુલ,
અરે તું કેમ જાએ ભુલ ભુલ,
ત્રેતા યુગમાં સીતા માતા લંકા હતી અણુમુલ,
રાવણુ મારી લંકા બાળી, ત્યાં તો ઉડતી ધુલ.
અરે તું કેમ જાએ ભુલ ભુલ, ચોક ૧
દ્વાપરમાં દુર્યોધન રાજા ઘણો ફરે ફુલ ફુલ,
તે પણુ રણુમાં ગયો રોળાઇ; જીત્યા ભીમ નીકુલ,
અરે તું કેમ જાએ ભુલ ભુલ. ચોક ૨
આ પૃથ્વી પર કંઈક થયા કંઈક થશે હજી અણુમુલ,

સદા ફરે ખપ્પર માતાનું, શોભે હાથ ત્રીશુળ
અરે તું કેમ જાએ ભુલ ભુલ. ચોક ૩
ભવ જળ પાર ઉતારો માજી, અરજ કરો કબુલ,
અમીચંદ કહે જુવો મેહેર દ્રષ્ટિ, જાઅ ભાગ્ય ખુલ,
અરે તું કેમ જાએ ભુલ ભુલ. ચોક ૪

છંદ ૧૦૬ મે.

(રાહ ઉપરનો.)

કઠણ લક્ષચોર્યાસી હે ફેરા, મટાવે માજી બીન કોણ મેરા;
કઠણ લક્ષચોર્યાસી હે ફેરા ૧
જનમ મરણ ઘણું કઠણ માજી, વચન સુણો હમેરા,
નવમાસ પકડ જકડ રાખ્યા, કાળા ગૃહમાં ઘેરાં;
કઠણ લક્ષચોર્યાસી હે ફેરા ટેક ૨
ઉંધે મસ્તક રહયો માજી, મે ગુનેહગાર તું મેરા.
મેહેર દ્રષ્ટિથી જન્મ આપ્યે; મા બાપે ઉછેરા.
કઠણ લક્ષચેર્યાસી હે ફેરા ટેક ૩
મોહો માયામાં ગયો ઘેરાઇ. પડી ગફલત અઘેરાં
માજી નામ નહી મૂળથી ભઇજા; બાંધા જંગલમેં દેરા
કઠણ લખચોર્યાસી હે ફેરા. ટેક ૪
અંત સમે અંધારી આવશે, જમડા ભરસે પેહેરા,
લાગ જોઇ લઇ જાશે જીવને પડે કાયા ખાઇ લહેરા.
કઠણ લક્ષચોર્યાસી હે ફેરા. ટેક ૫

એટલી અરજ મા સુણો હમારી, હું છું દાસ તુમેરા.
અમીચંદ કહે અરજી સ્વીકારો, મારી આપોમાં શેરા,
કઠણ લક્ષચોર્યાસી હે ફેરા ટેક ૬

છંદ ૧૦૭ મો. રાહ ઉપર પ્રમાણે.

મુર્ખ મન કાયર થઈ કેમ કળે. માજી ભજ,
આવાગમન દુઃખ ટળે; મુર્ખ મન કાયર થઈ કેમ કળે;
નીશ્ચેના ઘરની વાત કરીને વેવાર રૂપમાં ભળે,
જે ચેલાને સતગુરૂ શિર નહિ, તેની હિમત નહિ ચાલે,
મુર્ખ મન કાયર થઇ ચોક ૧

કરતાની કારીગીરી આગળ કોઇનું નહિ ત્યાં ચલે,
આદ્ય શક્તિ મા જગત જનુની વસીયા હીમાચળે;
મુર્ખ મન કાયર થઇ કેમ કળે ચોક ૨

દૈત મારી દેવને રાજ આપ્યા ભક્તિનું ફળ મળે,
કરમ રેખ પર મેખ મારે સતી વચન નહિ ટળે.
મુર્ખ મન કાકર થઇ કેમ કળે ચોક ૩

ઉંચ નીચ મુર્ખ મન જાણે ગુણીજન ગુણમાં ભળે,
દત્તાતરીને કીયા સતાવીશ ગુરૂ કરે ગુણ મળે,
મુર્ખ મન કાયર થઈ કેમ કળે ચોક ૪

સુરવીર થઇ કરો ભક્તિ ભાવે અંબા નામે દુઃખ ટળે,
અમીચંદ કહે સદા આણંદ રહે ભક્તિ ભાવમાં ભળે
મુર્ખ મન કાયર થઇ કેમ કળે ચોક ૫

છંદ. ૧૦૮ મો.

રાહ ઉપરનો.

સમજ મંન તારી ટેવ ના મટી ભટકમાં ભજલે તું ભગવતી
સમજ મંન તારી ટેવ ના મટી;
બાળ પણ ગફલતમાં કાઢયું ભઈજા નહી મા રટી;
ભરજોબન સ્ત્રીયા સંગ માંહીં, ખેલ્લી રહયો ખટપટી,
ભટક માં ભજલે તું ભગવતી. ચોક ૧.
વૃદ્ધ પણામાં વ્યાધી વળગ્યો વેળા ગઈ છે વટી,
જમ કીંકર આવિને ઉભા એ ઘાટી અટપટી;
ભટક માં ભજલે તું ભગવતી ચોક ૨.
આખર ઘાત છે મોટી માથે બાંધો કસીને કટી;
દુર્લભ છે મનુષ્યા દેહ મોંઘો લો લાવો સૌ લટી;
ભટક માં ભજલે તું ભગવટી ચોક ૩.
માજી સ્મરણમાં હેત ન રાખે મુખથી બોલે બટબટી.
અમીચંદ કહે સદા સ્મરણમેં માજી ભાંગે ચટપટી,
ભટક માં ભજલે તું ભગવતી ચોક ૪

છંદ ૧૦૯ મો.

(રાહ ઉપરનો.)

ભજ મન તુંહી તુંહી તુંહી ભગવતી, છુટે તારા કર્મ
થાયે સુખ ગતી.

ભજમન તુંહી તુંહી તુંહી ભગવતી—ટેક
ભકિત વીના મુકતી ના મળે, નહિ ભજવે મુઢમતી,
ભેદ વિના છંદ ભજન બનાવે શોભે નહિ એક રતી
ભજ મન તુંહી તુંહી તુંહી ભગવતી ચોક ૧

સત ગુરૂ સમાગમ સદા કરે તો શાસ્ત્ર ભેદ મળે અતી.
જ્ઞાન થાય ઘટમેં ઉજીઆળા ખશી જાયે કુમતી,
ભજ મન તુંહી તુંહી તુંહી ભગવતી ચોક ૨

ઢાલ ધીરજની બાંધી બેસો મનમાં રાખી નીવૃતિ
શીવલાલ કહે ગયો ભાઈ મુળચંદ એક પલકમાં વતી,
ભજ મન તુંહી તુંહી તુંહી ભગવતી ચોક ૩

અમીચંદ કહે અવધ આવશે કોઇ ન રહે એક ગટી,
પંથી જીવડો પંથે પધાર્યો તું કયાં રહેશે અતી,
ભજ મન તુંહી તુંહી તુંહી ભગવતી ચોક ૪

છંદ ૧૧૦ મો.

ત્રીગુણ માયા માં તાહેરી; બ્રહ્મારૂદ્ર મોરારી;
તમેરે બ્રહ્માને તમે સાવત્રી, તમે કુબેર ભંડારી
ગણેશ તમો છો લક્ષમી, ઉમીયા ત્રીપુરારી,
એરે સ્વરૂપ સઉ એક છે; પડી માયા અંધારી,
ત્રીગુણ માયા માં તાહેરી. ચોક ૧

રહીરે વ્યાપક ઘટઘટમેં, છાયા માં તારી;
ઘુડત ઘુડત કંઈ મર ગએ, દુનીઆ દુરાચારી.
ભુલ પડે માયા જાળમે રૂપીમુની દુધાધારી;
ત્રીગુણ માયા માં તાહેરી ચોક ૨

પંચ તત્વ પ્રગટ કરી કીધા પુરૂષ ને નારી;
ઘટમે રમે માતા અંબીકા; તારી ઘેંઘટ ન્યારી,
શક્તિ શક્તિ સઘળે રહી, તું છે નીરાકારી,
ત્રીગુણ માયા માં તાહેરી ચોક ૩

લક્ષ ચોરાશી ફરી મુવો સુણો અંબામાં માહારી;
પરોણો પોંચ રાતનો, કાયા ભાડુતી મારી,
મુકી જઈશ અમીચંદ કહે, લો અંબામા તારી.
ત્રીગુણ માયા માં તાહેરી બ્રહ્મા રૂદ્ર મોરારી ચોક ૪

છંદ ૧૧૧ મો.

રાહ ઉપરનો.

ધનરે અંબામાં તું માહેરી; માયા ખુબ તમારી;
ધનરે અંબામાં તું માહેરી.
બાજી રચી બાજીગરની બેઠે આપ મદારી;
ઢંમકો ઓહંમ શબ્દનો; પડી માયા અંધારી;
ધનરે અંબામાં તું માહેરી ચોક ૧

ઇચ્છા શક્તિ પ્રગટ થયા. બ્રહ્મા રૂદ્ર મોરારી;
પાંચ તત્વ ત્રણ ગુણથી; રચી રચના સારી,
ધનરે અંબામાં તું માહેરી. ચોક ૨
જુગતી કરીરે જુગતની, ઝાડ અરાઢ ભારી;
વનસ્પતિ ખીલી રહી. ફળ ફુલ હજારી,
ધનરે અંબામાં તું માહેરી, ચોક ૩
ખોટો રૂપીઓ બાજીગરનો, તેવી માયા મા તારી
તુંહી તુંહી વાલી અમીચંદ કહે, મા લેજો ઉગારી;
ધનરે અંબામાં તું માહેરી ચોક ૪

છંદ ૧૧૨ મો.

ગુણીજન ગાજોરે અશતની વાત તજો, એ રાહ.
સમજ મન મારારે, અસતની વાત તજો,
કામ ક્રોધ છોડીરે, અંબાનું નામ ભજો;
લોભ મોહમદ માયા મંમતા મીથ્યા મન મસ્તાને.
ચીત ચેતવણી કરી સમરલે. ધરજો અંબાનું ધ્યાને.
આદ્ય શક્તિથીરે તમો. સત્વ ગુણ રજો;
સમજ મન મારારે. ચોક ૧
હોમકારથી ઇચ્છા શક્તિ બ્રહ્મા રૂદ્ર મોરાદી ત્રીગુણ
માયા સઘળે ફેલાઇ

કીધા પુરૂષને નારી, જ્ઞાનની વાતોરે હૃદયેમાં પ્રગટ હજો
સમજ મન મારારે. ચોક ૨
મારૂં તારૂં મીથ્યા સઘળું મીથ્યા સઉ સંસારે.
માત પીતા નહીં આવે સંગે કોઈ; મીથ્યા
કુટુંબ પરીવારે,
માયા ધન દોલતરે. મીથ્યા સઉ છોડી જજો,
સમજ મન મારારે. ચોક ૩
સાચું નામ અંબાનું સમરો શીવલાલ કે મુળચંદ
રંગીલદાશ કહે અંગ ઉમંગથી
બોલે માજીના છંદ અમીચંદ કે છેરે માજી મારી
મદત હજો સમજ મન મારારે.

છંદ ૧૧૩ મો.

(રાહ ઉપરનો.)

આરાસુરવાળીરે અંબા તું છે મારી ઉભો કર જોડીરે
કરૂં વિનંતી તારી મુગટછત્ર કાનોમે કુંડલ ગળે
નવસેરો હારે,
કર કંકન ખળકે છે ચુડો રતન કરે ચમકારે.
અણુવટ વીંછવારે કમર પટો છે ભારી.
આરાસુરવાળીરે. ચોક ૧

હડપચી પર હીરા ચમકે, સુંદર મુખ પર વાળી, બાલ
બાલ રહ્યા મોતી પોરાઇ,
શોભે નાગણુ કાળી રચી ખુબ રચનારે ખીલ્યા ફુલ હજારી
આરાસુરવાળીરે. ચોક ૨
જળસ્થળ મેરૂ પ્રગટ કીધા માએ, કીધા પવનને પાણી,
શુંભ નીશુંભને રણુમાં રોળ્યાં દેવતાની દયા આણી
અંબે દયાળીરે માત, મારી ખપ્પર ધારી,
આરાસુરવાળીરે. ચોક ૩
સદા સરણુમાં રાખો તમારી, હું બાળક છું તારો,
શીવલાલ કહે રંગીલદાસ ને મા પાર ઉતારો,
અમીચંદ જોડીરે; છંદ બોલે લલકારી.
આરાસુરવાળીરે; ચોક ૪

છંદ ૧૧૪ મો.

(રાહ ઉપરનો.)

ગુણીજન ગાજોરે; સદા ગુણુ અંબા તણુા,
ભુલી નવ જાશોરે; એના ગુણુ છેરે ઘણુા,
ઓહંમ શબ્દ એક થયો કે ઉમા ઇચ્છા જક્તિ આપે
ત્રીગુણુ માયા રચી રચનાં પળમેં સષ્ટિ સ્થાપે;
એવી મારી માજીરે, શોભાની નહી મણુા,
ગુણી જન ગાજોરે. ચોક ૧

સષ્ટિ સારૂ શું શું કીધું કહેતા આવે નહી પાર,
આગળ રહીને કામ બનાવ્યા; વળી ન્યારા ને ન્યારા,
નીરંજન કે લાવેરે રચી ખુગ કરી રચના
ગુણીજન ગાજોરે ચોક—૨

પ્રથમ ચરીત્ર ચંદીપાઠમેં, ધર્યું વિષ્ણુંએ ધ્યાને.
કરી વીનંતી વિષ્ણું બોલે; મધુકૈટ દમે મસ્તાને;
પાંચ હજારરે વરસ જુદ્ધ કરે ઘણા,
ગુણીજન ગાજોરે ચોક—૩

આદ્ય શક્તિ અલબેલી અંબા, કર્યા મોહિત મસ્તાને.
વિષ્ણુ જઇને ઉભા રણમાં, લીધા દઇત્યના પ્રાણે,
એવા કામ કીધારે અસંખ્ય માએ દૈતને હણ્યા
ગુણીજન ગાજોરે ચોક—૪

અરે સુરખ મન તું ના ભૂલીશ, ભુલતો નહી લગારે;
આદ્ય શક્તિનું સ્મરણ કરજો ઉતરશો ભવપારે;
હુરનીસ કરે છેરે, **અમીચંદ** તારી રટણા,
ગુણીજન ગાજોરે. ચોક—૫

છંદ ૧૫ મો.

(રાહ નવી)

કોણ ઉતારે પાર જનુની બીના કોણ ઉતારે પાર
મને તારો આધાર જનુની બીના કોણ ઉતારે પાર
મન માયામાં મોહી રેહો તો ગુરૂ મીલા મને સાર;

ાન આપી મને ગુણી કીધો મા, આવ્યો તમારે દ્વાર
જનુની બીના કોણ ઉતારે પાર. ચોક ૧
પુર્વ જન્મને પૂણ્યે કરીને, ગુરૂ મીલ્યા મને સાર;
ભીત્તર જેનું ભીજું નથી તો, કયાંથી મીલે ગુરૂ દુવાર.
જનુની બીના કોણ ઉતારે પાર ચોક ૨
અલધી આઇ, ગાંધી બન બેઠે; ચેલા મુંડી દો ચાર
જ્ઞાન વીના ગુરૂ જે નર થાએ, જાએ નર્ક દુવાર.
જનુની બીના કોણ ઉતારે પાર ચોક ૩
પ્રેમે પ્યાલા દીધા ગુરૂએ, લીધા ઉતારવા પાર.
અમીચંદ કહે સર્વ ભક્તને, માજી તારો આધાર;

છંદ ૧૧૬ મો.

(રાહ ઉપરનો)

કહું છું વારંવાર સમજ મંન કહું છું વારંવાર.
જોઓને માજી દુવાર સમજ મન કહું છું વારંવાર
કપટી પાખંડી કળજુગમાંરે, સમજાવશેરે અપાર;
તે માટે હું તમને સમજાવું, કરજો ઘણોરે વીચાર,
સમજ મન કહુ છુ વારંવાર, ચોક ૧
સ્વગુરૂની સંઘતી મ્હેલાવા આવશે ઘણારે ગુમાર,
પોતાનો મત ખેંચીને કહેશે, નીરંજન ગુરૂ કરો સાર,
સમજ મન કહું છું વારંવાર ચોક ૨

સમજ વીના જે બડ બડ કરે તે પોતે તો છે શાકાર,
નિરંજનને રૂપ નથી ભાઇ, એ તો છે નીરાકાર.
સમજ મન કહું છું વારંવાર ચોક ૩
મોઢે કહેવું સહેલું નીરંજન ગુપ્ત છે એનો દુવાર.
આતમ ખોજી ખટ ચક્ર સાંધો. સમજો તત્વ વીચાર,
સમજ મન કહું છું વારંવાર ચોક ૪
ગુરૂ હમારા ગુણવંત મળીઆ, બતલાવ્યો માજી દુવાર,
ભેદ અભેદનો પડદો ખોલીને છંદમા મુકયો સાર,
સમજ મન કહું છું વારંવાર ચોક ૫
સાંભળી છંદ જયારે જ્ઞાન થયું, ત્યારે કરવો મન વીચાર
જ્ઞાન થયું ત્યારે ગુરૂ કહેવાયા નુગરાના માને આભાર;
સમજ મન કહું છું વારંવાર. ચોક ૬
શીવલાલ કહે જો જ્ઞાન કથો તો જાઓ ગુરૂ કેરે દુવાર
અણસમજે જો નીંદા કરશો તો જકતનો ખાશો માર;
સમજ મન કહું છું વારંમવાર ચોક ૭

——:o:——

છંદ ૧૧૭ મો.

રાહ ઉપરનો

કથની છોડો આંહી ॥ મેરે ભાઇ કથની છોડોને આંહી ॥
સમજનારા સમજી ને જાશે ભજશે તે અંબામાઇ ॥
મેરે ભાઇ ॥ ચોક ૧ લો ॥
અજ્ઞાનતામાં મારૂ ને તારૂં, જ્ઞાને દેખે ના કાંઇ

પારકું સુધારતાં પોતાનું બગડે એવી કેણી જુગ માંહી ॥
મેરે ભાઇ ॥ ચોક ૨ જો.
શુરવીર થઇને સુરતાને સાંધો, સમજી બેસોને સમાઇ ॥
સમો ગયો ફરી આવો ન દેખો, પછી રહેશો પસ્તાઇ ॥
મેરે ભાઇ ॥ ચોક ૩ જો.
વરશે દહાડે આસો મહીનામાં, મગન રહીએ છંદ ગાઇ ॥
સમજનારા સમજીને બેસે; મુરખ કરે ચતુરાઈ ॥
મેરે ભાઈ ॥ ચોક ૪ થો
ભાવિ ભક્ત તો છંદમાં પરસન, બેસે ચીત્ત લગાઇ ॥
અમીચંદ કહે આશા પૂરશો, એવી ઇચ્છા મનમાંહી ॥
મેરે ભાઇ કથની છોડોને આંહી ॥ ચોક ૫ મો ॥

છંદ ૧૧૮ મો.

કનૈયા નંદકા લાલા, બજા ગયે બંશરીવાલા—એ રાહ

મૈયા વંદુ હું વારંવાર, સદા મને છે તારો આધાર,
અંબા તેરા કોઇ ન પાવે પાર, પલકમાં ખલક કરી તૈયાર

દોહરો.

અકળ સકળ ઘટમાં રહો એક અખંડ તું આપ
અગણીત કોટી ઇંદ્રિમાં માજી તણો પ્રતાપ
એવા તમે છોજી દીનદયાળ સેવક જાણી મા કરો પ્રતીપાળ
—મૈયા વંદુ ચોક ૧

દોહરો.

અસંખ્ય ધન ભેળુ કરે, અહોનિશ અથડાય,
પાપે પઇસો મેળવે; નહી ખરચે નહી ખવાય.
મૈયા વંદુ હું વારંવાર ચોક ૨
કરપીધન કોઇથી નહી ખવાય, લુટે ચોર પલમેં પલ્લે થાય

દોહરો.

જગમાં જાણે સર્વ કો જુઠો જે સંસાર.
કેહુ છેતેમ કરતા નથી. તો કેમ ઉતરશે પાર.
મૈયા વંદુ હું વારંવાર ચોક ૩
આપો જગમાં જસ અપાર કઠણુ ભવ સાગર સંસાર,

દોહરો.

જગ પાળણુ તુ ઇશ્વરી હરદમ કરૂ પ્રણામ.
વીનય કરીને વીનવે, અમીચંદ કરે સલામ.
મૈયા વંદુ હું વારંવાર ચોક ૪

છંદ ૧૧૯ મો.

સાખી

જય જય સૌ બોલો આજ છે આનંદની હેલી:
વરત્યો જય જયકાર, ભગત મંડળી થઇ ભેળી:
અતી આનંદ ઉલ્લાસ, દાસની તું છે બેલી:
સંકટ સમે સ્મરતાં આવી ઉભી રહે વેલી:

કરી રક્ષણુ સ્હાય કરે ભગત શીર ગાજે વ્હેલી:
સેવક ત્હારો અમીચંદ સલામ કરે મા પ્હેલી;

ઢોસો

સેવકને રાખો શરણાગત, પડે સંકટે આવો મા ઝટ:
અમીચંદ કહે તારો ભગત, કરો દુર વીઘ્ન હર વખત:
અંબા મા તું મારી માજી ।। ભગતપર સદા રહો.
રાજીજી:

છંદ ૧૨૦ મો.

સાખી

આણુંદ ભર્યો હઇડા વીસે થયા માજીના દર્શનજી:
ધન ભાગ્ય દિન આજનો, થાય માજીનું સ્મરણજી:
સ્મરણ કરે વીઘ્ન હરે, નિર્મળ થાયે મનજી:
સદા સબુદ્ધિ આપજો, કહે સેવક અમીચંદજી:

ઢોસો

જ્ઞાનમાં સદા રાખો ભરપુર:
જ્ઞાનથી મુખપર રહે મા નુર:
કટે પાપ જાય જનમકા દુર:
આવ્યા વીઘન કરો ચુર ચુર:
સેવક શરણાંગત ઉભો હજુર:
અમીચંદ કહે લીલા ભરપુર:
અંબા મા લાગું તારે ચરણુ:
સેવક મા આવ્યા તારે શરણુ મારીમાં:

છંદ ૧૨૧ મો.

મહાકાળી કરે કલ્યાણ—રાહ

શહેર સુરત ધીઆફળીઆમાં છે મહા કાળી ॥
મારી માજી આવે સઉ ભકિત કરવાજી ॥
ભાવ કરી ધ્યાન ધરી રહે, સૌ ભવજળ તરવાજી ॥
માની છબી નીરખી, આણંદ અંગમાં થાએ ॥
સજ્યા સણગાર શોભે સુંદર અંગેજી ॥
નખસીખ નીરખી છબી ભકતને અતી ઉમંગેજી ॥
ભાંગે દુખીઆરાનું દુઃખ સુખ કરે રહેજે ॥
સ્હાય કરે બાજે મુખ વેણા ઉપંગેજી ॥
વદ ચૌદસે છંદ ગાવા ખુબ ઝામ્યો રંગેજી ॥

ગઝલ.

અંગ ઉમંગે સંગે રહીને માજીનું ધરવા ધ્યાને મારીમા ॥
હરપરાના ભકત મંડળમાં ત્રણ પહેલા આગેવાને ॥

કેકતો.

મંછારામને ચુનીલાલ કરે વિચારે ॥ સાથે કેશવરામ
પણ હતા માજીને દ્વારે ॥
ભાવે છંદ ગાઇ કહે શકિતને આધારે ॥
હળીમળી બેઠા સૌ પાપ ઓસરવાજી ॥
ભાવ કરી ધ્યાન ધરી રહો ॥ ચોક ૧ લો

ગાજી પૂરે સઉની આશ, તમે મમમાયા ॥
તમે બુધ્ધિ રૂપે ઘટઘટ મા વ્યાપેજી ॥
દયા કરી મા દાસ જાણી, સબુધ્ધિ આપેજી ॥
કંઇ અજ્ઞાનિ જીવ હિંસા કરે અપારે ॥
જેના દીલમાં દયા નહી બાંધે પાપેજી ॥
નીચ કર્મ કરે નીચ કહેવાએ થાએ સંતાપેજી ॥

ગઝલ

સસંગતના ફળ છે સારાં ભકિતનું મન થાએ ॥ મારીમા ॥
રમત ગમ્મત મુકી દઇને, માજીના ગુણ ગાએ ॥

કેકતો

હર ચૌદસે માની ભકિત કરીને ગુણ ગાએ ॥
માના ગુણ ગાએથી પરસન થાએ મંમાએ ॥
સબુધ્ધિ આપે કરે ભકતને મા સ્હાએ ॥
હતા હલકી વર્ણ સઉ લાવ્યા સુધરવાજી ॥
ભાવધરી ધ્યાન ધરી ॥ ચોક ૨ જો
ઘણા ગાંચી ખતરી વેપારી ધર્મ પશાએ ॥
થયા શ્રીમંત દયા મન દીલમાં લાવીજી ॥
ન્યાત મળીને સંપ કરી રહ્યા જીવ બચાવીજી ॥
આવા સમજુ પુરૂષ તો દયા લાવી દે દાને ॥
જુઓ ઉંચની બુધ્ધિ નીચમાં આવી જી
પૈસે મેલો પરીવાર વધે સમાગેં સાવીજી

ગઝલ

ઇંદિરપરાના ભક્ત મંડળમાં, આગેવાન વિવેકી ॥ મારી મા ॥
સંપ કરી સઉ, ભાવથી આવે, દર્શનના છે ટેકી ॥

ફેકતો.

એવા પ્રેમ ઉલટથી માને લાડ લડાવે ॥
એક હારો કરી સોનાનો માને ચઢાવે ॥
કંઇ વ્યસનીને સમજાવી વ્યસન છોડાવે ॥
એવા ડાહ્યા પુરૂષને એ કામ કરવાજી ॥
ભાવ કરી ધ્યાન ધરી રહે ॥ ચોક ૩ જો
માજી બુદ્ધિ રૂપે આવી સબુદ્ધિ આપે ॥
કંઇ સ્વાર્થ સારૂ હિંસા કરતાજી ॥
રૂઢી મારગમાં ફસાઇ પાપ કરતાં ના ડરતાજી ॥
કંઇ અજ્ઞાની જીવ અણુસમજુ કામ કરતા ॥
કરે તેવું ભોગવે સઉ ઓચરતાજી ॥
હિંમત રાખી પૂનની પાળ બાંધે ભવજળ તરતાજી ॥

ગઝલ

સર્વ દેવીનું એક સ્વરૂપ છે, શક્તિ રૂપે મંમાયા ॥ મારી મા ॥
શક્તિ વડે જીવ સર્વે રહ્યા છે. શક્તિ વગર પડે કાયા ॥

ફેકતો

તમે નિર્મળ બુદ્ધિ કરી કરો સુધારો ॥
કહે સઉ પ્રાણી માત્રને આસરો છે તમારો, હર ચોદસે
છંડ ગાએ સંપ રાખે સારો ॥
અમીચંદ પાપ કરતાં ડરવાજી ॥ ભાવ કરી ધ્યાન
ધરી રહે ॥ ચોક ૪ થો

છંદ ૧૨૩ મો.

માજી આગળ બાળકની સ્તુતિ, રાહ ખડી.

મુસાફર પર મહેર કરી, પરદેશી પ્રાણીપર દયા કરો
અમે બાળક અજાણુ જગતના, સમરતાં સંગ
રહયા કરો ॥

બાળપણે સમરૂ મા શારદા, જીંહ્‌વાએ રહી રહો પરસન ॥
જ્ઞાન ધ્યાનમાં ચીત્ત સદા રહે. ભણુવા ઉપર ચોટે મન ।
ભણુતી વખત ભુલ પડે નહી, કંઠે રહી કરજો રક્ષણુ ॥
માત પીતાપર સદા પ્રેમ રહે ઉઠી સવારે કરૂં વંદન ॥
નીમ નીતિનુ ભાન પડે, સ્હાય કરી મા સંભાળ
લયા કરો ॥

હમે બાળક ચોક ૧

વેપાર સમો છે જુવાની અંદર મહાલક્ષ્મી મા કરજો
સ્હાય ॥

અખંડ ભંડાર ભર્યો રાખજો મહાલક્ષ્મી મા તું કહેવાય ॥
પુત્ર પરિવાર સંસારી સુખ જગતના એ કાર્ય કહેવાય ॥
સાહે કરજો સદા ઈષ્ટદેવ આદ્ય અંબા મારી તું કહેવાય ॥
સંકટ સમે સમરતાં આવી બરદાસ હમારી લયા કરો ॥
હમે બાળક અજાણુ ॥ ચોક ૨

અમ પરદેશી પંથી મુસાફર ભ્રમણુાથી ભટકું જહી તહીં
જંગલમાં રહું વસ્તીમાં રહું, ભરદરીયે આગબોટને મહી.

ઉપર આભ ને નીચે પાણી, તારા વીના કોઇ મારૂ નહી
અરજ સાંભળી પાર ઉતારો, પુત્ર અરજ કરે જડી તહી
અનેક સંકટ આવે શીરપર, સ્હાય કરી સુખ દયા કરો ॥
અમે બાળક ચોક ૩
અમે તમારા તમે હમારા, પીંડ બ્રહ્માંડના માલીક તમ ॥
તમથી અમે કંઇ જુદા નથી, પણ ભ્રમણામાં ભરમાયા અમ
સુખ દુઃખ સંસાર ઉપાધી સદા શરણુ રાખો હરદમ ॥
ભવ દુઃખ ભાગી કરો અનુરાગી, સદા આણંદમાં રહેતારમ
અમીચંદ કહે આત્મ સ્વરૂપ,મુળ વષ્તુપ્રાપ્ત્ય મને થયા કરો
અમે બાળક ચોક ૪

છંદ ૧૨૩ મો.

ધીરા રહીને ધ્યાન ધરો સૌ, માલિકની રાખી દરકાર ॥
સરળ પંથ જોઇ સીધા ચાલો, કામ ક્રોધ છોડી અહંકાર ॥
ભક્તના છંદ ભક્ત ગાએ, વીવાદી કહેવાયે નહિ ॥
અમતમ જાઇએ એક નામના, તેમાં કંઇ અન્યાએ નહિ
ગુરૂ ભાઈ મારા સમજી, બોલું શત્રુવટ કદી થાએ નહિ ॥
જ્ઞાનિને સહુ સમાન દ્રસ્ટી કોઇનું, બુરૂ ચ્હાય નહિ ॥
હાથે જોડી હલકાય બતાવે, વગર જોએ શાસ્ત્રનો સાર ॥
સરળ પંથ જોઇ સીધા ચાલો ॥ ચોક ૧ લો
એક ઓળખી એકને પકડી, સદા આનંદમાં રહ્યા કરો ॥

ામ ખાઇ ગુસ્સો મારી બેસવું, ધીરજના ફળ લયા કરો ॥
ામે ગુણીજન ગુણસાગર છો, ગુસ્સામાં કેમ રહ્યા કરો ॥
ાલી બુરી ન માનું મનમાં, કહેવું હોય તે કહ્યા કરો ॥
આજ આનંદ મારા મનમાં વધ્યો, માજી નામનો ઉઠયો તાર
સરળ પંઠ જોઇ સીધા ચાલો ॥ ચોક ૨ જો.

ાલો છંદ તમે ભાવે કરીને શ્રવણ કરી સૌ સાંભળે છંદ ॥
નેર્મળ વાણી માજી નામની, બોલે સર્વ છોડીને ફંદ ॥
ાઓ નહિ તો ગાવા દો હમને, સાફ દીલ રાખી તન મન ॥
ાતાજન શ્રવણ કરે સઉ, ભક્ત બોલે તે સાંભળે છંદ ॥
એક પંથના સર્વે મુસાફર ભુલ્યા માર્ગ શોધે સંસાર ॥
સરળ જોઈ ॥ ચોક ૩ જો

મમ તમ બધા એક દેશના, આવ્યા મુસાફરી કરવાને ॥
ર્મ સંજોગે ઉંચ નીચ બન્યા, ભક્તિ કરે સઉ તરવાને ॥
ાજી નામનું ધ્યાન ધરી સઉ આવ્યા ભવ જળ તરવાને ॥
અરજ કરી માને સલામ કરી કહું, જન્મ મરણ દુઃખ હરવાને
અમીચંદ કહે ચાલો સંપથી, અંબા ઉતારે બેડા પાર ॥
સકળ પંથ જોઇ સીધા ચાલો ॥ ચોક ૪

છંદ ૧૨૪ મો

સતગુરૂ શબ્દમેં શીર ચઢાવી, ચેતી ચીત્ત થર કર લીઆ ।।
કઠની છોડી કુમતિ સુધારી, માજી નામ સમર લીઆ ।।
જન્મ લાયા કછું ન લાયા અજાણુદેશ પીછાન લીઆ ।।
ઓરતીઆ અથડાઇ જાય છે, સતગુરૂકા આસાન લીઆ ।।
સ્વચ્છ રહી સ્વાસોસ્વાસ શાધી, માજી નામકા ધ્યાન લીઆ ।।
ધન મળેથી ધર્મ કરવું, દયા રાખના માનલીઆ ।।
દયા દીલથી દુર ના રાખુ ભીત્તર ખજાના ભરલીઆ ।।
કથની છોડી કુમતી સુધારી ।। ચોક ૧

સાત પાંચકું છોડ દીઆ મેં માજી નામતો જપ લીઆ ।।
એક નામ અખંડ આરાધી માજી નામકા તપ લીઆ ।।
અજર અમર પ્યાલાદીઆ, ગુરૂને ગુણીજન ને ગુણુ જડપલીઆ
અચપાકા ઘર ધ્યાન ધુનમે ધુન ધુન કારમે ચડપલીઆ ।।
અગમ અગોચર અઘોર માયા, લક્ષ લગામમેં પકડલીયા ।।
કથની છોડી કુમતિ સુધારી ।। ચોક ૨

પ્રેમ પલાણુ પ્રેમેથી લીધુ, જ્ઞાનઘોડા સણુગારલીઆ ।
ઢાલ ધીરજની બાધી બેઠો છંદમા શાર અપાર લીઆ ।।

સાધન સાધી ક્રીયા પાળી, છંદ મંત્ર વિચારલીઆ ॥
સતની શમશેર હાથ લીધી, કામ ક્રોધ શત્રુકુ મારલીઆ ॥
ખાનુ ખરાછી એક ઇશ્વરી, અખંડ નામ ભિત્તરલીઆ ॥
કથની છોડી કુમતી સુધારી ચોક ૩ જો

નાભી કમળથી ચાલી સુરતા, શ્વાસોશ્વાસ ધ્યાન ધર લીયા ॥
ચઢી ખુમારી અખંડ અંગમાં, માની સચરાચર લીઆ ॥
રોમ રોમ રણુકાર ઉઠયા, જેને ગુરૂ વચન શીરપર લીઆ ॥
મળી જોતમાં જોત સમાઇ, ભવજળ પાર ઉતર લીયા ॥
અમીચંદ કહે સદા આનંદમાં મ.જી નામ ફરફર લીઆ
કથની છોડી કુમતિ સુધારી ॥ ચોક ૪ થો

છંદ ૧૨૫ મો.

ખમા ખમા મહારી મંમાયાને, ગહન ગતી તારી ન્યારી,
હુજી તમે શણગાર સજો નાંખી, માયા જાળ ભ્રમણા ભારી.
આદ્ય અંતનો ઉપાય જાણુવા કોઇ સમર્થ નહી તુજ વિના;
કોઇ જ્ઞાનીઓ ગણુત્રી કરીને, લખી જણાવી સેજ બીના.
સત્યયુગ, તેતા, દ્વાપર કલિયુગ, ચાર યુગના વરસગિના,
લાખ તેંતાલીશ ઉપર હજાર વીસ, શક પડે તો ગિન લિના
મધવા કરે ચૌદ ચે કડીનું રાજ, એવા ઇંદ્ર થાશે અધિયારી

હુજી તમે શણગાર સજો, નાંખી માયા જાળ ભ્રમણા ભારી ચો૦ ૧
ચૌદ ઇંદ્ર એમ જોતાં વહી જાએ, ત્યારે બ્રહ્માને દીન ગણાય
ત્રીસ દીન એવા જાએ બ્રહ્માના, ત્યારે તેનો એક માસ મનાય
બાર માસ જ્યારે જાય બ્રહ્માના, ત્યારે તેનું તો વરસ કહેવાય
સોવરસ જ્યારે જાએ બ્રહ્માનાં, ત્યારે આદ્યશક્તિની એક પળ થાય
સાઠ પલ એવી જશે માતાની, એક ઘડી લો વિચારી
હુજી તમે શણગાર સજો, નાંખી માયા જાળ ભ્રમણા ભારી ચો. ૨
સાઠ ઘડી એવી જશે માતાની ત્યારે તેનો એક થાશે દીન.
તીસ દીનનો એક માસ થાય બાર માસે વરસ લો ગીન.
કોટી વરસ સણગાર સજે, સેશ શંકર ગયે માયામાં લીન
પહેરી પોશાક પાછી ફરે, ત્રણ લોક તણો ક્ષય થાએ તે દીન
તાહારી ગતી છે સૌથી ન્યારી અરજ સુણો ખપ્પર ધારી,
હુજી તમે સણગાર સજો, નાંખી માયા જાળ ભ્રમણા ભારી ચો. ૩
કળિકાળમાં કીરપા કરી, મહાકાળી મા કલ્યાણ કરો
સેવક જનને સહાય કરી દુઃખ વેળા આવી હાથ શીરે ધરો,
માહારે આશરો અંબા આપનો શ્વાસે શ્વાસ જાપ જપું ખરો
જપ તપ તારૂં નામ સ્મરતાં ઝટ આવી તમે દુઃખ હરો.
અમીચંદ કહે અંતર નથી મા, હું તારો તું છે મોરી,
હુજી તમે શણગાર સજો, નાંખી માયાજાળ ભ્રમણા ભારી ચો૦ ૪

છંદ ૧૨૬ મો.

પ્રણામ કરી સતગુરૂ કહું તમને ચંદ્ર જોગણીનું કયું આશ્રમ
કીરપા કરી ભેદ ભાંગો અમારો સ્થાવર રહે કે ફરે જંગમ
જોગ જુકિતથી સાધન સાધી ક્રીયા પાળી બેઠો સ્થીર
પ્રેમરસ પ્યાલા પીધા ગુરૂના શુદ્ધ થયું મા મારૂં શરીર
લહેર ચડી મા માજી નામની જ્ઞાને કરો મને ગુણ ગંભીર
પડવો નોમ રહે પૂર્વ દિશાએ માતા જોગણી સ્થાવર સ્થીર
સ્થીર રહે પણ દ્રષ્ટિ ફરે છે તે વાતનો હું ભાંગુ ભરમ
કીરપા કરી ભેદ ભાંગો અમારો. ચોક ૧
પ્રથમ જુએ અસમાન જોગણી પંદર ઘડી તે ઉપર કાળ
દશ ઘડી જુએ દ્રષ્ટિ નીચે તે દ્રષ્ટિ જઇ પડે પાતાળ
દશ ઘડી જુએ ડાબી પાસે દક્ષિણ દિશા તે જાણવી કાળ
દશ ઘડી જુએ જમણી પાસે ત્યાં તેના થાય બૂરા હેવાલ
પંદર ઘડી સન્મુખ જુએ તે સામૂં નહિ કરવું આશ્રમ
કીરપા કરી ભેદ ભાંગો અમારો ચોક ૨
થર મન થીર રાખી સાંભળો ચંદ્રમાનો કહું છું વિસ્તાર
પુર્વ દિશાએ ઘર ચંદ્રનું મેષ રાશીનું છે નીરધાર
એ ચંદ્ર રહે સવા બે દહાડા તેમાં ફરે છે આઠે દ્વાર
સતર ઘડી રહે પુર્વ દિશાએ અગ્નિ ખુણે પંદર નીરધાર
એકવીશ ઘડી રહે દક્ષિણ દિશાએ નૈઋત્ય ખુણે સોળ ઘડી આશ્રમ
કીરપા કરી ભેદ ભાંગો અમારો ચોક ૩
પશ્ચીમ દિશા રહે અઢાર ઘડી ઓગણીસ વાયવ્ય ખુણે રહે સહી

ઉત્તર દીશા રહે પંદર ઘડી ઇસાન ખુણે ચોદ ઘડી ગઈ
મેષરાશી ફરી આઠે ખુણે એકસો પાંત્રીસ ઘઠી થઇ
જે ખુણે ઘડી ભોગવે ચંદ્રમા તે વખત તે જાણવા તહીં
અમીચંદ કહે ભેદુ ભેદ લે અજાણ્યાંને નહીં પડશે ગમ
કીરપા કરી ભેદ ભાંગો અમારો. ચોક ૪

છંદ ૧૨૭ મો.

(ભુલે ભુલેરે આ મુસાફર ભુલે એ રાહ.

ભુલા નહિં ભુલારે, આ જ્ઞાની નહિ ભુલા;
ધરી અત સમશેર લઇ ઢાલ, તોડી માયા જાળ.
ભાગ્ય તેના ખુલારે, આ જ્ઞાની નહીં ભુલા.
જેને મળ્યું ગુરૂનું જ્ઞાન, ધરે એક ધ્યાન, માયા કરે દુર;
જુઓ જનક રાયનું જ્ઞાન, ગણે સમાન વરસે મુખ નુરે.
એક હાથ છે સ્ત્રીયા સ્તન, બીજો અગન ઝાળ ભરપુરે;
ગણે હરખ શોક સમાન, પ્રેનરસ પાન કરે ચડે સુરે.

ફેકતો.

આ પ્રેમરસ શિવશંકરાદિકે પીધો, એ અજરરસ સુખ નારદે
મન લીધો
જુઓ પ્રેમ ગોપી મીરાંના કારજ સીધો;લેવા સુખદેવજીએ જ્ઞાન
જનક ગુરૂ કીધો, જોઇ ઘડપણું જનકે દ્વાર ઝટ ખુલારે,
આ જ્ઞાની નઇ ભુલા ચોક ૧
નરસિંહની ભક્તિ ઘડ થયા જુનાગઢ કૃષ્ણુ આવે દોડી,

ારી મોસાળું મોરારી હુંડી સ્વીકારી સાચી પ્રીત જોડી
જેણે સેવ્યાં ગુરૂના ચરણ, સદા રહે શરણ, કરમ જાય તોડી
ગુણો ભક્તમાળા કાનધરી, ગયાસો તરી; કર્મબંધ તોડી

ફેકતો.

જઇ ગુરૂ શરણ શીર નમી, ગુરૂ જ્ઞાન લેવું,
ગુરૂ વચન ચડાવી શીર, શરણમાં રહેવું.
ગુરૂ વિના મળે નહીં જ્ઞાન શાસ્ત્રમાં કહેવું
દેવ ગુરૂ ગણી સમાન, પ્રીત જોડી રહેવું,
ચિત્ત થર રાખી રહે સ્થીર, જરા નહીં ભૂલાવે,
એ જ્ઞાની નહી ભુલા. ચોક ૨
સેવે વલ્લભ ધોળા માને, ધરીને ધ્યાને ભજે બહુચરી
હતા માજીના એ ભક્ત જાણે સઉ જગત
આવ્યા ફરી ફરી.
ગયા શિવજીને મંદિરે ઉભા થરીથીરે,માનુ ધ્યાનધરી
નહી ચુડો નાકમાં વાળી, માએ નથી ઘાલી
નમું કેમ કરી.

ફેકતો.

મારી માજી વિના નહી નમુ દર્શન જ્યારે થાશે
એમ કરી ઉભા દિન રાત કરી અપવાસે
થઇ પરસન શિવજી પુરે ભક્તની આશે,
પહેરી નથ નાકમે ખુશી કર્યા ત્યાં દાસે;
નમે નીચો વળી વલ્લભ ભક્ત

કુલકુલારે, જ્ઞાની નહી ભુલે ચોક ૩
કેવી રાખી ભક્તની લાજ, કરે મા કાજ જુઓ ચંડી પાઠે
માર્કંડ રૂષિની વાણી, શક્તિ વખાણી, સુરથ વઈષ્ય સાથે
આપી રાજ કર્યા માએ કાજે ઝાલીને હાથે,
રાખી શરણ મટાવે આવાગમન હાથ મુકે માથે.

કૈકતો.

જેણે શિર ગરૂદેવ હરદમ, સિરપર ગાજે,
તોડી માયા જાળ ઘટ ભીતર માજી બીરાજે;
ત્રીવેણી સંગમ નાહી બેસે ઘંટ બાજે,
કરો ભક્તિ ભક્ત સૌ રાખે ઇષ્ટ દેવ લાજે.
અમીચંદ કહે માજી નામ જરા નહી ભુલારે.
ઓ જ્ઞાની નહી ભુલા. ચોક ૪

છંદ ૧૨૮ મો.

પ્રથમ નમું ગણપતિની રાહનો છંદ.

અદલ આવી દોરી તુટી પ્રેમકી, ઉડે ચલેરે પતંગ,
હુવા ખેલ પુરા ફટક ગયે રંગ
મહા માયાની કયા કહું ચતરઇ કુદરતકા મંડાણ,
રાખે નવ માસમાં ગર્ભ સ્થાન,
ત્રણુસો સાઠ કાગડીનું પીંજરૂ પાંચ રંગ પીછાન.
બોત્તર કોટડી કે ઘરધાન,

હાડ માસથી બન્યું પૂતળું મજબુત હો ગએ અંગ,
હુવા ખેલ પુરા. ચોક ૧લો
એરે નગરમાં નવ દરવાજા દસમાં છુપા રહે દ્વાર,
દેખો ત્યાં પવન વસે સરદાર
દે ઉઘાડ હોઠ કુદરતકા ખેલ બત્રીસ હારોહાર,
અજબ ખેલ પાણીકા સુમાર,
એરે પાણીમાં મછલી તલપ રહી ખુબ મચાવે જંગ,
હુવા ખેલ પુરા. ચોક ૨
હુકમ થયો હલકારા આવ્યા મુલક થયો બેરાન,
રાજા મન થઇને પડયા બેભાન,
નવસે નાડી બંધ પડી ગઇ ઝટ નીકલ જાએ જાન,
થયું શહેર ખાખ બન્યું મસાણ,
આ કાયાનો નથી ભરોસો એક દિન થાએ ભંગ,
હુવા ખેલ પુરા, ચોક ૩
એમ સમજી સત્ય ચાલો જગતમાં રાખી મનમાં ટેક,
સર્વમાં શક્તિ રૂપે એક
ઠાકોરદાસ પચ્ચીગર અંબાના રાખી રહ્યા વિવેક,
દાગીના કરે રાખીને નેક, **અમીચંદ** કહે અજબ
માયામાં કંઈ કંઈ ઉઠે બંગ
હુવા ખેલ પુરા, ચોક ૪

છંદ ૧૨૯ મો.

પ્રથમ નમું ગણુપતિ એ રાહ.

દેશી હમારા હમને મળે તો કહીએ દીલની વાત,
શોધક કોઇ મીલે હમારા ભ્રાત.
મોટા પુરૂષ ગયા માર્ગ બતાવી તે પર રાખવું ધ્યાન,
લેવું કોઇ જ્ઞાની પુરૂષનું જ્ઞાન.
બ્રહ્મણા મનની ભાંગી નાંખવી તૃષ્ણા ત્યાગે થાએ જાણ
અહો નિશ ધરવું માલીકની ધ્યાન.
રાગ થકી વીતરાગ થઇને જોવી જીવની જાત,
શોધક કોઇ મીલે હમારા ભ્રાત. ચોક ૧ લો.

દીવે દીવા જુદા દીશે પણ અગ્નિ એક કહેવાય,
ગંગા સાગર માંહ્ય સમાય.
બ્રહ્મપદ ભેળા થઇ રહીને મુળ મુકામે જાય,
નિર્ભય થઇ અમર પદને પાય.
સદા આનંદના ઘરમાં વસ્યો જાણી જીવની જાત,
શોધક કોઇ મીલે હમારા ભ્રાત. ચોક ૨ જો.

ભેદુ વિના ભેદ કહીએ કોઇને તો, જ્ઞાન પોતાનું જાય,
શાણા જન સમજે એ સમશ્યાય.
કુટિલ પુરૂષથી કથની કરેથી કાર્ય સિદ્ધ ન થાય,
મળેલો સાર પોતાનો જાય.

મુન રહી મમતા ન કરવી, અજ્ઞાનીથી વાત
શોધક કોઇ મીલે હમારા ભ્રાત. ચોક ૩ જો.
ચીંતામણી ચઢયો હાથ પોતાને ધન માટે કોણ ધાય,
ધારેલા મનવાંછીત ફળ ખાય.
ખાધા પછી ફરી ખાવું પડે નહી એવું જે જન ખાય.
ગુરૂની કૃપાથી સિદ્ધ થાય.
અમીચંદ કહે ભ્રાંતિ ભાંગીગઈ મળી જાતમાં જાત.
શોધક કોઇ મીલે હમારા ભ્રાત. ચોક ૪ થો.

છંદ ૧૩૦ મો.

રાહ ઉપરનો.

દેખા ખેલ કુદરતકા સમરતા સમજે કોઇ જ્ઞાનિ,
ભાંગે ભેદ ભજતા ભવાનિ,
એરે નગરમાં કિલ્લા પાણીકા સમજે કોઈ જ્ઞાની,
ગુણીજન બોલે અમરવાણી;
દશ દરવાજા દેખો પવનકા સૂરતાથી જાણી,
કોટ અગ્નિકા એ એંધાણી,
એરે નગરમાં રૈયત અંધી બીન ધડ મસ્તાની,
ભાંગે ભેદ ભજત ભવાનિ. ચોક ૧

નહિ શીશ નહિ ઇંદ્રી બાદશાહકુ બેઠે તખ્ત કરે રાજ
વજીર હાથ બિના કરે છે કાજ,
નથી નાક કાન કોટવાળને પણ સાંભળે સર્વે અવાજ,
દાદી ફરીઆદી ઉભાં સમાજ,
ભરી કચેરી બેઠે તખતપર બાદશા હે જ્ઞાનિ,
ભાંગે ભેદ ભજતા ભવાની. ચોક ૨ જો

કરી સલામ નેકીદાર બોલે નહિ હાડ બીન શ્વાસ,
કંઠ બીન બોલે પડે પ્રકાશ,
બીન ઘોડ સવાર મુલકપર ફરતા ફરે આકાશ,
પકડ શમસેર ફીરે ચોપાસ,
જરા જોખમ નહિ લાગે તનપર ચલે સમશેર જ્ઞાનિ,
ભાંગે ભેદ ભજતા ભવાની, ચોક ૩ જો.

વહી લોહીકી નદી પડે નહી છાંટા પૃથ્વી પર
તમાસા દેખા નગર અંદર
અંધા પોથી વાંચ રહ્યા બોલે મુંગા પઢે સાસ્ત્ર
બેરા સુણે રાગ નગર અંદર
અમીચંદ કહે અવર વાણી કોઇ સમજી લેશે જ્ઞાનિ
ભાંગે ભેદ ભજતા ભવાની. ચોક ૪

છંદ ૧૩૧ મો.

મારી અરજ સુણો અંબામા બહુચરવાળી એ રાહ
ઓ મારા વહાલામીત્ર હમે તમે મળ્યા એક દેશી
ફરી ફરી મુસાફરી કરી થાકી ગયા બેસી.
મુળ માલીક તો છે એક નામ અનેકે
તમે ભ્રમણામાં ભોળવાઇ ભૂલી ગયા છેકે,
તમે કહી સાંભળી વાત કરો છો વીવેકે
મુળ ધામ પહેડીનો નથી મળ્યો કંઇ ચેકે
ખુલે અંતર પરદો કરણી હોએ જેની જેશી.
ફરી ફરી મુસાફરી કરી થાકી ગયા બેસી-ચોક ૧
ઘણા પંથ નીકળ્યાં તેની ઘણી ગુંચવણી,
વાણો તાણો જુદો થયું એક વસ્ત્ર લો ગણી,
તેમ માયા ભ્રમ નહી જુદા ગુરૂ ચેતવણી
કરો ભકતી ભાવે ભજન સારી કરો કરણી
મારૂં તારૂં કરે દુકાનદાર હોએ દ્રેશી
ફરી ફરી મુસાફરી કરી થાકી ગયા બેસી- ચોક ૨
મહા માયા જાળમાં ફસાઇ પડ્યા કંઇ શુરા
બ્રહ્મા વીષ્ણુ ભુલ્યા માહાદેવ સરખા પુરા,
થયા માયા મોહોમાં જગ્ત જીવ ચકચુરા,
સુખ ભજે ભ્રમ નહી માયા છોડી ગયા દુરા,
જહાં લગી કાયામાં રહે જીવ માયામાં રહે પેશી

ફરી ફરી મુસાફરી કરી થાકી ગયા બેસી—ચોક ૩
માયા બ્રહ્મગણે જે એક શંશ્ય નાખે ટાળી
શીવ શક્તિમાં નહી ફેર છોડો કપાળી,
મુખ મુકિત મુકિત કહી મુકતી માગો તે ખાલી,
કરી કરણી ખપાવો કરમ માલીક લે ઝાલી,
અમીચંદ કહે અંબા નામે ભીતર ગયો પેશી
ફરી ફરી મુસાફરી કરી થાકી ગયા બેસી—ચોક ૫

છંદ. ૧૩૨ મો.

(રાહ ખડી)

જરા નજર કરો બાળક ઉપર મ્હેર કરી દેજો દર્શન;
ચરણુ કમળનો દાસ તમારો પૂત્ર જાણીને થાઓ પ્રસન,
ભૂલ અમારી ક્ષમા કરજો ક્ષણું ક્ષણું મા થાય છે ભુલ;
જાણો જનુની જગતની માતા બાળેક રમતાં ઘાલે ધુળ;
માથું ચોળાવતાં બાળક રૂએ રમતાં નહી સમજે બીલકુલ
એ અજ્ઞાની અમેજ મુર્ખા બાળી ન શકયા પાપના મુળ
કોઇ કોઇ વીરલા હશે જગતમાં કરમબીઆળી કરે અર્શણુ
ચરણુ કમળનો દાસ તમારો, ચોક ૧
તપ કરે કોઇ જપ કરે કોઈ વૃત કરી જંગલમાં ફરે
કોઇ ગંગાજળ તીર્થે નાચે કોઇ તાપી કોઈ સરોવરે,

કોઇ ઘર છોડે વૈરાગ્ય લાવે ભિક્ષા માગે ઘરેઘરે
પાપી પેટ કોઈને ન મુકે તું અન્ન, પુર્ણા પુરૂં કરે
અમે મુર્ખ જીવ ફુલાઈ મરીએ વાવી જુવાર ને થયું કર્શણ
ચરણ કમળનો દાસ તમારો ચોક ૨

આ જીવથી કાંઇ બન્યું નહી ગયો ફોકટ ફેરો મારો હશે
શુક્રીત મેં કાંઈ કર્યું નથી તો દયા તમને ક્યાંથી વશે
અનંત ભવનો આ જીવ દુઃખી ફરતો ફરતો અહીં આવ્યો હશે
કીરપા કરી તમે લાવો કરૂણા તો અવતાર મારો સફળ થશે
એક લહે મૈયા લાગી તુમારી માજી માજી મુખ લગે વર્સન
ચરણ કમળનો દાસ તમારો, ચોક ૩

કરમ કઠણ ને કાયા સુંવાળી તે તો માજી જાણો છો સર્વ
પઇસો ખરચી પુનની પાળ બાંધું એટલું બધું કંઇ નથી દ્રવ્ય
જે હશે તે આપ્યું તમારૂં અજ્ઞાની તો કરે ગર્વ
એ તો સર્વ સંસારની માયા તારી ભકિતમાં સાર સર્વ
અમીચંદ કહે છંદ બનાવી તેરે દર્શણ બીન રહુ તર્ષણ
ચરણ કમળનો દાસ તમારો પુત્ર જાણી મા થાઓ
પ્રસન. ચોક ૪

પંચ તત્વથી કાયા બની તે વીશેનો
છંદ ૧૩૩ મો.
(રાહ લંગડી.)

ગુરૂ ઉપદેશે જ્ઞાન મળ્યું મને, ઇષ્ટ દેવની સાહ્ય જડી;
સત સમાગમ, કરતા ગુરૂ કીલી, મારે હાથ ચડી;
એક અખંડ અવિનાશી સર્વમાં, સચરાચરમાં આપ ધણી;
પીંડ બ્રહ્માંડમાં જુઓ તો, પાંચ તત્વથી કાયા બની;
પ્રકૃત્તિ થઈ પરી બ્રહ્મથી, તમો સત્વ રજો ગુણ લો ગણી;
આકાશ બન્યું આકાશમાં, અવકાશ રહયો સણુસણી;
વાયુનો વેગ થયો તેમાંથી, અગ્નિ પ્રગટ થઇ પડી;
સત સમાગમ કરતાં ગુરૂ કીલી, મારે હાથ ચડી.:
ચોક ૧ લો

જલ બીંદુ પડયું આકાશમાંથી, ઈંડિ તેનો ઉત્પન્નકરી, માતાના
તનમાં, રહે છે નવ માસ લગી ધ્યાન ધરી:
પીંડ બને છે ચોવીસ તત્વનું, સુક્ષમ કારણુ માયા ખરી:
પીંડ બ્રહ્માંડને એકઠાં જાણો, ફેર નહિ એમાં જરી:
પવન પાણી પૃથ્વી ને અગ્ની; આકાશમાં અવકાશ પડી:
સત સમાગમ કરતાં ગુરૂ કીલી, મારે હાથ ચડી:
ચોક ૨ જો.

મહા માયાની અઘોર ગતિ, આ પીંડની રચના જુઓ જરી
તનમાં તપાસી મુરખ મન જોને, જરી વીચાર કરી:

પાંચ તત્વ પણ પચ્ચીસ તેમાંથી એક સાથે રહ્યા ઠરી
જુદા પાડીને જોશો તો, કુદરતની કેવી કારીગરી:
સમે સમો જોઇ સમરણ કરવું, અજ્ઞાની કરે ઝડાઝડી:
સત સમાગમ કરતાં ગુરૂ કીલી, મારે હાથ ચડી:
ચોક ૩ જો

કેવી યુક્તિથી કાયા બની છે, નથી કર્તાને એધાણી:
કુદરત કરે છે એનો ભેદ જાણો તો, જુઓ વેદ વાણી:
પાંચ તત્વનું પ્રગટ પીંજરૂ ભેદ પચ્ચીસ લોને જાણી:
બીજા છંદમાં બતાવું આપે, બુદ્ધિ મા ગુરૂ જ્ઞાનિ
અમીચંદ કહે મા પ્રતાપે બ્રહ્મ કેફની લાગી જડી:
સત સમાગમ કરતાં ગુરૂ કીલી, મારે હાથ ચડી:
ચોક ૪

છંદ ૧૩૪ મો.

રાહ ખડી.

ધન બલીહારી માતા શારદા, કીરપા કરી મ્હારે મોઢે ચડી
વેદની વાણી જુક્તિએ જાણી, સમો જોઇ કહું પાએ પડી:
આદ્ય ઓંકાર ઉઠયો તેમાંથી બાવન એક બન્યા તત્કાળ:
ચાર માત્ર થઇ ચાવી તેમાંથી, વિશ્વપતિ લે છે સંભાળ:
આ પીંજરૂ પંચ તત્વનું, ભેદ પચીસથી ઉપજ્યું બાળ:
હાડ માંસ નાડી ને ચામડી, પાંચમી શરીરપર ઉગે વાળ:

આ પાંચ તો પૃથવીનો ભાગ, કોણુ કર્તાએ કાયા ઘડી:
વેદની વાણી જુકિતએ જાણી: ચોક ૧
લોહી લઘુ ને વીર્ય કહીએ, એને વરૂણ ભાગ લો જાણી;
લાળ ગળે ને સ્વેદ જે છે, એ પાંચો ભાગ છે પાણી:
હાલણુ, ચલણુ, ધાવણુ, પસારણુ, આકોશણુ વાયુ લો માની:
ભુખ, તરસ, નિંદ્રા ને આળસ કાન્તિ એ તેજ કહે જ્ઞાંની:
પેટ, છાતી, કંઠ ને કમ્મર; શીરનું પોલ આકાશ ખડી:
વેદની વાણી જુકિતએ જાણી; ચોક ૨
આ કાયામાં દશ દરવાજા પાંચ ઇંદ્રિય રાજા મન:
વાયુ વીધાન દશ વસી રહ્યા મહી, જુઓ નિદ્રામાં આવે સ્વપ્ન
વ્યાન, ઉદાન, અપાન, સમાન, પ્રાણુ નાગ, કર્મ, કર્કર દેવદત
ધન: ાા
જાગૃત સ્વપ્ન, સુસુપ્તિ, તુરીયા, પૂર્ણ સમાધિ થાય કો દિન
બુધ્ધિ, મન અહંકાર, ચિત્ત, જુઓ આ પીંડ સાથે રહ્યા અડી
વેદની વાણી જુકિતએ જાણી: ચોક ૩
આવી રીતે થઈ જીવનની કાયા મન રાજા થઈ બેઠો ઠરી:
સુખ દુ:ખ, સંશેથી ભોગવે, મુરખ જીવ કહે મારૂ કરી:
મુળરૂપમાં મન મેળવો સુરતા સાધી જુઓ ધ્યાન ધરી:
બ્રહ્માંડ જોતાં પાર ન આવે, જુઓ પીંડમાં રહયો ફરી:
અમીચંદ કહે ઘટમાં ખોળ્યો ખલક પતિની ખબર પડી:
વેદની વાણી જુકિતએ જાણી: ચોક ૪ યો

૧ કવ્વાલી ૧૩૫

સમજ મન માજી નામ સારૂં અવર સુખ નહિ મને પ્યારૂ
જગત સંસાર સ્વપના તુલ, પડે ગફલત હો જાવે ભુલ
સદા મેં મનને મારૂં, લાગે સંસાર સુખ ખારૂં
સમજ મન૦ ચોક ૧
ભજન મન કરલે હરદમ, શદા સુખ પાવે ખાલે ગમ
માને અજ્ઞાન જે મારૂ, આખર તે નહિ થાશે તારૂં.
સમજ મન ચોક ૨
ગુરૂ સરણુ જઇ રહેવું, આપે જ્ઞાન પ્રેમથી લેવું.
ગુરૂનું જ્ઞાન છે પ્યારૂં, પળે પળે પ્રેમ સંભારૂં,
સમજ મન૦ ચોક ૨
પ્રીતમ મારી પાસ હે પ્યારે, ખોજ ખોળ દેખે દેદારે.
અખંદ આનંદનું બારૂં, અમીચંદ નામ જપે તારૂં.
સમજ મન માજી નામ સારૂં ચોક ૪

૨ કવ્વાલી ૧૩૭

ગુણી ગુરૂ જ્ઞાનથી બુજે, પાપી પડે નરકે નહિ સુઝે.
આપે ગુરૂ બોધ ન માને પડે જઈ કુપ તે તાણે.
ખોટું ખરૂં કરીને ઝુઝે, સતી અસત્યથી ધ્રુજે.
ગુણી ગુરૂ જ્ઞાનથી બુજે. ચોક ૧
પાપી કૌરવ દુર્યોધન રમી દુત પાંડવ કાઢયા વન
કરી રાજ મુલકોને દુજે, કાઢયા વન પાંડવ શત્રુ જે
ગુણી ગુરૂ જ્ઞાનથી બુજે, ચોક ૨

સતી સંગ પાંડવ ચાલ્યા વન, વેઠે દુઃખ સત્યને કારણ.
સતી દુઃખ વેઠે લખ્યું જે, આખર સુખ અંતે કહું તુજે
ગુણી ગુરૂ જ્ઞાનથી બુજે, ચોક ૩
પાપી નહિ સમજયો દુર્યોધન કાઢયું એણે કુળનું નીકંદન
સાણા જન સમજો કહું તુજે, અમીચંદ કહે અંબા સુજે.
ગુણી ગુરૂ જ્ઞાનથી બુજે, ચોક ૪

૩ કવ્વાલી ૧૩૬

નિરંજન તુંહી મંમમાયા પલકમેં ખલક બનાયા.
પશુ પુરૂષ કરી નારી ખીલ્યા ફૂળફુલ હજારી.
પાંચ તત્વની કાયા સર્વમાં, છે તારી છાયા,
નીરંજન તુંહી મંમાયા, ચોક ૧
નીર્ગુણ સ્વગુણથી મંડાણ પડે કોઇ વીરલાને ભાન.
તરે છે છોડે જે માયા ચલા જીવ છોડ ચલે કાયા.
નીરંજન તુંહી મંમાયા ચોક ૨
છે સઘળે તારો વાસ, રહે જેમ પુષ્પ અંદર વાસ,
વસો તમે ઘટ ઘટ મંમાયા તેરા કોઇ પાર નહિ પાયા.
નિરંજન તુંહી મંમાયા. ચોક ૩
મારે એક તુંહી તુંહી વાલી, સદા કરો મા રખેવાળી
અમીચંદ ને ગાયા થયા પ્રસન્ન મંમાયા.
નીરંજન તુંહી તુંહી મંમાયા, ચોક ૪

૪ કવ્વાલી ૧૩૭.

કર્તાને કોઇ ન જાણે, જાણે તે મત ન તાણે.
ગુરૂ ગમ ઘટમાં લાગે, પલકમાં ભ્રમણાં ભાંગે.
સમાવે સંશય થાય જ્ઞાને, ઠરી બેઠા તે ઠેકાણે.
કર્તાને કોઇ ન જાણે ચોક ૧ લો

સંશયની જુઓની ખુબી, ગયું જગત સૌઉ ડુબી;
સમાવી સંશય જે જાણે જગતમાં થાએ વખાણે.
જાણે તે મત ન તાણે. ચોક ૨

લોભને સંશયે સમાયા, મુનિમા મોટા કે'વાયા
વધારી આયુષ્ય એ જાણે. ફેરા ખાએ કાળ તે તાણે
જાણે તે મત ન તાણે ચોક ૩

સમાવી સંશય હરિશ્ચંદ્ર, ભર્યું પાણી નીચ ભોવન
મળે જો ગુરૂનું જ્ઞાને, **અમીચંદ** કહે પડે ભાને.
જાણે તે મત ન તાણે. ચોક ૪

માતાજીનો ગરબા.

ગરબો ૧ લો. ૧૩૮

આવોની નંદલાલ રમવા આવોનીરે—રાહ.

પુંજુ મહાલક્ષ્મી માત શરણે રાખોનીરે, કે છે તમારો દાસ
શરણે રાખોનીરે,

શ્રીમાળ દેશના છૈયે શ્રીમાલી પરસન થઇ મા તમે હાથઝાલી.
કરો કુળ દેવી રખેવાળી શરણે રાખોનીરે.

ડુંગરવાળી તું મતબાળી ભક્તની કરજો રખેવાળી.
પડે આફતે લો સંભાળી, શરણે રાખોનીરે, ૨

સરણાગતને સ્હાય કરજો, અરજ અમારી કાને ધરજો સ્થાપી
દાસ જાણી દુઃખ હરજો, શરણે રાખોનીરે, ૩

તન મન ધન સદા સુખરે આપી, વંશ વૃદ્ધિ કરી પુત્રરે
પાપ કાપી સબુદ્ધિ આપી શરણે રાખોનીરે, ૪

જોતાં જગત્ત મને જુઠું ભાસે, ઉંડાણે જોતાં થાઉ રે ઉદાસે
એક દીન થાશે નાશે, શરણે રાખોનીરે, ૫

ધણી ધણીઆણી પૂત્ર પિતા નહિં પડયું રે હશે ત્યાનુ રે તહિં,
જોયો સંસાર જુઠો અહિં; શરણે રાખોનીરે ૬

મીથ્યા અભિમાન તજો સૌ પ્રાણી સત ચાલો સૌ મરવુંરે
જાણી, ગુરૂ જ્ઞાને થશો ગુરૂ જ્ઞાની, શરણે રાખોનીરે. ૭

બે કરજોડી મા વીનંતી કરૂં છું, હરનીસ તારૂં ધ્યાન ધરૂં છું
તારે આધારે જગતમાં ફરૂં છું; શરણે રાખોનીરે ૮

સર્વ સેવકની અરજી સ્વીકારો, હાથ જોડી કહે અમીચંદ.
તારો મા મને પાર ઉતારો, શરણે રાખોનીરે ૯

ગરબો ૨ જો ૧૩૯

રાહ ઉપરનો.

કરવા સેવકને સ્હાય અંબા આવોનીરે,
લાગુ તમારે પાય અંબા આવોનીરે. ૧.

બાળપણું બાળ બુદ્ધિએ કહાડી માત પિતા સુખ આપતા દહાડી,
ખીલી જોબન ફુલવાડી અંબા આવોનીરે ૨

જુવાની ખીલી ભરજોબન મારૂં. સંસાર સુખ લાગે મને પ્યારૂં,
નામ ન લીધું તમારૂં. અંબા આવોનીરે ૩.

મારૂં તારૂં કરી દીનરે કાપી, કંઈરે ભવનો આ જીવ પાપી,
બચાવો સબુદ્ધિ આપી અંબા આવોનીરે. ૪

ધન ધણીને છોકરા મારા. સંસાર સુખમાં લાગે પ્યારો
અંત સમે નહિ મારા અંબા આવોનીરે ૫

સુખ માનું તેતો દુઃખનો દરીઓ, કાચી માટીના જેવો કુંપ ભરીએ.
સમજો તે પાર ઉતરીઓ અંબા આવોનીરે ૬

સતગુરૂ શબ્દે જ્ઞાનરે આપી, આદ્ય શક્તિ અંતરમાંરે સ્થાપી
તું છે ઘટમાં વાપી અંબા આવોનીરે. ૭

આદ્ય ઇશ્વરી દીન દયાળી, દુઃખીઆરાના દુઃખરે ટાળી
પાર ઉતારો હાથ ઝાલી અંબા આવોનીરે, ૮

તુંજ વીના નહિ કોઇની આશ, અરજ કરી ઉભો તારી પાસ.
અમીચંદ કહે તારો દાસ, અંબા આવોનીરે ૯

ગરબો ૩ જો ૧૪૦

સખી પડવે તે પંથ પધાર્યારે.—એ રાહ

સખી આજ આનંદ મારે અંગરે. મારે જાવું સહીએરોની સંગેરે
સાત વાર ગાવાનો ઉમંગે, લાગી ધુન માજી નામની હમનેરે
રવીવારની શોભા સારીરે, માનો મંડપ છે મીનાકારીરે
લાલ સાડીની બલીહારી, લાગી ધુન માજી નામની હમનેરે ૧

સોમવારે ચંદ્રમુખ ઝળકારે, સહેદ સાજી ને મોતી ચળકેરે
આવે દર્શન કરવા ખલકે; લાગી ધુન માજી નામની હમનેરે. ૨

મંગળવારે મા મંગળકારીરે, માની લીખ લીખ જાઉં બલીહારીરે
ભક્ત કરે ભક્તિ તમારી, લાગી ધુન માજી નામની હમનેરે
બુધવારે બુદ્ધિ આપો હમનેરે, હાથ જોડી માગી કહું તમનેરે
મટે લક્ષ ચોર્યાશી ભમને, લાગી ધુન માજી નામની હમનેરે ૪

ગુરૂવારે ગુરૂગમ આપીરે, લાખો પાપ જન્મનારે કાપીરે
તમે ગટગટમાં રહો વ્યાપી, લાગી ધુન માજી નામની હમનેરે ૫

શુક્રવારે સજી સણગારેરે, હીરા રત્ન કરે ચમકારેરે
માના દર્શન કરૂ વારે વારે, લાગી ધુન માજી નામની હમનેરે ૬
શનિવારે ઉભા સનમુખેરે, આપે સુખ ને કાપે દુઃખરે
માના દર્શનથી થાય સુખે, લાગી ધુન માજી નામની હમનેરે ૭

રાહુ કેતુ નવે ગ્રહે કહીએરે, લાગી પાય માજી નામ લઈએરે
અમીચંદ કહે શર્ણું જઈએ, લાગી ધુન માજી નામની હમનેરે ૮

ગરબો ૪ થો. ૧૪૧

(રાહ ઉપરનો.)

સદા ગણપત લાગું પાયરે, માતા સરસ્વતી રહો જીભ્ડાયેરે
આદ્ય અંબા તે ગરબો ગાએ, ચાલો એની આજ દર્શન જઇએરે ૧
મહાકાળી તે પાવાવાલીરે, સાથે અંબા ને બહુચરવાલીરે
લેતા હાથોહાથ મા તાલી ચાલો એની આજ દર્શન જઇએરે ૨
માના શણગાર સુંદર ઝળકેરે, હડપચી પર હીરો ચળકેરે
માતા ગરબો તે મુખડું મલકે. ચાલો એની આજ દર્શન જઇએરે ૩
મળી ચોસઠ ગરબા ગાતીરે, પહેરી સુંદર ચુંદડી રાતીરે
ફરે કુદડી મા મદમાતી, ચાલો એની આજ દર્શન જઇએરે ૪
માના ચાચરની શોભા રૂડીરે માને હાથે જડવાની ચુડીરે
તાલી હાથો હાથે લે કુદી ચાલો, એની આજ દર્શન જઇએરે ૫
ગરબો સાંભળી દર્શન કરવારે. એક ચીત્તે માનુ ધ્યાન ધરવારે
મટે લક્ષ ચોર્યાસી ફરવા, ચાલો એની આજ દર્શન કરવા જઇએરે ૬
આણી અંગ આનંદ મા ચાલીરે; કરી દર્શન થાય છે ખુશાલીરે
નાંખો જન્મના પાપ માં બાળીચાલો એની આજ દર્શન જઇએરે ૭
માજી ભજતાં તે ભવ દુઃખ જાયરે. કાપે કષ્ટને સુખ થાયરે
તેથી સદા ભજો અંબાએ, ચાલો એની આજ દર્શન જઇએરે ૮
ગરબો ગાઇ ગયા મા ધામેરે, ભક્ત કરે દર્શન હે માંરે
અમીચંદ જપે તારૂં નામે, ચાલો એની આજ દર્શન જઇએરે ૯

વૈરાગનો ગરબો ૫ મો. ૧૪૨

અલબેલીરે અંબે માત જોવાને જઈએ એ રાહનો ગરબો

આ સંસાર મોહની જાળ માનો છો મારી,
માજી ભજવાથી સુખ થાય કાયા નહિ તારી.
જાંજવાના પાણી જોઇને જે જન પીવા જાયરે,
નીરાશ થઇને લાખે નીસાસા ખાલી ખોટી થાય.
માનો છો મારી. ચોક ૧ લો

સુખ સ્વપ્નામાં સંપતિ ભોગવે, નજરે નહી કંઈ દેખાયરે.
જગ્ત સ્વપ્નુ મોટું માનો, જાગી જોતે જણાયે. માનોછો મારી
ચોક ૨જો.

પૂત્ર પરીવાર સ્ત્રી આ જોબન આખર અળગા થાયરે
લોક લજ્જાથી રૂદન કરીને, ધન દોલતને ચ્હાય, માનોછો મારી.
ચોક ૩ જો

આવ્યા કયાંથી ને કયાં જવાનું, રહેવુ જઇ કેણુ ઠામરે.
સ્વરૂપનું સોધન કરીને પુછવુ કરી પ્રણામ; માનો છો મારી
ચોક ૪ થો

આરે કાયા મારી ક્ષણુ ભંગુર છે બતાવો મોક્ષ ઠામરે
તનમાં તપાસતા માલમ પડશે **અમીચંદ** રહે નીજ ધામ
માનો છો મારી, માજી ભજવાથી સુખ થાય, કાયા નહી તારી
ચોક ૫ મો

ગરબો ૬ ઠો. ૧૪૩

રીસાવ્યો રસીક સંગાથે રાધા એ રાહ.

જગતમાં એક બ્રહ્મ જાણો સરખો ભાવી જન પોતે પોતામાં પરખો
જગતમાં એક બ્રહ્મ જાણો સરખો.

જળ ભરી પાત્ર મુકો હારો હારે, સર્વમાં સુર્ય તણો રે આકારે.
તેમ સોહોમ રહે થારો થારે, જગતમાં એક બ્રહ્મ જાણે સરખો
ચોક ૧ લો.

નથી પુરૂષ નથી કોઈ નારે નથી ભીખારીને દાતારે
કરો આત્મ તત્વ વીચારે, જગતમાં એક, ચોક ૨ જો.

સુખ દુઃખ સંસય થકીરે જણાએ, માયાની ભ્રાંતિ બ્રહ્મણાથી થાએ
ઘાટ ઘળે કચન એક કહેવાયે, જગતમાં એક બ્રહ્મ જાણો સરખો
ચોક ૩ જો

ભજન પેતાનું પોતે કરે છે, જગ રૂપ થઇને પોતે ફરે છે.
અમીચંદ અંબાનુ ધ્યાન ધરે છે, જગતમાં એક બ્રહ્મ જાણે
સરખો ચોક ૪ થો

છંદ ૧૪૪ મો.

(અંબા મા તારા દર્શન દુર્લભ એ રાહ)

મારા પ્રાણ પતિ પરમેશ્વરી કહું મા તમને,
સમે સાગરની લેહેર સાગર સમાવો તેમ હમને,

થયો પરમાત્મામાંથી આત્મા કરમ અનુસારે,
હ્યાં આવી પડયો પરદેશી જોયો સંસારે,
થયો પાંચ તત્વનો સંગ જીવ થયો ત્યારે,,
પડી માયા જાળમાં દુઃખ વેઠે અપારે.
ઘણું છોડે છુટે નહિ લાગ્યો જગતમાં ભમને,
સમે સાગરની લહેર સાગર સમાવો તેમ ચોક ૧.

બની મુરખ ખોટાને ઝાલી રહયો માની સાચું,
માત પિતા પૂત્ર ધન ધણીઆણીનું કાચું,
પીંડ પોષી ખાઈપી દેહ અભિમાને રાખ્યું,
જાગી જોતા લાગે સૌ જુઠું શાસ્ત્ર જ્યારે વાંચ્યું,
આ જગતના જીવ એકદશી લગ રહે હમને,
સમે સાગરની લેહેર સાગર સમાવો ચોક ૨

છે જગત જુઠું પણ ભ્રમણાથી ખરૂ ભાસે,
કોઇ જ્ઞાની પુરૂષને પુરણ પડે પ્રકાસે.
તને નથી લોભ જોઇ પાત્ર પુરે તેની આશે,
જાણી દેશી બંન્ધુ વિદ્યાનો કરાવે અભ્યાસે,
જાણી વકીલ બંન્ધુ દેશી ભાઇને લાગે નમને,
સમે સાગરની લેહેર સાગર સમાવો ચોક. ૩

બાંધે કંઠી ગૂરૂ થઇ એક પર બીજી જયારે,
એવા લોભીઆ ગૂરૂથી કેમ તરાય સંસારે.
જેને સંશય સમેટી સ્વર્ગના ખોલ્યા દ્વારે,
મળી સરિતા સાગરમાં સાગર છોડી સંસારે,
કહે અમીચંદ કરી ભક્તિ જીતું સહુ જમને,
સમે સાગરની લેહેર સાગર સમાવો ચોક ૪

છંદ ૧૪૫ મો.

એક દહાડો ભરવો છે અમારે એ રાહ.

ખોટી મોહિણીમાં મોહખાઇ ફસાવવું નહી તે વિષેનો છંદ.

શું મોહયા નહી મોહન જાણો, મોહનની ગતી ન્યારીરે.
નાગ નાથી દાવાનળ પીધો, પર્વત તોલ્યો ભારીરે;
શું મોહયા નહી મોહન જાણો.
વૈષ્ણવ ધર્મ વલ્લભ કુળનો, ગુરૂનું જ્ઞાન વિચારીરે.
કાન ફુકાંવી ગુરૂ કર્યો તો, ન કરવી વાત મંનધારીરે;
શું મોહયા નહી મોહન જાણો.
ગુરૂ જ્ઞાન આપે તે લેવું, ન કરવી નરશી સારીરે.
ગુરૂ જ્ઞાન આપે તે લે છે, ખરો ચેલો સંસ્કારીરે;
શું મોહયા નહી મોહન જાણો.
ટચલી આંગલીએ ગોવરધન તોળ્યો, ઈંદ્ર થયાં હુંકારીરે.
ચૌદ લોકના નાથ પ્રભુજી, પાપીને લે તારીરે;
શું મોહયા નહી મોહન જાણો.
ગોકુળની વ્રીજ નારી ગોપી, ગઈ દુર્વાશા પાસેરે.
જમનાજી ભરપુર ચડ્યાં છે, જવું પાર પુછે વ્રીજનારીરે;
શું મોહયા નહી મોહન જાણો.
દુર્વાશા કહે જઇને કહેજો, હોય કૃષ્ણ સદા બ્રહ્મચારીરે.
દુર્વાશા હોય સદા ઉપવાશી, મારગ થાશે જાવ નારીરે;
શું મોહયા નહી મોહન જાણો.

દ્રૌપદીના ચીરા પુર્યા, જોતાં કૃષ્ણ મોરારીરે.
કૌરવ સૈન્ય જોતામાં રોળ્યું, પાંડવ સંગ મોરારીરે;
શું મોહ્યા નહી મોહન જાણો.

મંનના રાજા બને બનાવે, ખુશી થવા મંનધારીરે.
ખંડણી ભરવા કોઇ ન આવે, જાણે દુનીઆ સારીરે;
શું મોહ્યા નહી મોહન જાણો.

સર્વાંગે વ્યાપીઓ સૌ કહેછે, એ જીવ છે સંસારીરે;
અમીચંદ કહે એક રૂપ છે, પણ ન્યારો નીર વીકારીરે.
શું મોહ્યા નહી મોહન જાણો.

છંદ ૧૪૬ મો.

શું પુછો મને સંખ્યા લાવી, પ્રભુ નહી ભટ સંસારીરે;
માન પ્રભુના જેવું આપે, કથા લાગે જેને સારીરે.
શું પુછો મને સંખ્યા લાવી, પ્રભુ નહીં ભટ સંસારીરે;
આ પરદેશી કથા ભટ છે, વાણી મધુરી સારીરે.
વનો કરી વિવેકી બોલે ડાહ્યા પુરૂષ સંસ્કારીરે;
શું પુછો મને સંખ્યા લાવી. ચોક ૧

પેટનો ઉદ્યમ કરવા કથાભટ, ભજી ભજાવે મોરારીરે;
સુરતા સાંધી માલીકને સોધે પુરણ પ્રભુ નીરાકારીરે.
શું પુછો મને સંખ્યા લાવી. ચોક ૨

કજી બાળક છે સુર્યશંકર અભ્યાસ કીધો એને ભારીરે;
જ્ઞાન થાયે તો ગુરુ માનજો જાણજો પર ઉપકારીરે.
શું પુછો મને સંખ્યા લાવી. ચોક ૩

દક્ષણા આપી આશીશ લેવી એ વાત સૌથી સારીરે;
ભટ ભગવાનનો મારગ શોધે ભીક્ષુક થઇ લાચારીરે.
શું પુછો મને સંખ્યા લાવી. ચોક ૪

દાશ થઈ દીન વચન કહીને સમરે દેવ મોરારીરે;
જગત મીથ્યા જ્ઞાની માને મુળ માલીક લે ધારીરે.
શું પુછો મને સંખ્યા લાવી. ચોક ૫

આ અભ્યાસ જેના મંનમાં રહી જાય આખર વખત દુખકારીરે;
મતી હોય તેવી ગતી થાએ છે વીરલા જાણે વાત ન્યારીરે.
શું પુછો મને સંખ્યા લાવી. ચોક ૬

વેપાર કરી દુકાન લઇ બેશે કરે તે દુકાન દારીરે;
નથી નોતરૂં ખરીદનારને લો વસ્તુ જોઇને સારીરે.
શું પુછો મને સંખ્યા લાવી. ચોક ૭

અમીચંદ કહે પુન્યની રચના જશ લેતે જશ કારીરે;
સર્વે જીવ સમાન ગણવા નહી કરવી તારી મારીરે.
શું પુછો મને સંખ્યા લાવી પ્રભુ નહી ભટ સંસારીરે ચોક ૮

છંદ ૧૪૭ મો.

સાચ આંચ કબુ નહિ આવે, જુઠા આખર હારેરે.
સાચાની વાલી મા થાએ, જુઠા જમ દુવારેરે.
સાંચને આંચ કબુ નહી આવે ૧
જુંઠુ માસી હેત બતાવી, કૃષ્ણલાઇ ધવડાવેરે.
ભાણેજ હેત કરીરે ધાવ્યા, માસી પુતનાને મારેરે.
સાંચને આંચ કબુ નહી આવે ૨
દુર્યોધને દુત રમાડ્યા, જુઠા પાસા બનાવ્યારે.
હારી પાંડવ વન ફરી આવ્યા, કૃષ્ણ ચઢયા તેની વાહારેરે
સાચને આંચ ૩
અઢાર દહાડાનું યુદ્ધ મચાવ્યું, અઢાર ક્ષોણી સંહારેરે.
કૌરવ સૈન્ય જીતીને લીધું, સતીયા ઉતર્યા પારેરે.
સાચને આંચ ૪
જુઠો કળજુગ નળને દમ્યો, દમ્યંતીને લેવારે.
જુઠો આરોપ નુકાવી દમ્યો, આખર કળજુગ હારેરે.
સાચને આંચ ૫
સદ્ગુરૂ સમજણ આપે શીષ્યને, દુઃખકારી સંસારીરે.
દુનીયા દુઃખનો પાયો જુઠો, બોલતા મન વીચારેરે.
સાચને આંચ ૬

પર નીંદાનું પાપ જે જાણે, કરતાં કરે વીચારીરે.
ગુનેગારને શીક્ષા કરેછે, પોતે દેવ મોરારીરે.
સાચને આંચ ૭
જુઠું બોલી જીવ દુઃખાવે, નહી તેમાં શુ કાડેરે.
નહી નીસાંસો લઇને પ્રાણી, નરકના અધિકારીરે.
સાચને આંચ ૮
ક્રોધ કરી જ્ઞાનિ નહિ બોલે, બોધ આપીને તારેરે.
અમીચંદ કહે ગમ ખાઇ જે, આવતા ક્રોધને મારેરે ૯

છંદ ૧૪૮ મો.

રાહ લંગડી

જ્યાં જોઇએ ત્યાં તુંની તુંમા કામ કરે તેવા પડે છે નામ:॥
દેવની આશા:॥ આશા પુરે આશા પુરી પડયું છે નામ:॥
દુઃખીઆરા સહુ અરજ કરે દયા લાવી પલકમાં ભાંગો દુઃખ :॥
સૌના મનની :॥ વાતો જાણે પડે નહીં માંગવું મુખ:॥
બાળકની રૂખ માતા જાણે, મોડું જોઇને ભાંગો ભુખ:॥
કોઇ ન જાણેઃ જાણે તરપત કરીને આપો સુખ :॥
ગયા રાજ દેવતાને અપાવી ગયા પોત પોતાને ધામ:॥
દેવનીઆશા ચોક ૧
આશા પુરીની આશા રાખી અંબા શંકર કરે સેવા:॥
તમેતો જાણો॥: જાણો આવે સર્વ જન સુખ લેવા:॥

ધાર્યાં કામ મા સઉના કરો છો સુખી થઇ ખાય દુધ મેવાઃ॥
તેનું જોઇને :॥ જોઇને આવે સર્વ તમને કહેવાઃ॥
સુરત ઘીઆ ફળીઆમાં માતા અંબાજીનાં ખાંચામાં ધામઃ॥
દેવની આશા ચોક ૨
પેસતાં કમાંડમાં જમણે હાથે માતા સજી બેઠા સણગારઃ॥
અંબાશંકર :॥ લડાવે લાડ માજીને અપરંપારઃ॥
ભક્તો આવી ભક્તિ કરી કહે માજી તારો સઉને આધારઃ॥
દૈત્યો મારી :॥ અપાવ્યાં રાજ દેવને વારંવારઃ॥ દૈત્ય મારી
બહુ ચારો ચઇરો ત્યારે બહુચરી પાડયું દેવેનામઃ॥
દેવની આશા :॥ ચોક ૩
સેવક તમારાં આશા રાખી સદા આણંદમાં ફરતાફરેઃ॥
તેની આશા :॥ આશા પુરી દુઃખ તેનુ દુર કરેઃ॥
આશા પુરો આજ હમારી ધારી બેઠા જે ભીત્તરેઃ॥
તમેતો જાણો :॥ જાણો સમજી આપો દીલ અંદરેઃ॥
અમીચંદ કહે અંબાશંકર સેવા કરે રહેમાને ધામઃ॥
દેવની આશા ચોક ૪

છંદ ૧૪૯ મો

(મ્હારી અરજ સુણો અંબા મા બહુચરવાળી એ રાહ)

તમે ફરતા મુસાફર, આવ્યા મુસાફરી કરીને;
ભરી લાવ્યા જ્ઞાન ભંડાર, જગતમાં ફરીને.

તમે અબદુત સોદાગર, ખરીદ કર્યો ગણો માલે;
સાવકારનું નાણું, કે પેર પડે ટંકશાળે.
કોણ ગુરૂ કરી લીધું; જ્ઞાન તોડવા મહા જાણે;
કોનું બાનું ધર્યું કોણ ઇષ્ટ દેવ રખેવાળે.
સતગુરૂ વિના નથી ચેલો, ગયો કોઇ તરીને;
ભરી લાવ્યા જ્ઞાન ભંડાર ચોક ૧

વાણી વાજીંત્ર સાંભળી, ખુશી થયા પ્રસન્ને.
રાગ રાગણી નાટકમાં, મોહી રહ્યું જગતન્ને;
છાપમાળા ફેરવી માતા, ફરે છે ભજને;
ભીત્તરની વાત, તો જાણે પોતાનું મને.
હશે સાચો હીરો, લેશે ઝવેરી ખાત્રી કરીને;
ભરી લાવ્યા જ્ઞાન ભંડાર ચોક ૨

આ નથી દેશ આપણો, સર્વે પરદેશી;
કરી વેપાર તપાસવો નહો, રહેવું નહિ બેસી,
જુઓ સૃષ્ટિનું મંડાળ, વેદાંતમાં પેસી,
કામ કરે કુદરત. કરણી હોય જેની જેસી.
જેણે જાણ્યું જગત છે જુઠું, બેઠા તે તો ઠરીને;
ભરી લાવ્યા જ્ઞાન ભંડાર ચોક ૩

હું તો શોધું દેશીને, દેશી મીલે જો હમારા;
જો મળે દેશી તો, જઇ પુછું સમાચારા.

કોઇ આપે એધાણી, બતાવું દેશના દ્વારા;
માજી ભજતા ભાવથી, સંસય ભાગ્યા હમારા,
અમીચંદ કહે મળીએ એકાંત, તો વાત થાય ઠરીને
ભરી લાવ્યા જ્ઞાન ભંડાર ચોક. ૪

છંદ ૧૫૦ મો.

રાગ લંગડી.

બન્યું છે તે બધું બરાબર જે છે તે સર્વે સાચું: ।।
સમજણુ વિનાનું લાગે છે સૌને કાચું: ।।
પ્રથમ ગુરૂતો માત પીતા છે જ્ઞાન ધર્મને આપે બોધ: ।।
પુખ્ત ઉમરે: ।।
ઇષ્ટ દેવ કરી ગુરૂની કરે છે સોધ: ।।
જયાં જોઇએ ત્યાં ગુરૂ સ્વાર્થીયા કળીયુગમાં કરી લો નોંધ
રખે ન ભુલતાં કરી સ્વગુરૂ છોડીને કામ ક્રોધ : ।।
એવા ગુરૂનું જ્ઞાન લઈ મુળ ઇષ્ટદેવને જાચું: ।।
સમજણુ વિનાનું ચોક ૧
બાવનમાં સૌ બાહોસ બન્યા છે, માલીક સૌથી છે ન્યારો
કોઇ વિરલા જાણે; જાણે; તેનો કોઇ સમે આવશે આરો
એક ગુરૂને એક ઇષ્ટ દેવ ન કરવો નરસો સારો;
માન્યો તે મારો મારો પાસ મારી પ્રીતમ પ્યારો;
બાવનમાં રહી ભક્તિ કરી છંદ ભજન ગાયન દુખે દાચુ
સમજણુ વિનાનું (૨)

અલ્પ આયુષ્યના સર્વે ભાઇઓ આતો આવ્યા છઇએ પરદેશ
જઇ જુઓને નાટક; નાટકમાં આવે રાજા રાણીનો વેશ;
પહેલાં તો એ પુરૂષ હતો સજી સણગાર રાણીનો પહેરી હેરેશ
ભુલ્યા સર્વે; સર્વે જોઇ આંખમાં આંજી મેશ;
મનમાં સમજે પુરૂષ હું છઉં રાણી થઇ ખોટી રાચુ,
સમજણ વિનાનું (૩)

સાંભળો ભાઇઓ દ્રષ્તાંત કહ્યું તેમ આપણે આવ્યા વેશ ધારી
ખેલ ખલાશે ખલાસે જાઉં સઉને છે મરી,
તે માટે મુળ સ્વરૂપ ઓળખો નથી રહેવુ કઇ, અહીઆ
ગુરૂ લોભીને ચેલા લાલચુ હવે કહો કોને જાચું;
સમજણ વિનાનું (૪)

જગત જુઠું છે કહી સમજાવે બ્રહ્મજ્ઞાનનો આપે બોધ;
આ જુઠી માયા, માયા છોડે સઉ કામ ક્રોધ;
ગુરૂ શીષ્યને જ્ઞાન આપે પણ પોતે પઇસાની કરો છો સોધ;
અનેક રીતે રીતે ફંડ કરી કરાવે નોંધ.
અમીચંદ કહે સત સંગતમાં સદા આનંદમાં હું રાચું,
સમજણ વિનાનું (૫)

ભજન રૂપી છંદ ૧૫૧ મો.

તારી ગતી ઘણી ન્યારીરે અલબેલી અંબા તારી ગતી ઘણી ન્યારી
એ રાહ ભજન રૂપી છંદ.

માયાને જાણે મોરારીરે; અલબેલી અંબા માયાને જાણે

મોરારી: એના ગુણ વખાણે ગીરધારીરે; અલબેલી અંબા ૧ મથુરામાં જન્મીઆને ગોકુળમાં ઉછર્યા; કેવી લીલા કીધી ભારીરે: અલબેલી અંબા ૨ છ મહીનાની રાત બનાવી; રાસ રમ્યા નરનારીરે: અલબેલી અંબા ૩ ગોરસ ફોડીને દહીં દુધ ખાધાં; ઘેલી કરી બ્રીજ નારીરે, અલબેલી અંબા ૪ પુતનાને મારી કાળી નાગને નાથ્યો: કંશ પછાડી નાંખ્યો મારીરે અલબેલી અંબા ૫ અરજુન નારદને માયા બતાવી• સમજી ગયા અહંકારીરે અલબેલી અંબા ૬ માયા રચી કૃષ્ણે દૈત્યોને માર્યા: દેવોને કઇરા સુખકારીરે અલબેલી અંબા ૭ તપ જપ સાધન દેવરે માયા: પોઠી લંગોટી માળા પ્યારીરે અલબેલી અંબા ૮ કૃષ્ણે મંગાવ્યુ ભીમની પાસે દ્રૌપદી છે ખપ્પર ધારીરે અલબેલી અંબા ૯ પાંચ પાંડવને છઠ્ઠા નારાયણ: તારા ખપ્પરથી લેજો ઉગારીરે અલબેલી અંબા ૧૦ માયાથી છુટવું માયાના હાથમાં: મતીઆ મતે ગયા હારીરે અલબેલી અંબા ૧૧ માયામાં રહી સૌ બ્રહ્મને ઓળખે: માયાથી મળે બ્રહ્મબારીરે અલબેલી અંબા ૧૨ જોવું જાણવું માયાથી થાય છે: ખીસા ખાલીને બ્રહ્મ ભારીરે અલબેલી અંબા ૧૩ જયાં લગી કાયા ત્યાં લગી માયા: પછી તો સરવે એકાકારીરે અલબેલી અંબા ૧૪ **અમીચંદ** કહે બ્રહ્મને માયા: નથી જુદા જોતાં પ્યારીરે અલબેલી અંબા માયાને જાણે મોરારીરે ૧૫

ભજન રૂપી છંદ ૧૫૨ મો.

રાહ ઉપરનો

પંથોની છે મારા મારીરે: અલબેલી અંબા પંથોની છે મારામારી: બ્રહ્મથી માયા નથી ન્યારી: અલબેલી અંબા પંથોની છે મારામારી: સૌ સૌના પંથોને સરવે વખાણે નીરપક્ષ દેખે દુકાનદારીરે: અલબેલી અંબા પંથોની છે મારામારી ૧ સરળ વિકટ મારગ ગમે તેમ જાઓ: સતીઆને સઘળે આનંદ કારીરે અલબેલી અંબા પંથોની છે મારામારી ૨ માયા બ્રમ્હનું દષ્ટાંત આપું સમજુ સમજી લો વિચારીરે: અલબેલી અંબા પંથોની છે મારામારી ૩ બ્રહ્મ રૂપી એક જંગલ જાણો: તેમાં બન્યો બગીચો મીના કારીરે: અલબેલી અંબા ૪ ફુલવાવીને કર્યો બગાચો: તેમાં આવે નરનારીરે અલબેલી અંબા ૫ બગીચો જોઇને સરવે ખુશીરે થાયે: જુકતી તો છે ઘણી સારીરે અલબેલી અંબા ૬ વખાણી વખાણી ફુલરે તોડે: સુંઘીને સુખ લે ભારીરે: અલબેલી અંબા ૭ સાંજ પડે પાછા આવ્યા ત્યાં જાય: બગીચો ખાલી સુન કારીરે અલબેલી અંબા ૮ જંગલ બગીચો જુદાં કહે વાતો: વાડભાંગે એકાકારીરે અલબેલી અંબા ૯ ફુલ તોડતાં જેને કાંટા વાગ્યાં: તેથી વાડી ન થાય નઠારીરે અલબેલી અંબા ૧૦ બગીચો માયાને જંગલ બ્રહ્મ છે: માયામાં લીધી સુખાકારીરે અલબેલી

અંબા ૧૧ મતલબી મતલબ કરતાન બીએ: પછી માયાને કહે છે નઠારીરે અલબેલી અંબા ૧૨ **અમીચંદ** કહે બ્રહ્મની ખારી માયાથી મળશે જુઓ ધારીરે અલબેલી અંબા૧૩

ભજન રૂપી છંદ. ૧૫૩ મો.

રાહ ઉપરનો.

જુઠા વગોવે વહેમી સહુનેરે: અલબેલી અંબા જુઠા વગોવે છે સહુનેરે: સાચાતો સમ ખાઇ કહે તમનેરે: અલબેલી અંબા જુઠા વગોવે છે સહુને: ૧ તારી ભક્તિ કરવા ભક્તને શોધી; જ્ઞાન મળેતો લાગું નમનેરે; અલબેલી અબા ૨ ગુરૂ વિના કોઇને જ્ઞાન ન થાએ નુગરા ન સમજે લાગ્યા દમનેરે અલબેલી અબા ૩ સાચું જુઠું તમે સર્વે જાણો છો: જુઠાને નાંખો નરક રમનેરે: અલબેલી અંબા ૪ કાન ફુકાવી ગુરૂ અંજનીએ કર્યા: નારદજી આવી તે આશ્રમનેરે અલબેલી અંબા: ૫ જુઠો આરોપ માશીભાણેજ પર મુકે દમયંતીએ લીધો હાર હમણેરે અલબેલી અંબા ૬ પળે પળે સતી નીસાશા મુકે જુઠાને સોંપો માજી જમનેરે અલબેલી અંબા ૭ જાણ્યા જોયા વિના આરોપ જે મુકે સતી શ્રાપે નરકે ભમનેરે અલબેલી અંબા ૮ **અમીચંદ** કહે સુરાની ભક્તિ હીંમતે જીતે જઇ જમનેરે અલબેલી અંબા જુઠા વગોવે છે સહુનેરે: અલબેલી અંબા ૯

ભજન રૂપી છંદ ૧૫૪ મો.

રાહ ઉપરનો.

વહેમે તો અધ વાળીરે, પંથીડા પ્રાણી વહેમેતો અધવાળીરે
વહેમી ન મુકે મત ઝાલીરે, પંથીડા પ્રાણી વહેમે તો અધવાળીરે ૧
ભીષ્મ પીતા પર ભાઇએ વહેમ ખાધોતો પસ્તાઇ પોતાની
દેહ બાળીરે. પંથીડા ૨
જુઠો માતા પર વહેમ ખાધોતો, પસ્તાઈ પોતાની દેહ
પરજાળીરે. પંથીડા ૩
વહેમે દમયંતી નળરાજાએ મૂકી, વસ્ત્ર કાપી ગયા ચાલીરે
પંથીડા ૪
સોંપ્યા માછલા પાણીમા ચાલ્યા, સતીપર કોપ્યા નળ
ખાલીરે. પંથીડા ૫
વહેમે કૃષ્ણને પારધીએ માર્યા પેલા જન્મનો વેરી વાળીરે.
પંથીડા ૬
વહેમે દશરથજીએ શ્રવણને માર્યો, પાણી ભરીને જાતા
ચાલીરે પંથીડા ૭
વહેમે વણજારાએ કુતરાને માર્યો, વાંચી ચીઠ્ઠી કે માર્યો
ખાલીરે પંથીડા ૮
સાંભળીને જોયું જુઠું પડે છે, સેસા ન કરવો ઘા ખાલીરે
પંથીડા ૯
વહેમે ગોત્રજ આગળ પશુને મારતા. રૂઢી મારગ રહ્યા
જાલીરે પંથીડા ૫

વહેમ કાઢી મરતા, જીવો બચાવ્યા તેતો ગયા સ્વર્ગે ચાલીરે.
પથીડા ૬
જોતા જગત સઉ, વહેમમાં ભુલે છે, સમજુ સમજી લો
સંભાળીરે. પંથીડા ૭
મહાત્મા ભકત ગુરૂ પીતા સમાન છે. વહેમી જાય નર્કે
ચાલીરે પથીડા ૮
સુરતા સાંધી જેણે સંશય સમાવ્યા, ગુરૂનું જ્ઞાન લીધું
જાલીરે. પથીડા ૯
ભકત **અમીચંદ** અરજ કરે છે સાચાની માજી થશે
વાલીરે. પંથીડા ૧૦

ભજન રૂપી છંદ ૧૫૫ મો.

સતિયા આણંદમાં રહેછેરે પંથીડા પ્રાણી સતીયા આણંદમાં રહેછેરે દુઃખ પડે સર્વ રહેછેરે...ટેક સતિ મિરાં પર રાણાજી કોપ્યાં, ઝેરના પ્યાલા ભરી દેછેરે....પથીડા પ્રાણી ૧ પાપી દુર્યોધન દ્રૌપદી દમ્યો, આખર પાપીને શ્રાપ દેછેરે....પથીડા પ્રાણી ૨ કારાગૃહમાં ભાઇએ બેનને નાંખી ભણેજો મારીને હત્યા લેછેરે....પંથીડા પ્રાણી ૩ પાપનો ઘડો જ્યરે પુરાણ ભરાયો, કૃષ્ણ કંસના પ્રાણ લેછેરે....પંથીડા પ્રાણી ૪ સીતા સતિને પાપી રાવણ હરતો. રામ બાણે શિર પડેછેરે....પંથીડા પ્રાણી ૫ આસુરી માયાને દૈવરે માય ભગત જગતને વેર કહેછેરે....પથીડા પ્રાણી ૬ ભકિતના ભોગી ભકતને શોધે પાપી નિંદાથી પાપ લેછેરે....

પંથીડા પ્રાણી ૭ પારકી નિંદાથી નર્કે પડાયે ગુરૂ શિષ્યને એમ કહેછેરે....પંથીડા પ્રાણી ૮ અમીચંદ કહે સતિયાની વાની માજી આવીને મદદ દેછેરે....પંથીડા પ્રાણી ૯

ભજન રૂપી છંદ ૧૫૬ મો.

ગજકો બંધ છોડાયો નાથ મેંતો ગજકો બંધ છોડાયો એ રાહ.

દર્શનની બલીહારી, અંબા તારા દર્શનની બલીહારી.
અખંડ આનંદ જેના ઉરમાંરે આવે, નામ જપે નરનારી.
અંબા તારા દર્શનની બલીહારી ચોક ૧

આત્મ દરશી આપો પૂનાળી, મનને નાખ્યું મારી.
સત પાળે ને તૃષ્ણા ત્યાગે, માજી દર્શન ચીત્ત ઠારી,
અંબા તારા દર્શનની બલીહારી ચોક ૨

અજર અમર રસ પીવાને ઇચ્છે ઉલટ અંગમાં ધારી.
માન તજે ને શાન સંભારે, કામ ક્રોધ નાંખે મારી.
અંબા તારા દર્શણની બલીહારી. ચોક ૩

સમદમ સાધન સારા જાણે, લક્ષથી લો વિચારી
સોહમ શ્વાસોશ્વાસે સમરે સદા રહે આનંદકારી,
અંબા તારા દર્શણની બલીહારી. ચોક ૪

અષ્ટ જોગને એમ આરાધે. ગૂરૂનું જ્ઞાન વિચારી.
સતમારગનો મહિમા મોટો અમીચદ કહે લલકારી.
અંબા તારા દર્શણની બલીહારી. ચોક ૫

છંદ ૧૫૭ મો.

ત્રીગુણ માયા મા તાહરી એ રાહ.

આત્મ શકિત એ ભગવતી, ભજતા પ્રીતિ બંધાશે
સુનીવર મુની સ્મરણ કરે જપતા શ્વાસોરે શ્વાસે.
આત્મ શકિત એ ભગવતિ. ચોક ૧

સત સ્મરણ સંજોગથી, થશે કર્મનો નાસે.
મનરે મંદીર શણગારીયું, પ્રીતમ નહી મારી પાસે.
આત્મ શકતિ એ ભગવતિ. ચોક ૨

જળ વિનાની જેમ માછલી, જીવ તેમ મારો ત્રાસે
પીંડ બ્રહ્માંડ પાર પરમેશ્વર, ભકિત રસમાં ભાસે.
આત્મ શકિત એ ભગવતિ. ચોક ૩

ખોળતા ખોળતા ખોવાઇ ગયા ઘાટ ગળે કંચન થાશે.
ઇષ્ટ દેવ મારી અંબિકા, અમીચંદ છે વિશ્વાસે.
આત્મ શકિત એ ભગવતિ. ચોક ૪

ભુજંગી છંદ ૧૫૮ મો.

આદ્ય ઇશ્વરી અંબા તું માત મ્હારી.
ઉભો કર જોડી કરૂં વિનતી તારી.
ભજી ભાવે ભકતી કરૂં શરણ રહેવા.
સદા દાસને આશ પુરણ સુખ લેવા.
પડી જાળ માયા તણી દુ:ખકારી. ઉભો—૧

અતી દુ:ખ વેઠી રહયો ગર્ભમાંહી.
ધરી ધ્યાન જન્મ્યો ભુલ્યો ભાન આંહી.
બુદ્ધી બળ આપો સદા ત્રીપૂરારી ઉભો—૨

ભમે ચોર લુંટારા સદા રહે સંગે.
લોભ મોહ માયા કામ ક્રોધ અંગે.
ઘણું છોડું ન છુટે પડે દુઃખ ભારી. ઊભો—૩
જાય જુવાની જગતમાં ભાન ભુલી.
ખુલી આંખ નીદ્રાથી બાદશાહી ડુલી.
જોઇ ઝાંઝવાના નીર પીવા જાય ધારી. ઊભો—૪
તારા નામની ઢાલ મેં હાથ ઝાલી.
પ્રેમ કૃપાળુ માત અંબા દયાળી.
તારા દાસને દુઃખ છે શીર ભારી. ઊભો—૫
તમે દેવના દુખ હરી સુખ આપ્યાં.
કરી ભક્તને સ્હાય સંકટ કાપ્યા.
કરી વ્હાર આવો ભવ દુઃખ ભારી. ઊભો—૬
આપો જીવતાં જશ જકત માંહે ઝાઝો.
કદી બુડું આવી ઝટ હાથ સહાજો.
મારે આશરો તારો કહું વારંવારી. ઊભો—૭
બેઠો નીરખે નારાયણી માત અંબા.
લ્યોની દાસને પાસ કરી હાથ લંબા.
આવો હસી ધસી નીરખું ચીત્ત થારી. ઊભો—૮
કરી ભક્તની વ્હાર આવોને દોડી.
મારા કર્મના બંધ નાંખોને તોડી.
ધરી ધ્યાન રહું જ્ઞાનમાં ચીત ઠારી. ઊભો—૯

અરજ સામળી આવો મા થઇ પ્રસન્ન,
અમીચંદ જોડી કહે હાથ ભક્તન.
પુરો સર્વની આશ અરજી સ્વીકારી
ઉભો કરજોડી કરૂં વીનતી તાહરી. ઊભો—૧૦

છંદ ૧૫૯ મો ગઝલ.

રાધે કૃષ્ણ રાસ રમે ખેલે મધુબનઃ ॥ ૧
કાન મુખ બાજે બંસી, નાચે થનથનઃ ॥ ૨
શબ્દ સુણુ લાગી ધુન ગોપી ભઇ મગનઃ ॥ ૩
ઘર કામ છોડી દોડે જ્યાં રાધા ક્રીસનઃ ॥ ૪
મળી સખી સાથ હાથ ઝાલી ત્રીભોવનઃ ॥ ૫
કાન ગોપી રાશ રમે થઇ પ્રભુ પ્રસન્નઃ ॥ ૬
૭ મહીનાની રાત કરી રમે જગજીવનઃ ॥ ૭
દેખને આવે દેવ છોડી ઇંદ્ર ઇંદ્રાસનઃ ॥ ૮
મોરમુગટ ધારી લઇ ચત્રભુજ દર્શનઃ ॥ ૯
બ્રહ્મચારી પોતે પ્રભુ એ છે નીરંજનઃ ॥ ૧૦
શંખ, ચક્ર, પદ્મ, ગદા ગરૂડ વાહનઃ ૧૧
આરતી ઉતારે સર્વે ગોપી થઇ મગનઃ ॥ ૧૨
બ્રહ્મરૂપ બ્રહ્મ સભા લાગી વેદધુનઃ ॥ ૧૩
વીજ્યાશંકર વીષ્ણુ ભક્ત કહેછે અમીચંદઃ॥ ૧૪
આત્મ શક્તિ અંતરજામી પોતે નીરંજન ઃ॥ ૧૫
અનેક નામે એક પોતે સદા રહે પ્રસન્નઃ ॥ ૧૬

છંદ ૧૬૦ મો.

(રાહ ખડી)

સર્વે ભકતો કરે ભલામણ, ભક્ત જાણી મા તારો દાસ
ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે, તેની સદા તમે પુરજો આશ;॥
સંસારી જીવ સર્વે અધુરા, પુરામાં તમે પરીબ્રહ્મ ॥
જગત જીવો સરવે દુઃખી, આવી માગે મા મુકી શરમ,
તન મન ધન મા કોઇથી દુઃખી દુઃખીઆરા તે પડે નરમ॥
તે સર્વને શાંતી કરજો, મારે કહેવાનો તમને ધરમ,
હું તારો ને તું મારી, સદા ચરણમાં રહું છું પાસ ॥
ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે, ચોક ૧

હું તો હજી છું યાચક તમારો, ભકતી કરી તમને યાચું,
ભકત જાણી સઉ નમન કરે છે, તેમાં ખુશી થઇ નહી રાચું॥
તેનો બોજો પડે શીરપર, કરવા શીપારસ કહું સાચું,
દેશી બંધુની કરવી સપારસ, જરા નહી રાખું કાચું॥
સર્વે જીવોની અરજ કરી કહું, સદા શરણમાં રાખો પાસ,
ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે, ચોક ૨

ભકતો ભકતી કરી એક દીલથી, ધ્યાન ધરી મા થઇ જાય લીન
જ્ઞાન રૂપી જયોત સળગી રહે, ત્યારે શુદ્ધ થાય ગમે તેવો મલીન
દેવી ગુરૂ સંત એક રૂપ થાય, કોઇ વીરલા ઓલખી લે ચીન્હ
શંશે સમેટી સ્હેજમાં સમજી, પોતે પોતાને થાય આધીન.

નામ રૂપથી ન્યારો પડે પછી પોતે પોતામાં કરે સમાસ
ચર્ણ સ્પર્શ—ચોક ૩

બાવનમાં સૌ રાચી રહ્યા છે, માયા જાળની છે ફાંસી.
બાવનથી જે બારો પડયો તે બાવનથી છુટયો નાસી.
સંસારી જીવ સ્વપ્ના માંહી સદા ફરે થઇ સુખવાસી,
જાગ્યો તેણે જાણી લીધું પરિબ્રહ્મ જયોત પ્રકાસી
અમીચંદ કહે આનંદ આનંદમાં સદા આનંદ રહે ભકતી
પાસ, ચર્ણ સ્પર્શ—ચોક ૪

કૃષ્ણ મહારાજના જન્મ લીધાનો

છંદ ૧૬૧ મો.

મથુરામાં લીઓ અવતાર કૃષ્ણ કીરતારે,
મ.રી માજી છોડાયા બંધ ગોપાળાજી,
સોળા સહસ્ર રખેવાળ ઉસે ગફલતમેં હાલાજી.
હર લઇ શુદ્ધ ઓર શાન ઉનોકે તનકી.
એસી કરી કરામત શ્રી ભગવાનાજી,
વાસુદેવ દેવકી નિંદ્રામેં કછુ ન જાણાજી.
ફીર જાગે મૈયા કહે સુણો મેરે સ્વામી,
આયે શ્યામ શલુણા રૂપનીધામાંજી.
બોલે પિતાકે સાથ હમકુ ગોકુલધર આનાજી.

કેકતા.

ફીર હાથ જોડ કર કહે અરજ સુણુ લીજે,
કંઇ દૈત્ય કરે પોકાર શબ્દ સુણુ બીજે,
હમકુ કીયે બેડી બંધ બોત દુઃખ દીજે,
જા તોડા કપટીકા કમાડ તાળાજી,
સોળા સહસ્ત્ર. ચોક ૧
એવું કરકે અરજી આપ પાલણે સોયે,
પિતાને લીયે ઉથાય બિહારીજી.
ઝરમર વર્ષે મેહ ઝુક રહી રજની કાળીજી,
આગે સિંહ શીષ પર શેષ છત્ર કરી છાયા.
ચલઆએ જમના કે તીર બિહારીજી,
ચલી સરીતા ભરપુર ચરણુસે લગ ગઈ સારીજી.

કેકતા.

એવું કરકે ઉતર ગયે પાર આપ મહારાજે,
ગયા બાબા નંદકે દ્વાર સિદ્ધ કીયે કાજે,
પાઉં મ્યાને પદમ મુખ ઉપર મોરલી બાજે
ફીર કાનોમેં કુંડળ ગળે બીચ માળાજી, સોળા સહસ્ત્ર ચોક ૨
ધર દીયે કનૈયા લે ગયા મંમાયા
જાહ્ય દેવકી કુંઅન જાગીજી,
બોલી શબ્દ કર શોર બાળા રેને લાગીજી.
ફીર જાગે જોદ્ધા પાર હુવા હોશીઆરે.

સુણી શબ્દ ઉનોકી સુરતા લાગીજી,
કહા જાય કંસકુ ગતિ સુણ ઉનકી ભાંગીજી.

ફેકતા

કંસાસુર કર મનસુબા ઘરસે આયા,
આન ખડાભોવન કે માંય મંદીર ખોડવાયા,
સાત બાળક મારે દુષ્ટ દયા ન લાયા.
ના માના પાપીએ ચરણુ ઝાલાજી, સોળા સહસ્ત્ર ચોક ૩
લે ગયા પાપી કર જોર પથ્થર પર દાલી,
ઉડ ગઇ આકાશે કરી કીલકારીજી.
તેરા વેરી ગોકુલમેં નંદ ઘેર કીસન મોરારીજી.
એસા સુણકે કંસાસૂર ભયા નીરાસે.
જા કહા પુતનાકુ તમ કરો તૈયારીજી,
જાઓ જલદી ગોકુલમેં નંદ ઘેર કીસન મોરારીજી.

ફેકતા

પુતનાને સજે સણગાર બની તૈયારે,
બ્રીજ ચોર્યાસીકે બાળક સારે મારે.
નહી મીલા કંસકા બેરી કરે વીચારે,
ચલ આઇ ગોકુલમેં ધુંધે નંદલાલાજી. સોળા સહસ્ત્ર ચોક ૪
જા ખડી નંદકે ઘરમેં ઝેર ભરા સ્તનમાં,
શ્રી કૃષ્ણ કનૈયા હસ કર આયાજી,
બેઠ ગઇ સામી ઉનોકી ખીર પીલાયાજી,
ઉડ ગયે હોસ ઓર હોસ ગીરી ધરણીકુ,

રાક્ષસી સ્વરૂપકા રૂપ બતાયાંજી,
એકવીસ જોજન લંબી હો ગઇ સુણુ કવી રાયાજી.

ફેકતો

પૂતનાકુ જલાઇ આગ શ્રી ભગવાને,
મારા અગ્ગા બગ્ગા સુર કળા નિર્ણાયે.
ફીર મારા કંસાસુર તોડા કોકુરાણે,
એસા અનંતદૈત્યકા મુળ નીકાલાજી, સોલા સહસ્ત્ર ચોક ૫
ગોકુળમેં કરતે રાત સિદ્ધ કીયે કાજે,
કંઇ દેવ રૂષિ દર્શનકુ આયેજી.
અંતરીક્ષ નાચ રહી શુરતીર્યા જ્ઞાનમીલાવેજી,
એસી બ્રીજમેં લીલા કરી ભયે નહી સગે.
સતગુરૂ કહે શીરનામી તેરા કોઇ પાર ન પામેજી,
માતા જસોદા કરે આરતી મોતી વધાવેજી.

ફેકતો

હે મહારાજગીર આ ભક્ત છંદ બનાવે,
આઠ પહોર ને ચોસઠ ઘડી તેરા ગુણુ ગાવે.
સુણે એહી નામસે ભવસાગર તીર જાવે,
કહે કુબેર દાસ ભજે **અમીચંદ** લાલાજી
સોળા સહસ્ત્ર ચોક ૬

છંદ ૧૬૨ મો.

હળવે રહી આરાધો અંબાને હાથ જોડી ભજવા માજી.
તલપ ઝડપ જુસ્સાથી ગાઓ છો અહીંઆ નથી કંઇ
ખ્યાલ બાજી.
આતો આપણે આવ્યા યાચવા નીર્મળ મન કરી ધ્યાન ધરો.
મદ મારી મમતાને ત્યાગી દીન વચન સ્તુતી કરો.
કામ ક્રોધ મોહ મમતા છોડી હાથ જોડી માને સમરો,
પ્રસન્ન થઇ મા દર્શન આપશે ભક્તિ કરો ભવજલ તરો.
સ્વગુરૂનું સોધન સોધી ગુરૂ ઉપદેશે રહો રાજી,
તલપ ઝડપ જોસ્સાથી ગાવ. ચોક ૧
ખ્યાલ ગાય તે સાહેર કહેવાયે છંદ ગાય ભકત કહેવાય.
ભક્તિના ભેદ ભકત જાણે ગુરૂ કરી શીષ્ય વાકેફ થય.
કેણી કહી રેણીથી ચાલે માયા જાળમાં નહિ ભરમાયે,
જોગ માયા માયાથી બચાવે દૈવ માયામાં દીલ લલચાવે,
વાણીમાં વિવેક રહયો ભાઇ. વાણીથી મા થાય રાજી,
તલપ ઝડપ જોસ્સાથી ગાવ છો. ચોક ૨
ભકત ભકત મંડળમાં બેસે ભકત સંગ રહી ભક્તિ કરે,
સત સંગતના સારા ફળ છે શુદ્ધ દીલથી ધ્યાન ધરે.
બાળ બુદ્ધિને બાળ પણામાં સ્થીર મન નહિ ફરતું ફરે,
સતસંગત છોડી કુસંગમાં જાય બાળપણે ચીન્ત નહિ ઠરે.
કોઇ હસે સસ્કારી જીવ તે સદા ગુરૂને રહે બાજી,

તલપ ઝડપ જોસ્સાથી ગાવ છો અહીંઆ નથી કંઈ
ખ્યાલ બાજી. ચોક ૩

હજી તમે ઉંરમીના ભરેલા મદ મમતામાં છો ગુલતાન,
ધીમે ધીમે ધમધમાટ ભાગે શીષ્ય ગુરૂની માને શાન
એક ગુરૂનું વચન પાળવું ગુરૂ બોધને આપી માન;
આવો બેસો અંતર ન રાખો સદા માજીનું ધરજો ધ્યાન
અમીચંદ. કહે નીર્મળ છંદ આ ભકત ગાઇ સૌ થાય રાજી.
તલપ ઝડપ જોસ્સાથી ગાવ છો અહીંયા નથી કંઇ
ખ્યાલ બાજી, ચોક ૪

છંદ ૧૬૩ મો.

જીને આપકુ જોયા નહી, મન મેલ તો ધોયા નહી.
દીલ દાધતો ખોયા નહી, અંગોળ કરેથે કયા હુવા.
કાયા કારણુ કે કારણે સુતા બેગમકે ખાટપર,
મમતા બીયાસે બાંધ કર, હરહર કીયાસો ક્યા હુવા,
કામણુ ગળેકા હાર હે, બદ ફેલકા દરબાર હે,
મન શમશેર સરદાર હે, માળા જપાસો કયા હુવા,
કામ કીયા સંસારકા, જેસા ઠગના બજારકા,
ખાયા તિરથ કર દ્વારકા છાપા લીયાસો ક્યા હુવા.

કુત્તા ભયા અમાલકા, ધંધા કીયા જંજાળકા,
હીરદા ભયા ચંદાળકા. કાશી ગયેસે કયા હુવા,
જીતે પીતાકુ સુખ નહિ મુવે હાડ ગંગા લે ગયા,
નીર ચુનકે પીડારચા તર્પણ કીઆશો કયા હુવા.
જોગી સંન્યાસી સેવડા સબ લાલ કપડે પહેરતા.
કછુ રંગમે મરમ નહી, કપડે રંગેસે કયા હુવા.
કાજી તો કલમા છોડ કે, નશીઅત દેતા ઓરકુ
કુછ અપને તનકી ગમ નહી, કાજી ભયે સો કયા હુવા.
પંડિત પોથી વાંચ કે, ઘરઘર સુનાતા આ ફીરે,
અપના કરમ બાંચા નહી, પંડિત ભયા સો કયા હુવા.
જ્ઞાનીસે ઝગડો ભલો અજ્ઞાનીસે કયા બોલના,
કહે **કબીર** રહેણી નહિ, કહેણી કહે સો કયા હુવા.

છંદ ૧૬૪ મો.

રાજા ભતૃહરીને વૈરાગ આવવાથી દીક્ષા લેવા ગુરૂ ગોરખ નાથ પાસે ગયા તેના કહેવાથી પોતાની રાણી પાસે ભીક્ષા લેવા ગયા તે વખતનો રાણીનો વિલાપ તે નીચે પ્રમાણે ભેખ લઇ માંગે છે.

ગલે બીછ દાલી કફનીને લીયો જોગીકો બેસ, ભભૂત
લગાઇ મોલે ચઢ ગયો, મોલે અલેક જાગાઓ, અલેક

જગાયો બાદલ મેલમેં, ભીક્ષા દો મોરી માઈ, મેરીરે
સુરતા લગ ગઇ જોગમેંજી. ૧

રાજા ઘેલોરે બન ગયો રાજા બાવરો અકકલ કયુંરે
ગુમાઇ, પરણી રાણીકું મૈંયા મત બોલો, જુગ જુગ લાગે
અપરાધ; જોગી મત હોના રાજા ભરથરી. ૨

રાણી નહીંરે ઘેલો ન બાવરો, ન મેરી અકકલ
ગુમાઇ, રાજા હતો મેં રાણી કહેતો જોગ લીયો મેરી માઇ,
તું તો માઇને હું તો દીકરો, લાગે ધરમકી માઇ, મેરીરે
સુરતા લગ રહી જોગમાં. ૩

રાજા મરીરે જાજો તારો સદગુરૂ, એશો બતાયો જ્ઞાન,
જ્ઞાન બતાવી જોગી કર્યોં બાળ્યો રાણીનો અવતાર,
હજીરે સમજો રાજા ભરથરી. ૪

રાણી ગુરૂકુ ગાલી મત દેના, દેના કર્મોકુ દોષ, કરમ લખ્યા
લેખ નહી મીટે. મીટન વાળો ન કોઇ ચલતી વિધાતાએ
એમ લખ્યું, કર્મં માંડેલા જોગ, કાયકુ કલ્પે રાણી પીંગળા. ૫

રાજા જનમ જોગી તુંને જાણુતી. કન્યા રેતી કુંવારી,
કોરી ગાગર બેડા પૂજતી, કરતી સુરજની સેવા, વ્રત કરી
વર માંગતી, માનો વચન હમારા, વચન માનો રાજા ભરથરી. ૬

રાણી દાટેલા ધન કદી ભુલીએ; કર્મ વાંચ્યો કેમ જાય,
કાગળ હોય તો નામા વાંચીએ કર્મ વાંચ્યા કેમ જાય,
લખ્યો ઇશ્વરનો નહીં મટે, મીટન વાળો ન કોઈ,
કાયકુ કલ્પે રાણી પીંગળા. ૭

રાજા સોનુંરે જાણી તારો સંગ કીધો, કર્મેં નીવડો કઠીર કાયા વટાળી મારૂ સત ખોયું, સાસો, પડયોરે શરીર, તું જરે મુરખને પાને પડી, એળે જાયે અવતાર,
હજીરે સમજો રાજા ભરથરી. ૮

રાણી કબકે ખડા બાદળ મેલમેં, ભીક્ષા દે મેરી માઇ, રવિ બાદળકી ઘુંપા પડા, જોગી ખડા એ દરબાર કાયકુ
કલપે રાણી પીંગળા. ૯

રાજા તમેરે જોગી ને હું જોગણી, ચાલુ તમારી સંગાત, ધુણીરે પાણીની સેવા કરૂં, પુજું ભરથરી નાથ,
સંગે લઇ ચાલો રાજા ભરથરી. ૧૦

રાણી સંગે ચાલે મારૂ સત્ ઘટે, ભેખ લાજે હમારો, દુનિયા કહેશે બાવો ઘરબારી, એટલા પ્રાયશ્ચિત લાગે, ગુરૂરે કહેશે ચેલો લાલચુ, ભીક્ષા દે મેરી માઇ, મેરીરે
સુરતા લગ રહી જોગમાં, ૧૧

રાણી ધનરે માલકી સાયબી, મોતી ભર્યાં છે ભંડાર, ખાઓ પીઓને દોલત વાપરો, કપડે પહેરો દીનમેં ચાર, મનસા સરખો ઉત્તમ પ્રાણીઓ, નહી આવે બીજી વાર,
કાયકુ કલપે રાણી પીંગળા. ૧૨

જલોરે બળો તારી સાયબી, મોતી ધરી દેને લાય, કે પર કરે ઇતની સાયબી કે પર કરૂંરે ગુમાન.

પૃથ્વી પાલન જોગી થઈ ચાલ્યો, શહેર તો પડયુંરે ઉદાસ,
જે ઘેર નોબત બાજતી, હોત છતરીસ રાગ, તે તો
મ્હેલ તારા ખાલી પડયા, બેઠા લાંઘે છે કાગ, જોગી
મત હોના રાજા ભરથરી. ૧૩

રાજા મઢી બનાવું બાદળ મેલમેં હું કરૂં તમારી સેવા,
શીવની ઘોડે તમને પૂજીએ, બેઠા રોને સ્વામીનાથ,
હજુરે સમજો રાજા ભરથરી. ૧૪

રાણી ઝમકે ખડા બાદલ મેલમેં, ભીક્ષા દો મેરી માઇ,
જઇને સેવું ગોરખનાથને, લખ્યુંખું કરમને માંહ્ય. મેરીરે
સુરતા લગ રહી જોગમાં. ૧૫

પરણી રાણીકુ મઇયા મત બોલો, જુગ જુગ લાગે
અપરાધ, કોડીઓ બન ગયો રાજા ભરથરી. ૧૬

રાણી પેલારે જુગની સ્ત્રી, આ જુગની તું માઇ,
રાજા હતો મે રાણી કહેતો, જોગ લીયો મેરી માઇ,
તુંતો માય ને હું પુત્ર તેરો, લાગે ધરમકી માઇ,
મેરીરે સુરતા લગ રહી જોગમેં. ૧૭

રાજા બાણુ લક્ષ દુજે ઘેર માળવો સત્તરસો ગુજરાત,
નવલખ હાથીના સાહ્યબી ઘોડા અસંખ્ય અપાર,
તખ્ત કહીએ ઉજ્જન શહેરમેં, ગઢ ઉજ્જનના તે રાજા
એટલું છોડી જોગી કેમ થવાયજી. ૧૮

રાણી એટલી લાલચ મત દેના, લાગે ધરમકી માઇ,
એટલી સાહ્યબી કર્મથી ઉતરી, લાગ્યુ ધુનિ સાથે ધ્યાન,
મેરીરે સુરતા લગ રહી જોગમાં ૧૯
રાજા નવ ખંડે જાશે નામના, લાજી જાત પ્રણામ.
ઇંદ્ર રાજાનો તું તો દીકરો, લજવ્યા માનેરે બાપ,
સાસુને પેટ પત્થર નહી પડયો, સાસુ રહી નહીં કેમ વાંઝ
બાળરે રંડાપો મને દઈ ચાલ્યોજી ૨૦
રાણી રોતી કકળતી ભીક્ષા દેવે, લેના ભરથરી નાથ,
ભીક્ષા લઇ ત્યાંથી ચાલીઓ, આવ્યો ગુરૂની પાસ,
લેવરે ગુરૂજી ભીક્ષા લાવીઓજી. ૨૧
રાજા ક્ષીપા નદીના ઘાટ પર મુંડયા ભરથરી નાથ,
ચોટી કાપીને ચેલો કર્યો, શીરપર ધર્યો અંબર પંજો,
જુગમેં જીવો રાજા ભરથરી. ૨૨
જોગીરે બનકે ઉઠ ચલો, આસન પડ રહી ભભૂત,
હુકમ હુવો હીંગળાજકો, જોગી તરત બનાયો,
ઘટમેં વસી માઇ કાળકા, જાકો મરમ ન પાયો,
જુગમેં જીવો રાજા ભરથરી. ૨૩
ગંગા તીરે તમે ઘર કરો, નાઓ નીર્મળ નીર,
દત્ત વિના કયાંથી પામીએ, બોલે દાસ કબીર,
જુગ જુગ જીવો રાજા ભરથરી. ૨૪

છંદ ૧૬૫ મો. કવાલી

(વ્યસની લોકોને શીખામણની આ કવાલી લગી છે)

મારો તો મંનને મારો, તરીને બીજાને તારો,
આપવું તો જીવતદાને, લેવું તો જ્ઞાનીનું જ્ઞાને
કરો તો સંગત સારો, મુકો તો સોબત નઠારો,
મારો તો મનને મારો. ચોક ૧
પાપી જીવ હીંસાના ભોગી, નર્કના થઈ પડે જોગી;
સર્વે જીવ છે બંધુ મારો, માલિક એથી એક પ્રિતમ પ્યારોઃ
મારો તો મનને મારો. ચોક ૨
ખાનારા સમજો માંસહારી, ખાશો નહી માછલી મારી;
મુકી દો ખોટા વિચારો, કરો તો સંગ ઉંચનો સારોઃ
મારો તો મનને મારો. ચોક ૩
મુકો તો હવે દારૂને માંસે, બચાવો જીવનો થાશે;
થશે પૈસાનો વધારો, જગતમાં સૌ કહેશે શારોઃ
મારો તો મનને મારો. ચોક ૪
ખોટું તમે લેશો નહીં માની, હું તો કહુ દેશી ભાઈ જાણી;
તરવાનો સૌનો એક આરો, સમજી મન કરવો સુધારોઃ
મારો તો મનને મારો. ચોક ૫
અસલની રૂઢી દો મુકી, જસો નહીં આ સમો ચુકી;
નીચ ઉંચ થવાનુ ધારો, અમીચંદ કહે વિચાર શારોઃ
મારો તો મનને મારો. ચોક ૬

આરતી છંદ ૧૬૬ મો.

જય ખપ્પર ધારી, મા જય ખપ્પર ધારી,
અનેક દૈત્ય મા હણ્યા; અનેક દૈત્ક મા હણ્યા.
છે તું સુખકારી ધંન ધંન ધંન અંબે. ૧

મોહીત કરી મધુકૈતભ કીધા રણુપ્રાજે મા કીધા રણુપ્રાજે
બ્રહ્માનું દુઃખ ભાંગ્યું, બ્રહ્માનું દુઃખ ભાંગ્યું,
થયા સૌના કાજે ધંન ધંન ધંન અંબે. ૨

દુર મુખ્ખમ ને મારી, કાળરે ચુર કીધો મા કાળ તે ચુર કીધો.
ચીક્ષુના લીધા પ્રાણુ, ચીક્ષુના લીધો પ્રાણુ;
મહીસાસુર બીધો ધંન ધંન ધંન અંબે. ૩

રૂપ ધરી અનેક મહિસાસુર આવે, મહિસાસુર આવે.
પાડો થઇ રણુ ઉભો, પાડો થઇ રણુ ઉભો.
યુદ્ધ મચાવે ધંન ધંન ધંન. અંબે. ૪

ક્રોધ કરીમાં ધસ્યા બન્યા વિકરાળે મા બન્યા વિકાળે.
ખડગ લઇ મા દોડયા; ખડગ લઇ મા દોડયા.
મહીસાસુર ઝાલે. ધંન ધંન ધંન અંબે. ૫

ક્રોધે બની વિકાળ, ચડયા બહુ રીસે.
મા ચઢયા બહુ રીસે મ:ચો મહીસાસુર.
ઉરાડયું શીષે ધંન ધંન ધંન અંબે. ૬

જય જય કરે સૌ દેવ બોલે દેવ વાણી,
મા બોલે દેવ વાણી.
બ્રહ્મા વિષ્ણું વખાણે, બ્રહ્મા વિષ્ણું વખાણે.
ઇંદ્ર તું રૂદ્રાણી. ધંન ધંન ધંન અંબે ૭

પુષ્પ વધાવે દેવ, પંચ શબ્દ ગાજે મા પંચ શબ્દ ગાજે
દેવતાના દુઃખ કાપ્યા, દેવતાના દુઃખ કાપ્યા.
આપ્યા મા રાજ્યે ધંન ધંન ધંન અંબે ૮

આરતી કરી આણંદે, જે કોઇ ગાસે,
મા જે કોઇ ગાશે.
સંકટ હરો મા તેના, સંકટ હરો મા તેના.
કરજો બરદાશે, ધંન ધંન ધંન અંબે. ૯

અલ્પ બુદ્ધિ અજાણ અમીચંદ તારો.
મા અમીચંદ તારો.
કૃપા કરીને હમને કૃપા કરીને હમને;
ભવ પાર ઉતારો. ધંન ધંન ધંન અંબે, ૧૦

આરતી છંદ ૧૬૭ મો.

જય જય જગ કરતા, મા જય જય જગ કરતા
આરતી ઉતારે સેવક; આરતી ઉતારે સેવક, ભવના દુઃખહરતા
ધંન ધંન ધંન અંબે. ૧

આદ્ય શક્તિ તું આપ, તખ્તપર ગાજે, મા તખ્તપર ગાજે;
સજ્યા સોળે સણુગાર, સ.જયા સોળે સણુગાર, સીંહપર બીરાજે
ધંન ધંન ધંન અંબે, ૨

ધંન દીવસ મા આજ, થયું તારૂં દર્શણુ, મા થયું તારૂં દર્શણુ
સફળ થયો જનમારો, સફળ થયો જનમારો. કરૂં તમને
વંદન ધંન ધંન ધંન અંબે. ૩

ધનનન બાજે ગંટ ઝાંઝના ઝમકારે, મા ઝાંઝના ઝમકારે,
નોબતવાગે ગીરગીરતાલ નોબત વાગે ગીરગીરતાલ,શોભાઅપારે
ધંન ધંન ધંન અંબે. ૪

અખંડ ભોવનના ઇશ તમે છો માતા, માં તમે છો માતા.
અનેક નામે એકજ; અનેક નામે એકજ, તું ચંડી માતા.
ધંન ધંન ધંન અંબે. ૫

યુદ્ધ કીધું શુંભ સાથે, લડતી શકિત રણમાં
લડતી શક્તિ રણમાં શુભ, વચનથી ખેંચી કીધું આકર્ષણ,
ધંન ધંન ધંન અંબે ૬
થઇ એક રૂપ યુદ્ધ કરીને, શુંભના લીધા પ્રાણે; મા શુંભના, લીધા પ્રાણે
દેવતાને રાજ આપ્યાં, દેવતાને રાજ આપ્યાં થયાં અંતર ધ્યાને
ધંન ધંન ધંન અંબે. ૭
તું હોમ સોંહોમ સુનકાર. સચરાચર વ્યાપી,
મા સચરાંચર વ્યાપીઅમીચ દકહે સેવક; અમીચંદકહેસેવક
તુંહી તુંહી મા વ્યાપી, ધંન ધંન ધંન અંબે. ૮

છંદ ૧૬૮ મો.

અમે જઇએ ઘેર, અમે જઇએ ઘેર, માજી રાખજો મેહેર
બાળક કહે ત્હારો. હમે જઇએ ઘેર,
આજ આણંદની હેલી થઇમા છંદ ગાયા ઉમંગે;
ભક્ત મંડળી ભેળી થઇ કહે સદા રાખજો રંગે.
ચાલે ખુબ લેહેરે, અમે જઇએ ઘેર.—ટેક ૧

ઘેર જાઉં ઘેર જાઉં કહીએ ખરા પણ મન મારૂ નહી માને
ચડી ખુમારી માજી નામની, છંદપર લાગ્યું ધ્યાને
કહું બેર બેરે—અમે જઇએ ઘેર.—ચોક ૨
કામ કાજ તો કરવા જગતના પાપી પેટને સારૂં
સંસારનું સ્વપ્ન જુઠું જાણે જે તે તો ધ્યાન ધરે તારૂ મુરખ
કરે ઝેરે અમે જઇએ ઘેર.—ચોક ૩
હાથ જોડી હું અરજ કરી કહું મારી વીનંતી ધ્યાન ધરજો
સંકટ કાપી સરણે રાખી, આવ્યાં વીઘ્ન દુર કરજો
અમીચંદ તેરે. અમે જઇએ ઘેર.—ચોક ૪

સમાપ્ત.

કર્તા તરફથી બહાર પડેલા પુસ્તકો

અંબાજીના છંદ (આવૃતિ આઠમી) કીં. ૦-૧૦-૦

ચંડીપાઠ (પ્રથમ મધ્યમ તથા ઉત્તર
ચરીત્ર અને છંદ સાથે).........કીંમત ૦—૬—૦

સંકટ હરાણુ ગરબાવળી કીંમત ૦—૪—૦

દુઃખહરણુ...................કીંમત ૦—૨—૦

સાધુના સમાગમથી નીચની મુક્તી
(છંદ સાથે)..................કીંમત ૦—૧—૦

ઉપલાં પુસ્તકો મળવાનું ઠેકાણું

(૧) કર્તાને ત્યાંથી શા. અમીચંદ મોતીચંદ ઝવેરી
આમલીરાન (વાડી) સુરત.

(૨) શ્રી સુરત અંબા માતાના ટકોરખાનાની નીચે
ઘી વાળાની દુકાને.

(૩) બાલુભાઈ કસનદાસ બુકસેલર નાણાવટ સુરત.

(૪) લલ્લુભાઈ નારણદાસ [illegible]સેલર લીમડાચોક સુરત.

(૫) શ્રી નટવર પ્રિન્ટીંગ પ્રેસ સેન્ડહર્સ્ટ રોડ
સંઘવી સદન, મુંબઈ નં.—૪

તા ક.—બહાર ગામને માટે ટપાલ ખર્ચ જુદો.